કુમાર

સં. ર.મ.રા
તંત્રી ધીરુ પરીખ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
સપ્ટેમ્બર ૨૦૦૪ વર્ષ ૭૭મું
અંક ક્રમાંક : ૯ સળંગ અંક : ૯૨૧



સ્થંભમાં નૃત્યરત ગણપતિનું શિલ્પ
(જેસલમેર)

[અંજના દલાલ તસવીર]



ચિત્રકાર] નગરનું પ્રવેશદ્વાર [યશવંત શિરવાડકર

રાજસ્થાનના એક નગરના પ્રવેશદ્વારના આ દશ્યચિત્રમાં કલાકારે રંગરમણાથી આબેહૂબ વાતાવરણ સર્જ્યું છે. ચિત્ર રંગદર્શી શૈલીએ તૈયાર થયું છે. લોકોની આવનજાવનને અહીં પ્રકાશ-આયોજન તથા તેજસ્વી રંગવિધાન દ્વારા સ્થળનો સુચારુ પરિપ્રેક્ષ્ય રચી આપે છે. આમ, આ આખું ચિત્ર જીવંત બની રહે છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૭મું — અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

સપ્ટેમ્બર ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૯

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૯૨૧

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

શ્રીમતી કમલા પરીખનું 'શૈશવથી સંધ્યા સુધી' નિયમિત વાંચું છું. જીવનની ચઢઊતર અને ૬૦થી ૭૦ વર્ષ પહેલાંનો જમાનો રજૂ કરતી આ સ્મૃતિકથા છે. મોટા ઘરની દીકરીને શાળાએ જવા સફેદ ઘોડાની બગી છે. ઘરમાં નોકર-ચાકર છે ને કશી કમી નથી. પિતા ન્યૂ શૉરોક મિલના મૅનેજર છે. માતા અભણ છતાં વ્યવહારુ છે ને ઘરની ધુરા છે. પિતા જુનવાણી હોવાને નાતે લેખિકાને જીવન પામવા કેટલો સંઘર્ષ કરવો પડે છે! 'હું મારા પગ પર ઊભી રહેવા માગું છું.' એમ કહી ફ્રીશિપની અરજી કરે છે. પ્રિન્સિપાલ આર. ડી. દેસાઈ સાથેની આ વાત છે.

એક લગ્ન પછી બીજું લગ્ન એટલે તે સમયમાં બીજો ભવ ગણાતો. આવા સમાજમાં કમલાબહેન બીજું લગ્ન કરે છે અને કુટુંબથી છૂટાં પડે છે. સંઘર્ષ ઑર વધે છે. તેને પરિણામે મરતી માને જોવા તે પિતાના ઘરમાં પ્રવેશી શકતાં નથી. સામા ઘરના ઓટલેથી માનાં અંતિમ દર્શન કરે છે. તે લખે છે, 'હું તને જોઈ જ રહી, આંખો વરસી પડી, એ કદાચ છેલ્લાં દર્શન હશે.' 'પટેલ જ્ઞાતિમાં જીવવું એટલે અધિકારવિહીન જીવન જીવવું.' જક્કી પિતાને કારણે અનેક ઓરતા અધૂરા રહે છે. સંગીત-ચિત્ર પણ નથી શીખી શકતાં. પાછલા જીવનમાં હવે તે કરી શક્યાં છે. આ બધી વાતો હૃદયસ્પર્શી બને છે. મા-બાપનાં પાત્રોનું સરસ પાત્રાલેખન કરે છે અને એ પિતા ગુજરી જાય છે ત્યારેય વગર બોલાવ્યે ફૂલો લઈને જાય છે. આમ કથા બહુ વેધક થાય છે. તેમની કથાની આસપાસ અનેક નાની વાર્તાઓ વહે છે. બહેનપણીના વિવાહની મીઠાઈ ને અંતે તેનું મૃત્યુ. કાફીવાળી કલકત્તાની કોઠી, મહારાજ વગેરે મજાનાં પાત્રાલેખનો છે. અભ્યાસકાળ, ચળવળનો સમય, અભ્યાસ છોડી દેવો અને કુલીનચંદ્ર યાજ્ઞિક નડિયાદમાં વગેરે વાતો ઘણી માહિતી આપે છે.

અલ્લડ કમલાબહેન ઠાવકાં થઈ અધ્યાપિકા બને છે ને નવું જીવન પામે છે. તેમના શિક્ષાગુરુ પ્રો. દાવરથી માંડી, શ્રી એ. જી. ભટ્ટ, શ્રી રણધીરભાઈ, શ્રી રામપ્રસાદ શુક્લ, શ્રી એસ. આર. ભટ્ટ વગેરે જૂની પેઢીના વિદ્વાન ગુરુઓની વાત નવી પેઢી માટે ઘણી કામની. તેમનાં નાનકડાં રેખાચિત્રો - શબ્દચિત્રો આપ્યાં છે. તેમના ફોટા આપ્યા હોત તો જોવા મળત. શ્રી દાવર એટલે હરતું-ફરતું પુસ્તકાલય, રણધીરભાઈ એટલે હિન્દીના મહાજ્ઞાતા અને શ્રી ભટ્ટ સાહેબ એટલે શાકુંતલના ખાં. ત્યારે વિદ્યાર્થીઓ મજાકમાં તેમને દુષ્યંત કહેતા. શ્રી એસ. આર. ભટ્ટ એટલે પ્રખર વક્તા. આ પ્રકરણમાં શિક્ષણની મદદની વાતથી માનવતા છતી થાય છે.

વૃદ્ધ સસરા ડૉ. ઈશ્વરલાલ પરીખ ૯૬ વર્ષ જીવ્યા. દીકરો-વધૂ ગાડી લઈ લેવા જાય છે ને તે છેવટ સુધી પુત્ર સાથે રહે છે. એ વાંચી ગદ્‌ગદ થવાયું.

હવે તો કથા સંધ્યા સુધી પહોંચી છે. 'કુમાર' અંક ૯૧૬માં સુખી કુટુંબની વાતોથી આનંદ થાય છે. બહુ જ ઓછી લેખિકાઓએ પોતાના સંબંધે લખ્યું છે. ઉમાશંકર લખે છે તેમ -

'મને લાધ્યાં પરમ મુદા અને શાંતિ
આટઆટલાં વરસો પછી
જાણું હું જીવન શું હશે, પ્રેમ શું હશે.'

લેખિકા ચરોતરનાં લગ્નો-વરઘ (ગોતરડો) વિષે લખે છે. બે લગ્નની વરઘો સામસામે આવે ને રંગત જામે. રાતભર બૅન્ડવાળા ગીતો વગાડે. મેં આ પ્રસંગો માણેલા છે. હું ચરોતરનો હોઈ આ વાંચતાં ભૂતકાળમાં સરી ગયો. એ લગ્નગીતોની પણ મજા હતી. ગીતો એ આવેલ સ્ત્રીઓનો આનંદ હતો.

આ વાચતાં હંસાબહેન મહેતાની વાત યાદ આવે છે. એ વળી તે પૂર્વે (૧૮૯૭)માં જન્મેલાં. એ પણ રૂઢિચુસ્ત નાગર જ્ઞાતિનાં. તેમણે આંતરજ્ઞાતીય લગ્ન કરેલાં. એમનેય વડોદરા છોડી મુંબઈ જવું પડેલું. મોસાળે બહિષ્કાર કરેલો. પત્રિકાઓ છપાવેલી. તે પણ ડબલ ગ્રેજ્યુએટ હતાં. અને લેડી તાતાની મદદથજી 'ધ નૅશનલ કાઉન્સિલ ઑવ્ વુમન ઈન ઇન્ડિયા'નાં મંત્રી થયાં. શિક્ષણપ્રધાન થયા. વડોદરા યુનિવર્સિટીના વાઈસ ચૅન્સેલર થયાં ને પદ્મવિભૂષણ પણ થયાં. સ્ત્રીશક્તિનો આદર્શ પૂરો પાડ્યો. આવી કથાઓ આવકાર્ય છે. 'કુમાર'ના 'કંકાવટી' વિભાગમાં જીવનલક્ષી લખાણો આવે જ છે. આ સંઘર્ષકથા રસપ્રદ રહી છે. લેખિકાને અભિનંદન. આખી કથાને અંતે એક વાત યાદ આવે છે કે પૂર્વેની જે સાસરી છોડી તેની કોઈ ભૂડી વાતો નથી લખાઈ. લેખિકાનું આ સૌજન્ય છે. - *નટુ પરીખ, (૫૦, રચના સોસાયટી, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫)*

★

'કુમાર'નો જુલાઈનો અંક પ્રાપ્ત થયો. મનુષ્ય સ્વભાવ-સહજ પોતાનાં લખાણ જોઈ જવાનો ભાવ થાય, તેમ જોઈ ગયો. જોતાજોતા ગદ્‌ગદ થઈ જવાયું અને સન ૧૯૫૦-૫૨નો સમયગાળો યાદ આવી ગયો. જ્યારે હું ખીજડાની પોળની સિટી હાઈ સ્કૂલના ૯મા ધોરણમાં અભ્યાસ કરતો હતો. 'કુમાર કાર્યાલય' પાસેથી પસાર થતાં ઊભો રહેતો હતો. બઉઆની પોળના ઓટલે બેસતો. એવા 'કુમાર'માં જુલાઈના અંકમાં સળંગ એકસાથે ત્રણ લખાણો આપે યોગ્ય રીતે ગોઠવીને મને ધન્ય કરી દીધો છે તે બદલ 'કુમાર' તેમજ આપનો અત્યંત આભારી છું. આંખ સ્હેજ ભીની થઈ તેવો આનંદ કરાવ્યા બદલ આપનો ઋણી છું. - *ગજેન્દ્ર શાહ, (જી-૨, સમર્થેશ્વર ફ્લૅટ-૩, પરિમલ ગાર્ડન સામે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૦૬)*

★

'કુમાર' દ્વારા ગુજરાતીની સેવા કરવા બદલ 'લાગણીઓને ખોટી પંપાળ્યા વિના' બુદ્ધિનિષ્ઠ ગુજરાતી સામયિક જે હકીકતો જ અને વાસ્તવિક દર્શન જ કરાવે તેવું કદાચ એકલું 'કુમાર' હશે. - *ડૉ. વર્ષા પી. શાહ, (વત્સલ હૉસ્પિટલ, હાઈવે, ડીસા - ૩૮૫૫૩૫)*

★

આપના 'કુમાર'ના અંકો હું નાનો હતો ત્યારથી વાંચતો હતો. તે સંસ્કાર આપતું ગુજરાતીમાં શ્રેષ્ઠ માસિક છે, તેવું મારું માનવું છે. જો કે છેલ્લાં થોડાંક વર્ષોથી વિદેશમાં રહેવાથી વાચનનું સાતત્ય જળવાયું નથી. ભારત આવવાનું બને ત્યારે જેટલા બને તેટલા જૂના અંકો મેળવી વાંચું છું. આ સાથે રૂ.૫૦૦૦/-નો ચૅક કુમાર ટ્રસ્ટને દાનપેટે બીડું છું. - *ડૉ. વી. આર. પટેલ, (યુ.એસ.એ.)*

વસમી બની વિરલ / રાજેન્દ્ર શાહ

અકાળે પવન ગયો છે પડી :
શીતળ સ્પર્શ હવાનો નહિ, તે વસમી લાગે ઘડી.
ઘરમાં બેઠું હોય, સહજ તે વીંઝણલે સુખ પામે;
અહીં આ રાન મહીં તો ખુલ્લું શ્વેત ગગન છે સામે.
અત્યારે તો ગમે....
આવતી આંધી પણ જો ચડી.
ચારેબાજુ ઝાડ-ઝાંખરા ના એક તરુની છાયા,
પળ પળ અદકી અદકી મ્હારી શેકાતી આ કાયા;
કંઈક મથી કરવું મ્હારે ત્યાં
*પિઙ્ગાક્ષી આ નડી.
ˣ‘તપ્ત રેત હો, કમલપત્ર પર પગ મૂકી હું જાતી.’
આવે જનની યાદ ! મધુર સ્વરમાં સુણતો હું ગાતી.
અને ક્ષણ મહીં.....
મુક્ત ભીતરની ઝરણી અંઙ્ગે અડી.

---

*પિઙ્ગાક્ષી-તપ્ત બપોરની વેળા

ˣમારી તે વખતે કિશોરાવસ્થા. ઉનાળાની બપોરે એક દિવસે મારી બા એક કિલોમીટર દૂરની નદીએ કપડાં ધોવા ગઈ તે આશરે ચાર વાગ્યે ઘરે ફરી. મેં ત્યારે એના પગમાં સપાટ કે ચંપલ જોયા નહીં. મેં પૂછ્યું આવા તાપમાં દડવાળા રસ્તે-જ્યાં અમે કેરીઓ ખાવા જઈએ ત્યાં એક ઝાડથી બીજે દોડી જઈએ પણ દાઝવાથી ત્યાં ઉઘાડા પગે તને કેવું લાગ્યું હશે ! જવાબમાં મારી બાનું ઉપરનું કહેવું થયું હતું. આવું આવું કંઈ કંઈ રીતે જાણે મને એણે શિક્ષણ આપ્યું છે.

પામું હેરત / ભાનુપ્રસાદ પંડ્યા
(શિખરિણી • સૉનેટ)

સવેગા ઓ ઈપ્સા ! વસન ધૂપછાંવી પર મૃદુ
પરી-શી આલેખી ?- પલપલ નહી જાય પરખી.
બિલોરી કાસારે ઊભરતી છટા છદ્મો ધર તું !
રચે દ્રશ્યો કેરાં છલ-તરલ ભાવી ક્ષણ તણાં,
વિલોકું ને થાતી પ્રતિ ડગ મને દ્રષ્ટિભ્રમણા !

યદા તારી સંગે ઉપવન વિષે જાઉં, સહસા
રણે સામે આવે ! સર વિરલ, ઝાઝાં મૃગજળો !
ઘડીમાં દેખાતી પૂનમ રજની - પાગલ થતો,
અમાસી જામેલાં તિમિર પથીથી સદ્ય વીંધતો
થતું કે આ સામે સદન સુખદાયી નિવસવા
સરું પાસે-પદ્મો પલટી બનતી દુર્ગમ ગુફા !
તું તો ખાલીપાનો ભીતરથી વહે ઉચ્છલ ધૂવાં,
અદમ્યા ! પામું હેરત નીરખી રૂપો અવનવાં !

વ્રેહની સાથે પડ્યું પનારું / ઊજમશી પરમાર

બાઈ, આ વિપદા કેમ નિવારું ?
વ્રેહની સાથે પડ્યું પનારું.
રોજ આવજા કરનારીને કેડી કાં નહીં જડતી ?
આંખ મીંચું ત્યાં અગન-કુંડના તળિયે ઉતરી પડતી;
ઝાળ અને જીવતરનું કેવું નભ્યે જતું સહિયારું !
વ્રેહની સાથે પડ્યું પનારું.
વાટ ઊભી ખીલીની જેમ જ નત્ય ચાંખે ખોડાતી ,
વળગે વીંછણ જેવી, કેમે છોડી નહીં છોડાતી;
મૂરત એકે, છટા લાખની અંતર થકી ઉતારું.
વ્રેહની સાથે પડ્યું પનારું.

તમારા નામને / કિરીટ ગોસ્વામી

બધી સચ્ચાઈથી નમણું અમે માની લીધું આખર;
જીવનને એક્ સરસ શમણું માની લીધું આખર.
વધુ સુખ પામવાની અવનવી કૈં ઝંખના ત્યાગી,
મળ્યું એને જ બસ, બમણું અમે માની લીધું આખર.
નિરાશા નોતરે કાયમ, જીવનમાં પારકી આશા;
ખરું બસ, જાતનું શરણું - અમે માની લીધું આખર.
હશે નક્કી સમંદર ક્યાંક આગળ માર્ગમાં મિત્રો,
નિહાળી એક આ ઝરણું, અમે માની લીધું આખર.
ઉગારે કોણ ભવ-સાગર મહીંથી અન્તમાં બીજું :
તારા નામને શરણું અમે માની લીધું આખર.

કદી
અશોક ચાવડા ‘બેદિલ’

જળ સફર આદરી શક્યા ન કદી,
આંસુઓ વિસ્તરી શક્યા ન કદી.
બાણશય્યા મળી છે કાયમની,
એક પડખું ફરી શક્યા ન કદી.
જ્યાં ગયાં ત્યાં સદા બહાર રહ્યા,
ઘરમહીં ઘર કરી શક્યા ન કદી.
કોઈને કોઈમાં આ જીવ રહ્યો,
વસવસો છે : મરી શક્યા ન કદી.
રોજ ડંખ્યા કરે નિખાલસતા
જાત સામે ધરી શક્યા ન કદી.

કબીરા
ચંદ્રેશ મકવાણા ‘નારાજ’

ટૂંકી ટચરક વાત, કબીરા,
લાંબી પડશે રાત, કબીરા.
અવસર કેવળ એક જ દિ'નો,
વચ્ચે મહિના સાત કબીરા.
ખુલ્લમખુલ્લી પીઠ મળી છે,
મારે તેની લાત કબીરા.
કાપડ છો ને કાણી પૈનું,
પાડો મોંઘી ભાત, કબીરા.
જીવ હજીએ ઝભ્ભામાં છે,
ફાટી ગઈ છે જાત કબીરા.

સૂત્રસાર

કાલ કોણે દીઠી છે?

રાધેશ્યામ શર્મા

એક અત્યંત પ્રખ્યાત પદની પંક્તિ છે જે ગુજરાતી સાહિત્યથી જ નહિ ગુજરાતી ભાષાથી પરિચિત સર્વ કોઈને મોઢે હોય :આજનો લહાવો લિજિયે રે
કાલ કોણે દીઠી છે?

આમાં આજનો લહાવો લેવાની નમ્ર જિકર છે. ભાવપૂર્ણ ભલામણ છે. હવે આ લહાવો તે શી ચીજ છે? કોઈ યુવાન આધુનિક એને 'મસ્ત મસ્ત ચીજ' માનવા પ્રેરાય. પરંતુ લહાવાના ભાવાર્થને જ નહિ આંતર-મર્મને પામ્યા સિવાય કાચી સમજથી અવળું વેતરાય. 'કહ્યું કશું ને સાંભળ્યું કશું / આંખનું કાજળ ગાલે ઘસ્યું' જેવી હાસ્યાસ્પદ ચેષ્ટા બને. દાક્તરે જે દવા ચોપડવાની કહી હોય તે પી જઈને દારુણ દુ:ખ વહોરી બેસાય!

લહાવ અને લહાવાનો સીધોસાદો પ્રચલિત અર્થ થાય આનંદનો ઉપભોગ, બીજો અર્થ છે ઓરતો અર્થાત્ ઓરિયો. માણસમાત્ર આશા, ઉમેદ અને અભરખાની ટેકણલાકડીથી જ પોતાનું જીવન નિર્ગમન કરે છે.

હતાશાની કાળી ઘટામાંથી આશાનું એક જ કિરણ કે પ્રકાશ ફેંકાતાં જ મનુષ્ય જીવનની સંજીવનીનો તત્કાલ અનુભવ કરે છે. ઉમેદ અને આશાની ટેકણલાકડી સંયોગવશાત્ ખેંચાઈ જતાં જ વ્યક્તિ પંગુ બની જાય. જગતનો પહાડ ચઢવાની વાત તો દૂર રહી, નિરાશા ઘેરી વળે ત્યારે તળેટીમાં ટૂંટિયું વાળી સ્તબ્ધ શીલા જેવો માણસ બની જાય.


લહાવો અર્થાત્ આનંદ આપણે કોને માનીએ છીએ? કેવળ પૈસા કમાઈને ધનપતિ ગણાવામાં? પાંચ કે પાંચ હજાર માણસોમાં પ્રતિષ્ઠિત ગણાઈ પ્રખ્યાત રહેવામાં? રૂપરૂપના અંબાર વેરી સૌંદર્યમૂર્તિ તરીકે પૂજાવામાં? કીમતી વાહનો ખરીદી પર્યટનો કરવામાં? છેલ્લામાં છેલ્લી ફૅશનના અલંકારો અને આભૂષણોનું શરીર પર વિચિત્ર પ્રદર્શન ભરવામાં? મંદિરો-દેરાસરોમાં અને જ્ઞાતિની વાડીમાં પોતાના નામની તકતીઓ લગાડવામાં? નોકરીએ જતા હોઈએ ત્યાં યા ધંધાના સ્થળે કે કુટુંબમાં પોતાને પૂછ્યા વિના પાંદડું પણ ના હાલે એવી પરિસ્થિતિ રચવામાં? પ્રેમપાત્રને ગમે તે ભોગે પ્રાપ્ત કરવામાં? વ્યક્તિએ વ્યક્તિએ જિંદગીનો લહાવો લૂંટવાનો લય અને લહાવાનું સમર્થન જુદું જુદું હોય છે.

પરંતુ આશ્ચર્ય એનું છે કે જેને માણસ આનંદ માને છે તે ખરેખર દીર્ઘ સનાતન કાળ પર્યંત એવા લહાવાનો પનો લંબાય એવો છે કે નહિ તેના વિશે જ બેખબર છે, બેભાન છે. પદાર્થ, પ્રસંગ અને પાત્રમાં જ પૂરો થઈ પરિસીમિત થતા ભૌતિક આનંદમાં સત્-ચિત્-આનંદ જેવી અસ્તિત્વલક્ષી અનુભૂતિ છે? જે લહાવાનું લાવણ્ય ક્ષણજીવી સમાગમ જેટલું અલ્પ અને ઉપભોગ પછી હતબુદ્ધ ઉદાસી નોતરનારું હોય એને લહાવો કહેવો કે લહાયનો લાળો? પસંદગી પોતે જ કરવાની છે. પોતાના ભોગે, જોખમે અને જવાબદારીએ, કે લૌકિક લહાવો લેવો છે કે અલૌકિક આંતરિક નિત્યાનંદ લૂંટવો છે?

બર્ટ્રાન્ડ રસેલે ક્યાંક કહ્યું છે કે જે ધર્મપુરાણવર્ણિત કલ્પનાસૃષ્ટિના સ્વર્ગમાં સુંદર અપ્સરાઓ ના હોય, માત્ર તપજપ અને જાતધ્યાનમાં નિષ્ક્રિય બેસી રહેવાનું જ હોય તેવું સ્વર્ગ મારા માટે તો નર્ક જ છે! ભારતના લોકાયત કે ચાર્વાકનો પણ આવો જ મત કે દેહ નાશવંત છે, ભસ્મીભૂત થઈ ચૂકેલા શરીરનો પુનર્જન્મ એના એ સ્વરૂપે કદી નહિ થાય માટે આજનો લહાવો લૂંટી લેવો ઘટે. કેટલાક કહે છે 'આજ આજ ભાઈ અત્યારે...' 'આજ કરે સો અબ.' 'કવીશ્વર' ગણાયેલા દલપતરામનું 'ધીરે ધીરે સુણે સુધારાનો સાદ' સંભળાવતા ત્યારે કવિ નર્મદ તો 'ડાંડિયો' પીટી ઉદ્‌ઘોષતો 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે.' ટૂંકમાં, કાલની વાટ જોવા જતાં કાળનો કોળિયો થઈ જાઓ એ અગાઉ આજનો લાભ લઈ લેવાનો બૂંગિયો બધાએ વગાડ્યો છે.

આજનો આટલો બધો મહિમા શાથી? વક્તા બોલે અને શ્રોતા સાંભળે એટલામાં તો કાળની એક કીમતી ક્ષણ કિલ્લાની કાંગરીપેઠે, નદીના નીરવત્ ખરી પડે, સરી જાય. ઘડિયાળો બંધ પડી જાય જગત સમસ્તનાં, પણ અવકાશની વિરાટ ઘડિયાળ ક્ષણવિસર્જનના અચૂક નિયમપાલનમાં 'બંધ' પાળતી નથી. જે સરિતામાં સ્નાન કરીને આવ્યા તે જ ઘડીએ વારિ વહી ગયાં બાદ તેની તે નદી કે નીર એનાં એ રહેતાં નથી. ભૌતિક કે પાર-ભૌતિક, ઇહલોકનો એ પરલોકનો લહાવો લેવો જ હોય તો ઘડિયાળ ના ચૂકશો કેમ કે ક્ષણમાં જ ભંગુર થનાર જગતની આવતી ઘડીમાં તમે હતા-ન-હતા થઈ જઈ શકો. કાલ તો આઘી રહી, આવતી ક્ષણની પણ ખાતરી નથી. તમારી સામે બે રસ્તા છે; ઇન્દ્રિયકેન્દ્રી જગતના અને અતીન્દ્રિય સૃષ્ટિના. વરણી તમારે કરવાની છે કે લહાવો કયા માર્ગનો લવો છે.

રાવણનો અંતિમ ક્ષણનો તથાકથિત બોધ જાણવા જેવો છે. દરિયાને મીઠો કરવાની, સોનામાં સુગંધ ભેળવવાની, સ્વર્ગ સુધી સીડી મૂકવાની મહત્ત્વાકાંક્ષાઓ રાવણે આવતી કાલ પર રાખી હતી, પણ કાલ ના આવી અને કાળ જ આવી પહોંચ્યો! આખેઆખા દસાનન રાવણને તે પચાવી ગયો!



કે. એલ. સાયગલ


કમલા પરીખ

કુંદનલાલ સાયગલ ખૂબ પરિચિત નામ છે. આજે એમના વિષે લખતાં મારું મન આનંદવિભોર થઈ જાય છે અને ભૂતકાળની ડાળી પર ઝૂલવા લાગે છે. હું ૧૯૪૦ની વાત કરવા માગું છું. મારી ઉંમર તે સમયે બાર તેર વર્ષની હતી. નડિયાદમાં પિતાજી નોકરી કરતા હતા, ત્યારે પ્રભાત ટૉકિઝમાં 'જિંદગી' ફિલ્મ જોવા સહકુટુંબ ગયેલી. એ ફિલ્મમાં સાયગલે ગાયેલાં જાણીતાં બે ગીતો આજે સાત દાયકા વટાવી ચૂકેલી મને શબ્દશઃ યાદ છે. એ ગીતો હતાં, 'સો જા રાજકુમારી સો જા', 'મૈં ક્યા જાનુ ક્યા જાદુ હૈ ઈન દો મતવાલે નૈનોં મેં.' આજે પણ હું એ જ ઢાળમાં શબ્દશઃ આ ગીતો ગાઈ શકું છું. એવી આ ગીતોની અસર હતી અને છે. આ ગીતો યાદ આવતાં એ દિવસો તાજા થતા હોય તેવું લાગે છે. તે સમયે મેં તેમને બે-ત્રણ ફિલ્મોમાં જોયેલા. તેમનો ચહેરો, અભિનય, મધુર કંપનયુક્ત અવાજ આજે પણ ભુલાય તેમ નથી. તેઓ ભલે હયાત ન હોય પણ તેમણે ગાયેલાં ગીતો તેમની ખ્યાતિ પુરવાર કરે છે. પહેલાં રેડિયો સિલોન પર જૂની ફિલ્મોનાં ગીતો પ્રસારિત થતાં તેમાં સાયગલનું ગીત આવતું. ત્યારે વિવિધ ભારતી પર સવારે ૭-૦૦ વાગ્યાથી ૭-૩૦ સુધી 'ભૂલેબીસરે ગીત' પ્રસારિત થાય છે તેમાં છેલ્લું ગીત સાયગલનું હોય છે જે સાંભળવાનું હું ચૂકતી નથી. આવી અસર હતી આ ગાયકનાં ગીતોની, જે આજે પણ ભુલાતી નથી.

તેમનો જન્મ ૧૧મી એપ્રિલ ૧૯૦૪માં જમ્મુમાં થયો હતો. તેમના પિતા અમરચંદ કાશ્મીર રિયાસતના મહારાજાના તહસીલદાર હતા. માતાનું નામ કેસર કૌર હતું. અમરચંદને ચાર દીકરા અને એક દીકરી એમ પાંચ સંતાનો હતાં. સાયગલથી મોટા બે ભાઈઓ રામલાલ સહગલ અને મોહિન્દર સહગલ હતા જ્યારે તેમનાથી નાના ભાઈનું નામ હતું હજારીમલ સહગલ. આ ચારે ભાઈઓની બહેન શકુંતલા સૌથી નાની હતી. હાલ તો તેમના બંને મોટાભાઈ, તેમની પત્નીઓ, તેમના નાના ભાઈ તથા બહેન હયાત નથી.

આપણે કુંદનલાલ સાયગલની વાત પર આવીએ. તેમને નાનપણથી સંગીત પ્રત્યે લગાવ હતો, પણ તેમના પિતાને તેમની આ સંગીતરુચિ બિલકુલ પસંદ નહોતી. સદ્‌ભાગ્યે માતા ધાર્મિક હતાં અને ભજનકીર્તન અને લોકગીતો ગાતાં, જેનો વારસો તથા તેનો પ્રભાવ સાયગલે પોતાની ગાયકીમાં ઝીલ્યો. મા-દીકરો કલાકો સુધી સંગીતની મહેફિલ માણતાં. પિતાએ સાયગલમાં વિકસિત થતી આ સંગીતપ્રીતિને નિયંત્રિત કરવાના પ્રયાસ તો કર્યા પણ સફળતા મળી નહીં. કુંદનલાલને ભણવામાં જરા પણ રસ નહોતો. ધાર્મિક સમારંભો યોજાય ત્યારે રાજ્યના ભિન્ન ભિન્ન વિસ્તારોમાં જવાની તક મળે ત્યારે તેમને ભરવાડો અને ભટકતી જાતિ પાસેથી પંજાબી, કાશ્મીરી લોકસંગીતની ખૂબીઓ શીખવા મળતી, પરિણામે તેમને કોઈ ગુરુ કે તાલીમની જરૂર પડી નહીં. એક સૂફી સંતે તેમને આશીર્વાદ આપેલા અને સલાહ આપેલી કે 'જિક્ર' અને 'રિયાઝ' પર વધારે ધ્યાન આપવું. તેઓ વધારે સમય બહાર રહેતા અને સંગીતના કદરદાન, જમીનદાર, સૂફીઓ અને મિત્રો સાથે સમય વિતાવતા. તેઓ પોતાની અટક સાયગલ નહીં પણ સૈગલ લખતા હતા. દસ વર્ષની વયે દશેરાના તહેવારમાં રામલીલા થતી તેમાં તેમણે સીતાનું પાત્ર ભજવેલું. આવા સમારોહો ધાર્મિક હતા તેથી તેમના પિતાએ સીતાની ભૂમિકા ભજવવાની મંજૂરી સાયગલને આપેલી, પરંતુ સંગીતવિરોધી પિતાએ તેમની સંગીતચાહનાને બંધ કરવા માટે કેટલીયે વાર વાર્યા અને માર્યા હતા.

૧૯૨૩થી ૧૯૩૦ સુધીના ગાળામાં તેઓ નોકરીની શોધમાં જુદા જુદા શહેરોમાં ફરતા હતા. ૧૯૨૮માં દિલ્હીમાં રેલવે ખાતામાં તથા રેમિંગ્ટન ટાઈપરાઈટર કંપનીમાં સેલ્સમૅનની નોકરી કરી. પરંતુ ૧૯૩૦માં તેઓ પાછા ગાયબ થઈ ગયા. ૧૯૩૦-૩૧માં તેઓ કલકત્તા પહોંચી ગયા. ત્યાં ન્યૂ થીએટર્સના સંસ્થાપક બી. એન. સરકારનો મેળાપ થયો. સાયગલનું ગાયેલું ગીત સાંભળી સરકાર સાયગલ પર ફિદા થઈ ગયા અને તેમને ફિલ્મમાં કામ કરવાનો અનુરોધ કર્યો. તે સમયે અભિનય સાથે ગીત ગાનારની બોલબાલા હતી. આમ, સાયગલના ભાગ્યનો


Contract with New Theatres signed by K.L. Saigal on 28th May 1940

ન્યૂ થીએટર્સ સાથેનો સાયગલનો ૨૮ મે ૧૯૪૦ના રોજનો કરાર

સિતારો ચમકવાની શરૂઆત થઈ. ત્યાં તેમણે પોતાનું અસલ નામ છુપાવી સૈગલ કાશ્મીરી નામ રાખ્યું હતું. તેમને ન્યૂ થીએટર્સમાં રૂ.૧૩૦/- પગાર મળતો. તેમણે પહેલો પગાર પોતાની માતાને મોકલાવ્યો ત્યારે માતા એનો દીકરો કમાતો થયો એ વિચારથી ગદ્‌ગદિત થઈ ગઈ.

૧૯૩૨માં ન્યૂ થીએટર્સમાં તેમણે ત્રણ ફિલ્મોમાં અભિનય કર્યો. આ ફિલ્મો હતી 'મહોબ્બત કે આંસુ', 'સુબહ કા સિતારા' અને 'જિંદા લાશ'. આ ત્રણેય ફિલ્મમાં તેમણે નાયકની ભૂમિકા ભજવી. પણ ૧૯૩૪માં 'ચંડીદાસ' અને ૧૯૩૫માં 'દેવદાસ' આ બે ફિલ્મોમાં નાયકની ભૂમિકા ભજવી તેઓ અભિનેતા અને ગાયક તરીકે ખ્યાતનામ બની ગયા તથા સિદ્ધિનાં પગથિયાં ચઢતાં ઉચ્ચ કક્ષાએ પહોંચી ગયા. તે સમયે ઉમાશશી સાથે ગાયેલાં યુગલ ગીતો 'પ્રેમનગર મેં બનાઉંગી ઘરમેં' અને 'તરપત બીતે રૈન' ઘેર ઘેર ગૂંજતા ગઈ ગયાં હતાં. 'દેવદાસ'ની ભૂમિકા તેમણે એટલી સુંદર ભજવી કે તે દેવદાસના પર્યાય બની ગયા. આ ફિલ્મના 'બલમ આયે બસો મોરે મનમેં' અને 'દુઃખ કે અબ દિન બીતત નાહી' આ સદાબહાર ગીતો શાસ્ત્રીય ગીતોની હરોળમાં સ્થાન પામ્યાં. કલકત્તામાં જે સમયે પ્રતિષ્ઠાની ટોચ પર પંકજ મલિક અને કે. સી. ડે જેવા કલાકારો હતા ત્યારે સાયગલે કારકિર્દીનો આરંભ કરેલો પણ ૧૯૩૧માં ન્યૂ થીએટર્સમાં પ્રવેશ કરતાની સાથે તેઓ રાષ્ટ્રિય કલાકાર બની ગયા.

૧૯૩૩માં 'હિન્દુસ્તાન રેકૉર્ડ કંપની'એ કલકત્તામાં સાયગલના કંઠે ગવાયેલાં બે ગીતોની રેકૉર્ડ બનાવી. આ ગીતો હતાં 'હો રી હો વ્રજરાજ દુલારે' અને 'ઝૂલના ઝૂલાવો રી'. આ બંને ગીતો ખૂબ લોકપ્રિય થયાં. આમ, સાયગલે પોતાના મધુર અવાજથી આગવું સ્થાન જમાવી દીધું. તેમનો સ્વર અનુનાસિક હતો. આમ તો આવા સ્વરને દોષ માનવામાં આવતો પણ સાયગલને માટે આવો અવાજ વરદાનરૂપ સાબિત થયો. સાયગલ જુદી માટીના માનવી હતા. બીજા કોઈની ધૂન શીખ્યા હોય પણ તેમાં પોતાની આગવી છાપ ઊભી કરતા. 'દેવદાસ'માં 'દુઃખ કે દિન અબ બીતત નાહી' એવી સુંદર રીતે ગાયું કે પ્રેક્ષકોના મુખ પર ગીતના શબ્દોથી દુઃખની છાયા છવાઈ જતી; પણ સાયગલ પાસે એક કીમિયો હતો કે આવાં કરુણ ગીતો ગાતાં ગાતાં વચ્ચે થોડી મુસ્કુરાહટ ચહેરા પર પ્રકટ કરી દેતા જેથી પ્રેક્ષકોને રાહત મળતી. તેમનો દેખાવ સામાન્ય હતો પણ અવાજ અસામાન્ય હતો, જેને લીધે તે અદ્વિતીય ખ્યાતિ પામી શક્યા. થોડા સમયમાં એ સંસ્થા બની ગયા.

સમયપાલનમાં તેઓ ખૂબ ચોકસાઈ રાખતા. જ્યાં તેમનો કાર્યક્રમ હોય ત્યાં સમય પહેલાં પહોંચી જતા. 'પૂરણ ભગત'માં તેમણે સાધુનો રોલ કરેલો. કાનમાં કુંડળ અને હાથમાં કરતાલ સાથે તેમણે પેલું ખૂબ જાણીતું ગીત ગાયેલું, 'અવસર બીતો જાત પ્રાણી તેરો' અને 'ભક્ત સૂરદાસ'માં 'નૈનહીન કો રાહ દીખા પ્રભુ પગપગ ઠોકર ખાઉં મૈં' આ ગીતો ગાઈને પ્રેક્ષકોને મુગ્ધ કરી દીધાં હતાં. તેઓ હળવી ભૂમિકા પણ સરસ રીતે ભજવી જાણતા. ૧૯૩૩માં 'દુલારી બીબી' (જે ત્રણ રીલવાળી હાસ્ય ફિલ્મ હતી.) તેમાં સાયગલે વઢકણી પત્નીથી પરેશાન થયેલા પતિનું પાત્ર ભજવ્યું હતું; જેમાં પત્ની દાદર પરથી ઊતરતા પતિ પર પિત્તળના પ્યાલા, જગ, કપ-રકાબી ફેંકે છે. 'કરોડપતિ' ફિલ્મમાં કૉલેજના એક વિદ્યાર્થીનો રોલ કરેલો જેમાં વિદ્યાર્થીને લૉટરી લાગે છે અને રાતોરાત આશ્ચર્યમય પરિકથાના પ્રદેશમાં પહોંચી જાય છે. ન્યૂ થીએટર્સમાં જે ફિલ્મોમાં તેમણે અભિનય કર્યો તે હિટ પુરવાર થઈ. તે સમયની વિખ્યાત અભિનેત્રીઓ કાનનબાળા, ઉમાશશી, લીલા દેસાઈ, મોલિના, જમુના, કમલેશ સાથે તેમણે અભિનય કર્યો હતો. એમનો પ્રિય રાગ ભૈરવી હતો. 'બાબુલ મોરા નૈહર છૂટો હી જાય.' આ ગીત એમના કંઠે સાંભળતા હૃદય દ્રવિત થઈ જાય છે. આ ગીત 'સ્ટ્રીટસિંગર'નું છે જે સાંભળવા જેવું છેઃ

'બાબુલ મોરા, નૈહર છૂટો હી જાય,
ચાર કહાર મિલે ડોલિયા સજાયે રે



કારવાને-હયાત (૧૯૩૫)



સાયગલને શ્રદ્ધાંજલિ આપતું પુસ્તક



સાયગલ પર ટપાલ ટિકિટ

મોરા અપના બેગાના છૂટો જાય... બાબુલ મોરા.
અંગના તો પર્બત ભયા ઔર દેહરી ભઈ બિદેશ
લે બાબુલ ઘર આપનૌ, મૈં ચલી પિયા કે દેશ... બાબુલ.'

આ પારંપરિક ગીત એટલા દર્દભર્યા અવાજે સાયગલે ગાયું છે કે, આપણી આંખો ભીંજાઈ જાય. તે સમયે પાર્શ્વ-ગાયનનો આરંભ થયો હતો છતાં સાયગલે તેનો આશ્રય ના લેતા એ ગીત અભિનય સાથે સ્વયં ગાયું હતું. તેમણે પોતાના મધુર અવાજથી આગવું સ્થાન જમાવી દીધું. તેમણે કોઈ ઉત્સાદને ગુરુ બનાવ્યા નહોતા અને કોઈ ઘરાનાની પરંપરાનું અનુસરણ કર્યું નહોતું. ખ્યાતિ પ્રાપ્ત કર્યા પછી અભિનેતા અને ગાયક બનેલા સાયગલ પોતાના સ્વ[illegible]લંધર પાછા ફર્યા અને પરિવાર સાથે રહ્યા.

કલકત્તાથી જાલંધર પાછા ફર્યા બાદ આશારાણી સાથે ૧૯૩૪માં તેઓ લગ્નગ્રંથીથી જોડાયા. તેમના દાંમ્પત્યજીવનનાં ફલસ્વરૂપે પુત્ર મનમોહન તથા બે પુત્રીઓ નીના અને બીના એમ ત્રણ સંતાનોના પિતા બન્યા. હાલ તો તેમના પત્ની તથા એકનો એક પુત્ર મૃત્યુ પામ્યાં છે. ફરી પાછું તેમણે કલકત્તા તરફ પ્રયાણ કર્યું. તેઓ બંગાળી ભાષા શીખી ગયા પરિણામે બંગાળી ગીતો સરળતાથી ગાઈ શકતા. તે સમયે રવીન્દ્રનાથ ટાગોર જીવિત હતા. તેમનાં એ ગીતો ધંધાકીય ઉદ્દેશથી ગાવાનાં હોય તો તેમની પરવાનગી લેવી પડતી. સાયગલે ટાગોરનાં બંગાળી ગીતો ગાયાં અને લોકપ્રિય ગાયક બની ગયા. તેમણે સંગીતની એવી કોઈ તાલીમ લીધી નહોતી છતાં શાસ્ત્રીય રાગો પર આધારિત ગીતો સરળતાથી ગાઈ શકતા. આ એમને મળેલી કુદરતી બક્ષિસ હતી. દા.ત. 'ઝુલના ઝુલાવો રી' ('પુરન ભગત') અને 'સપ્તસૂરન તીન ગ્રામ' (તાનસેન) આ તેનો બેનમૂન નમૂનો છે. અબ્દુલ કરીમખાંની 'ઝીંઝોટીસ' રાગ પર આધારી ઠુમરી 'પિયા બિન નાહી આવત ચૈન.' એમણે એટલી આસાનીથી ગાઈ કે ખુદ અબ્દુલ કરીમખાં આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમણે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં તથા સાયગલના પ્રશંસક બની ગયા. બાલગીત ગાવામાં પણ તેઓ માહેર હતા. 'પ્રેસિડન્ટ'માં ગાયેલું ગીત 'એક રાજા કા બેટા' એ આની સાબિતી છે. એમનું પ્રેરણાગીત હતું 'પંછી કાહે હોત ઉદાસ', અને ભજન ગાવામાં તેમણે કમાલ કરી હતી. દા.ત. 'સુનો સુનો હે કૃષ્ણ કાલા', 'મધુકર શ્યામ હમારે ચોર', પ્રેમગીત તેમણે 'મેરી બહન'માં ગાયું છે જે અદ્ભુત છે: 'દો નૈનાં મતવારે તિહારે હમ પર જુલમ કરે' અને હૈયાને સ્પર્શી જાય તેવું ગીત છે 'દુ:ખ કે અબ દિન બીતત નાહી'.

આટલા પ્રસિદ્ધ કલાકાર હોવા છતાં તે માનવતાના પૂજારી હતા. વ્યાવસાયિક જિંદગીમાં એમણે ઑલ ઇન્ડિયા રેડિયો અને ન્યૂ થીએટર્સની દરેક વ્યક્તિ સાથે પ્રેમસંબંધ રાખ્યો હતો. પ્રેમ એ એમનો જીવનમંત્ર હતો પછી ભલે એ મિત્ર હોય, પડોશી હોય કે સહકાર્યકર હોય, અમીર હોય કે ગરીબ હોય સાયગલે સહુને પ્રેમ કર્યો હતો અને બધાંનાં હૃદય પ્રેમથી જીતી લીધાં હતાં. આ નિરાભિમાની માણસ બહુ ભલા હતા. એક વખત તેમના એક સામાન્ય કર્મચારીની દીકરીના લગ્નમાં તેમને નિમંત્રણ મળ્યું, પણ તે જ દિવસે એક ધનિકને ઘેર પણ તેમને નિમંત્રણ મળેલું પણ સાયગલ પેલા કર્મચારીને ત્યાં ગયા અને રાતભર ગીતો ગાઈ તેમની આબરૂને ચાર ચાંદ લગાવ્યા અને પ્રસંગને શોભાવ્યો. કોઈ જરૂરિયાતવા'ળા કલાકારની ક્યારેય એમણે અવગણના કરી નહોતી. ખિસ્સામાંથી જે કાંઈ મળે તે જરૂરતમંદ માણસને આપી દેતા. રેકૉર્ડિંગ કરવા સ્ટૂડિઓ પર જાય ત્યારે દરવાજા પર બાગના માળીની પણ ખબર પૂછે. પોતાના સહયોગી કલાકારો કરતાં પોતે શ્રેષ્ઠ છે તેવું તેઓ માનતા નહોતા અને તેમને નીચા દેખાડવાનો ક્યારેય પ્રયત્ન કર્યો નહોતો. આમ, તેમના હૈયામાં ભલમનસાઈ છલોછલ ભરેલી હતી. તેઓ સહૃદયી અને સહુના આદરણીય મિત્ર હતા.

તરસ્યું મૌન

ડૉ. હાસ્યદા પંડ્યા

હું લગ્ન બાદ અમેરિકા ગૃહિણી થઈ ગોઠવાઈ પણ પળેપળ ભારત યાદ આવતું હતું. સંબંધની સંસ્કારિતા ને પ્રેમની ઝંખના મને હંમેશાં મારા વતન અને દેશ તરફ આકર્ષતાં હતાં. વર્ષો સુધી કોઈ નિમિત્ત સર્જાયું નહિ દેશમાં આવવાનું. જોજનો દૂર રહી સતત ધબકતી રહી ભારતને. પિતાના અવસાન નિમિત્તે લગભગ વીસેક વર્ષે ગોઠવાયું ને એક અનોખો રોમાંચ અનુભવી રહી. જેને સતત શ્વસતી હતી તે માટે અજાણ્યાપણાનો પણ અહેસાસ ઝબકી જતો. પિતાજીના ક્રિયાકાંડ કાકાને ઘેર થશે. પછી ક્યાં રહેવું? ક્યાં જવું? એક મન એમ કહેતું કે તેં વીસ વર્ષ જ્યાં પસાર કર્યાં તે સંસ્કૃતિ બોલે છે, તું નહિ. છતાં પંદર દિવસ માટે રિટર્ન ટિકિટ લઈને જ આવી. આવતાં આવતાં બાળપણથી યુવાવસ્થા વચ્ચેના સંબંધોનાં વેરવિખેર મોતીને સ્મૃતિતાંતણે ગૂંથતી ગઈ ને સર્જાઈ આખી હારમાળા - જેમાં મેરુ સમ સખી કૃત્તિકાને મળવા તો મન જાણે ઉતાવળું થતું હતું.

મારા કરતાં પાંચ વર્ષ પહેલાં એનાં લગ્ન થયાં હતાં. સુંદર, વાચાળ એન્જિનીઅર હતો તેનો પતિ. કોણ જાણે તે હવે કેવો લાગતો હશે?! પહેલા ખોળે દીકરો હતો ને દીકરીના પ્રથમ જન્મદિનની ઉજવણીને ત્રીજે દિવસે મારે ઊડી જવાનું હતું, મારી ધરતીથી દૂર... મેં તો ત્રણ મહિનાની ઊડતી મુલાકાતે આવેલા ગ્રીનકાર્ડવાળા મૂરતિયાને પસંદ કર્યો'તો એટલે 'ચટ મંગની પટ બ્યાહ' જેવું કરી છ મહિનામાં તો પરદેશી... પિતાજીના બેસણામાં કંઈ કેટલાંય આવે ને જાય... ઔપચારિક વાતો ને વહેવાર કરતાં જાય... પણ મારી નજર દરેક ચહેરામાં કોણ જાણે કેમ પણ કૃત્તિકાને ઝંખતી હતી. બંધ આંખે સ્થિર અનુભવતી પણ ખરી કે જેમ કૃષ્ણ સુદામાને મળવા દોડ્યા'તા તેમ હું એને દૂરથી જોઈને જ જાણે મળવા દોડી ગઈ, ભેટીને આંખમાં આંસુ છલક્યાં. વાસ્તવમાં બીજું તો કંઈ નહીં પણ આંખ ભીની તો થઈ'તી. હર્ષથી કે શોકથી કોણ કળી શકે?! ખરખરો કરવા આવેલ મને આશ્વાસન આપવા લાગ્યાં ને મેં કશું જ બોલ્યાં વગર આંખો લૂછી નાખી. વાદળઘેરું આકાશ, ભર્યા ભર્યા વાદળ વરસી નહોતાં શકતાં. સમય, જગત અને હું સઘળાને અકળામણ હતી. બધાં વિધિવિધાન પૂરાં થયાં કે બીજે જ દિવસે હું કૃત્તિકાને ઘેર પહોંચી. એ જ વર્ષોજૂનું છતાં મજબૂત ત્રણ માળનું મકાન, મારે તો પહેલે માળ જવાનું હતું. એક લાલ, એક લીલું એવાં હજુ અકબંધ પાકા રંગનાં પગથિયાં ને જમણી બાજુ પૅરાપિટ પીળા રંગની. ડાબી બાજુ હાથ અડી અડી કાળું પડી ગયેલું જાડું દોરડું કે જેના પર બે મોટા ઘૂઘરા બાંધેલા હતા. બેલ મારે તે પહેલાં જ કોઈકના આવતા હોવાનો અણસાર મળી જ જાય. મારે તો એક જ દાદર ચઢવાનો હતો. બેલ મારવા જતી જ હતી ત્યાં જોયું તો દરવાજો ખુલ્લો જ હતો. મેં સહેજ ટકોરા લગાવી ધક્કો મારી ખોલ્યો. કોઈ દેખાયું નહિ. ઉજાસાભાસી અંધકાર વ્યાપેલ હતો ખંડમાં. બારસાખ પકડી, ડોક અંદર લંબાવી નજર ફેરવી પણ કંઈ ન દેખાતાં એક પગ અંદર મૂક્યો. ધબકતાં હૃદયે હિંમતભેર બીજો પગ મૂકી ડગલું આગળ વધી. બે-ચાર દિવસથી કચરો વળાયો ન હોય તેવું લાગ્યું. સોફા પરની જાજમ અડધી લટકતી હતી, તેના પર વેરવિખેર કપડાં પડેલાં, ટેબલ પર પુસ્તકો, કાગળો પણ અસ્તવ્યસ્ત, ખુલ્લી પેન અને ચાલુ ટેબલલૅમ્પ જોઈ કોઈકના હોવાપણાનો અણસાર તો આવે જ. આશ્ચર્ય, ગભરાટ અને પ્રશ્નોમિશ્રિત ચિત્ત બીજા ખંડ તરફ જવા લલચાયું. સાંપ્રત સમયની સભાનતા ઘરની બહાર નીકળી જવા પણ કહેતી, છતાં રસોડામાં જોવું પસંદ કર્યું. સિન્ક પાસે કેટલાંક વાસણો પડ્યાં'તાં. ઊંચે નજર કરી તો ખૂણાઓમાં જાળાં બાઝેલાં હતાં. કાચની બરણીઓ પર ધૂળ લાગેલી હતી. ત્યાંથી નિરાશ થઈ શયનખંડ તરફ ગઈ તો ખંડની એકબાજુના અર્ધગોળાકાર કૉટ પર ધાબળો, કપડાં, ખુલ્લી બૅગ બધું ભરચક પથરાયેલ... ત્યાં અચાનક નળમાંથી પડતાં પાણીનો અવાજ આવ્યો ને હું ચમકી. બે-ત્રણ ડગલાં પાછી ગતિમાં દોડી. વળી સ્વસ્થ ચિત્તે હિંમત કરી ઊભી રહી. અવાજની દિશામાં ગઈ તો બાથરૂમનો દરવાજો ખુલ્લો લાગ્યો. અંદર કોણ હોય તે કેમ કહી શકાય?! તેથી પાછી બેઠકરૂમમાં આવી. બહાર નીકળવાના દરવાજા પાસેની ખુરશીમાં બેઠી. વિચાર આવ્યો કે જો ચેતવા જેવું લાગશે તો તરત બહાર ભાગી જઈશું. બાથરૂમમાંથી કોઈક બહાર નીકળે તેની જ રાહ જોવાની હતી. વળી પાછું શું સૂઝ્યું કે ઊભી થઈ બહાર આવી. નામની પ્લેટ વાંચી ગઈ : '**Kruttika Pandit**' - લખ્યું હતું અંગ્રેજીમાં. ઘર તો એ જ હતું. વિશ્વાસમાં વધારો કરી પાછી બેઠી ખુરશીમાં. ઘરના દીદાર તો એવા લાગે કે જાણે કેટલાય સમયથી કોઈ સ્ત્રી આ ઘરમાં રહેતી જ ન હોય! ગરમ થઈ ગયેલ ટેબલલૅમ્પ સ્પર્શ્યો એટલે સ્વિચ ઑફ કરી દીધ પણ ખુરશીના હાથા પરની ધૂળ મારો અને મારા હાથરૂમાલનો રંગ બદલી જ ગઈ. દીવાલ પર એક ફોટો હતો. કૃત્તિકા સાથે તેની દીકરી હોય તેવું લાગ્યું. આસપાસ બીજી ખીંટીઓ હતી પણ ફોટા નહોતા. પહેલા ત્યાંય કોઈકના ફોટો હશે જ એમ દીવાલ ચાડી ખાતી'તી. ચંપલસ્ટૅન્ડ પર નજર પડી તો ચંપલ, સૅન્ડલ અને મોજડી ત્રણેય લેડીઝ હતા. લાકડાના સ્ટૅન્ડ પર ગોઠવાયેલાં, સાથે વાંચેલાં, ભણેલાય સાહિત્યિક પુસ્તકો વર્ષો પછી જોઈ હું મારી જાતને અશિક્ષિત અનુભવવા લાગી. વ્યાકુળ બની હાથની આંગળીઓ બે આંખ પર મૂકી ઘેરા અંધકારમાં

ડૂબી ગઈ.

બાથરૂમમાંથી એક બહેન બહાર આવ્યાં. લાલ ચણિયો, લીલો બ્લાઉઝ પહેર્યો હતો. ફાટેલા લટકતા ભાગમાંથી આછો લોચા જેવો ઢીંચણ દેખાતો હતો. વાળ ધોયા નહોતા પણ ધોળામાં થોડા કાળા ગૂંચાળા હતા. ચામડી પર કરચલીઓ તથા આંખ નીચે કાળા કુંડાળા દેખાતા હતા. બ્લાઉઝના બટન બંધ કરતાં કરતાં બેઠકખંડમાં આવી મને તાકતા ઊભાં રહ્યાં. મેં ત્રણથી ચાર વાર દીવાલ પરના ફોટા અને એ બહેનને વારાફરતી જોયાં કર્યું, પછી બોલી:

'તમે... કૃત્તિકા...?!!!'

કશું જ બોલ્યાં વગર એ જળકમળવત્ તાકી રહી. હું ફરી બોલી: 'કપડાં પહેરી લો તમે... પછી વાત કરીએ...'

ચહેરા પરથી કંઈ પણ કળી ન શકાય એ રીતે મને જમણા હાથથી હડસેલો મારી સોફા પર પડેલાં કપડાંમાંથી સાડી કાઢી પહેરવા માંડી. સાડી જેમતેમ ગોળ વીંટી. ઊંચીનીચી પાટલીઓનો ડૂચો પેટ પર ખોસી પાલવ છાતી પર પાથરી, છેડો કમરમાં ખોસ્યો. મને આ વિચિત્રતા જોઈ આશ્ચર્ય જન્મ્યું. એમ.એ.બી.એડ્. ભણેલી શિક્ષિકા, એક દીકરો-દીકરી ધરાવતી આદર્શ ગૃહિણી, અસ્સલ ગુજરાતણ આ સ્થિતિમાં...!!! હડસેલાની પીડાથીય વધુ તીવ્ર બળતરા તો આદેશ દૃશ્ય જોઈ થઈ. હવે મને ભયાનક દૃશ્ય લાગવા છતાં ડર નહોતો લાગતો બલકે કરુણાભાવ નીપજ્યો. જિજ્ઞાસા તો હોય જ કે આમ કેમ?! મેં નજીક જઈ હળવેકથી એક હાથ તેના માથે અને બીજો તેના ગાલ પર ફેરવી કહ્યું: 'કૃત્તિકા, હું કામાક્ષી, મને ઓળખી નહીં?' તેણે હકારમાં ડોક હલાવી. મને આશા જન્મી. દરવાજો બંધ કરી એને હું શયનખંડમાં લઈ ગઈ. પહેલાં તો મેં બીજી બધી વાતો કરતાં કરતાં તેના માથામાં તેલ નાખી, વાળ ગૂંથી બાંધ્યા. ખીચડી રાંધી, ખાધી ને હું બોલતી જ રહી. ને એ અચાનક ઊંઘી ગઈ. મારે શું કરવું કંઈ સૂઝતું નહોતું. એની સાથે ઊંઘી જવું, બેસી રહેવું, ઊઠે ત્યાં સુધી ટી.વી. જોવું કે દરવાજો ખુલ્લો મૂકી બહાર જતા રહેવું? વિચા- ની, મૂંઝાતી હતી ત્યાં બેલ રણક્યો. ઝબકી, ગભરાઈ, કોણ હશે?! આઈ-વૅમાંથી જોયું તો યુવાન સ્ત્રી દેખાઈ. હળવેથી દરવાજો ખોલ્યો, મનોમન બોલી ઉઠી: 'ઓહ! આ તો ફોટામાંની જ...'

'તમે અહીં?!?!'

'હા... હા... હું કૃત્તિકાની સખી.'

એ મને શંકાથી જોતી હતી છતાં અંદર આવી દરવાજો બંધ કર્યો ને ખભેથી બગલથેલો ઉતારી સીધી ફાંફાં મારતી શયનખંડમાં પહોંચી. કૃત્તિકા પાસે જઈ, તેના માથે હાથ ફેરવી, બ્લૅન્કેટ ઓઢાડી પાછી આવી. સોફા પરથી કપડાં લઈ અંદર મૂકી આવી ને વ્યવસ્થિત કરી મને કહ્યું:

'આવો, બેસો.' એ પણ બેઠી. મેં ફોટો બતાવી કહ્યું:

'આ તમે?!!!'

'હા... હું જ છું મમ્મી સાથે...'

'ઓહ! તું એની દીકરી છે?!! સાવ નાની હતી ત્યારે જોઈ'તી પછી ક્યાંથી ઓળખાય! પણ અંદાજ તો આવ્યો'તો.'

'હં... આપનું શુભ નામ?'

'કામાક્ષી... અમે...'

'બસ, બસ... હવે તો પરિચિત છું. મમ્મી અવારનવાર યાદ કરે ને તમારી મિત્રતાની વાત કરે. ક્યારે આવ્યાં?'

'અરે હું તો ક્યારનીય... જાતે રાંધ્યું ને અમે બંનેએ ખાધુંય ખરું... પછી મમ્મી ઊંઘી.'

'અરે... મમ્મીએ વાત કરી તમારી સાથે?! કેવી રીતે કરી?!'

'ના... બિલકુલ નહીં. હું જ બોલ્યાં કરી ને મેં તો ઘણીય વાત કરી પણ એ તો એક પણ અક્ષર... નેવર... છેવટે...'

'હા... હશે જ... પણ ખોટું ન લગાડશો. છેલ્લા એકાદ વર્ષથી બસ આવું જ છે. એનું બિચારીનું કોણ હવે? હું ય સાસરિયાવાળી. છતાં અવાય અને સચવાય એટલું સાચવું. બાકી તો રામભરોસે.'

'કેમ... તે તારો ભાઈ?!'

'એની જ તો મોટી રામાયણ થઈ છે. આપણે હવે પારકા કહેવાઈએ. કોને શું કહીએ? આપણી તો મા છે ને મન બળે એટલે આવીએ. બાકી દીકરા હોય તોય શું? જાત તો પુરુષની. કાચબાની ચામડી ને મગરનાં આંસુ. બાપડી મારી મા તો સાચે જ હં... બેન સ્ત્રી જ સ્ત્રીને સમજી શકે તો સમજે... બાકી જગત આખું ખારું જ ખારું...' - ને બોલતાં-રડતાં એ ડૂસકે ચઢી ગઈ. મેં પાણી પાઈ, છાની રાખી, સાન્ત્વના આપી.

વળી, સ્વસ્થ થઈ કહેવા લાગી: 'આન્ટિ, ઘરની વાત ઘરમાં રહે તે સારું પણ આજે જો કોઈમાં સ્વજનનો અનુભવ થયો હોય તો તમે છો. બાકી તો આ આટલું ખોરડું એ જ જગત અને જિંદગી એવું બંધિયારપણું ચિત્તમાં છવાયું છે. આબરૂના નામે દરેક ઘરમાં આવી વેદનાઓ ચુસ્તબંધ કીડિયાસેર જેવી છે. ઉપર કાચમાં જે દેખાય છે તે માત્ર આભાસ છે. ન કહેવાય ને ન સહેવાય એવી વાત આજ તમને કહેવા મન મજબૂર થઈ રહ્યું છે. બાકી તો એમ થાય છે કે સાપને આપણે જ દૂધ પાઈને મોટો કર્યો હોય અને તે જ ડંખી જાય તો કોને કહેવા જવું?'

'ઓહ! એવું તે શું થઈ ગયું! તારા પિતા, ભાઈ...'

'એ જ કહું છું ને આન્ટિ. હું લગભગ બે-અઢી વર્ષની હતી. મમ્મી તો તમે જાણો જ છો કે નોકરી કરતી જ હતી. સંયુક્ત પરિવારમાં રહેતી. સવાર-સાંજ બધું કામ કરી લેતી ને બપોરે

નોકરી. ખાસ કંઈ તકલીફ નહોતી પણ છતાં બા અને ફોઈના વિચારોના પ્રભાવ હેઠળ એવું કંઈક બની ગયું કે ઘરના વાતાવરણમાં કર્કશતા જન્મી. પછી તો દાદા-બા સાથેના સંબંધો જળવાઈ રહે એની તકેદારી રાખતા, ચિંતા કરતાં કરતાં કયાં કયાં પરિબળો કામ કરી ગયાં, કઈ અટકળો રચાઈ, કયાં ગણિત મંડાયાં અને કયાં વમળો પ્રતિબિંબિત થયાં; કંઈ જ સમજાયું નહીં ને છેવટે પપ્પા અમારાથી જુદા થઈ ગયા. પપ્પા એમનાં માતા-પિતા, ભાઈ-બહેનો સાથે રહેવા લાગ્યા અને મમ્મીએ અમને બંનેને લઈ જુદા રહેવું એમ ગોઠવાયું.' વાત કરતાં કરતાં આંખમાં ઝળહળિયાં આવન-જાવન કરતાં હતાં. વેદનાના ઉદ્દીપન-શમનના આરોહાવરોહ-ધબકાર અને ડૂસકાં સાથે તાલ મેળવતા હતા. ઊંહકાર, સીસકાર અને આંખના પટપટા સાથે વહેતો વહેતો ભૂતકાળ ગતિ કરતો હતો. વર્તમાનની દિશામાં -

'...અમે બે નાના ને મમ્મીને નોકરી. નાની-મોટી, આર્થિક-સામાજિક અનેક સમસ્યાઓ વચ્ચે અમે પરસ્પર મદદરૂપ થતાં પ્રેમ અને હિંમતથી લાંબો સમય પસાર કર્યો. મમ્મી તો સાહિત્યનો જીવડો, મમ્મીને કારણે તો અમનેય વાંચવાની સારી ટેવ પડી છે. એણે સંસ્કાર દ્વારા સંસ્કાર આપ્યા. અમને બંનેને ક્યારેય કશી ખોટ નથી અનુભવવા દીધી. સ્પર્ધાઓમાં ભાગ લેવો, તૈયારી કરવી, પુરસ્કૃત થવું: સૌમાં મમ્મીનાં પ્રેમ અને પ્રેરણા ગૂંથાયેલાં જ હોય. તન-મન-ધનથી અમને સમર્પિત થઈ ઉત્સાહથી ભાઈને ડૉક્ટર બનાવ્યો ને મને આર્કિટેક. અમારે માટે પણ સર્વસ્વ મમ્મી જ. કોઈ, કશુંય, ક્યારેય અમને જોવા-પૂછવા આવ્યું નથી. તેની શાળાના આચાર્યશ્રી અને સ્ટાફનો સહકાર ઘણો. તેથી તો આટલું કરવા સાથેય આ એક રહેઠાણ લઈ શકી હતી જે આજે એનું પોતાનું અને 'મારું' કહી શકાય તેવું રહ્યું છે. બાકી તો...'

મમ્મીએ યોગ્ય પાત્ર મળતાં મારાં લગ્ન પહેલાં કરી નાખ્યાં. ભાઈની પણ એવી જ ઈચ્છા હતી. એ તો હજુ એની પોતાની હૉસ્પિટલ વ્યવસ્થિત ગોઠવાય પછી ગૃહજીવનમાં સ્થિર થવા વિચારતો હતો. ભાઈનું ડૉક્ટર થવું અને મારાં લગ્ન યોગ્ય સ્થાને થવાની સફળ જિંદગીનો ઓડકાર ખાઈ રહી હતી. અત્યંત આનંદ અને સંતોષ અનુભવતી હતી ત્યાં ઈશ્વર પણ જાણે એના જીવનમાં સુખ-શાંતિ જોવા જ ન માગતો હોય તેમ પાછાં વાદળ ઘેરાવાં લાગ્યાં. તે જ ચમકારા અને ગડગડાટ સાથે એવી અતિવૃષ્ટિ થઈ કે આખેઆખું એનું સંવેદનશીલ હૃદય તણાઈ ગયું ને મારા માટેનો એ અડીખમ આધાર કડડડડભૂસ થઈ ગયો. થોડી રોકડ અને લોન લઈ ભાઈએ પોતાની આગવી હૉસ્પિટલ શરૂ કરી. એમાં જ રચ્યાપચ્યા રહી બે વર્ષમાં તો બરાબર જમાવી પૈસા ને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં. પછી આવી લગ્નની વાત. એમ.એ.બી.એડ્. થયેલ સુંદર છોકરી જે સૌને પસંદ આવી પણ ભાઈનો પ્રસ્તાવ પરિવર્તન લાવી ગયો. તેણે આશીર્વાદરૂપે માગ્યું: 'મમ્મી, મારાં લગ્ન માતા-પિતા બંનેની હાજરીમાં થાય તેમ ઈચ્છું છું.' મમ્મી આશ્ચર્યચકિત ચહેરે દિગ્મૂઢ બની તાકી રહી. પછી પાસે બેસાડી કહ્યું: 'જો બેટા, તું દુનિયાની નજરે મોટો છે પણ મારો તો દીકરો છે. તને ઉછેરતા, ભણાવતા, તારા ઉજ્જવળ ભાવિ માટે મારવું-વઢવું પડ્યું હોય એનો અર્થ એ નહીં કે મને તારા માટે પ્રેમ નથી. તમે જાણો જ છો કે મેં કઈ પરિસ્થિતિમાં અને કઈ રીતે આટલાં વર્ષો પસાર કર્યાં છે.'

'પણ હવે અમે મોટાં થઈ ગયાં છીએ ને અમને લાગે છે કે હવે આપણે બધાંએ સાથે હળીમળીને રહેવું જોઈએ.'

'પ્લીઝ બેટા, આટલો ક્રૂર ના થઈશ. આટલાં વર્ષો પળ પળ દાઝી એવી ભસ્મ થઈ ગઈ છું કે હવે મારામાં કશું ઊગી શકે એમ નથી.'

'આમાં ક્રૂરતા ક્યાં આવી...? મને એ સમજાતું નથી.'

'તને નહીં સમજાય... બહુ નાનો છે હજુ તું...'

'ઊંહ... ભૂતકાળને દાટી દે મમ્મી. ખોદતા કશુંય હાથ નહીં લાગે.'

'ભૂતકાળ દટાય એવો ય નથી ને ખોદવું શીખીય નથી. હું તો જ્યાં જેમ છું તેમ જ ઠીક છું. આવતા ભવે'

'જે હાથમાં છે એ ભવની વાત કર ને! હું પપ્પાને પૂછી આવ્યો. તેમણે સંમતિ દર્શાવી છે. હું નથી ઈચ્છતો કે મારી પત્ની તારા ભૂતકાળમાં ડોકિયું કરે.'

'બસ કર. આજનો ભૂતકાળ એ ગઈકાલે વર્તમાન જ હતો ને! વર્તમાનમાં જીવવાની વાતો એ માત્ર આભાસી આદર્શ છે. મારા સ્થાન પર તારી જાતને મૂકીને વિચાર. ન સમજી શકે એટલો તું નાદાન પણ નથી. મારા ભૂતકાળ સાથે શું તારે કોઈ સંબંધ નથી?! રહી તારી પત્નીની વાત... તો સાંભળી લે... હવે તો તારા દાદા-બાય નથી રહ્યાં. જેના અનામી સહચારે તારા બાપે સમય પસાર કર્યો છે તેને સાથે રાખી એ તારી 'મા' છે એવો પરિચય આપજે. તારી પાસેય હું કદી મારા અધિકારની ભીખ માંગવા નહીં આવું.'

મારાથીય મમ્મીની પીડા સહન નહોતી થઈ તેથી ભાઈને કહ્યું: 'શું તું ય સાવ... ન કરવા જેવી વાતો કરી બેસે છે. આમ કરીશ એટલે જ કંઈ તું બુદ્ધિશાળી ને બળવાન નહીં કહેવાય.'

'હવે તું બકબક ન કર. સમજણ પડે નહીં ને. મારી વાત તો કદી સમજાવાની જ નથી. બેઉની હવે પાછલી ઉંમર. સેવા-ચાકરી માટે દીકરા-વહુની જરૂર નહીં પડે?! બધાં પોતપોતાની વાતનાં પૂંછડાં નહીં છોડે તો કશું નહીં વળે.'

ભાઈના તાડુકવા પર મનેય ગુસ્સો ચડ્યો ને -

'કેમ કેમ તું કહે એ જ સાચું ને અમે કહીએ તે બકવાસ?

ઘડપણમાં જરૂર પડે ને યુવાનીમાં...! એમણે યુવાની ભાડે ભોગવી ને મમ્મીએ બધા પ્રેમ વાત્સલ્યમાં ઢાળ્યા. આટલો ફેર. તને ને મને બાપના પ્રેમની જરૂર નહોતી? દાદા-બાના મુખે વાર્તાઓ સાંભળવી નહોતી?! એ બધી ખોટ મમ્મીએ પૂરી કરી આપી એટલે ખબર નથી પડી...'

'તું... ય... માને પગલે ચાલજે ને મરજે.'

'માએ તો જીવી જાણ્યું છે. ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવા જેવું તો કહેતાંય શરમ આવે છે. તું શું ઋણ ચૂકવવાનો!!' થોડા દિવસ પછી જેની સાથે ભાઈની સગાઈ થઈ હતી તે તેની સુંદર વાણીમાં દામ્પત્યજીવનના આદર્શની વાતો કરી ગઈ. તેને તો શું કહેવું? જ્યાં ખીલો જ ઢીલો હોય ત્યાં દોરડીનો ક્યાં વાંક કાઢવો?! મમ્મી મને પૂછ્યાં કરતીઃ 'બેટા, સંસ્કાર આપવામાં એવી કઈ ઓછપ રહી ગઈ કે મારું લોહી ધબકતું બંધ થઈ જઈ રહ્યું છે?!' મારી જીભ ઊમટી ઊમટીને કહેવા તત્પર થતી'તી કે આ તો વધુ પડતી સંસ્કારિતાનું પરિણામ છે. પણ કહી નહોતી શકતી. જોતી'તી કે વારંવાર મમ્મી ખાલીખમ્મ અને કોરીકટ હથેળીને કલાકો સુધી તાક્યા કરતી ને ડબડબ આંસુએ રડ્યાં કરતી.

બંનેએ લગ્ન રજિસ્ટર્ડ કરી રિસેપ્શનનું આયોજન કર્યું. બધી તૈયારી તેના પિતાને ઘેરથી થતી'તી. બધાં સગાંવ્હાલાં એકઠાં થયાં હતાં. ન હોવામાં માત્ર હું ને મમ્મી. ઊગતા સૂર્યને તો સૌ પૂજે. મારા ભાગે આ આથમતો ચાંદ પૂજવાનો આવ્યો. તે પ્રસંગથી મમ્મી શાન-ભાન ગુમાવી બેઠી છે. સમયની સભાનતા વગર શાળાએ જાય છે. શાળામાંય ગમે ત્યારે બાથરૂમમાં નહાવા જાય, ક્યારેક માથું ધોઈ આવે, વર્ગમાં સમયપત્રક મુજબ ન જાય, જાય તો સળંગ ત્રણ કલાક સુધી એક જ વિષય લઈ ભણાવે, ક્યારેક સાડી ઊંધી પહેરે, ચંપલ ક્યાં મૂક્યાં છે એ જ ભૂલી જાય ને પછી બધાના પગમાં જોઈ શોધ્યાં કરે. પહેરવા, ઓઢવા, બોલવા, ખાવાનું કંઈ ઠેકાણું નહીં. આ જુઓને એક મારા સિવાયના બધા જ ફોટા ફેંકી પછાડ્યા. ક્યારેક ખૂબ બબડાટ કરે તો ક્યારેક એકદમ મૌન.

ભાઈ પણ લગ્ન પછી એક પણ વાર લમણુંય વાળવા નથી આવ્યો. શું કરવું?!!! તમે નહિ માનો આન્ટિ... મમ્મી પહેલાં આવી નહોતી. ગૌર વર્ણ ને કાળા ભમ્મર વાળ, મારાં લગ્ન વખતે તો તે વળી પાર્લરમાં તૈયાર થઈ આવી'તી તો લોકો મજાકમાં કહેતાંઃ 'જો જો પાછા વરરાજા ભૂલા ન પડે! ને પછી વાળમાં સફેદ રંગ ક્યારે પ્રવેશી ગયો ખબરેય ન પડી ને ચહેરો ફિક્કો ને કાળો.'

આ બધું સાંભળી હું પણ મૌન.

છવાયેલી શાંતિએ ખંડમાં ભાર વધારી દીધો.

'આન્ટિ, હું ચા બનાવું. આપણે જરા ચા પીએ. બહુ વાતો કરી તમે કંટાળ્યા પણ હશો.'

'ના, ના; મને લાગે છે કે હું બહુ મોડી આવી. પિતાજીના મૃત્યુ નિમિત્તે આવી હતી, પણ અહીં તો પળેપળ મૃત્યુ છે. આંસુને આંખ પણ નાની પડે એવું ભયાનક મૃત્યુ.'

'આન્ટિ, મને પણ રાત-દિવસ ચિંતા રહે છે મમ્મીની. શું કરું? સાસરે હોઉં તો મન પિયરમાં ને અહીં રહું તો સાસરીમાં. મારે પણ મારું ઘર...'

'સાચી વાત છે બેટા. જગતની દરેક સ્ત્રી, જીવનના કોઈ પણ વળાંકે તેના થકી જ છલકાતા બે કાંઠા વચ્ચે તરસી જ વહેતી હોય છે.'

ખૂબ જોરથી પવન ફૂંકાયો. લીમડાનાં ડાળ-પાન આપમેળે મસ્તીથી ડોલવાં લાગ્યાં. ક્યાંક બાળકોની કિકિયારીઓ, દૈનિકપત્રમાં છલકાતી નદીઓ, ભરચક ઘૂઘવાતા તહેવાર-ઉત્સવો, ઘેનલ આકાશ... સઘળું મસ્તીભર... એમાં તો આ એક માત્ર ધીરે ધીરે શુષ્ક થઈ ગયેલી લતા કૃત્તિકા... જેની કોઈ દિશા નથી, કોઈ ધરતી નથી, કોઈ આકાશ નથી. એની સાથે મીઠી વાત કરનાર કોઈ પવનની લહેર નથી કે કોઈ મઘમઘાટ નથી. એનો એક પોતાનો ટહુકો હતો તે ય છીનવાઈ ગયો.

ચા પીવાઈ ગયાની પ્રતીતિય ન થઈ.

મઘમઘતું ફૂલ બની પોતે મહેંકવા આવી'તી ને પર્વત શો ભાર લઈ પગથિયાં ઊતરતી હતી.

કૃત્તિકા મૌન...
તેની દીકરી મૌન...
હું મૌન...
જગત મૌન...!
સંસ્કૃતિ...?!

કવિઓ અને પ્રકાશકોને વિજ્ઞપ્તિ

પ્રતિવર્ષ પ્રગટ થતા કાવ્યસંગ્રહોની સંપૂર્ણ સૂચિ કાવ્યરસિકોને, અભ્યાસીઓને ઉપલબ્ધ થાય એ ઉદ્દેશથી એની ઉચિત નોંધ લેવાવાની સાથે વાર્ષિક સમીક્ષા અને ઉત્તમ છ સંગ્રહોનાં અવલોકનો કાવ્યસમીક્ષકો પાસે કરાવી પ્રગટ કરવાની યોજના કવિલોક ટ્રસ્ટે સન ૨૦૦૪થી અમલમાં મૂકવાનું નક્કી કર્યું છે. આ માટે સર્વ કવિઓ અને પ્રકાશકોને સન ૨૦૦૪માં પ્રગટ થયેલ કાવ્યસંગ્રહની એક નકલ કવિલોક ટ્રસ્ટ (C/o. કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧) પર મોકલી આપવાનો અનુરોધ છે. પ્રાપ્ત થયેલ કાવ્યસંગ્રહની સંક્ષિપ્ત માહિતી 'કવિલોક'માં 'સાભાર સ્વીકાર' અંતર્ગત પ્રગટ કરવામાં આવશે.

ટ્રસ્ટીઓ : કવિલોક ટ્રસ્ટ

જનીન ઇજનેરી

જનીનચિકિત્સા ભાગ : ૧

ડૉ. જે. પી. ત્રિવેદી

જનીનને કારણે ઉદ્‌ભવતી આનુવંશિક ગેરવ્યવસ્થા અથવા રોગો ઉપર કાબૂ મેળવવા વપરાતી ટેક્‌નિક જનીનચિકિત્સા કહેવાય છે. આવી સારવાર માટે ક્લોન કરેલા જનીનોનો ઉપયોગ થાય છે. ક્લોન એટલે એકસમાન જીવોની વસાહત, જે ઘણી વાર પુનર્યોજિત ડી.એન.એ. ભાગ ધરાવતા કોષના વર્ણન માટે વપરાતો શબ્દ છે. જનીનમાં એક ભૂલભરેલા બેઈઝ-ક્રમાંક દ્વારા આવી ગેરવ્યવસ્થા થતી હોય છે. કોઈ એક ચોક્કસ પૉલિપેપ્ટાઇડ (પ્રોટીનના અણુઓ)નું ઉત્પાદન કરવાની નિષ્ફળતા જણાય ત્યારે આવી ક્ષતિઓ નિવારવા જનીન કૌશલ (manipulation) ટેક્‌નિક વાપરવી શક્ય બને છે. આ કરવા માટે ગર્ભ ઉપર અથવા બીજાંડ (ova) ઉપર વિકાસના ખૂબ પ્રાથમિક તબક્કે આ પ્રકારની ગોઠવણ કરી શકાય છે. જનીન ક્લોનિંગમાં એકલ જનીનને અલગ કરવા માટે પુનર્યોજિત ડી.એન.એ. અણુઓ ઉત્પન્ન કરી તેમણે યજમાન કોષમાં દાખલ કરવાથી એવો સમજનીનિક (ક્લોન) ઉત્પન્ન થાય છે, જેમાં લક્ષ્ય (target) - ડી.એન.એ. એક ભાગ તરીકે હોય છે.

જનીનચિકિત્સા શબ્દ સૌ પ્રથમ ૧૯૭૨માં અલગ પાડેલા ડી.એન.એ.ના ટુકડાને કે વિષાણુને જનીનીય રોગ સામે ઉપચાર માટે વાપરવાના અર્થમાં નિરૂપાયેલો. ૧૯૭૦ દરમિયાન આના પ્રયોગો અસફળ નીવડેલા.

SCID (Severe Combined Immune Deficiency) તેમજ **ADA (Adenosine Deaminase Deficiency)** જે સ્કીડનું જ એક સ્વરૂપ છે તેને માટે જનીનચિકિત્સાનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. સપ્ટેમ્બર ૧૪, ૧૯૯૦ના રોજ ૪ વર્ષની અશાન્તિ ડી સિલ્વાની સારવારથી જનીનચિકિત્સાનો યુગ શરૂ થયો ગણી શકાય.

નવજાત શિશુઓના ૧૪% એક યા બીજા પ્રકારના વારસાગત શારીરિક/માનસિક રોગોનાં શિકાર બને છે, જેમાંનાં લગભગ અર્ધાં એક જ જનીન (monogenic)ની ત્રુટિ કે ખોડને કારણે થતા રોગોથી વહેલાં મૃત્યુ પામે છે. આપણા જનીનોમાં ક્રિયાશીલ જનીનો તો રંગસૂત્રના માત્ર ૨% ટકા કાર્યરત જનીનો કોષના પ્રોટીન માટે સંકેતીકરણ (coding) કરતા હોય છે. ક્ષતિયુક્ત જનીનો જીવંત કોષોમાંથી દૂર કરી નવાં તંદુરસ્ત જનીન આરોપવાનું ભૌતિક રીતે હાલ શક્ય નથી. પરંતુ આ જનીનોની ઘાતક કાર્યપ્રણાલી શરીરમાંના કેટલાક કોષોમાં સામાન્ય જનીનો ઉમેરીને દબાવી શકાય છે. હાલમાં આ પદ્ધતિ અમલમાં છે.

જનીનચિકિત્સ હજી ક્લિનિકલ (ઉપચાર માટેની) અજમાયશ તથા વિકાસના પ્રથમ તબક્કામાં છે. માનવીમાં જનીનોનો યુક્તિપૂર્વક ઉપયોગ કરવા માટે આ ચાર શક્યતાઓ છેઃ (૧) કાયિક/દૈહિક કોષ જનીનચિકિત્સા (**somatic cell gene therapy**)માં જનીનક્ષતિ સુધારવા કેટલાક કાયિક કોષો ઉમેરવા. આ હાલમાં વપરાતી સામાન્ય રીત છે. ચિકિત્સા વ્યક્તિગત તેમજ સીમિત હોય છે; પરંતુ નવાં ઊમેરેલા જનીનો વારસમાં ઊતરતા નથી. કાયિક કોષો શરીરમાંનાં સ્નાયુ, હાડકાં, ચેતાતંત્ર વગેરેમાં હોય છે. તેમનામાં ફેરફાર કરવાથી જનનકોષો ઉપર અસર થતી નથી. પરંતુ વ્યક્તિના દેખાવ વગેરે બાહ્ય લક્ષણોમાં ફેરફાર જણાય છે. (૨) જનનરેખા ચિકિત્સા (**germ-line therapy**) : વ્યક્તિના પ્રજનન કોષોને એવી રીતે સુધારવામાં આવે છે કે જેથી તે વારસામાં ઊતરે નહિ. આવું જો વ્યક્તિની ભ્રૂણ અવસ્થામાં કરવામાં આવે તો ક્ષતિ સુધારવી શક્ય બને છે. પ્રજનન કોષોની જનીનચિકિત્સા સામાન્યતઃ પ્રાણીઓ પૂરતી મર્યાદિત હોય છે જેને ટ્રાન્સજેનિક (પારજનીનિક) ટેક્‌નોલૉજી કહે છે. (૩) પ્રગતિલક્ષી જનીન ઈજનેરી (**enhancement genetic engineering**). આમાં વ્યક્તિના વિકાસના એક ચોક્કસ તબક્કે જનની દાખલ કરીને કોઈ એક ચોક્કસ લક્ષણને સુધારી શકાય છે. દા.ત. વિકાસી અંતઃસ્રાવ (**growth hormone**)ના ઉત્પાદન માટે જવાબદાર જનીનને દાખલ કરવાથી વ્યક્તિની ઊંચાઈ વધી શકે છે. (૪) સુપ્રજનનકારી જનીન ઈજનેરી (**eugenic genetic engineering**) : ચોક્કસ જનીન ઉમેરવાથી વ્યક્તિના સંકીર્ણ આનુવંશિક વિશેષકોને સુધારી અથવા બદલી શકાય, જેથી તેનું વ્યક્તિત્વ તથા બુદ્ધિમત્તા સુધરે. ભ્રૂણની ખૂબ પ્રાથમિક અવસ્થામાં આ કરી શકાય તો વારસામાં પણ તે ઊતરે છે.

કાયિક ચિકિત્સાનો એક, પ્રમાણમાં સરળ માર્ગ અસ્થિમજ્જા ચિકિત્સા છે. કારણ અસ્થિમજ્જા પ્રમાણમાં સરળતાથી કાઢીને ફેરબદલ કરી શકાતાં હોઈને તે શરીરમાં સ્વતઃ ઉત્પન્ન થવા માંડે છે. આ રીતે એન્જિનીઅર કરેલા સ્રોતકોષ અસ્થિમજ્જામાં પોતાની મેળે પુનર્જનન પામીને એન્જિનીઅર કરેલા રક્તકોષો બનાવે છે. અસ્થિમજ્જા ચિકિત્સાના લક્ષ્યમાં **SCID** ગણાવી શકાય, જે **ADA** ઉત્સેચકની ત્રૂટીને લીધે થાય છે અને ઉપર જણાવ્યું તેમ ફ્રેડ ઍન્ડરસન તથા માઇકલ બ્લીસે ચાર વર્ષની અશાન્તિ ઉપર ૧૯૯૧માં વાપરીને સફળતા મેળવેલી. અન્ય લક્ષ્યોમાં વિવિધ પ્રકારનાં કૅન્સરનો સમાવેશ થાય છે. આ માટેની ઉપચાર-રીતમાં વધુ **Tumor Nearosis Factor (TNF)** ઉત્પન્ન કરવા માટે એન્જિનીઅર કરેલા કોષો અથવા ઇન્ટરલ્યુકીન (**IL-2**) કે (**IL-4**) કૅન્સરના દર્દીના

શરીરમાં દાખલ કરાય છે. ૧૯૯૩ સુધીમાં, માનવીમાં જનીન દાખલ કરવાના લગભગ ૪૦ ક્લિનિકલ પ્રયોગો અમેરિકામાં થયેલા તથા **SCID** ઉપરાંત કૅન્સર, લિવરની નિષ્ફળતા, હિમોફિલિયા, હાઈબ્લડ કૉલેસ્ટેરોલ તેમજ એઇડ્ઝના ઉપચાર કરાયાં છે. ઉપરના (૩) તથા (૪) પ્રકારો પ્રાણીઓમાં પ્રાયોગિક તબક્કામાં છે. આ પ્રયોગોના ફળસ્વરૂપે જનીનવિજ્ઞાનીઓ આવાં જનીનીય ફેરફાર માનવીમાં કરવા માટે તેમની ટેક્નિક તથા આવડત સુધારવા સક્ષમ બનશે.

ક્રિયાશીલ જનીનોને ઉંદરના અસ્થિમજ્જામાં દાખલ કરવાની રીતો વિકસાવાઈ છે, જેમાં ઉંદરના વિકાસી અંતઃસ્રાવો નાના ઉંદરોમાં દાખલ કરવાથી તેઓ દોઢગણા વિકસ્યાં છે (supermouse).

વિષાણુનું એક અન્ય સ્વરૂપ પ્રતિવિષાણુઓ (antivirus) જનીનપ્રદાન પ્રણાલિ માટે પ્રયોગશાળામાં ખૂબ અસરકારક નીવડ્યું છે. પ્રાણીઓ ઉપર તેનો અભ્યાસ ચાલી રહ્યો છે. સ્ટીવન રોઝેનબર્ગ, માઇકલ બ્લીસ તથા ફ્રેડ ઍન્ડરસને આ પ્રયોગો શરૂ કરેલા. ખૂબ વધી ગયેલ મેલેનોમા નામના ચામડીના કૅન્સરના પાંચ દર્દીઓ જેઓના જીવવાની શક્યતા ૧૦ દિવસ માંડ હતી તેઓ ઉપર આવા પ્રયોગો કરવામાં આવ્યા. આવાં જનીનોને માર્કર (નિશાનીવાળાં) જનીન કહે છે. કૅન્સર થેરાપિ માટે (૧) રેડિયેશન દ્વારા ટ્યૂમરની ગાંઠ ઓગાળવી, (૨) કૅન્સરગ્રસ્ત સ્નાયુને સર્જરીથી દૂર કરવો, (૩) રસાયણ ચિકિત્સા વપરાય છે. ત્રણેય કે એક કે વધુ રીત વાપરવાથી કૅન્સરના અર્ધાં દર્દી સાજાં થઈ શકે છે.

માનવીની ક્લિનિકલ ઉપચાર માટેની અજમાયશ પરાજૈવિક પ્રાણીઓમાંથી મેળવેલા પ્રોટીન દ્વારા સારવાર કરવામાં આવે છે. કેટલાંક જીવાણુઓ/સસ્તમકેન્દ્રી કોષોનાં ક્લોન કરેલા જનીનોના ફાર્મિંગ (pharming : મીડિયામાં પ્રચલિત શબ્દ) દ્વારા બનાવાયેલા માનવીય પ્રોટીનો નીચે દર્શાવ્યાં છે :

પ્રોટીન	ઉપયોગ
ઈન્સ્યુલીન (ઉંદરના કોષમાંથી)	મધુપ્રમેહની સારવાર
સોમેટોસ્ટેટીન (વાનરના કોષમાંથી)	વિકાસરૂંધન ઉપર
સોમેટોટ્રોફીન (વાનરના કોષમાંથી)	વિકાસરૂંધન ઉપર
ઈન્ટરફેરોન - X (યીસ્ટરમાંથી)	લ્યૂકેમિયા ઉપર
- B	કૅન્સર, ઍઈડ્ઝ ઉપર
- R	આર્થાટીસ ઉપર
ઈન્ટરલ્યૂકીન (યીસ્ટમાંથી)	કૅન્સર, પ્રતિરક્ષા પ્રણાલિના અવરોધન સામે
ટ્યૂમર નેક્રોસીસ ફૅક્ટર	કૅન્સર
માનવીય પ્લાસમિનોજન એક્ટિવેટર (tPA)	કૅન્સર
ઈરિથ્રોપોઈટીન	એનીમિયા સામે
X - એન્ટ્રી ટ્રીપ્સીન	વાતરફીતી (Emphysemia) માટે
રિલૅક્સીન	પ્રસૂતિમાં મદદ માટે
કૅલ્સીટોક્ષીન	સુક્તાન રોગ સામે
કોરિયોનિક ગોનેડોટ્રોક (વાનરના કોષમાંથી)	વંધ્યત્વ મટાડવા
સુપરઑક્સાઈડ ડિસ્મ્યુટેઝ મદદરૂપ	કિડની પ્રત્યારોપણમાં
ડિઓક્સિ રાઈબોન્યૂક્લીએઝ	સિસ્ટિક ફાઈબ્રોસીસમાં

હાલમાં ઉબીક્વીટીન, ટ્રોપોનીન, ટૅક્ષોલ તથા લાઈપોસોમ પણ બનાવાયાં છે. આ ઉપરાંત પેનીસિલિયમ, સિફેલોસ્પોરિયમ, બેસીલસ તથા સ્ટ્રેપ્ટોમાઈસસ સૂક્ષ્મ જીવાણુઓમાંથી મોટા પાયે પેનિસીલીન, સિફેલોસ્પોરિન, ગ્રામીસીડીન, પૉલિમિક્સીન, ક્લૉરોમાઈસેટિન, સ્ટ્રેપ્ટોમાઈસીન બનાવવામાં આવે છે. કેટલાંક જીવાણુઓમાંથી ઈન્વર્ટેઝ, પ્રોચીએઝ તથા એમાઈલેઝ જેવા ઉત્સેચકો પણ મેળવાયાં છે.

જનીનચિકિત્સાનો વ્યાપ આવતા દસકામાં ખૂબ વધશે તે નિશ્ચિત છે. ❐

તા. ૩-૮-૨૦૦૪ થી તા. ૯-૯-૨૦૦૪ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. શ્રી બળવંતરાય મહેતા સ્મારક ટ્રસ્ટ (ભાવનગર)	રૂ.૭,૫૦૦.૦૦
૨. શ્રી નવીનભાઈ સી. મહાદેવિયા (અમદાવાદ)	રૂ.૫,૦૦૦.૦૦
૩. શ્રી હરિ ચૅરિટેબલ ટ્રસ્ટ (અમદાવાદ)	રૂ.૫,૦૦૦.૦૦
	રૂ.૧૭,૫૦૦.૦૦

સહુ દાતાઓના આભારી છીએ.

ટ્રસ્ટીઓ : કુમાર ટ્રસ્ટ

પ્રત્યેક ભારતીય નાગરિકે જેના વિશે જાણવું જોઈએ તે

લોકસભા : (ભારતની લોકશાહીનું કેન્દ્રબિંદુ)

રક્ષા મ. વ્યાસ

(ગતાંકથી પૂરું)



આઠમી લોકસભાનો કાર્યકાળ ૧૯૮૫થી ૧૯૮૯નો હતો. આ ચૂંટણીમાં કૉંગ્રેસને નેહરુકાળ દરમિયાન પણ પ્રાપ્ત ન થયેલી, ત્રણ-ચતુર્થાંશ બહુમતી મળી. પ્રત્યેક અર્થમાં તે નાવીન્યપૂર્ણ બની રહી. ત્યારે સ્વચ્છ ઉમેદવારની પ્રતિભા ધરાવતા રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા. સુનીલદત્ત, અમિતાભ બચ્ચન અને વૈજંયતીમાલા બાલી જેવાં સિનેતારકો-તારિકાઓના નવા ચહેરા ગૃહમાં પ્રવેશ્યા. ગૃહના મોટા ભાગનાં સભ્યો સાવ નવાં હતાં. ૭૧% સ્નાતક સભ્યો ધરાવતું આ ગૃહ અત્યાર સુધીના કાર્યકાળમાં સૌથી વધુ શિક્ષિત સભ્યો ધરાવતું હતું. વ્યવસાયની દૃષ્ટિએ કૃષિજૂથ સૌથી મોટું હતું. તેના કાર્યકાળમાંના ૧૩ બંધારણીય સુધારા દરમિયાન એક સૌથી મહત્ત્વનો સુધારો પુખ્તવય મતાધિકારની વયના ઘટાડાનો હતો, જે અનુસાર ૨૧ વર્ષને સ્થાને વયમર્યાદા ૧૮ વર્ષ કરવામાં આવી. પક્ષપલટાને કારણે સભ્યનું સભ્યપદ રદ કરતી જોગવાઈ પણ આ સમય દરમિયાન કાયદાકીય રીતે કરવામાં આવી.

મુસ્લિમ મહિલા (લગ્નવિચ્છેદના અધિકારને રક્ષતો) ખરડો, ૧૯૮૬ને કારણે આ ગૃહમાં તીવ્ર વમળો પેદા થયાં અને ૫-૬મે ૧૯૮૬માં લાંબી ચર્ચા પછી તે ખરડો મંજૂર થયો. શાહબાનુ કેસના સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદાની અસરો ફોક કરવા માટે આ ખરડો લાવવામાં આવ્યો હતો.

૧૫ માર્ચ, ૧૯૮૯ના દિવસે વિરોધ પક્ષના ત્રણ સભ્યો બાકી રહેલા પૂરા સપ્તાહ માટે નિલંબિત (સસ્પૅન્ડ) થયા. સંસદના ઈતિહાસમાં આ પ્રકારનું પગલું પહેલી વાર લેવામાં આવેલું. કન્ટ્રોલર અને ઑડિટર જનરલ ઑવ્ ઈન્ડિયાના અહેવાલને કારણે ૧૫૫ એમએમની બોફૉર્સ તોપોનો કિસ્સો પ્રકાશમાં આવ્યો. ૨૦ જુલાઈ ૧૯૮૯ના દિવસે ગૃહનાં કામકાજ આઠ વાર વિખેરવાની ફરજ પડી હતી. ૧૨૪ સભ્યોએ ગૃહમાંથી રાજીનામાં આપ્યાં. આમ, ઘણા અર્થમાં આઠમી લોકસભા બેશક ઐતિહાસિક બની રહી.

નવમી લોકસભાનો કાર્યકાળ ૧૯૮૯-૯૧નો હતો. તેમાં નાના-મોટા એવા ૨૪ જેટલા વિવિધ પક્ષોનું પ્રતિનિધિત્વ થયું હતું. આ સમયે ગૃહની એક વિરલ ઘટના એ હતી કે સૌપ્રથમવાર એવું બન્યું કે સ્પષ્ટ બહુમતી મેળવનાર એક પણ પક્ષ તેમાં ન હતો, જેને કારણે પ્રથમ વાર ત્રિશંકુ સંસદની રચના થઈ. આથી વી.પી.સિંઘના નેતૃત્વ હેઠળ જનતા દળની લઘુમતી સરકાર રચાઈ, જેમાં તેને ભાજપ અને ડાબેરી પક્ષોનો ટેકો હતો. જોકે આ પક્ષો સરકારની રચનામાં જોડાયા નહોતા. ૧૯૭ સભ્યો સાથે કૉંગ્રેસ પક્ષ એકમાત્ર સૌથી મોટા પક્ષ તરીકે માન્ય વિરોધ પક્ષનું સ્થાન પામ્યો. વિરોધ પક્ષના નેતા તરીકે સ્થાન પામનાર રાજીવ ગાંધી, પ્રથમ પૂર્વ વડાપ્રધાન હતા.

૭મી ઑગસ્ટ ૧૯૯૦ના રોજ એકાએક વી.પી.સિંઘની સરકારે મંડલ પંચના અહેવાલ (જે ૩૧ ડિસેમ્બર ૧૯૮૦માં સુપરત થયેલો)ને આધારે 'સામાજિક ન્યાય' માટેનો સરકારી નોકરીઓમાં ૨૭% અનામતનો નિર્ણય જાહેર કર્યો. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વકીલો દ્વારા તેની વિરુદ્ધ ભારે આંદોલન થયું અને કેટલાક વિદ્યાર્થીઓએ જાહેર માર્ગો પર આત્મવિલોપન કરી લોકસભાને હચમચાવી દીધી. કેટલાકના મતે આ જાહેરાત રાજકીય હેતુસરની હતી. વી.પી.સિંઘની સરકાર એક વર્ષ પૂરું કરી શકી નહિ. ૭ નવેમ્બર, ૧૯૯૦ના રોજ વિશ્વાસ પ્રસ્તાવ રજૂ થયો, જેમાં પ્રસ્તાવની તરફેણમાં ૧૫૧ અને વિરુદ્ધમાં ૩૫૬ મત રજૂ થતાં પ્રથમવાર વિશ્વાસ પ્રસ્તાવ પસાર ન થવાને કારણે સરકાર પરાજિત થઈ. સમાજવાદી નેતા ચંદ્રશેખરને નવી સરકાર રચવા આમંત્રિત કરાયા, પણ એક સપ્તાહમાં જ ૧૩ માર્ચ, ૧૯૯૧ના રોજ ગૃહનું વિસર્જન થયું.

નવમી લોકસભા દરમિયાન થયેલી સૌથી મોટી હાનિ સંસ્થાકીય હતી. આ કાળ દરમિયાન ગૃહના નિયમો, રૂઢિઓ મળ્યા. અંધાધૂધી, શોરબકોર, બુમરાણનાં દૃશ્યો તથા સૂત્રો પોકરવાં કે વારંવારની સભામોકૂફી સામાન્ય બનવા લાગી. ગૃહ છોડી જવું, ગૃહના અંતરાલમાં ધસી આવવું જેવાં વરવાં દૃશ્યો લોકસભામાં રોજિંદા દેખાવા લાગ્યાં. સ્થાયી બનતી જતી આ અવ્યવસ્થાના સંદર્ભમાં મધુ લિમયે જેવા સાંસદે નોંધ્યું કે 'અંતે શરમજનક પ્રસ્થાન (inglorious exit)'નો આરંભ થયો. 'નવમી લોકસભાનો સમગ્ર કાર્યકાળ નિરાશાજનક હતો અને ૧૩મી માર્ચનો છેલ્લો દિવસ રાષ્ટ્રિય શરમિંદગીનો દિવસ હતો.' સમગ્ર દેશ ગંભીર આર્થિક તકલીફોમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે સભ્યોનાં નિવૃત્તિવેતન, ભથ્થાં અને સગવડોમાં વધારો કરતા અને નિયમોમાં છૂટછાટ મૂકતા સુધારા-ખરડા પર સભ્યોએ મતદાન કર્યું, તેમજ નવી છૂટછાટો મેળવી. અહીં વિશેષ

શરમજનક બાબત એ હતી કે સાંસદ તરીકે એક વર્ષ પૂરું કરનાર સભ્યને પણ જીવનભરના પ્રમાણસર નિવૃત્તિવેતનને લાયક ઠેરવવામાં આવ્યો હતો! આ એકમાત્ર પગલા દ્વારા પુરવાર થયું કે તમામ પક્ષોનાં સાંસદો વ્યાપક રાષ્ટ્રિય સમસ્યાઓ કરતાં નાના નાના અંગત લાભો અંગે ઝાઝી નિસબત ધરાવતાં હતાં. બંને ગૃહોમાં અતિઝડપે આ ખરડો મંજૂર થવાને કારણે રાષ્ટ્રવ્યાપી તિરસ્કારનું મોજું સારાયે દેશમાં ફરી વળ્યું હતું. રાષ્ટ્રપતિએ સૂચિત ખરડા પર સંમતિની મહોર ન મારી અને સાંસદોને રાષ્ટ્રિય શરમમાંથી ઉગારી લીધા.

બીજું, કેન્દ્ર માટે કરોડો રૂપિયાની માંગ કરતો નાણાંખરડો, ૧૯૯૧-૯૨નો પેશગી અનુદાન પ્રસ્તાવ (Vote on account), ૧૯૯૦-૯૧ની પૂરક માંગણીઓ, રાજ્યોના તથા રાષ્ટ્ર-પ્રમુખના શાસન હેઠળના કેન્દ્રશાસિત વિસ્તારોનાં અંદાજપત્રો કોઈ પણ ચકાસણી કે ચર્ચા વગર મિનિટોમાં મંજૂર થઈ ગયાં અને એ રીતે સંસદની ભૂમિકાની હાંસી ઉડાડવામાં આવી. માત્ર બે કલાકમાં કશીય ચર્ચા વિના, ૧૮ ખરડા મંજૂર કરી દેવામાં આવ્યા અને એક ખતરનાક/ભયાનક અને નકારાત્મક કીર્તિમાન એ દિવસે રચાયો.

દસમી લોકસભા ભારતીય ઈતિહાસની સૌથી જોખમી લોકસભા નીવડી. દેશમાં ચૂંટણીઓ હિંસક બનવાની શરૂઆત થઈ. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની કરુણ હત્યા થઈ. સંસદમાં સૌથી વધુ બેઠકો ધરાવતો મોટો પક્ષ કૉંગ્રેસ હતો. પણ તે સ્થિર સરકાર રચી શકે તેટલી બહુમતી મેળવવામાં ઊણો પડ્યો હતો. કૉંગ્રેસ પક્ષને ઉત્તરપ્રદેશ અને બિહારમાંથી પીછેહઠ કરવી પડી હતી. પી.વી. નરસિંહરાવના પક્ષના પ્રમુખ અને દેશના વડાપ્રધાન ચૂંટાયા. દક્ષિણ ભારતમાંથી વરણી પામનાર તેઓ પ્રથમ વડાપ્રધાન હતા. વિભાગીય સ્થાયી સમિતિઓ નીમવાની પ્રથાનો પ્રારંભ આઠમી લોકસભા દ્વારા થયો હતો. તેને કાયમી બનાવવામાં આવી. આ સમિતિઓ વિવિધ મંત્રાલયો અને વિભાગોની સહાયરૂપ અનુદાનની વિવિધ મંત્રોલયો અને વિભાગોની સહાયરૂપ અનુદાનની માંગનો વિગતપૂર્ણ અભ્યાસ કરે તે હેતુ તેની પાછળ હતો. આ સમયગાળા દરમિયાન સંસદના બંને ગૃહોની કાર્યવાહીનું 'દૂરદર્શન' દ્વારા જીવંત પ્રસારણ કરવાનો નિર્ણય પ્રસારણ કરવામાં આવે છે, પરંતુ મહત્ત્વની ચર્ચા હોય, અંદાજપત્રની રજૂઆત કરવાની હોય કે અવિશ્વાસનો પ્રસ્તાવ હાથ ધરાયો હોય ત્યારે તે કાર્યવાહીનું સતત જીવંત પ્રસારણ કરવામાં આવે છે.

અગિયારમી લોકસભા ૧૫ મે, ૧૯૯૬ના રોજ રચાઈ અને અટલબિહારી વાજપેયી વડાપ્રધાન બન્યા. પરંતુ આ સાથે ત્રિશંકુ ધારાસભાઓનો તથા સંયુક્ત સરકારોનો કાળ શરૂ થયો. ૧૧મી અને ૧૨મી સામાન્ય ચૂંટણીઓ દરમિયાન ૩ વર્ષમાં ચાર સરકારો રચવામાં આવી. આ તબક્કે મુખ્યત્વે પરસ્પર વિરોધી નીતિઓ અને વિચારો ધરાવતા પક્ષોના સમૂહથી સરકારો રચવા લાગી. એક મત પ્રમાણે ગુનાઈત ભૂમિકા ધરાવતી વ્યક્તિઓએ લોકસભામાં નોંધપાત્ર પ્રમાણમાં પ્રવેશ મેળવ્યો.

૧૬મે ૧૯૯૮ના રોજ વાજપેયીએ વડાપ્રધાન તરીકે સોગંધ લીધા, પણ રાષ્ટ્રપ્રમુખ શંકરદયાળ શર્માએ તેમને ૩૧ મે ૧૯૯૮ સુધીમાં બહુમતી પુરવાર ન કરી શકાતાં માત્ર તેર દિવસ સત્તા પર રહેલી આ સરકારને રાજીનામું આપવું પડ્યું. સાવ અલ્પજીવી સરકાર તરીકે આ પ્રક્રિયા જાણીતી બની. ત્યાર બાદ દેવગૌડા અને તે પછી ઈન્દ્રકુમાર ગુજરાલે સરકારો રચી. ૨૮ નવેમ્બર ૧૯૯૭ના રોજ જૈન પંચના અહેવાલ અંગે કૉંગ્રેસે ટેકો પાછો ખેંચી લેતા ગુજરાલ સરકારે રાજીનામું આપ્યું. ત્રણ અઠવાડિયાંની રાજકીય કટોકટી બાદ ૪ ડિસેમ્બર ૧૯૯૭ના રોજ આ લોકસભાનું વિસર્જન કરવામાં આવ્યું.

ફેબ્રુઆરી ૧૯૯૮માં નવી ચૂંટણીઓ યોજાતાં બારમી લોકસભાની રચના થઈ. તેના કાર્યકાળ દરમિયાન પોખરણ ખાતે બીજીવાર અણુવિસ્ફોટ કરવામાં આવ્યા જે આ સરકારની મહત્ત્વની સિદ્ધિ હતી. ૧૭ એપ્રિલ ૧૯૯૯ના રોજ વાજપેયી સરકાર અંગે વિશ્વાસ પ્રસ્તાવ રજૂ થયો. આ પ્રસ્તાવ માત્ર એક મતથી ગુમાવતાં, સરકાર પરાજિત થઈ અને વડાપ્રધાનને રાજીનામું આપ્યું, લોકસભાનું ફરી વિસર્જન થયું.

૧૩ ઑક્ટોબર ૧૯૯૯ના રોજ તેરમી લોકસભાની રચના થઈ. રાષ્ટ્રિય લોકશાહી મોરચાએ બહુમતી હાંસલ કરતા અટલબિહારી વાજપેયી ત્રીજીવાર વડાપ્રધાન બન્યા. ૫ ફેબ્રુઆરી, ૨૦૦૪ના રોજ ૧૩મી લોકસભાનું વિસર્જન કરવામાં આવ્યું.

૨જી જૂન, ૨૦૦૪માં ચૌદમી લોકસભાની રચના થઈ. જેમાં 'યુપીએ'-યૂનાઈટેડ પ્રોગ્રેસિવ ઍલાયન્સ (કૉંગ્રેસ અને સાથીપક્ષો)ના નેતૃત્વ હેઠળ સરકાર રચાઈ અને મનમોહનસિંઘ વડાપ્રધાન બન્યા એથી ભારતીય લોકશાહીનો મૂળભૂત પરિવર્તન અને પરિપક્વતા જોવા મળ્યાં. ચૌદમી સામાન્ય ચૂંટણીમાં સમગ્ર ડાબેરી પક્ષોએ ૬૧ બેઠકો પર વિજય મેળવીને અત્યાર સુધીની તમામ સામાન્ય ચૂંટણીઓમાં પક્ષ તરીકે વધુમાં વધુ બેઠકો મેળવાવનો કીર્તિમાન સ્થાપિત કર્યો.

૧૯૯૭ની ૧૫મી ઑગસ્ટે સંસદના કેન્દ્રિય ખંડમાં સ્વાતંત્ર્યની સુવર્ણજયંતીના ઉજવણી સમારોહનો રાષ્ટ્રપ્રમુખ કે.આર. નારાયણની હાજરીમાં આરંભ થયો હતો. લગભગ અર્ધા સૈકાનું આયુષ્ય ધરાવતી લોકસભા પાંચ દાયકાઓ દરમિયાન વિવિધ ચડાવ-ઉતારમાંથી પસાર થઈ છે.

પ્રારંભિક વર્ષોમાં શિક્ષિત, લોકશાહીવાદી ઉદારતાલક્ષી મૂલ્યો અને અસાધારણ સાંસદીય કુનેહ ધરાવતા તથા સંસદને ગરિમા પ્રધાન કરતા સામાજિક કાર્યકરો અને સ્વચ્છ જાહેર હિતની ચિંતા સેવનારા રાજનીતિજ્ઞોએ લોકશાહી પરંપરાનું સંવર્ધન કર્યું, પરંતુ એકવીસમી સદીના પ્રારંભે વીતેલા યુગની દાસ્તાન રૂપે તેઓ સ્મૃતિશેષ બન્યા છે. વર્ષો વીતતાં લોકશાહી મૂલ્યો શિથિલ બન્યા છે. લોકસભા કાયદા ઘડનાર અંગે હોવા સાથે અનેકવિધ કામગીરી સંભાળે છે. કાયદા ઘડવાનો સમય કુલ કાર્યવાહીના માત્ર વીસ ટકા સમય રોકે છે.

તંદુરસ્ત પક્ષપ્રથાનો વિકાસ રૂંધાયો છે, પક્ષપલટા જેવી નિરર્થક રસમને ઉત્તેજન સાંપડ્યું છે. પક્ષપલટા વિરોધી કાયદો ઘડવા છતાં એ દૂષણને નાથી શકાયું નથી. સિદ્ધાંતવિહોણા પક્ષપલટા સામાન્ય રસમ બની ચૂક્યાં છે.

ગૃહની ચર્ચાનું હાર્દ, સ્તર અને કક્ષામાં ભારે ઘટાડો થયેલો નોંધાયો છે. લોકસભાની પ્રારંભિક બેઠકોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોની વિગતપૂર્ણ અને અભ્યાસપ્રચૂર ચર્ચા થતી, તેનું સ્થાન પ્રાદેશિક અને સ્થાનિક સમસ્યાઓની ચર્ચા લેવા લાગી છે, એટલું જ નહિ, પરંતુ આ ચર્ચા સ્વહિતકેન્દ્રી બનવા લાગી છે. સભ્યોનો સમસ્યાઓ પ્રત્યેનો અભિગમ જ સાવ બદલાઈ ગયો છે. રાષ્ટ્રીય સમસ્યાઓનો રાષ્ટ્રિય હિતની દૃષ્ટિએ વિચાર કરવાની ટેવ વિસ્મૃતિની વાત બની છે.

ચર્ચાનું નીચું ઊતરતું જતું સ્તર, સભ્યોની પાંખી હાજરી, ગેરશિસ્ત, અંધાધૂંધી અને શોરબકોરનાં વરવાં દૃશ્યો સામાન્ય બન્યાં છે. સંસદીય સંસ્કૃતિની ભૂમિકાનું ધોવાણ થઈને ખરડાની નકલોની ખેંચાખેંચ અને તે ફાડી નાખવા જેવાં અશોભનીય કૃત્યો સામાન્ય બનવા લાગ્યા છે. બારમી લોકસભામાં આવા કારણોસર કુલ કામકાજના નવ ટકા સમયનો તેમજ ૧૨મી લોકસભામાં પચીસ ટકા સમયનો વ્યય થયો છે.

રાજકારણનું અપરાધીકરણ અને અપરાધોનું રાજકીયીકરણ દિન-પ્રતિદીનિ વ્યાપક બનવા લાગ્યું છે. રાજકીય પક્ષો ગુનાઈત રેકૉર્ડ ધરાવતા ઉમેદવારોને સાંસદો માટેની ચૂંટણી ટિકિટ આપે છે. વધતો રાજકીય ભ્રષ્ટાચાર ચિંતા પ્રેરે છે. ધારાસભ્યોની ખરીદી અને વેચાણ તથા સત્તાની ખેંચતાણ ભાવિ પેઢીઓ માટે ચિંતાજનક છે.

ભારતીય સંસદની સુવર્ણજયંતી નિમિત્તે દેશના પાટનગર નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સંસદીય સંમેલન ૨૫ જાન્યુઆરી ૨૦૦૩ના રોજ યોજાઈ ગયું. ૮૫ જેટલા દેશોના ૧૭૦ લોકપ્રતિનિધિઓ તેમાં ઉપસ્થિત રહ્યા અને ભારતની સંસદીય લોકશાહી પર પ્રશંસાની પુષ્ટવૃષ્ટિ કરી, જે પ્રત્યેક નાગરિક માટે ગૌરવની બીના છે. આમ છતાં ગત અડધા સૈકા દરમિયાન ગરીબી, નિરક્ષરતા, અનારોગ્ય અને અન્ય સમસ્યાઓને હલ કરવાનો પુરુષાર્થ અપૂરતો, અધૂરો રહ્યો છે. આ વર્ષો દરમિયાન દેશે સંસદીય સંસ્થાઓ નિભાવી છે, પણ તેનાં પ્રાણ અને જીવંતના ક્રમશઃ ક્ષય પામતાં જાય છે અને એ રીતે દેશ એક દુર્ગમ વળાંક પર આવી ઊભો હોય એવું જણાય છે.

લોકસભા : એક તવારીખ

૧૯૪૭ : લોકોના ગૃહની પ્રથમ બેઠક, જેમાં રાષ્ટ્રગીત તરીકે **वन्दे मातरम्**નું ગાન પંડિત ઓમ્‌કારનાથ ઠાકુર અને હીરાબાઈ બડોડેકર દ્વારા કરવામાં આવ્યું હતું.

૧૯૪૭થી '૫૦ : આ ગૃહે બંધારણસભા અને લોકોના ગૃહ તરીકેની બેવડી ભૂમિકા નિભાવી.

૧૯૫૦ : આ વર્ષથી આ ગૃહેને 'લોકસભા' નામ પ્રાપ્ત થયું. બંધારણસભાએ તત્કાલીન લોકસભારૂપે કામ કર્યું.

૧૯૫૦ : પ્રથમ બંધારણીય સુધારો કરવામાં આવ્યો અને તે દ્વારા કોઈ પણ વ્યવસાય કરવાના, ૧૯ની કલમના અધિકાર પર કેટલીક મર્યાદાઓ મૂકવામાં આવી.

૧૯૫૨ (એપ્રિલ) : સૌ પ્રથમ ચૂંટાયેલી લોકસભાની રચના.

૧૯૫૨ (૧૩ મે) : લોકસભાની પ્રથમ બેઠક યોજાઈ. ગૃહના સભ્ય તરીકે સૌપ્રથમ સોગંદ લેનાર વ્યક્તિ જવાહરલાલ નેહરુ હતા.

૧૯૫૨ (૧૫ મે) : પ્રથમ અધ્યક્ષ તરીકે ગણેશ વાસુદેવ માવળંકર ચૂંટાયા. પ્રથમ પેટાચૂંટણી દ્વારા ચૂંટાયેલા સભ્ય પુરુષોત્તમદાસ ટંડન હતા.

૧૯૫૭ : ૧લી માર્ચ, ૧૯૫૭ના રોજ બીજી સામાન્ય ચૂંટણી પૂરી થઈઈ નવી લોકસભા ચૂંટાવા છતાં જૂની લોકસભાના સભ્યો ચાલુ હતા; કારણ આ પહેલી લોકસભાની મુદત ૧૩મે ૧૯૫૭ સુધીની હતી તેમજ તે સમયે લોકસભાનું વિસર્જન કરવાની પદ્ધતિ અમલમાં મૂકાયેલી નહોતી. આથી આવી પ્રથમ લોકસભા માટે 'લૂલી-લંગડી સંસદ' (લેમ-ડક પાર્લમેન્ટ) શબ્દપ્રયોગ થતો. અંતે ૪ એપ્રિલ, ૧૯૫૭ના રોજ આ પ્રથમ લોકસભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

૧૯૫૨-૫૭ : પ્રથમ લોકસભા દરમિયાન અધ્યક્ષ સામે અવિશ્વાસની દરખાસ્ત આચાર્ય કૃપાલીનીએ રજૂ કરી હતી જે વિશાળ બહુમતીથી નામંજૂર કરવામાં આવી હતી. ૨૦૦૩ના વર્ષ સુધીમાં કુલ ૨૬ અવિશ્વાસની દરખાસ્તો ગૃહ સમક્ષ આવી હતી. પાંચ દાયકાના આ દીર્ઘકાળ દરમિયાન કૉંગ્રેસ પક્ષની સરકારો વિરુદ્ધ ૨૩ અવિશ્વાસની દરખાસ્તો રજૂ થઈ હતી, જેમાં વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના શાસન વિરુદ્ધ ૧૫ દરખાસ્તો રજૂ થઈ હતી.

૧૯૬૨ : પ્રથમ વાર ન ભૂંસી શકાય તેવી શાહી ધરાવતાં મતપત્રોના ઉપયોગ ત્રીજી ચૂંટણીમાં થયો.

૧૯૬૨ (૧૨ માર્ચ) : બંને ગૃહોની પ્રથમ સંયુક્ત બેઠક બોલાવવામાં આવી, જે દહેજ-પ્રતિબંધક ધારાની ચર્ચા અંગે મળી હતી.

૧૯૫૬ થી'૬૨ : આ ગાળા દરમિયાન સંસદની અવહેલના કરવા માટે 'બ્લિટ્ઝ' અંગ્રેજી સાપ્તાહિકના તંત્રી આર. કે. કરંજિયાને સંસદગૃહમાં હાજર કરીને ઠપકો આપવામાં આવ્યો.

૧૯૬૭થી ૭૦ : ચોથી લોકસભાથી રાજકીય પક્ષોનું વિભાજન અને પક્ષપલટાનું રાજકારણ આરંભાયું તથા એક પક્ષ તરીકે કૉંગ્રેસના પ્રભુત્વનો અંત આવ્યો.

૧૯૬૯ : લોકસભામાં પ્રથમ વાર વિરોધ પક્ષના નેતાનું ખાલી સ્થાન ભરવામાં આવ્યું. આ સ્થાને ડૉ. રામસુભગસિંઘનું નામ મંજૂર થયું.

૧૯૭૧થી '૭૭ : આ કાર્યકાળ દરમિયાન પાંચમી લોકસભાએ ૧૯ બંધારણીય સુધારા કર્યા.

૧૯૭૭ : પ્રથમ વાર બિનકૉંગ્રેસી પક્ષો બહુમતીમાં આવ્યા તથા જનતાપક્ષની સરકારની રચના થઈ.

૧૯૮૯ (૧૫ માર્ચ) : વિરોધપક્ષના ત્રણ સભ્યોને પૂરા સપ્તાહ માટે નિલંબિત કરવામાં આવ્યા. લોકસભાના ઈતિહાસમાં આ પ્રકારનું આ પ્રથમ પગલું હતું.

૧૯૮૯ (બીજી ડિસેમ્બર) : પ્રથમ ત્રિશંકુ સંસદની રચના થઈ. કોઈ પણ પક્ષ પાસે સ્પષ્ટ બહુમતી ન હોવાની વિરલ ઘટના ઘટી.

૧૯૯૦ (૭ નવેમ્બર) : વિશ્વાસ પ્રસ્તાવ રજૂ થયો અને તે પ્રસ્તાવ પસાર ન થઈ શકતાં સરકાર પરાજિત થઈ.

૧૯૮૯થી ૧૯૯૧ : નવમી લોકસભાના છેલ્લા દિવસે માત્ર બે કલાકમાં કશીય ચર્ચા વિના ૧૮ ખરડા મંજૂર થતાં નકારાત્મક કીર્તિમાન રચાયો.

૧૯૯૧ (૨૦ જૂન) : દસમી લોકસભા દરમિયાન 'ઝારખંડ મુક્તિ મોરચા'ના સભ્યોને સરકારની તરફેણમાં મત આપવા માટે તત્કાલીન પ્રધાનમંત્રી નરસિંહરાવે કરોડો રૂપિયાની લાંચ આપી હતી તે ઘટના લોકસભા-ગૃહની અંદર બની હોવાને કારણે સર્વોચ્ચ અદાલતે ભ્રષ્ટાચારવિરોધી કાયદા હેઠળ તેને ગુનાઈત વર્તન ગણ્યું નહોતું.

૧૯૯૩ (૧૧ મે) : સૌપ્રથમ મહાઅભિયોગની દરખાસ્ત રજૂ થઈ. જે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ વી.રામાસ્વામી અંગે હતી.

૧૯૯૮ (૧૬ મે) : અગિયારમી લોકસભામાં અત્યંત અલ્પજીવી સરકાર રચાઈ. અટલબિહારી વાજપાયેની સરકાર માત્ર તેર દિવસ સત્તા પર રહી અને બહુમતી પુરવાર ન કરી શકતાં રાજીનામું આપ્યું.

લોકસભામાં સૌથી વધુ વાર ચૂંટાનાર સભ્ય ઈન્દ્રજિત ગુપ્તા હતા, જેઓ ૧૦ વખત ગૃહમાં ચૂંટાયા અને ત્રીજા સ્થાને અટલબિહારી વાજપેયી અને સોમનાથ ચૅટરજી - બંને આઠ વખત ચૂંટાયા.

બંનેમાંથી કોઈ પણ ગૃહના સભ્ય ન હોય છતાં જેમના અવસાન-નિમિત્તે ગૃહનું કામકાજ મોકૂફ રાખવામાં આવ્યું હોય તેવી વ્યક્તિઓમાં પ્રથમ સ્થાને જનસંઘના પ્રમુખ દીનદયાળ ઉપાધ્યાય, દ્વિતીય સ્થાને જયપ્રકાશ નારાયણ અને તૃતીય સ્થાને સંત હરચંદસિંઘ લોંગોવાલ હતા.

લોકસભાની બેઠકોમાં પોતાના કાર્યકાળ દરમિયાન સૌથી વધુ વાર હાજર રહેનાર સભ્ય દુર્ગાબાઈ દેશમુખ હતાં.

લોકસભાનાં મોટાભાગનાં સભ્યો પોતાના વ્યવસાય તરીકે પ્રથમ સ્થાને કૃષિ તથા દ્વિતીય સ્થાને સમાજસેવા દર્શાવે છે. આમ, કૃષિ પાર્શ્વભૂમિકા ધરાવતા સભ્યો હંમેશા વધુ સંખ્યામાં હોય છે. ૧૩મી લોકસભામાં ૫૪૩ સભ્યો પૈકી ૨૩૦ સભ્યો કૃષિકારો હતા અને ૬૬ સભ્યો કાનૂની ભૂમિકા ધરાવતા હતા. લોકસભાની તમામ બેઠકોમાંથી મધ્યપ્રદેશના છીંદવાડા અને કર્ણાટકના બેલ્લારી મતવિસ્તારો એવા છે જ્યાંથી તમામ ચૂંટણીઓમાં માત્ર કૉંગ્રેસ પક્ષના ઉમેદવારો જ ચૂંટાયા છે.

૧૯૯૯ : તેરમી લોકસભાનાં ૫૪૩માંથી ૨૫૬ સાંસદો સ્નાતક હોવાથી ગૃહના ૪૮ ટકા સભ્યો શિક્ષિત હતા. તદુપરાંત ૨૭ સાંસદો ડૉક્ટરેટની પદવી અને ઉચ્ચ અભ્યાસની ભૂમિકા ધરાવે છે. પ્રથમ લોકસભામાં કુલ ૧૧૨ (૨૩.૨ ટકા) સાંસદો એસ.એસ.સી.થી ઓછું શિક્ષણ ધરાવતાં હતાં. જ્યારે ૧૩મી લોકસભામાં માત્ર ૧૫ ટકા (૨.૮ ટકા) સાંસદો એસ.એસ.સીથી ઓછું શિક્ષણ ધરાવતાં હતાં. ૧૩મી લોકસભામાં એસ.એસ.સી., ઉચ્ચતર માધ્યમિક અને ઈન્ટરમિડીએટ પ્રમાણપત્ર ધરાવતા સાંસદો કુલ ૯૦ હતાં. ૨૦૦૪ (પાંચ ફેબ્રુઆરી) : ૧૩મી લોકસભાનું વિસર્જન કરવામાં આવ્યું ત્યારે તેની પાસે ૪૩ ખરડા વિચારાધીન હતા, જેમાં લોકપાલની રચના અંગેનો ખરડો અને કમ્યૂનિકેશન્સ કન્વરજન્સ ખરડો છેક ૨૦૦૧થી વિચારાધીન પડેલા છે.

૨૦૦૪ (૧૩ મે) : ૧૪મી સામાન્ય ચૂંટણીમાં સમગ્ર ડાબેરી પક્ષોએ ૬૧ બેઠકો પર વિજય મેળવીને સ્વાતંત્ર્ય બાદની પ્રથમ ચૂંટણીથી અત્યાર સુધીમાં વધુમાં વધુ બેઠકો પર વિજયી નીવડતા અંગેનો કીર્તિમાન રચ્યો છે.

૨૦૦૪ : આ વર્ષ સુધીમાં પૂર્વ સાંસદોના ટેલિફોન

વિભાગના કરોડો રૂપિયાના બિલ બાકી છે. ઓછામાં ઓછા ૬૫૦ સાંસદો એવા છે જેના પર મહાનગર ટેલિફોન નિગમ લિ. અને ભારત સંચાર નિગમ લિ.ના કરોડો રૂપિયા બાકી છે. તેમને અનેક વાર પત્રો પાઠવ્યા છતાં તેની કોઈ અરસ થઈ નથી. અદાલત પણ આવા સભ્યોની ટીકા કરી ચૂકી છે. વિસર્જિત ૧૩મી લોકસભાનાં ૫૦ સભ્યો એવાં હતાં જેમાંના પ્રત્યેક પાસે આ નિગમોની ૧૮ લાખથી ૪૦ લાખ રૂપિયાની રકમ બાકી છે.

૨૦૦૪: કુલ ૧૪ સામાન્ય ચૂંટણીઓમાં ૧૩મી લોકસભામાં મહત્તમ મહિલાઓ ચૂંટાઈ સભ્યો હતાં. ટકાવારીની દૃષ્ટિએ આ પ્રમાણ ૯.૦૨ ટકા હતું. નવ મહિલા સભ્યો સાથે ઉત્તર પ્રદેશ રાજ્ય મહિલા સભ્યોની બાબતમાં ટોચના સ્થાને હતું. ૧૪મી ચૂંટણીમાં ૩૫૦ મહિલાઓ મેદાનમાં હતી, જેમાંથી ૪૨ મહિલાઓ ચૂંટાઈ આવી છે.

બિનહરીફ સાંસદો ચૂંટાવાનો ક્રમ લોકસભામાં પ્રથમ ચૂંટણીથી શરૂ કરીને ૧૯૮૯ની ચૂંટણી સુધી ચાલુ રહ્યો હતો. ૧૯૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ૧૦ સભ્યો, ૧૯૫૭ની બીજી સામાન્ય ચૂંટણીમાં ૧૨ સભ્યો, ૧૯૬૨ની ત્રીજી સામાન્ય ચૂંટણીમાં પાંચ સભ્યો બિનહરીફ ચૂંટાયા હતા. ૧૯૮૯માં નૅશનલ કૉન્ફરન્સના મહમ્મદ શફી બટ્ટ જમ્મુ-કાશ્મીર રાજ્યની શ્રીનગર બેઠક પરથી બિનહરીફ ચૂંટાયા હતા, જે બિનહરીફ ચૂંટાનાર છેલ્લા સભ્ય હતા. તે પછી ૧૯૮૯થી ૨૦૦૪ સુધીમાં લોકસભામાં કોઈ પણ સભ્ય બિનહરીફ ચૂંટાયા નથી.

લોકસભાના ત્રણ સ્તંભ છે : ૧. અધ્યક્ષ, ૨. વડાપ્રધાન અને ૩. વિરોધપક્ષના નેતા

અધ્યક્ષ : અધ્યક્ષનું સ્થાન લોકસભાની સમગ્ર કાર્યવાહીનું કેન્દ્રબિંદુ છે, આ ગૃહનો તે પ્રમુખ હોદ્દો છે. તેઓ ગૃહના સર્વોચ્ચ પ્રવક્તા છે અને લોકશાહીની પ્રચંડ નૈતિક સત્તાના રખેવાળ છે. કાયદેસરની સત્તાઓ ઉપરાંત તેમની પરંપરાગત સત્તાઓ અમાપ હોય છે. ગૃહની ગરિમા જાળવવી તે તેમનું પ્રમુખ કર્તવ્ય છે.

ઈ.સ. ૧૩૭૬માં ઈંગ્લૅન્ડની આમ સભાના સ્પીકર ટૉમસ દ્ હંગરફૉર્ડને સંસદીય લોકશાહીના ઈતિહાસના પ્રથમ અધ્યક્ષ માનવામાં આવે છે. તેમની પછી તરત ઉપાધ્યક્ષ અને બંને ગેરહાજર હોય તેવા સંજોગોમાં કાર્યકારી અધ્યક્ષને ગૃહની કાર્યવાહીના સંચાલનની કામગીરી સોંપવામાં આવે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બિનહરીફ પસંદ થાય છે. આપણા દેશના બંધારણમાં અધ્યક્ષની 'ચૂંટણી'ને સ્થાને 'પસંદગી' શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. આ અંગે પ્રણાલિકા એવી છે કે અધ્યક્ષ બહુમતી પક્ષમાંથી આવે અને ઉપાધ્યક્ષ વિરોધપક્ષમાંથી આવે. ગૃહના સૌથી વરિષ્ઠ સભ્યને કાર્યકારી અધ્યક્ષ નીમવામાં આવે છે. જો આવા વરિષ્ઠ સભ્ય એક કરતાં વધુ હોય તો સમાન વરિષ્ઠ સભ્યોમાં સૌથી વધુ વય ધરાવતા સભ્ય કાર્યકારી અધ્યક્ષ બને છે.

અધ્યક્ષ તરીકે પસંદ થનાર સભ્ય બિનપક્ષીય વલણ ધરાવે તે અનિવાર્ય હોય છે. ભારતીય સંસદીય પ્રણાલિના પિતામહ અને બ્રિટીશ સેન્ટ્રલ લૅજિસ્લેટિવ ઍસેમ્બલીના અધ્યક્ષ સ્વ. વિઠ્ઠલભાઈ પટેલે અધ્યક્ષનો હોદ્દો મેળવ્યા બાદ સ્પષ્ટ રીતે સ્વરાજ્યવાદી પક્ષમાંથી રાજીનામું આપી, પક્ષ સાથેના સબંધો રદ કરી ઉમદા દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું. સ્વતંત્ર ભારતના પ્રથમ અધ્યક્ષ સ્વ. ગણેશ વા. માવળંકર પણ તેમના બિનપક્ષીય વલણ માટે જાણીતા હતા.

ભૌતિક રીતે સભાગૃહની પરિઘરેખા પર જ્યાં તેમનું સ્થાન નિયત કરવામાં આવેલું છે તે જગ્યા ગૃહનું કેન્દ્રબિંદુ હોય છે. અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને કાર્યકારી અધ્યક્ષ તરીકે પીઢ અને ધીરગંભીર વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિને પસંદ કરવામાં આવે છે. ગંભીર માંદગી કે અન્ય આકસ્મિક સંજોગો સિવાય નવી લોકસભાની રચના થાય ત્યાં સુધી અધ્યક્ષ હોદ્દો પર રહે છે.

તેમનું મુખ્ય કાર્ય ગૃહની રોજબરોજની કાર્યવાહીનું સંચાલન કરવાનું હોય છે. ગૃહની કાર્યવાહીના તે સર્વેસવા છે, સર્વોચ્ચ અદાલત પણ આ કાર્યવાહીમાં દખલ કરવાનું મુનાસિબ માનતી નથી. ગૃહમાં અધ્યક્ષના નિર્ણયને અંતિમ અને આખરી માની સ્વીકારવાનું વલણ સર્વસ્વીકૃત છે.

ખરડા અંગે, તેના સમયપત્રક અને ચર્ચાવિચારણા અંગે તેમજ ખરડો નાણાંકીય છે કે કેમ તે અંગે અધ્યક્ષના નિર્ણયો આખરી હોય છે. ખરડાની ચર્ચા સમાપ્તિ અંગે તેમનો નિર્ણય લોકસભાને શિરોમાન્ય રહે છે. ગૃહની કામગીરીનું સ્વસ્થ અને સ્વચ્છ સંચાલન તેમની જવાબદારી છે. ગૃહના વિશેષાધિકારોના તેઓ સંવેદનશીલ રક્ષક છે. ગૃહમાં ધાંધલ ધમાલ કરનાર સાંસદ કે પ્રથકની વિરુદ્ધ જરૂરી પગલાં ભરી તેઓ તેમને રોકી-ટોકી શકે યા અન્ય સજા કરી શકે છે. અસાધારણ સંજોગોમાં તેઓ ચાહે તો સભ્યને નિલંબિત કરી શકે છે. ગૃહનું વહીવટી એકમ અને રક્ષકદળ તેમના વડપણ હેઠળ કામ કરે છે. ખરડાના વિવિધ વાચન અને તેની મતદાન પદ્ધતિ તેઓ નિશ્ચિત કરે છે. ગૃહે મંજૂર કરેલો ખરડો અધ્યક્ષના પ્રમાણપત્ર સાથે દેશના રાષ્ટ્રપ્રમુખ સમક્ષ અંતિમ સંમતિ માટે મૂકવામાં આવે છે. કોઈ પણ ખરડા અંગે વિરોધ અને તરફેણમાં સરખા મત પડે ત્યારે નિર્ણાયક મત આપવાનો અધિકાર માત્ર અધ્યક્ષને જ હોય છે.

લોકસભાની સમગ્ર કાર્યવાહીનું સુપેરે સંચાલન કરવાની અને સંસદીય કાર્ય પ્રણાલિમાં તેનાં મૂલ્યોની જાળવણી કરવાની ઘણી ભારે જવાબદારી અધ્યક્ષના શિરે હોય છે.

વિરોધપક્ષના નેતા: ભારતે વિશેષતઃ સંસદીય

લોકશાહીનો સ્વીકાર કર્યાં છે. સસદીય લોકશાહીની ખૂબી વિરોધપક્ષની અનિવાર્યતામાં રહેલી છે. લોકસભાની સામાન્ય ચૂંટણીમાં બહુમતી મેળવનાર પક્ષ પછી બીજા ક્રમે વધુ બેઠકો ધરાવતો પક્ષ અધિકૃત વિરોધપક્ષનું સ્થાન ધરાવે છે. ભારતમાં નિયમાનુસાર કોઈ એક પક્ષ લોકસભાની કુલ બેઠકોના એક દશાંશ કરતાં વધુ બેઠકો ધરાવે ત્યારે તે અધિકૃત વિરોધપક્ષ ઘોષિત થાય છે. સંસદીય લોકશાહીમાં વિરોધપક્ષને સૈદ્ધાંતિક અને રાજકીય માન્યતા મળી હોય છે; આથી સંસદના નીચલા ગૃહમાં અધ્યક્ષની ડાબી તરફે વિરોધપક્ષના સભ્યોની બેઠકવ્યવસ્થા ગોઠવવામાં આવે છે. કબીરજીએ ગાયું છે કે 'નિન્દક નિયરે રાખીએ, આંગન કુટી છવાય.' શા માટે ભલા, નિન્દક કે વિરોધીને આપણા આંગણામાં જ નિવાસની વ્યવસ્થા કરવાની વાત આ સંતે કરી હશે? લોકશાહીની દૃષ્ટિએ આ પંક્તિને તપાસીએ તો એ માટે બે કારણો છે. એક, તે અત્યંત ત્વરાથી નાનામાં નાની ભૂલ બતાવે અને બીજું, ભૂલ હોય તેથી ઘણી વધારે મોટી કરીને બતાવે. કબીરજી જેવા સંતના મતે સ્વના દોષો દૂર કરવાનો કામિયાબ કીમિયો આ વ્યવહારમાં સમાયેલો છે. બરાબર આ જ તર્ક લોકશાહીમાં વિરોધપક્ષની હાજરીને લાગુ પડે છે. તેથી જ અધ્યક્ષની ડાબી પડખે, સત્તાધારી પક્ષની સાવ જ સામે વિરોધપક્ષની બેઠકવ્યવસ્થા ગોઠવાયેલી હોય છે; જેથી સરકારના દોષો દર્શાવવાનું કામ વિનાવિલંબે પાર પાડી શકાય.

વિરોધપક્ષ આ કાર્યમાં રચનાત્મક વિરોધની ભૂમિકા અપનાવે તેવી અપેક્ષા તેની પાસેથી રાખવામાં આવે છે. આ કારણથી વિરોધપક્ષના સભ્યો નેતાને ચૂંટે છે અને વિરોધપક્ષનો નેતા લોકસભાનો ત્રીજો સ્તંભ છે. ગૃહની અર્થપૂર્ણ કામગીરીમાં વડાપ્રધાન પછી તે મહત્ત્વની વ્યક્તિ છે. સામાન્યતય તેમને કૅબિનેટ કક્ષાના પ્રધાનની સમકક્ષનું સ્થાન અપાતું હોય છે. વધુમાં, આ કારણસર તેમને સરકારી તિજોરીમાંથી વેતન ચુકવાય છે. બ્રિટન જેવા પરંપરાયુક્ત લોકશાહી દેશમાં તેને સન્માનભેર 'નામદાર તાજના વિરોધપક્ષ' તરીકે ઓળખાવવામાં આવે છે.

સંસદીય લોકશાહી ઉમદા ખેલદિલીની રાજરમત છે, સરકારના દોષો દર્શાવવા માટે શાસક પક્ષની સામેની પાટલીઓ પર વિરોધપક્ષના સભ્યો સતત હાજર હોય તે આવશ્યક છે. વિરોધ કરવા ખાતર વિરોધ નહીં પરંતુ જવાબદારીભર્યો વિરોધ કરવાની તેમની ફરજ છે. તેઓ સતત સરકારનાં કાર્યો પર ચાંપતી નજર રાખી તેમા જો કોઈ અન્યાય, બગાડ કે ગેરરીતિ જણાય તો તે અંગે તરત જ સરકારનું ધ્યાન દોરે છે તેમજ તેવાં કાર્યોનો જવાબ માંગે છે. આવા પ્રયાસ દ્વારા તે સરકારને શાસન ચલાવવાની અને કાયદો-વ્યવસ્થા જાળવવાની કામગીરી ઉચિત રીતે કરવાની ફરજ પાડે છે. જવાબદારીભર્યા વિરોધની કામગીરી દ્વારા સરકારનું સંચાલન કાર્યક્ષમતાપૂર્વક ચાલે તે માટે દબાણ ઊભું કરે છે.

આમ, સબળ વિરોધપક્ષ લોકશાહીની અનિવાર્ય આવશ્યકતા લેખાય છે; કારણ તેઓ વિરોધ દ્વારા સરકારને અંકુશમાં રાખવાની કામગીરી બજાવે છે. સરકારને તેની કામગીરી અંગે પ્રશ્નો પૂછીને ભૂલો તથા બેદરકારી અંગે જવાબ માગીને તે પ્રજા અને લોકશાહી-બંનેની ઉમદા સેવા બજાવે છે. સરકાર પરના અંકુશને વધુ અસરકારક બનાવવા જરૂરી જણાય ત્યારે તે નાણાંકીય કાપની, ઠપકાની કે અવિશ્વાસની દરખાસ્ત જેવા ઉપાયો હાથ ધરી સરકારની કામગીરી અંગે આવશ્યક ખુલાસા પણ માગે છે. આવી દરખાસ્તમાં સરકાર કસૂરવાર પુરવાર થાય તો સરકારને પદભ્રષ્ટ થવાની ઘડી આવે છે. આથી વિરોધપક્ષની આવી દરખાસ્તો પ્રત્યે સરકાર ગંભીર અને જવાબદાર વલણ અખત્યાર કરે છે.

વિરોધપક્ષની વિરોધ કરવાની આ પ્રક્રિયાથી અન્ય મહત્ત્વની કામગીરી આકાર લે છે અને તે લોકોનું ધ્યાન આકર્ષિત કરવાનુ. આથી જાહેર મતનું ઘડતર કરવામાં વિરોધપક્ષ અસરકારક ભૂમિકા રચે છે. આવી ભૂમિકા દ્વારા ત્યાર પછીની આવનારી નવી ચૂંટણીઓમાં તે ટેકેદાર વર્ગને વિસ્તારે છે. લોકશાહીને વધુ સક્રિય અને જીવંત બનાવવામાં ફાળો આપે છે. આ રીતે વિરોધ દ્વારા લોકશાહીની સેવા કરવાની તક તેને સાંપડે છે. વિરોધપક્ષનું સન્માનપૂર્વકનું સ્થાન લોકશાહીની રાજકીય પદ્ધતિની અનન્યતા છે.

વિનોદિકા

હાથરૂમાલની હાથચાલાકી

મહેશ ધોળકિયા

તમે હાથરૂમાલ તો વાપરતા હશો. વાપરતા હશો એટલે કે રાખતા હશો. રાખતા હશો - નો ખરો મતલબ છે રાખવાના પ્રયત્નો (ભગીરથ પ્રયત્નો) કરતા હશો.

શાણા ગુજરાતીઓ તેને 'હાથરૂમાલ' અમથો તો નહિ કહેતા હોય?!

રૂમાલ મૂળ અરબી-ફારસી ભાષાનો શબ્દ છે. (સંસ્કૃતમાં રૂમાલ માટેનો શબ્દ ન હતો, કારણ કે એ સંસ્કૃતિમાં જ રૂમાલ ન હતો. લોકો સાડી-ધોતીથી કામ ચલાવતાં - અને સુખી હતાં!) અરબી-ફારસીમાં 'રૂ' (મોઢું) અને 'માલ' (સાફ કરવું) એ બે મળીને આ શબ્દ બન્યો છે, જેનો મૂળ અર્થ મોઢું લૂછનાર એવો થાય. પરંતુ આજનો રૂમાલ, સંપત્તિની જેમ, વાપરવા કરતાં સાચવવાની ચીજ વધુ થઈ બેઠો છે. અને સંપત્તિની જેમ જ, રૂમાલ કોઈનો સાચવ્યો સચવાતો નથી; રાખ્યો રહેતો નથી. રૂમાલ સ્વભાવે જ ચંચળ છે. એની ચંચળતાના ચાબખા ખાધા પછી, હવે તો મને એવું લાગે છે કે, આપણું આ પ્રખ્યાત લોકગીત -

'જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે'

એ રૂહ કરતાં રૂમાલને વધુ લાગુ પડે છે, કારણ કે યુવાનીને, અથવા તો એના વહેમને, ક્રીમ-ડાઈના લપેડા લગાવીને બે-પાંચ વરસ ટકાવાતી હશે, (નહિતર જગતભરમાં આટલો કૉસ્મેટિક્સ-ક્રેઝ ન હોય!) પરંતુ રૂમાલ જેનું નામ, એ ક્યારે તમારો હાથ ને સાથ છોડી જાય, તેનું કંઈ કહેવાય નહિ. હાથરૂમાલનું તો એવું ડિંડવાણું છે કે તે 'આજ આવ્યો ને આજ હાલ્યો!' અરે, ક્યારેક તો તે આવ્યો ન હોય, અને ચાલ્યો જાય. આ ચમત્કારનો મને પોતાને અનુભવ છે, એટલે કહું છું. હમણાં શ્રીમતી ગ્યાં'તાં મેગા સ્ટોરમાં, પોતાનો સાતસો તેરમો રૂમાલ ખરીદવા. તેણે ખરીદ્યો ય ખરો, પણ ઘરમાં પાછા ફર્યાં એકલાં, રૂમાલ સ્ટોરના કાઉન્ટર પર રહી ગયો!

ખૂબીની વાત એ છે કે રૂમાલને સાચવવાનાં ઠેકાણાં જોબનિયાં કરતાં ઘણાં વધારે છે; અને છતાં, કદાચ એટલે જ, રૂમાલ ગેબી રીતે ગૂમ થઈ જાય છે.

એક વાર મારે મંત્રીશ્રીને મળવા જવાનું હતું. પરિસ્થિતિ (બંને બાજુ) પરસેવો વળી જાય તેવી હતી. એટલે પેન્ટના ચારે ખિસ્સા મેં રૂમાલથી ઠાંસેલા. પરંતુ આશ્ચર્ય! ચૅમ્બરમાં બેઠા પછી મને એક રૂમાલ ન મળ્યો! પછી યાદ આવ્યું, હું પેન્ટ જ બીજું પહેરી ગયેલો! મંત્રીશ્રી પણ નર્વસ ચહેરે મદદનીશના કાનમાં વારે વારે કંઈક કહેતા હતા. એ પણ એમ જ પૂછતા હશે, 'રૂમાલ ક્યાં?'

તમે જ્યારે કામ પર જવા નીકળતા હશો ત્યારે તમારું ઘર પણ 'રૂમાલ ક્યાં?' 'રૂમાલ ક્યાં?'-ના ઘોષથી ગાજવા લાગતું હશે - જાણે બેબાકળા સાધકો આર્તનાદ ન કરી રહ્યા હોય, 'પ્રભુ ક્યાં?' 'પ્રભુ ક્યાં?' પરંતુ ભીડ પડ્યે ભગવાન કદાચ ભેટી જાય, (એ રૂમાલ રાખવાની ઝંઝટમાં વ્યસ્ત હોતા નથી - અષ્ટભૂજ હોવા છતાં!) કિન્તુ રૂમાલ મળે ઈ વાતમાં માલ નથી!

તમે લાખ ઉપાય કરો, ખરે ટાણે હાથરૂમાલ હાથતાળી દઈ જવાનો. અમારી સોસાયટીમાં ગિરા-ગજેન્દ્ર દંપતી રહે છે. ગજેન્દ્ર સેલ્સ એજન્ટ છે. છતાં રોજે રોજ રૂમાલ ગુમાવે, (તમે બુક ઑવ્ વર્લ્ડ રેકૉર્ડમાં નામ વાંચ્યું હશે!) પરંતુ ગિરા મૅડમ પ્રિન્સિપાલ છે ને વળી (તમે સમજી ગયા હશો કે) ઈંગ્લિશ મીડિઅમનાં, એટલે તે (આ બાબતે પણ) મિજાજ ગુમાવે છે. એક વાર તો એવાં ગિન્નાયાં કે ગજેન્દ્રના ગળા ફરતો ભેરવ્યો દોરીનો ગાળિયો, ને બીજે છેડે બાંધી આપ્યો રૂમાલ! સાંજે ગજેન્દ્ર ગૃહે આવ્યા ત્યારે દોરી સોતો રૂમાલ ગાયબ! ગળું બચ્યું, એટલા ધનભાગી!

આમાં વાંક લોકોની સાચવણના અભાવનો નથી, ખોવાઈ જવાના રૂમાલના સ્વભાવનો છે. (એનું દિલ જેવું છે) રૂમાલ તો ખોવાય જ; બલકે, જે ખોવાય તેને જ રૂમાલ કહેવાય. મને તો પાકો વહેમ છે કે રૂમાલનું નિર્માણ જ એ ખોવાય એ રીતનું થાય છે! એના ઉત્પાદકોના આર્થિક ષડ્યંત્રનો દલાલ લાગે છે રૂમાલ!

આ જ છે હાથરૂમાલની હાથચાલાકી, મિત્રો! ભલભલા જાદુગરોની હાથચાલાકી, અરે! ખુદ જાદુગર સરકારની (આઈ મીન, ગવર્મેન્ટની) હાથચાલાકી એની આગળ કચરો! જાદુગરો અમથા ગળે રૂમાલ બાંધી ખેલ કરતા હશે? રૂમાલ રૂઠ્યો તો કે. લાલને ય કરી દે હલાલ!

તો આ છે રૂમાલને ગુજરાતીમાં 'હાથરૂમાલ' કહેવા પાછળનું ખરું રહસ્ય.

તમારી જેમ મનેય પહેલાં ભ્રમ હતો, કે અંગ્રેજી શબ્દ 'હૅન્ડકરચીફ'ની અસર નીચે ગુજરાતીઓએ 'હાથરૂમાલ' શબ્દ અપનાવ્યો હશે, પણ હવે મને ખાતરી થઈ છે કે રૂમાલની હાથચાલાકી સૂચવવા તેને એવું વિશેષ અને વિશિષ્ટ નામ આપવામાં આવ્યું છે. (અંગ્રેજોએ પછી એની અસર નીચે 'હૅન્ડકરચીફ' બનાવ્યો હોય એમ પણ બને!)

રૂમાલની આખી વ્યાખ્યા આ શબ્દોમાં સમેટાઈ જાય છે: 'હાથચાલાકી દ્વારા હાથતાળી દઈ હાથ છોડી જાય અને હાથ ઘસતા રાખી દે તે હાથરૂમાલ.'

આ તો હજી થઈ હાથરૂમાલની એક નંબરની હાથચાલાકીની વાત. એના પ્રભાવે કરીને એ માત્ર હસ્તમુક્ત થઈ જાય છે. આ પ્રમાણમાં નિર્દોષ ખેલ છે. પરંતુ આ ઉપરાંત

તેની બે-નંબરી હાથચાલાકી છે, જે બેનંબરી નાણાં વિનિમય જેવી જ જોખમી છે. અને તેની આ ખતરનાક હાથચાલાકી વિશે યુવાનો, તથા ખાસ તો, યુવાહૈયાંધારી વયસ્કોને સાવધાન કરવા જ આ લેખ લખી રહ્યો છું. પ્રભુ સૌનું કલ્યાણ કરે!

આને આપણે હાથરૂમાલની હસ્તાંતરણની હાથચાલાકી કહી શકીએ. કારણ કે હાથરૂમાલને જેમ હાથ છોડવાની ટેવ છે, તેમ ઘણી વાર તે બીજાનો હાથ પકડવાનું, અથવા તો, બીજાના હાથમાં પકડાવાનું પરાક્રમ પણ કરી બેસે છે.

આલાની ટોપી માલા માથે - એવી આપણી કહેવત છે, એની રીતે આ લીલાને સમજાવવી હોય તો આમ કહેવાય -

'આલીનો રૂમાલ માલા પાસે'

આમ કહેવાનું કારણ એ કે હાથરૂમાલ મોટે ભાગે વિજાતીય હાથ તરફ સરકવાનું વલણ ધરાવે છે! હવે વાત એવી છે કે, આદમીનો રૂમાલ જરા ભારે અને આદમકદનો હોવાથી તે કાંઈ ઓરતના પર્સમાં સહેલાઈથી સરી શકતો નથી; જ્યારે રમણીના રમ્ય, બટકા (કટકા જેવા) રૂમાલ એટલી ચપળતાથી મર્દના ખિસ્સામાં ઘૂસી આવે છે, - જેમ પૈસા એની બહાર ધસી જતા હોય છે - કે એનું ઓસાણ નથી ઓરતને રહેતું, કે નથી મરદને એનું ભાનસાન રહેતું!

છે ને હિલેરિયસ હાથચાલાકી?!

એક વાત મન ખોલીને સમજી લેજો કે હાથચાલાકીને રોકી શકાય એમ નથી. કૃષ્ણની વસ્ત્રચાલાકીને મહાભારતમાં કોણ રોકી શકેલું, ભલા? એટલે રૂમાલ તો અપ-ડાઉન કરવાનો જ. બાગ-બગીચામાં, 'જરા આ રાખોને? કપડાં ઠીક કરી લઉં'; ઑફિસમાં, 'તમારી પાસે રાખો. બૉસ બોલાવે છે'; કૉલેજના ક્લાસમાં, 'આનું ધ્યાન રાખજે, જરા નોટ્સ લઈ લઉં' કે પછી રેસ્ટોરાંમાંથી ઊઠતાં, અથવા તો સિનેહાઉસમાં કરુણ સીન દરમિયાન ભાવાવેશમાં આવી જતાં (ભીનોભીનો) રૂમાલ આપોઆપ ઓરત પાસેથી આદમીના ખિસ્સામાં સરકે છે; અને પછી થાવા કાળ થાય છે એવું કે તે તેણીને પાછો દેવાનું; ને તેણી તે પાછો લેવાનું સાવ ભૂલી જાય છે!

પરંતુ બાળોભોળો ભાયડો ભેગાભેગું એ ય ભૂલી જાય છે કે, ઘરમાં એનાં ખિસ્સાં-પાકિટ ફંફોસવાનાં અને કોથળામાંથી બિલાડું બહાર આવવાનું - સુગંધ, મિત્રો, સુગંધ ચાડી ખાય છે!

હાથરૂમાલની આવી રંગભરી આપ-લે જો અપરિણીતો વચ્ચે થતી હોય, તો તો એક-બે ઊઝરડાથી વધીને ગંભીર પરિણામો એનાં નથી આવતાં; પરંતુ આ હાથચાલાકીનો ભોગ દુર્ભાગ્યે, કોઈ સૌભાગ્યવંતો બની બેઠો, તો એનાં સૌ ભાગ્યોનો અંત આવ્યો સમજવો.

એના ઘરમાં એની એક રખેવાળ બેઠી હોય છે - પાછી ટાંપીને બેઠી હોય છે, જેની હાથચાલાકી હાથરૂમાલની હાથચાલાકીથી ચાર ચાસણી ચઢિયાતી હોય છે. એ એકલે હાથે 'સર્ચ ઑપરેશન', 'ધોબીને લુગડાં ધોવા દેતાં ખિસ્સાં જોયાં એમાં આ...' માર્યા ઠાર! કેવો નાટકીય ટૅબ્લો?! ધરતી માર્ગ આપે તો સમાઈ જવા જેવો! પણ ધરતી યે સ્ત્રી ખરીને? એ સીતાને માર્ગ આપે, રામને તો - રામ રામ!

સાર એટલો જ કે, ચેતતા રહેવું.

નથી કહ્યું, 'ચેતતો નર સદા સુખી'. એ સૂત્ર પાછળ આવું જ કંઈક પડ્યું હશે. નહિતર 'નરનો' ખાસ ઉલ્લેખ શા માટે?

એથી મારી સૌ લાગતાવળગતાને શાણી સલાહ છે કે ભૈ, સાવધાની રાખવી. આને સાવ સાદી રીતે સમજાવું. આપણે ઘર બહાર નીકળીએ છીએ ત્યારે ખિસ્સા-પાકિટ સંભાળીએ છીએ; તો હવે એ વિધિ, ઘરમાં પ્રવેશતાં પહેલાં કરી લેવી!

હાથચાલાકી કરી હાથરૂમાલ છૂમંતર થઈ જાય છે, એવી હાથચાલાકી સ્વયં આપણે વાપરવી અને આપણા ખિસ્સામાં અનાયાસ આવી પડેલા પરાયા (અને તેથી) મૃદુ-મુલાયમ-મ્હેકતા, ને વળી છેડે અજાણ્યા આદ્યાક્ષરને ગૂંથેલા હાથરૂમાલને છૂ કરી દેવો!

ન બચેગા રૂમાલ,
ન જમેગી ધમાલ!
દિલ થોડું કાઠું કરવું પડે, ભલા'દમી!

અને હાથરૂમાલ હાથચાલાકી દ્વારા આખરે તો, અનાસક્તિનો સનાતન સંદેશ જ સુણાવે છે ને?!

□

નોંધપોથીમાંથી

* સિંધાલૂણનો ભૂકો ભરવાથી લાલ કીડીનું અનિષ્ટ દૂર થશે.
* સંતરાની છાલ સૂકવીને તેનો પાઉડર કરી ગુલાબજળમાં મેળવી મોં પર લગાડી, અડધો કલાક સૂકાવા દઈ મોં ધોવાથી ચામડી મુલાયમ બને છે અને ડાઘ દૂર થાય છે.
* હળદરના ધુમાડાનો નાસ લેવાથી શરદી-સળેખમમાં રાહત રહે છે.
* માખી જિંદગીભર પોતાના સ્થાનથી લગભગ ૧૦૦ વારથી વધુ અંતરે જતી નથી. તેમ જ સામાન્ય રીતે ઊડતી વખતે માખી એક સેકન્ડમાં ૩૩૦ વખત પોતાની પાંખો હલાવે છે.
* પતંગિયાં પોતે કપડામાં કાણું પાડતાં નથી, પરંતુ તેમની ટપકેલ લાળથી કપડાંમાં કાણાં થાય છે.

ઍન ફ્રૅન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર ૧૧મી મે, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

મારી સર્વ પ્રકારની કચરપટ્ટીનું ખોખું, જેમાં મારી પેન પણ સમાઈ જાય, હું ઉપર મૂકી આવી છું. બપોરના અઢી વાગ્યા સુધી મોટેરાંઓની નીંદરને ખલેલ પહોંચાડવાની મનાઈ હોવાથી તારે આજે આ નાનકડી પેન્સિલથી કામ ચલાવી લેવું પડશે.

હાલ તો મારે ઘણું જ કામ છે. તને આશ્ચર્ય થશે પણ કામનો એટલો તો ઢગ છે કે મને વખત પણ ઓછો પડે છે. ચાલ, આજે હું તને ટૂંકમાં મારા કામ વિશે કહું. જો આવતી કાલ સવાર સુધીમાં મારે ગેલિલિયો ગેલિલીના જીવનચરિત્રનો પહેલો ભાગ વાંચીને પૂરો કરવાનો છે, કારણ કે એ ચોપડી પુસ્તકાલયને પાછી આપવાની છે. એને વાંચવાની શરૂઆત ગઈ કાલે કરી અને ૩૨૦માંથી ૨૨૦ પાનાં સુધી હું પહોંચી ગઈ છું એટલે વાંધો નહિ આવે. આવતા અઠવાડિયે મારે 'પૅલૅસ્ટાઇન ઍટ દ ક્રૉસરોડ્સ' અને ગેલિલિયોનો બીજો ભાગ વાંચવાનો છે. એ સિવાય ગઈ કાલે જ મેં 'પાંચમા એમ્પરર ચાર્લ્સ'ના જીવનચરિત્રનો પહેલો ભાગ વાંચીને પૂરો કર્યો. એમાં વંશાવળી વિશે મેં જે ઘણી બધી નોંધ કરી છે એનેય વ્યવસ્થિત કરવાની છે. પછી મેં ત્રણ પાનાં ભરીને જે વિદેશી શબ્દો ભેગા કર્યા છે એને ફરી લખી જવાના છે, મોઢે કરવાના છે અને મોટેથી વાંચી જવાના છે. ચોથું, મારો ફિલ્મીસિતારાનો સંગ્રહ અસ્તવ્યસ્ત પડ્યો છે એને ઠેકાણે પાડવાની જરૂર છે. પણ ખેર, એને માટે ઘણો વખત જોઈશે અને મેં આગળ ઉપર કહ્યું એમ પ્રોફેસર ઍન ઘણાં જ વ્યસ્ત છે એટલે એ મંડળીને આ અવ્યવસ્થા થોડા વધારે સમય માટે ચલાવી લેવી પડશે. એ પછી થિસસ, ઍડિપસ, પૅલ્યૂમ, ઑરફસ, જેસન અને હર્ક્યુલીઝ એકબીજામાં અટવાઈ પડ્યા છે. એને છૂટા પાડવા પડશે, કારણ કે એમનાં વિવિધ કર્મો અને કાર્યો મારા મગજમાં તાણાવાણાની જેમ એકમેકમાં ગૂંચવાઈ પડ્યાં છે. માયરન અને ફિડાયસ પર પણ તાત્કાલિક ધ્યાન દેવાની જરૂર છે, કારણ કે નહિ તો મને ખબર જ નહિ પડે કે બાકી બધામાં આ બે જણા ક્યાં બંધ બેસશે. એવી જ હાલત સાત વર્ષના યુદ્ધની અને નવ વર્ષના યુદ્ધની છે. હવે તો મગજમાં બધું જ સરમિસળ થઈ ગયું છે. ખેર, મારા જેવી યાદદાસ્ત હોય એનું શું થાય! કોણ જાણે એંશી વરસની થઈશ ત્યારે મારું શું થશે?

અરે હા, હજી એક કામ. બાઈબલ. ન્હાતી સુઝનની વાત સુધી પહોંચતાં હજી કેટલો વખત લાગશે? અને સોડોમ (sodom) તથા ગોમોરા (Gomorah)નો અર્થ શું હશે? હજી તો કેટલુંય વાંચવા સમજવાનું બાકી છે. દરમિયાનમાં પૅલૅસ્ટાઇનની શાર્લટને તો મેં લટકતી મૂકી છે.

હવે તો તને સમજાય છે કે નહિ કે મારાં કામનું પોટલું કેવું ફાટુંફાટું થઈ ગયું છે.

હવે બીજી વાત. ઘણા વખત પહેલાં મને સમજાઈ ગયું કે મારી મોટામાં મોટી ખ્વાહિશ પત્રકાર થવાની છે, અને પછી જાણીતી લેખિકા. આ દિવાસ્વપ્ર (કે ભ્રમ?) સાચું પડે છે કે કેમ એ જોવા માટે આપણે રાહ જોવી રહી. પણ અત્યાર સુધી મને લખવાના વિષયોની ઓછપ લાગી નથી. એ જે હોય તે પણ; આ યુદ્ધ પૂરું થયા પછી હું 'ગુપ્તનિવાસ' નામનું પુસ્તક લખવાની છું. એ કેમ થાય છે એ જોવાનું છે. પણ મારી આ રોજનીશીનો એ માટે આધાર લેવાની છું.

મારે હવે 'કૅડીનું જીવન' વાર્તા પણ પૂરી કરવી જોઈએ. બાકીનો પ્લૉટ મારા મનમાં તૈયાર છે. સેનેટોરિયમમાંથી સાજા થઈને પાછા ફર્યા પછી કૅડી હાન્સ સાથે પત્રવ્યવહાર ચાલુ રાખે છે. સમય ૧૯૪૧નો છે અને હાન્સના નાઝી તરફી વિચારો સમજતાં કૅડીને વાર લાગતી નથી. જ્યારે કૅડી યહૂદીઓની અને એની બહેનપણી મેરિઍનની દારુણ પરિસ્થિતિથી ચિંતિત છે. એમ બંને એકબીજાંથી દૂર જવા માંડે છે. ત્યાં બંનેની મુલાકાત થાય છે અને ફરી એકમેકની નજીક આવે છે. પણ ત્યાં હાન્સ એક બીજી જ છોકરી સાથે મૈત્રી બાંધે છે અને બંને ફરી છૂટાં પડે છે. કૅડી ભાંગી પડે છે. સારી નોકરી મેળવવાના હેતુથી કૅડી નર્સિંગનું ભણવા જાય છે. પાસ થયા પછી એના પિતાના મિત્રના આગ્રહથી સ્વિટ્ઝર્લૅન્ડના એક ક્ષયના સેનેટોરિયમમાં નર્સ તરીકે નોકરી સ્વીકારે છે. ત્યાંથી રજાના દિવસે એ લેક કોમો જાય છે જ્યાં એને હાન્સ મળી જાય છે. હાન્સે કહ્યું કે બે વરસ છે. હાન્સ કહ્યું કે બે વરસ પહેલાં એણે પેલી છોકરી સાથે લગ્ન કર્યાં. પણ

(અનુસંધાન પૃ.૬૫૯ પર)

પ્રસંગચિત્ર

ને પંડિત નેહરુએ ચિત્રકામ ચાલુ રખાવ્યું

નટુ મિસ્ત્રી 'ચેતક'

.૯૫૦-૫૧ની સાલ હશે. આઝાદી પછીની તાજીતાજી ચૂંટણીઓ જુદા જ ઉત્સાહથી થતી. એ સમયમાં કૉંગ્રેસની ભારે બોલબાલા અને એમાંય જવાહરલાલ નેહરુના વ્યક્તિત્વનો જાદૂ માનવમહેરામણને જબરો આકર્ષતો હતો.

અમારા સાબરકાંઠામાં એ વખતે કૉંગ્રેસની ટિકિટ પર ગુલઝારીલાલ નંદા ચૂંટણી લડે. નંદાજી ખૂબ સરળ અને સીધા-સાદા માણસ. તે વખતે આવા સારા માણસોને રાજકારણમાં ખૂબ માનથી જોવાતા. નંદાજી સાબરકાંઠામાં ગામેગામ ફરી ચૂંટણી પ્રચાર કરે. એમાં સાબરકાંઠામાં ચૂંટણી પ્રચાર અર્થે પંડિત જવાહરલાલ નેહરુજીનો આવવાનો કાર્યક્રમ નક્કી થયો. નેહરુજી નંદાજીને સારું માન આપતા હતા અને એ વખતે નંદાજી સામે સાબરકાંઠામાંના ધરખમ ઉમેદવાર ઇડરના મહારાજા ઊભા હતા. એટલે કૉંગ્રેસ માટે આ પ્રતિષ્ઠાની સીટ બની ગઈ હતી.

તારીખ નક્કી થતાં હિંમતનગરના ઍરપોર્ટ નજીક પંડિતજીની સભાના આયોજનનો કાર્યક્રમ નક્કી થયો. તૈયારીઓ તડામાર થવા લાગી. નંદાજીનું હેડ ક્વાર્ટર તલોદ હતું, કારણ કે તે વખતના કૉંગ્રેસના જિલ્લા પ્રમુખ ચુનીકાકા તલોદમાં રહેતા અને હું તેમનો ઘરપડોશી એટલે અમે પણ રાતદિવસ આ કામમાં જોડાતા. હિંમ[illegible]ગરમાં પંડિતજીની સભાનું આયોજન થયું. મોટું સ્ટેજ વગેરે બાંધવાનું નક્કી થયું. કૉન્ટ્રેક્ટ અપાઈ ગયો. એ સભામંડપની આગળની દીવાલમાં થોડાં સુશોભનો અને ચિત્રો કરવાનું કામ મને સોંપવામાં આવ્યું. મંડપનું કામ થોડું મોડું થયું. સભાની આગલી રાત સુધી સ્ટેજ તૈયાર ન હતું. અમે બે મિત્રો કે જેમને સુશોભન ચિત્રો કરવાના હતા તે જગાએ રાત્રે ત્રણ વાગ્યા સુધી રાહ જોઈ રહ્યા હતા. રાત્રે ત્રણ વાગે અમારે માટે ચીતરવાની દીવાલ તૈયાર થઈ. સવારે ૧૦ વાગે સભા હતી. અમારી પાસે ગણ્યાગાંઠ્યા કલાકો હતા. કામ ઘણું કપરું હતું. અમે એ વખતે બંને મિત્રો શાળાના વિદ્યાર્થીઓ એટલે લગભગ ૧૫ વર્ષની ઉંમર. કામ શરૂ કર્યું.

ચિત્રકામ થોડી ધીરજ માગી લે છે. કામ સારું થતું હતું. પણ સમય ઝડપથી પસાર થઈ રહ્યો હતો. આમ કરતાં કરતાં સવારના નવ વાગી ગયા. સ્ટેજ પર ચડવા માટેનાં પગથિયાંની આજુબાજુ થોડું કામ બાકી હતું. પ્રમુખ ચુનીકાકા ઘરના હતા. તે ત્યાં આંટાફેરા કરતા. તેમણે અમને સૂચના આપી કે હવે સમય ઓછો છે. જેવું પંડિતજીનું ઍરપ્લેન દૂરથી દેખાય એટલે તમે બંને કામ બંધ કરી સ્ટેજની પાછળ બેસી જજો. અમે તો અમારા કામમાં મગ્ન હત[illegible]. કામ પૂરું કરવાની લગન હતી. બીજી બાજુ દસ વાગ્યા પહેલાં પંડિતજીનું પ્લૅન દૂર લૅન્ડ થઈ ગયું અને સમયમર્યાદા પહેલાં પંડિતજી જીપમાં બેસી આવી ગયા. તેમના આગમનના સમાચારથી બધા કાર્યકરો, સિક્યોરિટીવાળા બધા એમાં ગૂંથાઈ ગયા. અમને કામ બંધ કરવાની સૂચના આપનાર કોઈ ન રહ્યું. અને અમે તો કામમાં મગ્ન હતા. જીપમાંથી ઊતરી પંડિતજી ઝડપથી ચાલતા સ્ટેજ પર જવા લાગ્યા. અમે તો બે મિત્રો બાજુની દીવાલ પર ચિત્રકામ કરતા હતા. પંડિતજી એકાદ મિનિટ માટે થોભી ગયા. અમે કામમાં મશગુલ હતા. એટલે એક કાર્યકર દોડતા અમારી પાસે આવી કામ અટકાવવા સૂચના આપવા લાગ્યા. પંડિતજીની નજર પડી. તરત જ તેમણે ત્યાં ઊભા ઊભા સૂચના આપી. 'ઉનકો મત અટકાઓ. કલાકાર હૈ. ઉનકી કલાકૃતિ પૂર્ણ કરને દો.' અને એ તો સડસડાટ સીડી ચઢી સભામંડપ પર પહોંચી ગયા. અમે ચાલુ સભાએ અમારું કામ પૂર્ણ કર્યું. આવી હતી પંડિતજીની કલાકારો પ્રત્યેની ઝિંદાદિલી.

અનુસંધાન)ઍન ફ્રેન્કની રોજનીશી(પૃ.૬૫૮થી

એની પત્ની નૈરાશ્યની પળોમાં આપઘાત કરીને મૃત્યુ પામી. આજે કૅડીને મળ્યા પછી એને ભાન થાય છે કે એ કૅડીને કેટલી ચાહે છે. અને એથી કૅડી સામે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. હાન્સ પરના એના અખૂટ પ્રેમ છતાં એ ના પાડે છે. એનું સ્વાભિમાન એને હા પાડતાં રોકે છે. હાન્સ એને છોડીને દૂર જતો રહે છે. અને વર્ષો પછી કૅડીને ખબર પડે છે કે હાન્સ ઈંગ્લન્ડમાં છે ને બિમારી સામે ઝઝૂમી રહ્યો છે.

સત્યાવીસ વર્ષની ઉંમરે કૅડી એક સાયમન નામની ધનિક વ્યક્તિને પરણે છે. વખત જતાં એ સાયમનને ચાહવા માંડે છે. પણ હાન્સને ચાહતી હતી એટલો ચાહી શકતી નથી. એ લિલિયન ને જ્યૂડિથ નામની બે દીકરીઓની અને નિકો નામના દીકરાની મા બને છે. સાયમન ને કૅડી સુખી છે પણ એ ક્યારેય હાન્સને વિસરી શકતી નથી. છેવટે એક રાતે સ્વપ્નામાં એને હાન્સ મળે છે અને એને એ અલવિદા કહે છે અને હાન્સ એના જીવનમાંથી સદાને માટે ચાલ્યો જાય છે.

આ ભાવના-વિવશ થઈને લખાયેલો બકવાસ નથી. પપ્પાના જીવનને આધારે લખી છે. - લિ. ઍન. મે. ફ્રૅંક (ક્રમશઃ)

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૯


ચૈતાલી શાહ

માહેંજો-દડોનું સ્નાનાગર

ઈતિહાસના ઉત્તર પાષાણયુગ તબક્કાથી જ ભારતમાં સૂર્યના તડકામાં પકવેલી લંબચોરસ ઈંટોથી મકાનો બનાવતાં એમ માનવાં પૂરતાં કારણો છે. પરંતુ આ પ્રકારના બાંધકામમાં તકનિકી નિપુણતા સિંધુ-ખીણની સંસ્કૃતિમાં સ્પષ્ટપણે જોવા મળે છે. ઈંટોનો આવો ઉપયોગ માત્ર આવાસની રચનામાં જ નહિ પણ સામાજિક મહત્વ ધરાવતાં વિશાળ મકાનોમાં પણ જોવા મળે છે.

ઈસુ પહેલાંની ૨૫૦૦થી ૧૭૦૦ની સાલમાં વિકસેલ મોહેંજો-દડો એ એવી વસાહત છે કે જેમાં સામાન્ય માનવીના આવાસ અન્ય સંસ્થાકીય કે રાજકીય મકાનો કરતાં ભિન્ન નથી. બાકી તો ઈતિહાસ સાક્ષી છે કે સામાન્ય માનવીના આવાસનો ઉલ્લેખ સ્થાપત્યના ઈતિહાસમાં ભાગ્યે જ જોવા મળે છે. લંબચોરસ ઈંટોથી બનાવાયેલ આ આવાસ પણ તેવા જ ભૌમિતિક આકારમાં રચાતા અને તેમની પરસ્પરની ગોઠવણ પણ તેવાં જ ભૌમિતિક સિદ્ધાંત પ્રમાણે થતી. આથી સમગ્ર નગર લંબચોરસ ચોસલાંઓમાં વહેંચાઈ જતું. નગર-આયોજનમાં આવાં કેન્દ્રમાં આવેલ મુખ્ય ચોસલાંઓમાં સામાજિક મહત્વ ધરાવતાં મકાનો બનાવતાં; મોંહેંજો-દડોમાં આવા મહત્વનાં મકાનોમાં જાહેર સ્નાનાગાર સ્થાપત્યના ઈતિહાસમાં મહત્વનો મુકામ ગણાય છે.

મોંહેંજો-દડોમાં આવેલા સ્નાનાગારની મધ્યમાં ખુલ્લા ચોકમાં આશરે ૧૨ મીટર લાંબો તથા ૭ મીટર પહોળો હોજ બનાવાયેલો જેની ઊંડાઈ ૨.૫ મીટર જેટલી હતી. આ હોજની ઉત્તર તથા દક્ષિણે તેમાં ઊતરવા માટે લાકડામાંથી બનાવાયેલ પગથિયાં હતાં. આ હોજમાં સ્વચ્છ પાણીના પ્રવેશ માટે કેવી વ્યવસ્થા હતી તે તેના અવશેષોપરથી સ્પષ્ટ થતું નથી, પણ એમ લાગે છે કે આ વ્યવસ્થા કદાચ શ્રમ આધારિત હશે. પરંતુ તેમાંથી વધારાના પાણીના નિકાલ માટે નૈઋત્યમાં કમાનાકાર બોગદું બનાવાયેલ - જે સ્પષ્ટ દેખાઈ આવે છે. આ હોજની ચારે તરફ આવેલ ખુલ્લા ચોક બાદ પરસાળ બનાવાઈ જે જેના ઉપયોગમાં વૈવિધ્ય શક્ય હતું. આ પરસાળ બાદ તેની ત્રણ બાજું પ્રસાધનકક્ષ હતા જેના માપમાં એક પ્રકારનું સાતત્ય જળવાયું છે. આ પ્રસાધન કક્ષમાંથી કેટલાક વ્યક્તિગત પણ હતાં અને કેટલાકમાં તો સંડાસની વ્યવસ્થા પણ હતી. જે બાજુ આવા પ્રસાધનકક્ષ ન હતા તે બાજુમાં સ્નાનાગારમાં પ્રવેશ માટેનું સ્થાન બનાવાયું હતું. અર્થાત પ્રવેશ બાદ વ્યક્તિ સીધી પરસાળમાં દાખલ થતી અને



મોહેંજો-દડોના સ્નાનાગારના અવશેષો પરથી તેનું તૈયાર કરાયેલ કલ્પના ચિત્ર

તેની સામે જ હોજ દેખાતો. પરંતુ આ પ્રવેશદ્વાર હોજની દારથી પણ દૂર રખાયો હોવાથી રસ્તા પરથી જ હોજ પર નજર પડવી અશક્ય હતી. આમ, એક રીતે જોતાં આ જાહેર મકાનમાં એક પ્રકારની ગોપનીયતા જળવાતી છતાં તે મકાનમાં પ્રવેશ્યાં બાદ ગોપનીયતા હોવી જરૂરી નહોતી જણાઈ.

જાહેર સ્નાનાગારની પરંપરા રૉમન સંસ્કૃતિમાં પણ જોવા મળે છે. અહીં પણ તે સામાજિક સ્થાન હતા. રૉમન અને સિંધુ ખીણની સંસ્કૃતિ- બંન્ને માં સ્નાનાગાર એક 'ક્લબ હાઉસ' સમાન હતાં જ્યાં સમાજના વિવિધ પ્રતિષ્ઠિત વર્ગનાં લોકો આવતાં અને તેમની વચ્ચે સહજતાથી મુલાકાતો ગોઠવાતી. તત્કાલીન સિંધુ-ખીણની સંસ્કૃતિમાં સ્નાનાગારનું સામાજિક સ્થાન જોતાં એમ સ્પષ્ટ જ જળવાઈ છે.

સ્નાનાગારમાં પ્રવેશથી માંડીને ત્યાં કાર્યરત થવા સુધીમાં તબક્કાવાર મળતી યોગ્ય અનુભૂતિ, તેના માળખાકીય બાંધકામમાં લાગું થતી નિયમબદ્ધતા, તેના ખુલ્લા, પરસાળબંધ તથા હારબંધ પ્રસાધન કક્ષ દ્વારા રચાતાં વિવિધ પ્રકારનાં સ્થાનોનું સંતુલિત પ્રમાણમાપ, એક રીતે સમમિતીય છે છતાં વિકેન્દ્રિત હોજની રચનાથી મકાનની અનુભૂતિમાં મળતું વૈવિધ્ય તથા સમાજમાં સ્નાનાગારના સ્થાનના મહત્વનો યોગ્ય રીતે પ્રતિબિંબિત કરતી તેની સ્થાપત્ય-શૈલી જેવી બાબતોને કારણે આ મકાનને સ્થાપત્યનું એક સીમાચિહ્ન ગણવામાં આવે છે. આજથી આશરે ૪૫૦૦ વર્ષ પહેલાં બનેલા આ મકાનમાં જે સ્થાપત્ય સમજ પ્રસ્તુત થાય છે તે ખરેખર નોંધનીય છે. તે વખતે વિશ્વની અન્ય સંસ્કૃતિ ની સરખામણી માં આ એક વિરાટ કદમ ગણાય.

(ક્રમશઃ)

મારી થોડી વાત

ડૉ. સોનલ મહેતા



અધીંપધીં સમજ પામેલું પંદર વર્ષનું બાળક જ્યારે અચાનક એક ભયાનક વાસ્તવિક્તા સામે મોઢામોઢ આવી જાય ત્યારે હતપ્રભ થઈ જ જાય. એનો જીવનરસ જ સુકાઈ જાય. જીવન પર પૂર્ણવિરામ મૂકી દેવાના જ વિચાર આવે. હું પણ આવી તીવ્ર કડવાશ અનુભવી ચૂકી છું જ્યારે મેં એ ઉંમરે દૃષ્ટિ ગુમાવી. હા, હું તે સમયે બાળક જ હતી. કોઈના ય અંધાપા વિશે મેં ક્યારે ય વિચાર્યું ન હતું. કોઈ પણ અંધ વ્યક્તિના સંપર્કમાં આવી ન હતી. જીવનમાં આવો અત્યંત ક્રૂર પલટો પણ આવી શકે એવો કોઈ ખયાલ જ ન હતો. અને છતાં હું કઈ એવી જિજીવિષાને આધારે જીવી ગઈ તેનું મને આજે ય આશ્ચર્ય છે; પરંતુ સાથોસાથ આનંદ પણ છે કે તે વેળા અંધ થવા છતાં આંધળિયાં કરી જીવન ટૂંકાવ્યું નહિ. આજે પીએચ.ડી. સુધી પહોંચ્યા પછી ભૂતકાળ વાગોળતા લાગે છે કે દૃષ્ટિ વગર પણ જીવન તો જીવવા જેવું જ હોય છે. હજારો બલકે લાખો વ્યક્તિઓ અંધાપો વેઠીને પણ જીવી તો જાય જ છે. એ અંધજન સમાજ જેની હું એક સભ્ય છું તેનો જ માત્ર જો વિચાર કરીએ તો સરખામણીમાં મેં ઘણી જ મોટી સિદ્ધિ મેળવી લીધી છે અને એ સિદ્ધિને પ્રસિદ્ધિ પણ મારી ધારણા કરતાં ઘણી વધુ મળી છે સમગ્ર અંધ અને બિનઅંધ સમાજમાં પણ. તેમાંય ભારતમાં અને વળી તેમાં ય સ્ત્રીઓમાં, અને તેથી જ નાના વર્તુળ ગુજરાતની સ્ત્રીઓમાં. મારી શૈક્ષણિક સિદ્ધિ નાનીસૂની તો નથી જ.

નિર્વિવાદ છે કે આ દૃષ્ટિહીનતાના પ્રારંભિક તબક્કામાં જો મને મારા કુટુંબનો સંપૂર્ણ સાથસહકાર ન મળ્યો હોત તો હું ભાંગી પડત. મારી દીદી તેમ જ મારી બીજી ત્રણ બહેનો અને મારા એકના એક ભાઈ અને માબાપે તે વેળા મને જે શારીરિક અને તેથી ય વધુ માનસિક આધાર આપ્યો, મારી સહનશક્તિ ટકાવી તેમજ વિકસાવી, અને એમ કહીને મને જિવાડી એટલું જ માત્ર નહિ, પરંતુ મને અપંગતાની લાચારીના વિચારમાંથી બહાર કાઢી અને આગળ વધવાની પ્રેરણા તથા પ્રોત્સાહન આપ્યાં, તે યાદ કરતાં હું આજે પણ ધન્યતા અનુભવું છું. આમાંથી કોઈના ય ફાળાને ઓછો ગણ્યા વગર હું કહી શકું કે મારાથી માત્ર બે વર્ષ મોટી મારી રૂપલબહેન તે સમયગાળામાં સ્વાભાવિકપણે જ મારી સૌથી નજીક હતી, અને આજે ય છે.

શાળાનું શિક્ષણ તો મહદંશે માત્ર કૌટુંબિક સહાયથી જ પૂરું થયું, અને ઝળહળતી સિદ્ધિ સાથે પૂરું થયું, પરંતુ કૉલેજના અભ્યાસ દરમ્યાન સહાધ્યાયિની સખીઓની સહાય ઉપરાંત ત્રાહિતોની પણ પુસ્તકો વાંચવા માટે અને કસેટો તૈયાર કરવા માટે સહાય લેવી પડી. મારે અહીં એ નોંધવું જ રહ્યું કે આ સહાય મારે માગવી પડી ન હતી, જે વ્યક્તિઓએ મને સામે ચાલીને સ્વેચ્છાએ સહાય આપી, જેમાં પહેલ કરનાર હતા શ્રી ગિરીશચંદ્ર ખારોડ, નિવૃત્ત મુખ્ય ઈજનેર, મારા ખારોડકાકા, જેમનો મારી પ્રગતિમાં નોંધપાત્ર ફાળો છે જ. તે સર્વનો આભાર માનીને હું તેમની નિઃસ્વાર્થ સેવાની ભાવનાનું અવમૂલ્યન નહીં કરું.

એક તરફ આ સ્વૈચ્છિક રીડરો પ્રાપ્ત થયા તો બીજી તરફ સ્વૈચ્છિક રાઇટરો પણ મળી રહ્યા જેમણે મેં આપેલી બધી જ લિખિત પરીક્ષાઓમાં મારા રાઇટર તરીકે કામ કર્યું. આ સિલસિલો એમ.ફિલ.ની લિખિત પરીક્ષા સુધી ચાલુ રહ્યો. જેમણે જેમણે આ સેવા આપી તે બધાય પણ ધન્યવાદને પાત્ર છે.

શ્રી આર. બી. સૂડીવાળા જેઓ ૧૯૮૨માં નાયબ સચિવના હોદ્દા પરથી નિવૃત્ત થયા હતા, તેમણે મારે માટે ઑગસ્ટ ૧૯૯૦થી વાંચવાનું શરૂ કર્યું જ્યારે હું એમ.એ.ના પ્રથમ વર્ષમાં હતી. તેમની વાચનની શૈલી ઉપરથી જ તે જ વેળા મને લાગેલું કે તેઓ મારા બધા રીડર્સમાં વિશિષ્ટ હતા. ઉપરાંત, મારે એમ.એ.માં માત્ર પાસ થવાનું નથી. પણ પ્રથમ વર્ગ મેળવવાનો છે તે બાબતમાં તેઓ બહુ ઉત્સાહી હતા. ૧૯૯૨માં એમ.એ. તો હું થઈ ગઈ, પ્રથમ વર્ગ પણ મેળવી લીધો, અને થોડા સમયમાં ઍડ-હૉક લેક્ચરરશિપ પણ મળવા માંડી, ત્યારે જ તેમણે પ્રસ્તાવ મૂક્યો કે મારે એમ.ફિલ. થવું જ જોઈએ. પ્રસ્તાવથી અટક્યા નહીં પણ આગ્રહપૂર્વક લગભગ દબાણ જ કર્યું કે મારે એમ.ફિલ.નો અભ્યાસ શરૂ કરી દેવો અને તેઓ તે માટેનું બધું જ વાચન અને લેખન કરવા તૈયાર છે, એટલું જ નહિ, પણ તેઓ મને એમ.ફિલ. કરાવીને જ જંપશે. એમની આ વચનબદ્ધતા પછી મારે હા-ના કરવાનું રહેતું જ ન હતું, અને આમ મેં ૧૯૯૩માં શરૂ કરી ૧૯૯૪માં એમ.ફિલ.ની લિખિત પરીક્ષા પણ પ્રથમ ક્રમે પસાર કરી. પછી શરૂ થયું મહાનિબંધ લખવાનું જે લગભગ અઢી વર્ષે પૂરું થયું. દરમિયાન ઑગસ્ટ, ૧૯૯૩થી જ મારી પૂર્ણકાળની કાયમી લેક્ચરરશીપ પૉલિટેક્નિક કૉલેજમાં શરૂ થઈ ગઈ હતી તેથી નોકરી કરતા કરતા અભ્યાસ કરવો પડ્યો.

જી.પી.એસ.સી.ના સિલેક્શન ટેસ્ટમાં અગ્રતાક્રમમાં



ડૉ. સોનલ મહેતાને સન્માનપત્ર અર્પણ કરતા રાજ્યપાલશ્રી કૈલાસપતિ મિશ્રા

પ્રથમ આવી તેમાં પણ સૂડીવાળાના માર્ગદર્શનનો કંઈક ફાળો હતો જ. આમ, મને કે તેમને પણ ખબર પડે તે પહેલાં જ તેઓ મારા રીડર-રાઈટર માત્ર ન રહેતા મારા ફ્રેન્ડ, ફિલૉસૉફર ઍન્ડ ગાઈડ થવા તરફ આગળ વધી રહ્યા હતા. હવે અમારું વાચન પણ માત્ર અભ્યાસ પૂરતું સીમિત ન રહેતા સર્વગ્રાહી થવા માંડ્યું હતું, અને ઘણી વેળા અમે વિવિધ વિષયો વિષે ચર્ચા પર ચડી જતાં હતાં.

અલબત્ત, મહાનિબંધ તૈયાર કરવાનું ચાલુ જ હતું, જે માટે અમે સાથે ચાર-પાંચ લાઈબ્રેરીઓ ખૂંદી વળતાં હતાં. કયાં પુસ્તકો ઉપયોગી છે તે નક્કી કરવું તે શોધવા ઘેર લઈ જઈ તેમાંની ઉપયોગી સામગ્રીને તારવવી, ઝેરોક્ષ કરાવવી, સંદર્ભ-સામગ્રી-સમૂહની ફાઈલ બનાવવી ને મહાનિબંધમાં તેનો યોગ્ય સ્થળે ઉલ્લેખ કરવો આ બધું ખૂબ શ્રમ, ખંત અને ધીરજ માગતું કામ મેં સૂડીવાળાની સહાયથી માત્ર એમ.ફિલ. માટે જ નહિ, પરંતુ પીએચ.ડી. માટે પણ પૂરું કર્યું. આમ હું ૧૯૯૭માં એમ.ફિલ. તથા જુલાઈ ૨૦૦૩માં પીએચ.ડી.ની ડિગ્રી મેળવી શકી. આ સમગ્ર ૧૯૯૩થી ૨૦૦૩ના દસ વર્ષના ગાળામાં મારું બધું જ વાચન-લેખન રેકૉર્ડિંગનું કામ એમણે એકલે હાથે ઉપાડી લીધું હતું. ઉપરાંત મારું પ્રાધ્યાપક તરીકેનું કામ તો હતું જ, જેમાં પણ મારા લેક્ચરો તૈયાર કરવા માટે મારે જે વાચન-લેખન-રેકૉર્ડિંગ કરાવવું પડ્યું તે પણ તેમણે જ કર્યું છે. શિક્ષણક્ષેત્રની ઉચ્ચતમ ડિગ્રી મેળવવાનું સ્વપ્ન તો મેં બારમા ધોરણમાં મને અસાધારણ સફળતા મળી ત્યારથી જ સેવ્યું હતું, પરંતુ તે વેળા કોઈ સ્પષ્ટ ખયાલ ન હતો કે એ માટે કેટલો પરિશ્રમ કરવો પડશે. મારા એ સ્વપ્નને સાકાર કરવામાં, એનું નક્કર હકીકતમાં રૂપાંતર કરવામાં સૂડીવાળાએ અતિ મહત્ત્વનો ફાળો આપ્યો છે, અને તેથી હું નિઃસંકોચ કહી શકું છું કે આજે હું જ્યાં પહોંચી છું ત્યાં સુધી પહોંચવામાં મને ઉત્સાહિત કરી સહાય કરવામાં જે જે વ્યક્તિઓએ ભાગ ભજવ્યો છે તેમાં સૂડીવાળાનું વિશિષ્ટ સ્થાન છે.

તેમના આ વિશિષ્ટ સ્થાનના યોગ્ય મૂલ્યાંકન માટે મારે એ હકીકતો પણ નોંધવી જોઈએ કે તેઓ જ્યારે મને પ્રથમ મળ્યા ત્યારે તેમની ઉંમર ૬૬ વર્ષની તો હતી જ અને હાલ ૮૦ વર્ષની છે. નોકરી ચાલુ હતી ત્યારથી જ ૧૯૭૩થી તેઓ ડાયાબીટીઝના દર્દી છે. ઉપરાંત જ્યારે મારી એમ.ફિલની થીસિસ તૈયાર થઈ રહી હતી ત્યારે જ જાન્યુઆરી, ૧૯૯૬માં જણાયું કે તેમને પ્રોસ્ટેટ કૅન્સર છે. આ હકીકતે મને અસહ્ય આઘાત પહોંચાડ્યો હતો, અને જીવનમાં ક્યારેય ન કરી હોય એવી આર્જવતાભરી પ્રાર્થના તે વેળા મેં તેમની પુનઃ સ્વાસ્થ્યપ્રાપ્તિ માટે કરી હતી. એપ્રિલ ૧૯૯૬માં તેમનું કૅન્સર અંગેનું ઑપરેશન થયું અને પ્રભુકૃપાથી તેઓ આજે ય બંને રોગને શરીરમાં સંઘરીને પણ એટલા જ સક્રિય છે એમ કહું તો અતિશયોક્તિ નથી કે તેઓ મારા જીવનનો એક અગત્યનો ભાગ બની ગયા છે.

પીએચ.ડી. થઈ ગયા પછી ય અમારું સહવાચન અને ચર્ચાઓ કરવાનું વણથંભ્યું જ રહ્યું છે, અને મારું વાચનનું ફલક પણ વિસ્તર્યું છે, કારણ કે હવે તેને અભ્યાસલક્ષી ચોકઠામાં પૂરી રાખવું જરૂરી નથી.

દૃષ્ટિ ગુમાવ્યા પછી સ્વસ્થતા અને પરિપક્વતા કેળવ્યા બાદ મેં થોડા નિર્ધાર કર્યા જે જીવનમાં સફળતા મેળવવા માટે પાયારૂપ બન્યા. મેં વિચાર્યું કે મારે કોઈ પણ રીતે આર્થિક સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવી છે, અને તે માટે મારે આ ગળાકાપ હરીફાઈના યુગમાં સામાન્ય, શારીરિક ક્ષતિવિનાની, વ્યક્તિઓ સાથે આગવું સ્થાન પ્રાપ્ત કરવાનું છે; અને તે ત્યારે જ શક્ય બને કે જ્યારે હું એક અસાધારણ કાર્યસિદ્ધિ કરી બતાવું. આ દિશામાં આગળ વધવા માટે મારે જે તીવ્ર સંઘર્ષ કરવો પડ્યો તેની વિગતોમાં ઉતરવાનો આ પ્રસંગ નથી, પરંતુ જ્યારે જ્યારે એ સંઘર્ષ અસહ્ય બનતો લાગ્યો ત્યારે ત્યારે મેં એ વિચાર સાથે તેનો સામનો કર્યો કે જો હું આ સમયને હિંમતપૂર્વક પસાર કરી જઈશ તો પછી સફળતા બહુ દૂર નથી.

એક વાત મને સમજાઈ છે કે કોઈએ પણ આનંદી સ્વભાવ કેળવવો હોય, જીવનમાં જીવંતતા લાવવી હોય તો બે વાત બહુ જરૂરી છે : એક તો ઈશ્વરમાં અપાર શ્રદ્ધા અને બીજી માનવીય સંબંધો વિકસાવવાની અને જાળવવાની શક્તિ. ઈશ્વમાં શ્રદ્ધા કેળવવી એ તો મનુષ્યના પોતાના હાથની જ વાત હોય છે, એમાં એને બીજું કોઈ કંઈ મદદ ભાગ્યે જ કરી શકે. માનવીય સંબંધો વિષે હું એમ માનું છું કે જો તમે પ્રામાણિકપણે વધુ આપીને ઓછું લેવાના પ્રયત્નો કરો તો મીઠા અને આનંદિત સંબંધો સ્થાપી શકો. મને પોતાને ઈશ્વરમાં અપાર શ્રદ્ધા છે જ, અને મીઠા સંબંધો કેળવવા માટે મેં સભાનપણે કરેલા પ્રયત્નોને લીધે હું ખુશનુમા સ્વભાવ કેળવી શકી છું એમ મને લાગે છે. ☐

ફિલ્માકાશ-૪૪

ન્યૂ થીએટર્સની ફિલ્મોની સાહિત્યિક ગુણવત્તા અને એને વફાદાર તેની ટીમ

રજનીકુમાર પંડ્યા

સબળ સંગીતકાર (પંકજ મલિક) હોવા છતાં સબળ સંગીત નહોતું, ને છતાં ફિલ્મ 'બડી દીદી' સફળ રહી તેથી પંકજ મલિકને તે સાલ (૧૯૩૯) પૂરતા નિષ્ફળ સંગીતકાર માની લેવાની જરૂર નથી. તેમના સંગીતબદ્ધ કરેલાં અને તેમનાં જ ગાયેલાં ચિરસ્મરણીય હોય અને ચિરસ્મરણીય રહેવા સર્જાયેલાં ગીત 'પિયામિલન કો જાના' ગીત જે ફિલ્મમાં હતું તે ફિલ્મ 'કપાલકુંડલા' આ જ વર્ષમાં આવી અને એના દિલના તારેતારને ઝંકૃત કરી દેતાં પાર્શ્વસંગીત અને સંગીતે આખા ભારતને મદહોશીમાં નાખી દીધું. ફિલ્મ ચાલી તેમાં વાર્તા કરતાં પણ વિશેષ એના સંગીતનો ફાળો હતો તેમ વિવાદ વગર કહી શકાય. ભારતીય ફિલ્મોના સંગીતના ઇતિહાસમાં 'પિયા મિલન કો જાના' ગીતના માનવસ્વરને બદલે વાયોલિન-પિયાનો પર વાદનની રેકૉર્ડ કોલમ્બિયા રેકૉર્ડ કંપનીએ બહાર પાડી. (અલબત્ત, તેની પાછળ સોહરાબ મોદીના 'પુકાર'ના વાદ્યસંગીતનું રેકૉર્ડિંગ હતું. પણ રેકૉર્ડનું જે રેકૉર્ડબ્રેક વેચાણ થયું તે 'કપાલકુંડલા'ના ગીતને લીધે જ તેમ તે સમયની ટ્રેડપત્રિકા નોંધે છે.)

અલબત્ત, અહીં પણ એક વાત વિશેષ લક્ષમાં લેવી જોઈએ કે આ ફિલ્મનું જે ગીત વિખ્યાત થયું તે પણ પંકજ મલિકનું જ ગાયેલું હતું, ને તેના શબ્દો હતાઃ 'યું દર્દ ભરે દિલ કી આવાઝ સૂનાયેંગે' પારંપરિક ગઝલની ગાયકીના સંસ્પર્શ સાથેનું આ ગીત આરઝૂ લખનવીએ લખ્યું હતું. ને 'પિયામિલન કો જાના' પણ આરઝૂ લખનવીએ જ લખ્યું હતું. એ સિવાયનાં ગીતો 'શોર'નાં લખેલાં હતાં, પણ એ કોણે કોણે ગાયાં છે તેની માહિતી ઉપલબ્ધ નથી. વળી, એ ગીતો બહુ લોકપ્રિય પણ થયાં નહીં. એટલે ખરી રીતે કહેવું હોય તો પંકજ મલિકનાં આ બે જ ગીતોએ ફિલ્મને તારી દીધી હોય એમ કહી શકાય.

૧૯૫૭ની સાલમાં અમદાવાદના નૉવેલ્ટિ સિનેમામાં આ ફિલ્મ 'રી-રન'માં જોયાનું આછું સ્મરણ મને છે ને એના આધારે એ ગીત ખુદ પંકજ મલિક ઉપર જ ચિત્રાંકિત થયું હતું એમ કહી શકું. એની સામે કોઈ નર્તકી નૃત્ય કરતી કરતી (કદાચ કમલેશકુમારી) એ ગીતને અનુરૂપ નજાકતભર્યો આંગિક અભિનય કરતી હતી તેનું પણ થોડું સ્મરણ છે. અલબત્ત, હવે કદાચ તે ફિલ્મની પ્રિન્ટ ઉપલબ્ધ નથી. આ ફિલ્મમાં પંકજ મલિક નાયક નહોતા. નાયક હતા બૉમ્બે ટૉકીઝ ફેમ નઝમલ હુસેન, જે એકદમ સોહામણા હતા. (પાછળથી દેવકારાણી તેમના જ મોહપાશમાં બંધાઈને ગૃહત્યાગ કરીને ચાલી ગયાં હતાં, અને એ કારણે જ હિમાંશુ રાય પાગલ જેવા થઈ ગયા હતા અને એ નઝમલ હુસેનની ગેરહાજરીના કારણે જ લૅબોરેટરી આસિસ્ટંટ કુમુદલાલ ગાંગુલી મશહૂર સ્ટાર અશોકકુમાર બન્યા - આ આડવાત છે.) 'કપાલકુંડલા'ની નાયિકા લીલા દેસાઈ હતાં ને તે ગુજરાતનાં હતા તે આગળનાં પ્રકરણોમાં આવી ગયું છે.

ફિલ્મવિવેચકો આ ફિલ્મની સફળતાનો યશ સંગીત કરતા વધુ તો ફણી મજમુદારના દિગ્દર્શનને આપતા હતા. એમની વાતમાં પ્રમાણભૂતતા હતી. ૧૯૧૨ની અઠ્ઠાવીસીમી ડિસેમ્બરે હાલના બાંગ્લાદેશના ખાંદારપીંડા ગામમાં ઉચ્ચ કુટુંબમાં જન્મેલા ફણી મજુમદારે માત્ર છવ્વીસ વર્ષની વયે ન્યૂ થીએટર્સની 'સ્ટ્રીટસિંગર'નું દિગ્દર્શન કરીને પોતાનો સિક્કો જમાવી દીધો હતો. નહીં તો આમ તો એ એક જમાનામાં પી. સી. બરુઆના સ્ટેનોટાઈપિસ્ટ હતા અને એથી ય પહેલા જ્યારે ભીડ પડી ત્યારે કલકત્તાની મહાનગર પાલિકાના સડકવિભાગમાં સ્ટીમ રોલર ડ્રાઈવરની જગ્યા માટેના ઉત્સુક ઉમેદવાર હતા! પણ નસીબે એમના દ્વારા 'સ્ટ્રીટસિંગર' (૧૯૩૮)નું સર્જન કરાવ્યું હતું. આ 'કપાલકુંડલા'ની ચૅલેન્જ પણ બી. એન. સરકાર પાસે એમણે ઉપાડી. બી. એન. સરકાર કે જે ન્યૂ થીએટર્સના કર્તાહર્તા હતા તેઓ પોતાના દિગ્દર્શકોને કાયમ કહેતા કે તમે ફિલ્મ ચાલશે કે નહીં તેની ચિંતા કર્યા વગર 'સારી' ફિલ્મ બનાવવામાં જ તમારો પ્રાણ રેડજો. 'કપાલકુંડલા'ની વાર્તા (વંદેમાતરમ્ ફેમ) બંકિમચંદ્ર ચૅટરજીની લખેલી હતી જેને બંગાળીમાં ઋષિના બહુમાનભર્યા નામે ઓળખવામાં આવતા હતા. આ વાર્તા અસામાન્ય એટલા માટે હતી કે તે કોઈ સામાજિક કથા નહોતી બલકે મહાકાલી દેવીના વામમાર્ગી ઉપાસકો અને માનવબલીની પરંપરાને અનુસરનારા કાપાલિકોના પંથની ગૂઢ ગતિવિધિઓને આલેખતી કથા હતી, જેમાં સહજ માનવીય ભાવોના આટાપાટાને ગૂંથી લેવામાં આવ્યા હતા. આ બધી વસ્તુ સામાન્ય જનસમાજને 'હજમ' થાય એ પ્રકારની નહોતી. વળી, બંકીમબાબુ પણ પોતાની વાર્તા સાથે લેશમાત્ર અડપલાં થાય તો તે માન્ય રાખે તેવા નહોતા. એટલે ફણી મજુમદાર માટે આ ચૅલેંજ જ હતી.

પણ એમણે એ ચૅલેંજ ઉપાડી અને સફળતાપૂર્વક પાર પણ પાડી બતાવી. બી. એન. સરકાર એમના ઉપર એટલા બધા પ્રસન્ન થયા કે આગળ ઉપર 'ડૉક્ટર' (૧૯૪૧) (બંગાળી આવૃત્તિ)નું દિગ્દર્શન તો ઠીક, પણ એક પંજાબી ભાષાની ન્યૂ થીએટર્સની ફિલ્મ 'ચમ્બે દી કલી'નું દિગ્દર્શન પણ એમને હવાલે કર્યું. પણ એની વાત આગલા પ્રકરણોમાં આવશે.



૧૯૩૯ની મશહૂર અભિનેત્રી હીરાબાઈ પોળમાં સમોસા વાળતાં હતા ત્યારની તસવીર

*

'કપાલકુંડલા' ફિલ્મમાં, પંકજ મલિક [illegible] સાથે



૧૯૩૯ની સાલમાં ન્યૂ થીએટર્સની બીજી બે સુંદર ફિલ્મો રજૂ થઈ, એમાંની એક તે 'જવાની કી રાતેં' અને બીજી તે 'સપેરા'.

'કપાલકુંડલા'ના અમર ગીત 'પિયા મિલન કો જાના'ની માફક 'જવાની કી રાતેં'ને પણ લોકો કાનનદેવીના ગાયેલા અવિસ્મરણીય ગીત 'ચલી પવન હરસોં, લહક રહી સરસોં, ભોર નઈ જાગી રે'થી યુગો સુધી કરશે. એવું જ એક એમનું ગાયેલું મીઠું ગીત 'લૂટ લીયો મન ધીરે' હતું. હકીકતે નાયિકા-ગાયિકા કાનનદેવીનાં ગાયેલાં કુલ ચાર ગીતો આ ફિલ્મોમાં હતાં. સંગીતકાર રામચંદ્ર બોરાલે એ બધાને જ મધુર લચકતા લયમાં ઢાળ્યાં હતાં. પણ ઉપલાં બે વિશેષરૂપે લોકકંઠે ચડ્યાં. શબ્દો, બેશક, આરઝૂ લખનવીના હતા. આ ફિલ્મમાં પણ સોહામણા નજુમલ હુસેન નાયક હતા. ઉપરાંત વિક્રમ કપૂર સહિતની ન્યૂ થીએટર્સની આખી પગારપત્રક પરની મંડળી હતી. પણ એમાં એક નામનો વિશેષ રૂપે ઉલ્લેખ કરું છું. ને તે કાઠિયાવાડી સુંદર હીરાબાઈનો. આ હીરાબાઈ સાથેના મારા તેમને અગ્નિદાહ આપવા સુધીના અંગત ઋણાનુબંધનો ઉલ્લેખ મેં આ જ લેખમાળાના અગાઉના એક પ્રકરણમાં વિગતે કર્યો હોઈ અહીં વિસ્તૃત સંદર્ભ આપવાનું ટાળું છું. આ ફિલ્મના નિર્દેશક હેમચંદ્ર હતા. આ એ જ હેમચંદ્ર કે જે એક સમયે 'પૂજારીન' (૧૯૩૬)ના દિગ્દર્શક પ્રફુલ્લ રૉયના મદદનીશ રહ્યા હતા ને તેમણે પોતે પણ તે જ વર્ષમાં 'કરોડપતિ' જેવી સાયગલને ચમકાવતી હાસ્યરસપ્રધાન ફિલ્મનું નિર્દેશન કર્યું હતું. હકીકતે હેમચંદ્રમાં હાસ્યરસ નિપજાવવાની સહજ કલા હતી, જે તેમણે 'કરોડપતિ'માં બહુ સારી રીતે બતાવી આપી હતી. પણ તેમ છતાં ય તેમણે ન્યૂ થીએટર્સે સોંપેલી ગંભીર વાતાવરણની ફિલ્મો 'અનાથ આશ્રમ' (૧૯૩૬) અને 'જવાની કી રાત'નું દિગ્દર્શન બહુ સફળ રીતે કરી બતાવ્યું.

રણજિત સેનની લખેલી આ ફિલ્મની વાર્તા આમ તો સાવ સામાન્ય હતી. ભોળાનાથ (જગદીશ સેઠી) નામના એક ખ્યાતનામ વકીલ અનીતા (કાનનદેવી) નામની છોકરીને દત્તક લઈને મોટી કરે છે અને એ જ તેના પુત્ર દિલીપ (નજમલ)ના પ્રેમમાં પડે છે. સંબંધોની માયાજાળમાં આ ફિલ્મનો કથાપ્રવાહ અટવાય છે. અને અંતે ભોળાનાથના દેહાંત સાથે સૌ સારાં વાનાં થાય છે. આ શિથિલ પ્રવાહની વાર્તાની માવજત દિગ્દર્શકે સારી રીતે કરી અને ફિલ્મ ઠીક ઠીક સફળતાને વરી.

ન્યૂ થીએટર્સની ફિલ્મોની છાપ માત્ર તેની ગુણવત્તાને કારણે જ નહીં પણ વિષય-વૈવિધ્યને કારણે પણ સુદૃઢ બની રહી હતી. બૉમ્બેની ફિલ્મોની સામેની તેની સરસાઈને ઘણા પ્રાદેશિક (બંગાળ-મુંબઈ) સ્પર્ધાનું સ્વરૂપ આપતા હતા, પરંતુ તે દૃષ્ટિકોણ સાચો નહોતો. 'ફિલ્મ ઈન્ડિયા' જેવા 'ભારાડી' ગણાય તેવા આખાબોલા ફિલ્મ સામયિકના તંત્રી બાબુરાવ પટેલ ખુદ મહારાષ્ટ્રિયન હતા. છતાં મહારાષ્ટ્રિયન નિર્માતાઓએ ફેલાવેલી આ માન્યતાને તેમણે પોતાના સામયિકમાં આવા શબ્દોમાં રદિયો આપ્યો હતો; 'ના, આ લેશમાત્ર પ્રાદેશિકતાના પાયાવાળી સ્પર્ધા નથી. એક તરફ સફળતાનાં અનેક જ્વલંત શિખરોવાળું (બંગાળ) છે તો બીજી તરફ સમગ્ર ભારતના બધા જ પ્રદેશના નિર્માતાઓનું એમના કરતા ઊતરતી કક્ષાનું ઝુંડ છે. પછી તે મહારાષ્ટ્ર, કલકત્તા કે પંજાબીઓનું બનેલું હોય. આ સ્પર્ધા એ જથ્થાની સામે ગુણવત્તાની સ્પર્ધા છે.' બીજા કેટલાક વિવેચકોએ લખ્યું કે, 'ન્યૂ થીએટર્સનો ફિલ્મો એ તો સમાજનો અરીસો છે. એની સફળતાનું રહસ્ય એની સૌંદર્યબુદ્ધિ અને વ્યાપારી બુદ્ધિ વચ્ચેની અદ્ભુત સમતુલાનાં સચવાયેલું છે. બીજા નિર્માતાઓએ એની સ્પર્ધા કરવી હશે તો સામાજિક ભેદભાવ અને પરંપરાવાદીતાવાળા કથાવસ્તુઓમાંથી બહાર આવવું પડશે.'

એક તરફ 'કપાલકુંડલા' જેવી કાપાલિકોની રહસ્યમય દુનિયામાં જન્મ લેતી પ્રેમકથાનું નિરૂપણ કરતી સુંદર યાદગાર ગીતોવાળી ફિલ્મ તો બીજી તરફ એ જ વર્ષ ૧૯૩૯માં આવેલી કાનનદેવીના ભાવપૂર્ણ અભિનયવાળી ફિલ્મ 'સપેરા'. મદારી એ એક રખડતી-ભટકતી પ્રકારની જાતિ છે અને તે સૃષ્ટિની પશ્ચાદ્ભૂમાં ફિલ્મ બનાવવા જતા સામાન્ય જાદુઈ, સ્ટંટ કે પોષાકચિત્રમાં સરી પડવાનું ભયસ્થાન રહે કે જે વર્ષો પછી ફિલ્મીસ્તાનની 'નાગીન' (૧૯૫૪) કે 'મદારી' (૧૯૫૯)માં

બન્યું હતું. પણ આ ૧૯૩૯ની ન્યૂ થીએટર્સની 'સપેરા'માં આમ ના બન્યું; કારણ કે તે આમ કમર્શ્યલ નિર્માણ હોવા છતાં દેવકી બોઝ જેવા દિગ્દર્શક અને રાયચંદ બોરાલ જેવા સંગીત નિર્દેશકોની સર્જનાત્મકતાનું સુફળ હતી. વળી, સૌથી મોટી વાત તો એ કે એની વાર્તા કાઝી નઝરુલ ઇસ્લામ જેવા દિગ્ગજ સાહિત્યકારની હતી, જેમણે મદારીઓની વિચિત્ર, રહસ્યમય રઝળપાટભરી જિંદગીમાં પ્રાદુર્ભાવ પામતાં પ્રેમ અને ત્યાગ જેવાં માનવીય તત્ત્વોને બહુ કલાત્મક રીતે વાર્તાના વણાટમાં સમરસ કરી દીધાં હતાં. એકેએક પાત્ર નમૂનેદાર અને આગવી આલેખરેખાવાળું બન્યું હતું, જેને કાનનદેવી ઉપરાંત, પૃથ્વીરાજ કપૂર, પહાડી સન્યાલ અને નવાબનો ઉત્કૃષ્ટ અભિનય સાંપડ્યો હતો. કાનનદેવીએ પોતાની આત્મકથા (ગુજરાતી અનુવાદ 'સર્વેને મારા નમસ્કાર' પ્રકાશકો - સંગીત ભવન ટ્રસ્ટ, ઇસ્માઈલ બિલ્ડિંગ, ફલોરા ફાઉન્ટન, મુંબઈ - ૪૦૦૦૦૧)માં એનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. એ ફિલ્મમાં કામ કરતાં પહેલાં બચપણથી જ કાનનદેવીના મનમાં સાપનો ઊંડો ભય પેસી ગયેલો હતો. ને સાપનું નામ પડતાંવેંત તેઓ છળી ઊઠતાં. વિધિની આ પણ વિચિત્રતા જ કે એમને જ આ સર્પકેન્દ્રી ફિલ્મમાં કામ કરવાનું આવ્યું. તેમની તો એ બાબતમાં સખત નામરજી હતી, વિરોધ હતો. પણ આખરે તો તેઓ આજકાલનાં કલાકારો જેવાં નખરાબાજ નહોતાં ને આમ પણ તેઓ ન્યૂ થીએટર્સના પગારદાર કર્મચારી હતાં. જે ભૂમિકા સોંપાય તે તેમણે કરવી જ પડે. આ સંજોગોમાં તેમના મન ઉપર શી વીતતી હતી તેનું યથાર્થ છતાં રમૂજપ્રેરક વર્ણન તેમણે પોતાની આત્મકથામાં કર્યું છે. તેમાંથી કેટલાંક અંશ અહીં યથાતથ ઉતારું છું :

'સપેરા' નાગ અને સાપની ઉપર આધારિત ફિલ્મ છે. નાનપણથી જ મને સાપ તરફ ઘણી ઘૃણા હતી ને એનો ભય પણ ઘણો. (અત્યારની ભાષામાં કહીએ તો ઍલર્જી) સાપને જોતાં જ મને મૂર્છા આવશે એમ લાગતું. મરેલો સાપ તો મારાથી જોયો ન જતો. મેં શરૂઆતથી જ વાંધો લીધેલો ને કહેલું, 'આને માટે બીજું કોઈ પાત્ર ખોળી લો અને એની પાસે અભિનય કરાવો.' પણ દેવકીબાબુની સખત જિદ્દ હતી કે મારે જ એ પાત્રનો અભિનય કરવો. એ વખતે ન્યૂ થીએટર્સમાં માસિક પગારે કામ કરતી. એથી માલિકના આગ્રહને અવગણવાની હામ નહોતી. એથી વિતૃષ્ણા અને કડવાશના રણક્ષેત્રમાં મારે ઊતરવું જ પડ્યું. ખાસ કરીને 'સાપુડે'ના હિન્દી રૂપાંતરની ફિલ્મમાં જેટલો સમય કામ કરવું પડ્યું તેટલો સમય મન પર જે અત્યાચાર કર્યો છે તેનો વિચાર પણ કમકમાટી ઉપજાવે છે.

મારો સાપનો ભય દૂર કરવા માટે દેવકીબાબુ લાકડાના, રબરના, કાગળના, એમ જાતજાતના સાપ બનાવી મારી સામે રાખતા. ક્યારેક શરીર પર એ સાપને છોડી દેતા હોય એવો દેખાવ કરતા, પણ જે સાપની કલ્પના પણ સહન કરી શકે નહિ તેની આગળ રબર અથવા કાગળના સાપ હોય તેથી કશો ફરક પડતો નહિ. સાપનો આકાર નજરે પડતાં જ હું ડરથી સ્ટૂડિઓમાં બેબાકળી બની આમથી તેમ આંટા મારતી ને મારી પાછળપાછળ સાપ હાથમાં લઈને દેવકીબાબુ દોડતા કેટલીય વાર છોકર ખાઈને પડી જતી. હાથપગે ઉઝરડા પડતા. પગ મચકોડાઈ સૂજી જતો. તોય મારો છુટકારો થતો નહિ. આજે પણ એનો વિચાર કરતાં વેદના થાય છે કે નાની વયની ગભરુ, અણસમજુ બાળકી પર કેટલો અત્યાચાર થતો! છતાં આખા સ્ટૂડિઓમાં એ અન્યાયનો પ્રતિવાદ કરનાર અથવા મારે બદલે બીજા કોઈને એ ભૂમિકા માટે પસંદ કરવાનું કહેવા કોઈ તૈયાર થતું નહોતું. એ યુગની નાયિકાઓ એ સમયે એવી અસહાય હતી -

'સપેરા'ના આ હિન્દી સંસ્કરણ સમયે બંગાળીના મનોરંજન ભટ્ટાચાર્યની ભૂમિકામાં એક અબંગાળી કલાકાર હતા. એનો રાક્ષસના જેવો પ્રચંડ ચહેરો હતો, તેવી જ આપણને ચીતરી ચડે એવી તેની ટેવો હતી. તેનો મારા બે ખભા પકડી જોરથી હલાવવાનો અભિનય એક ક્ષીણકાય કિશોરી માટે કેટલો ત્રાસ ઉપજાવનારો હતો, તે તો જેને વીતી હોય તેને જ સમજાય. એ ભાગ કાળો પડી જતો. તોય કંઈ છુટકારો ક્યાં થવાનો હતો? નાયિકાની પાસે આવીને વાત કરતી વખતે એના મોઢામાંથી થૂંક ઊડતું ને મારા મોઢા પર પડતું. દૃશ્ય ઝડપાયા પછી મને ઊલટી થઈ જતી. આખો દિવસ શરીરમાં કળતર રહ્યા કરતી. હું ખાઈ જ શકતી નહિ. આમ, પ્રતિકુળ સંજોગોમાં 'સાપુડે'માં મારે કામ કરવું પડ્યું હતું.

હું કોઈની વિરુદ્ધ ફરિયાદ કરવા માટે આ લખતી નથી. અગાઉ કલાકારને કેવા કપરા સંજોગોમાં કામ કરવું પડતું હતું તે જણાવવા માટે મારે આ ભૂતકાળનો પડદો ખોલવો પડ્યો છે.''

કાનનદેવીના પોતાના આ શબ્દો તેમનો અભિનય એ 'જીવ સટોસટના ખેલ' જેવો હતો તે હકીકતનો પરિચાયક છે. એ સાથે જ એ જમાનામાં કલાકારોમાં એક શિસ્ત લેખે પ્રવર્તતી જડબેસલાક આજ્ઞાંકિતતા ભણી પણ ઈશારો કરે છે. (ક્રમશઃ)

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી


કમલા પરીખ

દરરોજ સાંજે અમે પતિપત્ની ચાલવા નીકળીએ છીએ. અઠવાડિયામાં બે વખત એલ. ડી. આટ્ર્સ કૉલેજના રસ્તે નીકળી જઈએ છીએ. આટલાં વર્ષો બાદ કૉલેજ સાથેનો મારો નાતો યથાવત્ રહ્યો છે. મારું આકર્ષણ મારા પિયરગૃહ જેવી આ કૉલેજનાં દર્શન તે બાજુ જાઉં ત્યારે અચૂક કરું છું. સાંજે ત્યાં ઇન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટીના તથા બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના વર્ગો ચાલે છે તેથી કૉલેજ ખુલ્લી હોય છે. કૉલેજના નવા તથા જૂનાં પટાવાળા મને ઓળખે છે. કૉલેજના મકાનમાં દાખલ થઈ થોડી વાર બેસી, પાછળના દરવાજેથી પાછી ફરું છું. હમણાં થોડા સમય પહેલાં કૉલેજમાં છેક ત્રીજા માળ સુધી આંટો મારી આવી અને જૂનાં સંસ્મરણો યાદદાસ્ત પર છવાઈ ગયાં. કૉલેજકાળ દરમિયાન એસ.વાય.બી.એ.ના સ્પેશ્યલ અંગ્રેજીના વર્ગમાં, રૂમ નં. ૨૭માં ભણાવેલ મૅથ્યુ આર્નલ્ડનું ૮૯૨ લીટીનું કાવ્ય 'સોહરાબ ઍન્ડ રુસ્તમ' યાદ આવી ગયું.આજે પણ આ કાવ્ય વાંચતા લાગણીસભરબની જાઉં છું. તો આ કાવ્ય વિષે થોડી વાત કરી લઉં. પિતાથી છૂટા પડેલા પુત્રની એમાં કથા છે. આર્નલ્ડે કાવ્યને ખૂબ સુંદર રીતે સંવાર્યું છે. આ કાવ્ય ભણાવતાં હું ગળગળી થઈ જતી, એ પ્રસંગ છે સોહરાબ અને રુસ્તમનો છેલ્લો મેળાપ. એમાં પર્શયન હિસ્ટ્રીની વાત છે. નાટ્ય-વક્રોક્તિનો આ સુંદર નમૂનો છે. આર્નોલ્ડનું આ સર્વોત્તમ કાવ્ય છે. તાતર્સ અને પર્શ્યન્સ બંને સર્વોપરી સત્તા માટે ઝંખે છે અને મથે છે. રુસ્તમ સોહરાબની માતા જે અંદર બેજાનના રાજા અફિસિયાની રાજકન્યા હતી તેની સાથે લગ્ન કરી, પત્નીને મૂકી પર્શ્યન લશ્કરમાં જોડાવા ચાલ્યો જાય છે, પણ પોતાનું નામ છુપાવે છે. આ લગ્નના ફલ સ્વરૂપે સોહરાબનો જન્મ થાય છે, પણ પત્નીપતિ રુસ્તમને ખોટા સમાચાર આપે છે કે પુત્રીનો જન્મ થયો છે કારણ તેને ડર છે કે જો તે સાચા સમાચાર આપશે તો બાપ દીકરાને મોટો થતાં યોદ્ધો બનાવવા પોતાની સાથે લઈ જશે. તેનો માતૃપ્રેમ સાચો સંદેશો આપતા તેને અટકાવી દે છે. દીકરો મોટો થતાં તાર્તર લશ્કરમાં જોડાય છે. તે જાણે છે કે તેનો પિતા રુસ્તમ છે. તેને શોધવા માટે તે યુદ્ધ કરવા તૈયાર થાય છે. ઑક્સસ નદીના કિનારે આવેલી યુદ્ધભૂમિ પર લડવા તે લશ્કર સાથે પહોંચી જાય છે. લશ્કરનો મુખ્ય સેનાપતિ પેરન-વિઝા તેને કહે છે કે આનો યુદ્ધમાં જોડાવાનો તે ઈરાદો કંઈક જુદો હોય તેમ લાગે છે, ત્યારે સોહરાબ જણાવે છે કે 'I seek one man, and one alone Rustam my father.' તેને ખાતરી છે કે યુદ્ધના મેદાન પર તેને તેના પિતાનો જરૂરથી ભેટો થશે. કમાન્ડર તેને સમજાવે છે કે રુસ્તમને તેને જોયો નથી તેથી તેને કેવી રીતે તે ઓળખી શકવાનો છે, રુસ્તમને યુદ્ધના મેદાનમાં નહીં પણ શાંતિના સમયમાં શોધવાની તે સોહરાબને સલાહ આપે છે, પણ સોહરાબને ગળે એ વાત ઊતરતી નથી. છેવટે બાપ-દીકરો યુદ્ધભૂમિ પર યુદ્ધ કરવા સામસામે આવી જાય છે. રુસ્તમ પિતાના પ્રિય અશ્વ પર સવાર થયેલો છે. સોહરાબને જોઈ તેને લાગે છે કે તે વયમાં નાનો દેખાય છે અને બહુ કોમળતાથી તેનો ઉછેર થયો હશે તેવું જણાય છે. રુસ્તમના હૈયે દયાનું ઝરણું વહેતું થાય છે અને સોહરાબને તે સમજાવે છે કે તેણે (રુસ્તમે) ઘણાં યુદ્ધો ખેલ્યાં છે અને જીત મેળવી છે. તેથી સોહરાબે યુદ્ધનો એટલે કે મૃત્યુના મુખમાં જવાનો વિચાર પડતો મૂકી પાછા વળવું જોઈએ. તેને રુસ્તમ સમજાવે છે કે તાર્તર સૈન્ય છોડી તેણે પર્શ્યન સૈન્યમાં જોડાવું જોઈએ. કુદરતની આ કેવી કરામત છે કે બાપ-દીકરો એકબીજાને ઓળખતા નથી પણ હૈયામાં સ્વાભાવિકપણે ઉભરાતો પિતૃપ્રેમ આમ પ્રકટ થાય છે! મૅથ્યૂ આર્નલ્ડે આવી બાબતો બતાવવામાં ખૂબ સરસ કૌશલ્ય દાખવ્યું છે. રુસ્તમનાં શબ્દો સાંભળી સોહરાબ ગદ્ગદ્ થઈ જાય છે અને દોડતો રુસ્તમના પગ પકડી લે છે અને પૂછે છે, 'તમે રુસ્તમ તો નથી ને?'



'Art thou not Rustam! Speak! Art thou not he.'

પણ રુસ્તમ જવાબ આપ્યા વગર પાછો ચાલ્યો જાય છે. જો કે પિતાની મમતા તેના મનને વિક્ષુબ્ધ કરી નાખે છે, પણ છેવટે યુદ્ધ શરૂ થાય છે. રૂસ્તમ ભાલો ઉગામે છે, પણ સોહરાબ એકબાજુ કૂદી જઈ નિશાનને નાકામ બનાવી દે છે. ભાલો જમીન પર ભોંકાઈ જાય છે. સોહરાબ સામો ભાલો ફેંકે છે, જે રુસ્તમના બખ્તર પર રણકાર કરતો અથડાઈને નીચે પડી જાય છે. રુસ્તમ એક મજબૂત લાકડી સોહરાબને મારે છે પણ સોહરાબ કૂદકો મારી નિશાનને નિર્બળ બનાવી દે છે એટલું જ નહીં, ત્યારે તું રુસ્તમ છે એ વિચારથી મારો ગુસ્સો શમી જાય છે, પણ લાકડી ફેંકતા રુસ્તમ પોતે જ ભૂમિ પર પડી જાય છે. બરાબર એ જ સમયે સોહરાબ પોતાની તલવાર મ્યાનમાંથી ખેંચી કાઢે છે અને નીચે પડેલા રુસ્તમ પર ઘા કરે છે અને ફરીથી કહે છે કે હું તને જોઉં છું પણ તું રુસ્તમ નથી એ ભગવાનની કૃપા છે. તો તું કોણ છે જે મારા અંતરાત્માને વારંવાર સ્પર્શી જાય છે! તે મને સમજાતું નથી! આ કોઈ ઈશ્વરીય સંકેત હોય તેવું નથી લાગતું શું? આપણે



જ્યાં સોહરાબ અને રુસ્તમ વચ્ચે યુદ્ધ ખેલાયું હતું તેનો નકશો

હથિયારો યુદ્ધભૂમિ પર મૂકી, સંધિ કરી, મિત્ર બની, દારુ પીએ અને ત્યારે તું મને રુસ્તમનાં કાર્યોની વાત કહેજે. આ સંવાદને કાવ્યપંક[illegible]ાર્નલ્ડે કેવી રીતે પ્રકટ કરેલો છે તે જોઈએ :

'[illegible], when I s[illegible] wrath forsakes my soul.
Thou say'st thou art not Rustam : be it so
Who art thou then, that canst so touch my soul.'

જ્યારે સોહરાબ આ પ્રમાણે બોલતો હતો ત્યારે રુસ્તમ જમીન પરથી ઊભો થયો અને ગુસ્સાથી રાતોપીળા તેણે ફરીથી ભાલો ઉપાડ્યો અને બોલ્યો :

'Girl! nimble with thy feet, not with thy hands
Curl'd minion, dancer, coiner of words
Fight, let me hear thy hateful voice no more.'

ઘણાં બધાં મહેણાં સાંભળી સોહરાબ ઉશ્કેરાય છે અને યુદ્ધનો આરંભ થાય છે. કવિએ આની અસર કુદરત પર કેવી પડે છે, તે સરસ રીતે દર્શાવ્યું છે :

'In that unnatural conflict, for a cloud
Grew suddenly in Heaven, and dark'd the sun
Over the fighters heads, and a wind rose
Under their feet, and moaning swept the plain
And in a sandy whirlwind, wrapped the pair.'

કુદરત આ બંને વ્યક્તિઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતી હોય તેવું કવિએ આ પંક્તિઓમાં પ્રકટ કર્યું છે. પૅથટિક ફૅલસિનો આ સુંદર નમૂનો છે.

યુદ્ધ જ્યારે ચરમસીમા પર પહોંચે છે ત્યારે કવિ કેવી રીતે વર્ણન કરે છે! સોહરાબ તલવારથી ઘા કરવા જાય છે ત્યારે

'And Rustam bowed his head, but then the gloom
Grew blacker : thunder rumbled in the air,
And lightening's rent the cloud, and Ruksh, the horse,
Who stood at hand, utterd a dreadful cry.'

આમ, કુદરતમાં પણ જાણે આ બનાવના પ્રત્યાઘાત પડતા હોય તેવું લાગે છે. આ યુદ્ધ દરમિયાન રુસ્તમના મુખમાંથી અચાનક 'રુસ્તમ' શબ્દ બોલાઈ જાય છે અને સોહરાબ ચમકી ઊઠે છે તે પોતાનું બખ્તર કાઢી નાંખી દે છે અને રુસ્તમ એ તકનો લાભ લઈ સોહરાબના પડખામાં ભાલો ભોંકી દે છે. સોહરાબ ઘૂમરી ફરતો જમીન પર પડી જાય છે, તે સમયે કુદરતનો પેલો વિષાદ વિખરાઈ જાય છે, પવન પડી જાય છે, વાદળથી ઢંકાયેલો સૂર્ય ફરીથી પ્રકાશિત થાય છે. વાદળો અદૃશ્ય થાય છે. લોહીઆળ રેતીમાં ઘવાયેલો સોહરાબ રુસ્તમને સહીસલામત ઊભેલો જુએ છે. રુસ્તમ તેને કહે છે કે તું મને મારી નાખી મારા શબને ટ્રોફી જીતી હોય તેમ તારા આફ્રેસિઆબના તંબૂમાં લઈ જવા માગતો હતો અથવા રુસ્તમ પોતે તારી સાથે યુદ્ધ કરવા આવે અને તારી યુક્તિઓથી પ્રભાવિત થઈ અથવા પીગળી જઈ તને જવા દે ત્યારે બધા તાર્તર યજમાનો તારાં વખાણ કરી ખ્યાતિ ફેલાવે એવો તારો ઈરાદો હતો. તદુપરાંત તારો વૃદ્ધ પિતા પણ તારા શૌર્ય અને ચતુરાઈથી વૃદ્ધાવસ્થામાં આનંદ પામે તેવો તારો ઈરાદો બર આવ્યો નહીં. મૂર્ખ, તું એક અણજાણ વ્યક્તિને હાથે હણાયો છે ત્યારે બડાશ મારવી નાકામયાબ છે. મને મારનાર તું નથી પેલો શબ્દ 'રુસ્તમ' છે. આ રુસ્તમ શબ્દ મેં સાંભળ્યો ના હોત તો તારા કેટલાયે સૈનિકોને મેં ઢાળી દીધા હોત. મારો વીર પિતા રુસ્તમ જેને હું શોધી રહ્યો છું તે મારા મૃત્યુનો બદલો તારી પર જરૂર લેશે. આ સાંભળી રુસ્તમનું હૈયું ઘવાય છે અને તે કહે છે કે રુસ્તમને પુત્ર છે જ નહીં અને પ્રત્યુત્તરમાં સોહરાબ જણાવે છે કે એ ખોવાયેલો પુત્ર સોહરાબ હું જ છું એ સમાચાર તને એક દિવસ જાણવા મળશે. પછી સોહરાબ જે બોલે છે તે હૃદયદ્રાવક છે :

'Yet, him I pity not so much, but her
My mother, who in Ader-baijan dwells
With that king, her father -
Her most I pity, who no more will seee
Sohrab returing from the Tartat camp.'

આ શબ્દો બોલી સોહરાબ માતાને યાદ કરી મોટેથી રડી પડે છે. રુસ્તમ વિચારમાં પડી જાય છે. તેની પત્ની રાજાની દીકરી છે, રાજાએ પોતાની એ પુત્રીનાં લગ્ન તેની સાથે કર્યાં હતાં. પોતાની યુવાનીનાં દર્શન રુસ્તમને સોહરાબમાં થાય છે છતાં એ વાત તેના ગળે ઊતરતી નથી. તેથી તે બોલી ઊઠે છે કે રુસ્તમને કોઈ દીકરો છે જ નહીં, તેને ફક્ત એક દીકરી છે જે તેની માતા સાથે રહે છે. આ સાંભળી સોહરાબ ગુસ્સે થઈ જાય છે અને જે પંક્તિઓમાં તે ગુસ્સો પ્રકટ કરે છે તે પંક્તિઓ વીસ વર્ષ પછી આજે પણ મને યાદ છે. ખૂબ લાગણીસભર આ પંક્તિઓ આ પ્રમાણે છે :

'Man who art thou who dost ! deng my words ?
Truth sits upon the lips of dying men.
And falsehood, while I live'd was far from mine.'

તે પિતાને કહે છે કે મારા પિતા રુસ્તમે જે બાળક જન્મે તેના શરીર પર મહોર કોતરાવવાનું કહ્યું હતું. આ સાંભળતાં જ રુસ્તમનો ચહેરો ફિક્કો પડી જાય છે અને સોહરાબને તે સાબિતી બતાવવાનું કહે છે. સોહરાબ પોતાના હાથ પર કોતરાવેલી પેલી મહોર બતાવે છે. એ જોતાંની સાથે જ રુસ્તમ અવાક્ થઈ જાય છે અને જમીન પર ઢળી પડે છે. સોહરાબ ઘસડાતો ઘસડાતો તેની નજીક જાય છે અને તેના ગળે હાથ વીંટાળી તેના હોઠ પર ચુંબન કરી તેના ગાલને થપથપાવે છે. આ સ્પર્શ થતાં રુસ્તમ આંખો ખોલે છે અને બંને હાથથી જમીન પર પડેલી ધૂળ લઈ પોતાના માથા પર નાખે છે. પોતાના વાળ ખેંચે છે, દાઢી ખેંચે છે અને ડૂસકે ચઢેલો પિતા રુસ્તમ તલવાર ખેંચી જીવનનો અંત આણવા જાય છે.

આ દૃશ્યને ચિત્રાત્મક શૈલીથી કવિએ સરસ ઉપસાવ્યું છે. સોહરાબ રુસ્તમનો હાથ પકડી લે છે અને બોલે છે, 'પિતા, વિધાતાએ મારી જન્મકુંડળીમાં આ રીતે આપણો મેળાપ થવાનો છે તેવું લખ્યું હશે એટલે આમાં તમારો વાંક નથી, આ તો વિધિના લેખ છે. જ્યારે આપણે મળ્યા ત્યારે મારું અને તમારું હૃદય સાચી વસ્તુ પામવાની લાગણી અનુભવી રહ્યું હતું. પણ જવા દો એ વાત. પિતાને કહે છે,

'Come, sit beside me on this sand, and take
My head between thy hands, and kiss my cheeks
And wash them, with thy tears and say 'My Son'.'

રુસ્તમને તે વીનવે છે કે જલદી કરો કારણ કે અંતકાળ નજીક આવી રહ્યો છે. વીજળીની જેમ હું આ યુદ્ધભૂમિ પર આવ્યો અને પવનની જેમ જઈ રહ્યો છું, આ બધી કરામત તો પેલા વિધિના લેખની છે. રુસ્તમ રડી પડે છે અને બંને હાથ પુત્રના ગળાની આસપાસ વીંટાળી દે છે, પુત્રને ચુંબન કરી છૂટા મનથી રડી પડે છે. બંને તરફ ઊભેલાં સૈન્યો આ દૃશ્ય જોતાં ઊભાં રહી જાય છે અને રુસ્તમનો પેલો ઘોડો રુકશ કેવો પ્રતિભાવ આપે છે તે નીચેની પંક્તિઓમાં દર્શાવ્યું છે :

'Ruksh, the horse,
With his head bowing to the ground, and mane
Sweeping the dust, came near, and in mute woe
First to the one then to the other mov'd
His head, as if enquiring what their grief
Might mean, and from his dark, compassionate eyes
The big warm tears roll'd down, and caked the sand.'

તેને રડતો જોઈ રુસ્તમ તેને ઠપકો આપે છે કે શા માટે તે આ યુદ્ધભૂમિ પર તેને (રુસ્તમને) લઈ આવ્યો? અહીં લાવતાં પહેલાં તારા પગના સાંધા નબળા અને નકામા કેમ ના થઈ ગયા? સોહરાબ ઘોડાને જુએ છે અને બોલે છે :

'Is this then Ruksh? How often in past days,
My mother told me of thee, thou brave steed?
My terrible father's terrible horse
Come let me lay my hand upon thy mane,
O Ruksh, thou art more fortunate than I :
For thou hast gone where I shall never go,
And snuff'd the breezes of my father's home.'

ઘોડાને વિનંતી કરે છે કે મારા પિતા રુસ્તમને તું બરાબર સાચવીશ ને? નદીના કિનારે આ શબ્દો બોલતો સોહરાબ છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે. જ્યારે રુસ્તમ મરવાની ઈચ્છા પ્રકટ કરે છે ત્યારે તે કહે છે,

'Desire not that my father, thou must live,
For some are born to do great deeds, and live,
As some are born to be obscured and die
Do thou the deeds I die too young to do,
And reap a second glory in thine age
Thou art my father and thy gain is mine.'

મનની કેટલી મહાનતા છે આ દીકરામાં તે સ્પષ્ટપણે આ પંક્તિઓમાં પ્રકટ થાય છે. તે પોતાની સાથે આવેલા લશ્કરને સહીસલામત પાછા જવા દેવાની વિનંતી કરે છે, કારણ કે તેમાં લશ્કરના યોદ્ધાઓનો કોઈ દોષ નથી પરંતુ તે પિતાને વિનવે છે કે પોતાને રુસ્તમે સેસ્તાન લઈ જવો અને તેના દાદા ઝાલ, રુસ્તમના મિત્રો બધાએ સાથે મળીને ત્યાંની સુંદર ધરતીમાં તેને દફનાવવો અને તેની કબર રચી એક ખાંભી ખોડાવવી, જેની ઉપર આવો મૃત્યુલેખ લખાવવો :

'Sohrab, the mighty Rustum's son lies there
Whom his great father did in ignorance kill -
And I be og forgotten in my grave.'

સોહરાબના આ શબ્દોમાં પિતા પ્રત્યેનું સન્માન અને તેમને આશ્વાસન આપવાની મનોવૃત્તિ તો છે જ, પણ એથી વિશેષ તો પોતાના પ્રારબ્ધમાં મહાન પરાક્રમો કરવાનું સર્જાયું નથી તેનો

(અનુસંધાન પૃ. ૬૬૯ પર)

‘આભારપત્ર’

હાસ્ય

રાજુ કાનાણી

પ્રતિ

તંત્રીશ્રી

નમસ્કાર

સાહેબશ્રી, મને તથા મારા કુટુંબને બરબાદ થતું બચાવી લેવા બદલ આપનો અત્યંત આદરપૂર્વક આભાર.

સાહેબશ્રી, આવું અણકલ્પ્યું વાંચીને અવઢવમાં પડશો નહીં. વિગતે વાત કરું તો વાત જાણે એમ છે કે...

‘આકાશ-પાતાળ વચ્ચે ટીંગાતી આખી ધરતી લખી નાખવાના ઝનૂન સાથે હાથમાં ખુલ્લી કલમ લઈને રઘવાયા થઈ ફરતા આલતું-ફાલતું ફાસફૂસિયાઓ લેખક થઈ શકતા હોય... તો ઈતિહાસ જેવો ઐતિહાસિક વિષય શીખવતો શિક્ષક એવો હું લેખક કેમ ન થઈ શકું?’ આવો વિચારાંકુર ફૂટ્યો ને ક્ષણમાત્રમાં વટવૃક્ષ બની ગયો. ને હું પણ સહુની સાથે ‘ઘાંઘો’ થયો.

અણીદાર કલમને ઘસીને ધારદાર બનાવી, મા ભગવતીને વહારે આવવા આહ્વાન આપ્યું, દિલમાં દુનિયાભરના દુઃખ-દયા પેદાં કર્યાં, પરપીડભંજનભાવનો ભાર વધી જવાથી નાજુક હૈયા માંહેથી ‘ઊના-ઊના નિહાકા’ સાથે છાનાં-છાનાં ડૂસકાં પણ નીકળી આવ્યાં, અજાણતાં જ અચાનક આંખમાં આવેલાં અણમોલ આંસુને નીચે પડતાં પહેલાં જ ડાબા હાથની ‘ટચલી’ આંગળીના ટેરવે ઝીલી લીધું ને, અમસ્થું જ આત્મામાં ઊંડે ઊતરીને દિવ્યદૃષ્ટિથી નિહાળ્યું તો ‘હું મને તુલસીદાસ જેવો જણાયો.’

નવેનવ રસથી તરબોળ, કલાથી ભરપૂર ‘કાવ્ય’ સ્વરૂપે મહાન સાહિત્યનું સર્જન કર્યાના, નહીં જીરવી શકાતા આનંદ સાથે મિત્રો-સ્નેહીઓને મળ્યો, તમામ હિતેચ્છુઓએ સાથે મળીને મને સાત નંબરના ‘નભ’ ઉપર આરૂઢ કર્યો, જ્યાંથી હું સરળતાથી સ્વર્ગ જોઈ શકતો હતો.

ત્યાં ઋષિમુનિઓ સાથે શાસ્ત્રાર્થ કર્યો, ને અંતે મારી ‘અમર કૃતિ-સર્વોત્તમ કૃતિ’ છે તેવું સર્વાનુમતે પ્રતિપાદિત થતાં, મારી અમર કૃતિ સર્વના અત્યાગ્રહે, ‘જનભોગાર્થે’ આપના સુધી પહોંચાડવા રવાના કરી હાથ ખંખેર્યા.

દિવાસ્વપ્નલોકમાં વિહાર કરતા, નિત નવી ‘રચનાઓ’ સ્ફૂરવા લાગી. અંતે આ થોડાક દિવસોમાં જ સાવ સામાન્ય લોકો સાથેનો મારો સંપર્ક છૂટવા લાગ્યો ને હું અસામાન્ય બની ગયો.

મને સામાન્ય લોકમાં પરત ખેંચી જવાના સહુ ના ‘આડકતરા આયોજન’થી અકળાઈને મારો ‘આપઘાત’નો આખરી નિર્ણય લેવાઈ ચૂક્યો હતો. ત્યાં જ... ત્યાં જ.., સાથે બીડેલા જવાબી કાગળમાં આપના હસ્તાક્ષરે આલેખાયેલું બે શબ્દનું બ્રહ્મવાક્ય ‘સાભાર પરત’ વાંચ્યું ને હું ‘આપઘાત’ના મહાપાપમાંથી ઊગરી ગયો.

મને ને મારા પરિવારને બચાવી લેવા બદલ - આપ સાહેબનો, આ આળા બની ગયેલા હૈયાનાં ડૂસકાં સાથેનો આભાર.

લિ.

આપનો વિશ્વાસુ,

?

(સહી અવાચ્ય)

અનુસંધાન) શૈશવથી સંધ્યા સુધી(પૃ. ૬૬૮થી

અફસોસ પણ એટલી કરુણતાથી પ્રકટ થયો છે.

રુસ્તમ તેની વાત કબૂલ કરે છે. શોકસભર અવાજે તે સોહરાબને કહે છે કે તેણે જે કહ્યું છે તે પ્રમાણે તે કરશે. બંને તરફનાં લશ્કરને તે જવા દેશે અને સોહરાબને સેસ્તાન લઈ જઈ તેના (સોહરાબનાં) દાદા ઝાલ સાથે શોક કરશે. તેના કહ્યા મુજબ તેને કબરમાં દફનાવી કબર પર ખાંભી રચી સોહરાબે કહેલા શબ્દો લખશે તેથી આવનાર પેઢી કબરમાં સૂતેલા સોહરાબને ભૂલશે નહીં.

રુસ્તમનો હૃદયવિદારક વિલાપ પણ કેવો પ્રકટ થાય છે! એ કહે છે :

'And I were nothing but a common man.
A poor mean soldier, and without renown;
So thou mightest live too, my son, my son!
Or rather would that I, even I myself,
Might now be lying on this bloody sand,
Near death, and by an igraorant stroke of thine,
Not thou of mine; and I might die not thou;
And Zal might weep above my grave, not thine;'

સોહરાબ રુસ્તમના આ શબ્દો સાંભળીને છેલ્લે સોહરાબના શરીરમાં રુસ્તમ દ્વારા ભોંકાયેલો ભાલો ખેંચી કાઢે છે અને આખરી શ્વાસ છોડે છે, ત્યારે આર્નલ્ડ આને માટે શબ્દો વાપરે છે :

'Unwillingly the spirit fled away.'

આમ, ઍરિસ્ટોટલના સિદ્ધાંત પ્રમાણે ભાગ્ય એ જ કરુણાંતિકાનું સર્જક છે એવી પ્રતીતિ સાથે કાવ્ય પૂરું થાય છે.

(ક્રમશઃ)

હાસ્યકથા

ગાંડા માણસો - ૮

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના આત્મીય મિત્ર સ્વામી ધીરાનંદને તેમના ઘરે ગુરુ ગેબી આશ્રમના સન્યાસી સ્વામી તુલસીઆનંદ ખાસ મળવા ચઢી આવ્યા. એ વખતે અભ્યાસખંડના ટેબલ ઉપર પડેલા એક પુસ્તક ઉપર તેમની નજર પડી. પુસ્તકનું નામ હતું - 'ધ ડાયરી ઑફ એ મૅડ મૅન' તેમણે ઝડપથી પુસ્તક હાથમાં લીધું. કેટલાંક પાનાં ઉપર તેમણે ઊડતી નજર ફેરવી, ને પુસ્તકથી અત્યંત પ્રભાવિત થઈ ગયા.

'મારે આ પુસ્તક વાંચવું જ પડશે. તમે મને આઠેક દિવસ માટે વાંચવા આપી શકો?' સ્વામી તુલસીઆનંદે સ્વામી ધીરાનંદને અનુરોધ કર્યો.

'એમાં શું? ખુશીથી લઈ જાઓ. હું પછી વાંચીશ.' સ્વામી ધીરાનંદે ખુશી વ્યક્ત કરી.

'આવું સુંદર પુસ્તક કેમ તમે હજુ સુધી વાંચ્યું નથી?' સ્વામી તુલસીઆનંદે પૂછ્યું.

'પુસ્તક હાથમાં લઈ, જ્યારે જ્યારે રસપૂર્વક પુસ્તકનાં પાનાં ઉપર મેં નજર ફેરવી છે, ત્યારે ત્યારે પુસ્તકનાં પાનાં કોણ જાણે મને સાવ કોરાં જ જણાયાં છે. બસ, અમ, આ પુસ્તક મારા માટે વાંચવાનું બાકી રહી ગયું છે.' ને હસતાં હસતાં ધીરાનંદે ઉમેર્યું, 'હા, પુસ્તકના પૂંઠા ઉપરનું શીર્ષક વાંચીને હું સ્વયં જાણે ગાંડો થઈ ગયો હોઉં તેવી મને લાગણી થયા કરે છે ખરી!'

'મનેય ક્યાંક તમારા ગાંડપણની અસર તો નહીં થઈ જાય ને?!' ને સ્વામી તુલસીઆનંદ પુસ્તક લઈને બહાર નીકળ્યા.

એ પછી કોણ જાણે સ્વામી તુલસીઆનંદ એ વાત જ સાવ ભૂલી ગયા કે તેઓ સ્વામી ધીરાનંદ પાસેથી કોઈ પુસ્તક વાંચવા લાવ્યા છે. એ જ રીતે સ્વામી ધીરાનંદ પણ એ વાત સાવ ભૂલી ગયા કે તેમણે સ્વામી તુલસીઆનંદને કોઈ પુસ્તક વાંચવા આપ્યું છે. આમ ને આમ પાંચેક વર્ષ પસાર થઈ ગયાં. એક દિવસ અચાનક સ્વામી ધીરાનંદ સ્વામી તુલસીઆનંદ પાસે તેમના આશ્રમે જઈ ચઢ્યા. ત્યાં ટેબલ ઉપર પડેલા પુસ્તક 'ધ ડાયરી ઑફ એ મૅડ મૅન' ઉપર તેમની નજર પડી. પુસ્તક હાથમાં લઈ પાનાં ઉપર નજર ફેરવવા લાગ્યા ને સ્વામી તુલસીઆનંદને અનુરોધ કરતા બોલ્યા, 'બહુ જ સુંદર પુસ્તક છે. મને વાંચવા આપી શકો?'

સ્વામી તુલસીઆનંદને અચાનક યાદ આવી જતું હોય તેમ બોલી ઊઠ્યા, 'અરે, આ પુસ્તક તમારું જ છે, પાંચેક વર્ષ પહેલાં હું તમારી પાસેથી જ વાંચવા લઈ આવેલો. એ વાત જ સાવ મારા મગજમાંથી નીકળી ગયેલી, ને પુસ્તક તમને પરત કરવાનું પણ હું ભૂલી ગયેલો.'

'જ્યારે મેં તમને આ પુસ્તક વાંચવા આપ્યું છે, એ વાત મારા મગજમાંથી સાવ નીકળી ગયેલી! ખેર, હવે હું આ પુસ્તક લઈ જઈ શકું છું?' સ્વામી ધીરાનંદે પૂછ્યું.

'ખુશીથી લઈ જાઓ. પણ પાછું મને વાંચવા તો આપવું જ પડશે. આ પુસ્તક મને એટલું બધું ગમી ગયું છે કે શું વાત કરું! પુસ્તકનું એકાદ પાનું વાંચતાં જ ભાન-સાન ભૂલીને મસ્તીમાં સાવ ગાંડા જ થઈ જતો હોઉં, તેવી જ મને લાગણી થયા કરે છે!'

'પુસ્તકમાં તમને એવી કઈ વાત સ્પર્શી ગઈ છે કે તમે આમ પુસ્તક પાછળ ઘેલા...?'

'એની તો મનેય હજુ સુધી ખબર પડી શકી નથી. વાંચ્યા પછી કંઈ જ યાદ રહેતું નથી. વાંચતા જ ચિત્ત જાણે સાવ કોરા કાગળ જેવું થઈ જાય છે. ને પછી ગાંડા માણસની જેમ સાવ સૂનમૂન બેઠો રહું છું.' પુસ્તકનાં પાનાં ઉપર તરત જ સ્વામી તુલસીઆનંદનું નામ લખી પુસ્તક તેમના હાથમાં મૂકતાં સ્વામી ધીરાનંદ બોલ્યા, 'તમારા ગાંડપણ ઉપર ફિદા ફિદા થઈને હું આ પુસ્તક તમને ભાવપૂર્વક અર્પણ કરું છું. જે ઘટના પાંચ વર્ષ પહેલાં ઘટવી જોઈતી હતી, તે આજે ઘટે છે. એનો પણ મને ખૂબ આનંદ છે.'

કૃતજ્ઞતા વ્યક્ત કરતાં સ્વામી તુલસીઆનંદ બોલ્યા, 'તમે મારા ગાંડપણ ઉપર ફિદા થઈ ગયા, તો હું ફિદા થઈ ગયો છું તમારા શાણપણ ઉપર! સાચું કહું તો મને આ પુસ્તકમાં આપણા ઉભયની ડાયરી વાંચવા મળેલ છે. આપણી જાણ બહાર કોઈએ જાણે આપણી જ ડાયરી ન લખી નાખી હોય! એટલે આ પુસ્તકના નામમાં માત્ર એક અક્ષરનો ફેરફાર કરી હું આ પુસ્તકનું નામ હવે ફેરવી નાખું છું - 'ધ ડાયરી ઑફ ટુ મૅડ મૅન!' ને સ્વામી તુલસીઆનંદ અને સ્વામી ધીરાનંદ ગાંડા માણસની જેમ ખડખડાટ હસી પડ્યા.

પછી સ્વામી તુલસીઆનંદ બોલ્યા, 'હું પણ તમને કંઈક ભેટ આપવા માગું છું. પણ તમને શું ભેટ આપવી એ જ કંઈ મને સમજાતું નથી. તમે મને નિખાલસતાથી આ અંગે સૂચન ન કરી શકો?'

ને હસતાં હસતાં સ્વામી ધીરાનંદ બોલી ઊઠ્યા, 'મને માત્ર તમારું ગાંડપણ જ ભેટ તરીકે આપી દો ને!!'

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

રૉબર્ટ બ્રાઉનિંગ (ચાલુ)

બ્રાઉનિંગની સર્જકતાને પ્રેરનાર અને ગતિ આપનાર મુખ્ય પરિબળ ઈટલીની ભૂમિ હતી. એ ભલે જન્મે અંગ્રેજ હતો છતાં ઈટલી પ્રત્યેનો એનો અનુરાગ અત્યંત ઉત્કટ હતો. એણે ઈટલીને દત્તક લીધું હતું, એવું તેણે એકાદ ઊર્મિકમાં ઈંગિત કર્યું છે. ઈટલી એના અંતરમાં કોતરાઈ ગયું હતું. ઈટલી પ્રત્યેનો એનો લગાવ સાવ નિરાળો, વિશિષ્ટ હતો.



જી. કે. ચેસ્ટરટને એના 'રૉબર્ટ બ્રાઉનિંગ' વિશેના પુસ્તકમાં એક આખું પ્રકરણ ભરીને એની ઈટલી સાથેની આત્મીયતાની વિગતો નોંધી છે. કેટલાંય અંગ્રેજો અને બીજા દેશનાં રસિકજનો ઈટલીના પ્રવાસે જતાં. એનાં શિલ્પસ્થાપત્યકળા, એનું સંગીત, એની સંસ્કૃતિ વિશે અહોભાવ વ્યક્ત કરતાં, પુસ્તકો ય લખતાં, પણ એ બધાંને મન ઈટલી એક મૃતપ્રાય નગરી હતી. બ્રાઉનિંગે ઈટલીને આ રીતે કદી જોયું નહોતું. ઈટલીની આવી અવમાનના તેણે સ્વપ્નેય કરી નહોતી. બ્રાઉનિંગને ચિત્રકળા, શિલ્પ અને સંગીત પ્રત્યે તો અતિશય અભિરુચિ હતી જ અને ઈટલીમાં એ સર્વનો સંગમ તેણે જાણ્યો ને માણ્યો. તેની આ કળાવિષયોની અભિરુચિને વિકસવાની તક મળી. ઈટલીમાં એણે આનંદભર્યા રોમાંચ સાથે એની સભ્યતા, એની પ્રકૃતિ, એની સંસ્કૃતિ માણી. ઈટલીની માત્ર કળામાં નહિ, ઈટલીમાં થઈ ગયેલા મહાન પુરુષોમાં, ઈટલીના રાજકારણમાં, ટૂંકમાં, ઈટલીની સર્વ કોઈ વસ્તુથી તે મોહિત થતો રહ્યો.

ઈલિઝાબેથ બૅરેટ સાથે લગ્ન પછી બંને ઈ.સ. ૧૮૪૬માં પીસા ઊપડી ગયાં અને ત્યાંથી તરત જ ઈટલીની કલાસમૃદ્ધ નગરી ફ્લૉરેન્સમાં પહોંચ્યાં. બંનેએ ઈટલી જાણે પોતાની માતૃભૂમિ હોય તે રીતે તેના પ્રત્યે આત્મીય ભાવ સેવ્યો અને હરેક પ્રકારની રંગત પરસ્પરના સંગતમાં માણી.

ઈટલીની ચિત્રકળા, શિલ્પકળા કે સંગીત પ્રત્યેના જીવંત રસમાંથી તો 'ફ્રા લિપ્પો લિપ્પી' (Fra Lippo Lippi), 'ઍન્ડ્રયા દેલ સાર્તો' (Andrea Del Sarto) અને 'પિક્તર ઈગ્નોતસ' (Pictor Ignotus) જેવી સમર્થ કૃતિઓ ઉદ્‌ભવી. એ બધી કૃતિઓ વિશે અહીં વાત કરવી શક્ય નથી, પણ 'ફ્રા લિપ્પો લિપ્પી'ને બ્રાઉનિંગની ડ્રામેટિક મૉનૉલોગ સર્જવાની લાક્ષણિક કળા સમજવા માટે એક દૃષ્ટાંત રૂપે તપાસીશું. બ્રાઉનિંગના ઈ.સ. ૧૮૫૫માં પ્રકાશિત થયેલા 'મેન ઍન્ડ વુમન'માં એ ડ્રામેટિક મૉનૉલોગ સમાવાયો હતો. એમાં કલા પ્રત્યેના પ્રેમનો જીવનમાં પ્રકટતા પ્રેમ સાથેના આતંરસંબંધનો વિષય રજૂ થયો છે. લિપ્પો લિપ્પી ચર્ચનો પાદરી છે અને એક રાતે કોઈ સુંદરીની પાછળ ઘેલાં કાઢવા પોતાની સીમા બહાર રખડતાં અંગરક્ષકોએ તેની ધરપકડ કરી છે.

લિપ્પો લિપ્પી ભલે પાદરી છે, અનિચ્છાએ એ પાદરીના વ્યવસાયમાં આવી પડેલો છે, પણ એની ખેવના છે કલાની અને પ્રેમની. ફ્લૉરેન્સમાં તેને ચિત્રો આલેખવાની જવાબદારી સોંપી હતી અને જ્યાં સુધી તે ચિત્રો પૂરાં કરે નહિ ત્યાં સુધી તેને એક ખંડમાં નજરકેદ કરવામાં આવ્યો હતો. બચપણમાં તેને ચર્ચમાં ધર્મને લગતાં ચિત્રોના આલેખન માટે રોકી લેવામાં આવ્યો હતો. પણ એને ફરમાયશ પ્રમાણે ચિત્રો કરવાની લગન નહોતી. એને તો નગરની શેરીઓમાંથી મનપસંદ વ્યક્તિ, સ્થળોનાં ચિત્રો આલેખવાં હતાં. એટલે એ ચર્ચમાંથી છટક્યો. શેરીમાંથી ચોકીદારોએ તેને ઝડપી લીધો. એ પછી તેની જે કેફિયત છે તે ઉપર્યુક્ત ડ્રામેટિક મૉનૉલોગમાં રજૂ થઈ છે. ખરેખર તો ફ્રાયર લિપ્પો લિપ્પી સામે કોઈ જ વ્યક્તિ નથી. પણ બ્રાઉનિંગે એવી યોજના કરી છે કે જાણે લિપ્પો લિપ્પી સામે પ્રતિપક્ષ તરફથી આક્ષેપો થઈ રહ્યા છે અને લિપ્પો લિપ્પી તેના જવાબ આપી રહ્યો છે. એ રીતે ફ્રાયર લિપ્પો લિપ્પી એ સ્વગતોક્તિ નથી; કારણ લિપ્પો લિપ્પી એની સામેના આરોપો સાંભળીને એક પળ એક દલીલ દ્વારા ઉત્તર આપતો હોય તેવું તેમાં આયોજન છે એટલે એ 'ડ્રામેટિક મૉનૉલોગ' બની રહે છે.

ઈટલીમાં પુનરુત્થાન સમયમાં થઈ ગયેલા એક ચિત્રકારને પાત્ર તરીકે લઈને એ પાત્ર દ્વારા બ્રાઉનિંગે જીવનમાં કલા અને પ્રેમનો મહિમા પ્રકટ કર્યો છે. ઐતિહાસિક પાત્રને બ્રાઉનિંગે પોતાની પ્રતિભાથી આગવો ઘાટ આપીને એ દ્વારા પોતાનો હૃદયસ્થ ભાવ પ્રકાશિત કર્યો છે. ચર્ચના મુખ્ય પાદરીને ધર્મપ્રેરક અધ્યાત્મને લક્ષ્ય કરે તેવાં ચિત્રો ફ્રાયર પાસેથી જોઈતાં હતાં અને ફ્રાયરને કલામાં કોઈ પણ પ્રકારનાં બંધનનો વિરોધ હતો. એ માનતો હતો કે ચિત્રકલામાં કે સ્થાપત્યમાં આગ્રહ સૌંદર્યનો જ હોવો જોઈએ. કલા કોઈની કહ્યાગરી ન બનવી ઘટે. બ્રાઉનિંગનું આ સમગ્ર નાટ્યાત્મક ઊર્મિક ઈટલીના પુનરુત્થાનકાળના જીવન અને ઈટલીની કળા સાથે સંબંધિત છે. પુનરુત્થાનકાળમાં કલાસ્વાતંત્ર્ય વિશેની ભાવના અને કલાની વસંત બેઠી તેનો પ્રભાવ બ્રાઉનિંગે ઝીલ્યો અને ઉપર્યુક્ત પ્રકારનાં 'ડ્રામેટિક મૉનૉલોગ'

તેની પ્રતિભામાંથી સહજ રીતે પ્રગટ્યો.

'ફ્રા લિપ્પો લિપ્પી'માં કલા વિશેનાં બે પરસ્પર વિરોધી મંતવ્ય દ્વારા સંઘર્ષનું તત્ત્વ રજૂ થયું છે. આ ડ્રામેટિક મૉનૉલોગને બ્રાઉનિંગના જ એ જ વિષયને લગતા બીજા મૉનૉલોગ 'એન્ડ્રિયા દેલ સાર્તો' સાથે સરખાવવા જેવું છે. બંને મૉનૉલોગમાં વાચકોને જાણે એવી પ્રતીતિ થાય છે કે - 'the very heart and get the blood beat of the blooming time of creative art.'

અલબત્ત, 'એન્ડ્રિયા દેલ સાર્તો'ની કથાની રૂપરેખા વસારી (Vasari)ના પુસ્તકમાંથી લેવામાં આવી છે. ફ્રાયર લિપ્પો લિપ્પીના મૉનૉલોગની વિશેષતા એ છે કે એમાં માત્ર લિપ્પો લિપ્પીની પ્રતિભાનું જ નહિ પણ એની સામે આક્ષેપો કરનારા રૂઢિચુસ્ત અધિકારીઓનું ય ચિત્ર ખડું થાય છે. બ્રાઉનિંગની કળાની લાક્ષણિકતા જ આવા મૉનૉલોગમાં છે. ફ્રાયર લિપ્પો લિપ્પી પોતાની સામે જાણે પ્રતિવાદીઓ આરોપની ઝડી વરસાવતા ઊભા હોય તેવી કલ્પનાપૂર્વક એમની સામે દલીલો કરે છે. ફ્રા લિપ્પો લિપ્પીના વક્તવ્યનું એક વિસ્તૃત અવતરણ અહીં ઉતારવાથી બ્રાઉનિંગની લાક્ષણિક કળાનો ખયાલ આવશે:

'What's all about?
To be passed over, despised? or dwelt upon
Wondered at? Oh, this last of course I - your say
But why not do as well say - paint these
Just as they are, careless of what comes out or it!
God's works - paint anyone, and count it crime
To let a truth slip - Don't object 'His works
"Are here already nature is complete:
"Suppose you reproduce her - (which you cann't)
"There is no advantage, you must beat her, then"
For, don't you mark? We're made up so that we love
First when we see them painted, things we have passed
Perhaps a hundred times nor cared to see;
And so they are better, painted-better to us,
Which is the something. Art was given for that:
God uses us to help eachother so,
Lending our minds out. Have you noticed now,
Your cullion's hanging face? A bit of chalk,
And trust me but you should though! How much more
If I drew higher things with the same truth!
That were to take the Prior's pulput-place,
Interpret God to all of you! oh, oh,
It makes me mad to see what men shall to do
And we are in graves!

માનવજીવનમાં રહેલું સૌંદર્ય તમે શા માટે ઉપેક્ષો છો? ઈશ્વરનું ઉત્તમ સર્જન તે માનવ. આપણને તેને માટે અહોભાવ થવો ઘટે. કલાકારની કલાનો વિજય જ એવા મનુષ્યોની દિવ્ય સુંદરતાનાં ચિત્રો આલેખવામાં રહ્યો છે. આપણા કલાવિવેચકો મનુષ્ય અને પ્રકૃતિ જેવાં છે તેવાં નીરખવા રાજી નથી. કલાકારનું કર્તવ્ય છે કે દ્રષ્ટાને સૌંદર્યની સમજ આપવામાં સહાય કરવી.

સમગ્ર અવતરણમાં લિપ્પો લિપ્પીના સ્વરપાત-નાદના આરોહ-અવરોહ, એના આશ્ચર્યો, ઉદ્‌ગારો, એના પ્રશ્નાર્થો, એના કેટલુંક અધ્યાહાર રાખીને વક્તાના ઉચ્ચારાતા શબ્દોનું આયોજન, તળપદા દેશી શબ્દો - આ સર્વ યોજીને બ્રાઉનિંગ અમુક સંજોગોમાં પોતાના પાત્રના ચિત્તની ખળભળેલી અવસ્થા, એના પલટાતા ભાવો વગેરે સૂચવી દે છે. એ રીતે સમગ્ર પાત્ર વાસ્તવિકરૂપે પ્રત્યક્ષ બની રહે છે.

(ક્રમશઃ)

ઍથેન્સ ઑલિમ્પિક્સ હાઈલાઈટ્સ

ડૉ. પી. ડી. શર્મા

★ ૧૦૮ વર્ષ પછી ફરીથી ઍથેન્સને આધુનિક ઑલિમ્પિક્સ યોજવાનું બહુમાન મળ્યું હતું. એમ તો પ્રાચીન ઑલિમ્પિક્સની શરૂઆત પણ ઍથેન્સમાંથી જ થઈ હતી.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં ભારતે ૧૪ રમતોમાં ૭૫ રમતવીરો અને ૪૬ ઓફિશસ્લ (જેમાં ૪૨ રાહબરો અને ૪ ડૉક્ટરો હતા)મોકલ્યા હતા અને ઉદ્‌ઘાટનમાં માર્ચપાસ્ટ દરમિયાન ભારતીય દળના ધ્વજવાહક તરીકે વિશ્વકક્ષાની ઍથ્લિટ અંજુ જ્યોર્જની પસંદગી થઈ હતી.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સ દરમ્યાન આતંકવાદીઓના આક્રમણથી બચવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી અને ૯.૨ મિલ્યન ડૉલર્સ જેટલી જંગી રકમ ખર્ચી હતી.

★ ભારતના કુસ્તીબાજો ઍથેન્સ ઑલિમ્પિક્સમાં સારો દેખાવ કરે તે દૃષ્ટિએ ભારતના કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી સુનીલ દત્તે જાતે સાફો પહેરાવી વિદાય આપી હતી.

★ પ્રાચીન ઑલિમ્પિક્સની પરંપરાઓને તાજી કરવાની દૃષ્ટિએ આ વખતે ઍથેન્સ ઑલિમ્પિક્સમાં વિજેતાઓને ઑલિવ વૃક્ષના પાંદડાંઓનો તાજ પહેરાવીને બહુમાન કરવામાં આવ્યું હતું.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં પહેલી જ વાર પાકિસ્તાનની નવમાં ધોરણમાં ભણતી તેર વર્ષની રન્બા રુકાએ ભાગ લઈ પાકિસ્તાન માટે ઇતિહાસ સર્જયો હતો.

★ ભારતની મહિલા વેઇટ લિફ્ટરો પ્રતિમાકુમારી અને સાનમાઅયાબાનુંનો ડોપિંગ ટેસ્ટ પૉઝિટિવ આવતાં ભારતના માથે કલંક લાગ્યું હતું તેમજ કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી સુનીલ દત્તને ખૂબ જ આઘાત લાગ્યો હતો અને આ બન્ને મહિલા લિફ્ટરોની રજૂઆતને આધારે વેઈટ લિફ્ટિંગના બન્ને કોચને સસ્પેન્ડ કર્યા હતા.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં ભારતના મેજર રાજ્યવર્ધનસિંહ રાઠોરે શૂટિંગમાં રજતચંદ્રક મેળવી ભારત માટે ઇતિહાસ સર્જયો હતો અને જ્યારે તેઓ ભારત પરત આવ્યા ત્યારે નવી દિલ્હીમાં બહુમાન કરવામાં આવ્યું હતું અને આ સિદ્ધિ બદલ રાઠોરને ભારતીય સેન્યના વડા શ્રી એન.સી.વીજે રૂ.૧૦ લાખનો ચેક અર્પણ કર્યો હતો.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં ન્યૂઝીલૅન્ડ દેશ સામેની હારને કારણે ભારતીય હૉકી ટીમ બ્રોન્ઝ મેડલથી પણ વંચિત રહી હતી અને આ રીતે સતત છઠ્ઠી ઑલિમ્પિક્સમાં ભારતીય હૉકી ટીમ ચંદ્રક વગર પરત ફરી હતી!

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં ટેનિસમાં લીએન્ડર પેસ અને મહેશ ભૂપતિની જોડી એશિયાની જોડી મારિયો ઑન્સેક અને ઈવાન લ્યુબિસ્ટિક સામે હારી ગઈ હતી અને આ રીતે ભારતની ટેનિસમાં ચંદ્રક મેળવવાની આશા ફળીભૂત થઇ શકી નહીં.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં ૨૦૨ દેશોના ૧૦, ૫૦૦ ખેલાડીઓએ ૨૮ રમતોમાં ભાગ લઇ ઇતિહાસ સર્જ્યો હતો.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં અમેરિકાએ સ્વીમિંગની અંદર માઇકલ ફૅલ્પસની આગેવાની હેઠળ ખૂબ જ સારો દેખાવ કર્યો હતો અને માઇકલ ફૅલ્પસે પણ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં કોઇ પણ ખેલાડી ગર્વ લઈ શકે તે જાતનો દેખાવ આઠ ચંદ્રકો મેળવીને કર્યો હતો તે સાચા અર્થમાં એક ઐતિહાસિક સિદ્ધિ કહેવાય.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં અમેરિકાની મહિલા જિમ્નાસ્ટિક્સ ટીમના કૅપ્ટન તરીકે ભારતીય મૂળની મોહિની ભારદ્વાજ હતી તે પણ એક યાદગાર બાબત ગણી શકાય.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સમાં ૧૦૦ મીટર દોડની સ્પર્ધા જીતી 'ફાસ્ટેસ્ટ વુમન ઑફ અર્થ' તરીકે બેલારસની પુલિયા નેસ્ટેરેન્કો આવી હતી અને આ રીતે જ 'ફાસ્ટેસ્ટ મૅન ઑફ અર્થ' નું બિરુદ અમેરિકાના જસ્ટિન ગેટલીનને મળ્યું હતું. આ સ્પર્ધા જીત્યા પછી ગેટલીનને એટલું આશ્ચર્ય થયું હતું કે તેઓએ નમન કરી ટ્રૅકને વંદન કર્યં હતાં.

★ ભારતની હેપ્ટાથ્લોનની મહિલા ખેલાડી જે.જે. શોભાએ સખત દુઃખાવા સાથે ૮૦૦ મીટરની દોડ પૂરી કરી ઑલિમ્પિક રમતોત્સવનાં સ્પિરિટને સાર્થક બનાવી અને વિજેતા કરતાં પણ વધુ માન મેળવ્યું હતું.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સને સફળ બનાવવા માટે આયોજકોએ ન કલ્પી શકાય તેટલી જહેમત લીધી હતી અને ઍથેન્સ ઑલિમ્પિક્સને યાદગાર બનાવવા માટે ઍથેન્સ સરકારે વિશેષ સિક્કાઓ પણ બહાર પાડ્યા હતા.

★ અગાઉના ઑલિમ્પિક રમોત્સવની જેમ જ આ વખતે પણ એશિયા ખંડમાંથી ચીન તથા જપાન દેશનાં ખેલાડીઓએ ખૂબ જ સારો દેખાવ કર્યો હતો. ચીન દેશનાં ખેલાડીઓએ જે રીતે આંતરરાષ્ટ્રિય સ્તરે 'ખેલ કૂદની દુનિયા'માં આગેકૂચ



સિટિઅસ - ઑલ્ટિઅસ - ફૉર્ટિઅસ



કરી છે તે ખૂબ જ નોંધપાત્ર બાબત ગણી શકાય તેમ જ ભારત તેમાંથી શીખ પણ લઈ શકે છે.

★ ધાતુના આંતરરાષ્ટ્રિય ભાવમાં વધારો થતાં ઍથેન્સ ઑલિમ્પિક્સના આયોજકોને આ વખતે ફક્ત મૅડલ્સ બનાવવા માટે જ ચાર લાખ ડૉલર જેટલી રકમ ખર્ચ કરવી પડી હતી.

★ રશિયાની મહિલા ઍથ્લિટ યલેના ઈસિન બાખેવાએ મહિલાઓની પોલ વોલ્ટમાં ૪.૯૧ મીટર અંતર કૂદીને નવો વિશ્વ વિક્રમ સ્થાપી ઈતિહાસ સર્જયો હતો અને આ વિશ્વ વિક્રમ સ્થાપિત કરવા બદલ ૫૦, ૦૦૦ ડૉલરનું ઈનામ મેળવ્યું હતું. આશા રાખીએ કે જેવી રીતે પુરુષોમાં રશિયાના જ સર્ગેઇ બુબકાએ પોલવોલ્ટમાં ૩૫ વખત વર્લ્ડ રેકૉર્ડ સ્થાપિત કરી લૅજન્ડ ખેલાડી બન્યો છે અને એવી રીતે જ ભવિષ્યમાં મહિલાઓમાં યલેના ઈસિન બાખેવા લૅજન્ડ ખેલાડી બનશે.

★ ઍથેન્સ ઑલિમ્પિક્સનો ખર્ચ ૧૨.૧ અબજ ડૉલરથી પણ વધુ થવાથી આયોજકો ખૂબ જ ચિન્તિત બન્યા હતા.

★ પુરુષોની ૨૦૦ મીટર દોડમાં ત્રણેય મેડલ અમેરિકાએ જીતીને ૧૯૮૪ બાદ ફરીથી ક્લીન સ્વિપનું પુનરાવર્તન કર્યું હતું

★ ઉદ્‌ઘાટનની જેમ જ ઍથેન્સ ઑલિમ્પિક્સનો ખૂબ જ ભવ્ય સમાપન સમારંભ રહ્યો હતો અને ગ્રીસની ટોચની ગાયિકાઓએ એકસાથે એક જ સ્ટેજ પરથી જીવંત કાર્યક્રમ આપ્યો હતો અને હજારો લાઇટોની ઝગમગાહટ વચ્ચે અઢી લાખ બલુનો આકાશમાં છોડવાંમાં આવ્યાં હતાં. સફળતા પુર્વક આયોજન કરવા બદલ ઍથેન્સ ઑલિમ્પિક્સના આયોજકો સાચા અર્થમાં અભિનંદનના હકદાર છે કહી શકાય કે ઑલિમ્પિક્સ એટલે ઑલિમ્પિક્સ !

ક્રમ	દેશ	સુવર્ણ	રજત	કાંસ્ય	કુલ
૧.	અમેરિકા	૩૪	૩૮	૨૬	૧૦૦
૨.	ચીન	૩૧	૧૭	૧૪	૬૨
૩.	રશિયા	૨૪	૨૬	૩૬	૮૬
૪.	ઑસ્ટ્રેલિયા	૧૭	૧૬	૧૬	૪૯
૫.	જાપાન	૧૫	૧૦	૧૨	૩૭
૬.	જર્મની	૧૪	૧૫	૧૮	૪૭
૭.	ફ્રાન્સ	૧૧	૮	૧૨	૩૧
૮.	ઈટાલી	૯	૧૦	૧૧	૩૦
૯.	ગ્રેટ બ્રિટન	૯	૯	૧૨	૩૦
૧૦.	ક્યુબા	૯	૬	૧૧	૨૬
૧૧.	યુક્રેઈન	૯	૫	૮	૨૨
૧૨.	સાઉથ કોરિયા	૮	૧૨	૯	૨૯
૧૪.	હંગેરી	૮	૬	૩	૧૭
૧૫	ગ્રીસ	૬	૫	૪	૧૫
૧૬.	નોર્વે	૫	૦	૧	૬
૧૭.	નેધરલૅન્ડ	૪	૯	૯	૨૨
૧૮.	સ્વીડન	૪	૧	૨	૭
૧૯.	સ્પેન	૩	૧૧	૫	૧૯
૨૦.	કેનેડા	૩	૬	૩	૧૨
૬૫.	ભારત	૦	૧	૦	૧

ભારત,હોંગકોંગ,પારગ્વે અને સાર્બિયા તથા મોન્ટેનેગ્રો સામે સંયુક્તપણે ૬૫મા ક્રમે

અતીતમાં અવગાહન

ઑગસ્ટની તવારીખ

તા. ૧ શ્રી વી. કે. કૃષ્ણમેનનની હિંદના લંડન ખાતેના હાઈ કમિશનર તરીકે નિમણૂક થઈ; ■ સંયુક્ત રાષ્ટ્રસંઘે ઇન્ડોનેશિયાના પ્રશ્નમાં ઝડપી દરમ્યાનગીરી કરી.

તા. ૭ પૂર્વ બંગાળમાં ઢેની તથા બેરીસાલના વિભાગમાં પૂરથી જાનમાલને ભારે નુકસાન.

તા. ૧૦ મૈસુર, કોલ્હાપુર તથા જમ્મુ રાજ્યોનું જૂથ હિંદી સંઘમાં જોડાયું.

તા. ૧૨ જૂનાગઢ પાકિસ્તાનમાં જોડાયું. ■ હિંદના વડા ન્યાયમૂર્તિ તરીકે સર હરિલાલ જેકીસનદાસ કણિયા નિમાયા.

તા. ૧૩ હૈદ્રાબાદ તથા કાશ્મીરે કોઈ સંઘમાં નહિ જોડાતાં સ્વતંત્ર રહેવાનો નિર્ણય કર્યો.

તા. ૧૪ આઝાદ હિંદના નવા પ્રધાનમંડળની જાહેરાત. રાતના બાર વાગ્યે હિંદે સંપૂર્ણ સત્તા ધારણ કર્યાનો ભવ્ય વિધિ થયો. આમ દોઢસો વર્ષથી ગુલામ બનેલું હિંદ સ્વતંત્ર બન્યું. ■ ઇંદોર હિંદી સંઘમાં જોડાયું.

તા. ૧૫ હિંદનો સ્વાતંત્ર્યદિન. દેશભરમાં ખૂબ ધામધૂમથી સ્વાતંત્ર્યોત્સવ ઊજવાયો.

તા. ૧૬ અત્યાર સુધી પરદેશમાં રહેલા હિંદના નામીચા ક્રાંતિકારી નેતા સરદાર અજીતસિંહનું ઇટલીથી હિંદ પાછા ફર્યા બાદ હૃદય બંધ પડી જવાથી અવસાન.

તા. ૧૭ પંજાબ અને બંગાળની સરહદ નક્કી કરવા નીમેલા સીમા કમિશનનો સર સિરિલ રેડક્લિફે આપેલો ચુકાદો બહાર પડ્યો.

તા. ૧૮ ભોપાળ હિંદી સંઘમાં જોડાયું. ■ મુંબઈ હાઈકોર્ટના માજી ન્યાયાધીશ ને યુનિવર્સિટીના માજી કુલગુરુ [illegible] વાડિયાનું મૃત્યુ.

તા. ૨૦ ડૉ. એમ. એ. રઉફની બર્મા ખાતેના હિંદના હાઈ કમિશનર તરીકે નિમણૂક. ■ પોતાની ભીષણ આર્થિક કટોકટીને પહોંચી વળવા ઇંગ્લૅન્ડે આજથી પાઉન્ડને ડૉલરમાં ફેરવવાની મના કરી.

તા. ૨૨ સરહદ પ્રાંતના કૉંગ્રેસવાદી પ્રધાનમંડળને બરતરફ કરી ગવર્નર કનિંગહામે મુસ્લિમ લીગને પ્રધાનમંડળ સ્થાપવા આમંત્રી.

તા. ૨૫ નેપાળમાં હિંદના એલચી તરીકે સરદાર સુરજિતસિંહજી નીમાયા.

તા. ૨૬ પંજાબમાં ખૂબ મોટા પાયા પર તોફાનો શરૂ થયાં, જેને પરિણામે હજારો માર્યા ગયા, લાખોએ હિજરત કરી.

તા. ૨૭ હિંદી સંઘની લોકસભામાં અલગ મતાધિકાર રદ કરવામાં આવ્યો.

તા. ૨૯ કોચીન રાજ્યે પ્રજાને સંપૂર્ણ જવાબદાર રાજતંત્ર આપવાની પહેલ કરી.

[illegible] (સપ્ટેમ્બર ૧૯૪૭)

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૧ જાપાનમાં જગતનો સૌથી ભીષણ ગણાયેલો ધરતીકંપ થયો, જેમાં સંખ્યાતીત જાનમાલની ખુવારી સાથે ટોકિયો ને યોકોહામા બે મોટાં શહેરો જમીનદોસ્ત થયાં, ૧૯૨૩.

તા. ૨ પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્કે હિંદમાં સૌ પ્રથમ કારખાનું સ્થાપ્યું, ૧૫૦૩.

તા. ૧૦ હૈદરઅલીએ કર્નલ બેલીની સરદારી હેઠળની અંગ્રેજ ટુકડીને કેદ કરી, ૧૭૮૦.

તા. ૧૨ શિકાગોની સર્વધર્મપરિષદમાં વિવેકાનંદજીનું પહેલું યાદગાર ભાષણ, ૧૮૯૩.

તા. ૧૩ રાજકીય કેદીઓ તરફ રાખવામાં આવતા ક્રૂર વર્તાવના વિરોધમાં આમરણાંત ઉપવાસ પર ઊતરેલા ક્રાંતિકારી જતીન્દ્રનાથ દાસનું ઉપવાસને લીધે મૃત્યુ, ૧૯૨૯.

તા. ૧૫ રશિયામાં ઝારશાહીનો નાશ થઈ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ, ૧૯૧૭.

તા. ૧૭ માનવ મનની શ્રેષ્ઠકૃતિ ગણાતા અમેરિકાના રાજબંધારણની જાહેરાત, ૧૭૮૭.

તા. ૧૮ દિલ્હીના ઘેરા પછી અંગ્રેજ સેનાપતિ હડસને હુમાયૂંની કબરમાં સંતાયેલા મુગલ સમ્રાટ બહાદુરશાહને કેદ કર્યો ને એના બે પુત્ર તથા એક પૌત્રનો વધ કર્યો, ૧૮૫૭.

તા. ૧૯ શિવાજીના નૌકાદળે અંગ્રેજોને નૌકાયુદ્ધમાં સખત હાર આપી, ૧૬૭૯.

તા. ૨૨ સ્કૉટલૅન્ડના શીલકવિ તથા નવલકથાકાર વૉલ્ટર સ્કૉટનું અવસાન, ૧૮૩૨.

તા. ૨૯ ઇંગ્લૅન્ડના વડા પ્રધાન ચેમ્બરલેઇન, ઇટાલીના મુસોલિની, જર્મનીના હિટલર ને ફ્રાંસના દલાદિયે વચ્ચે મ્યુનિક કરારો થયા જે અનુસાર હિટલરની ભૂખ સંતોષવા ઝેકોસ્લોવાકિયામાંનો કેટલોક પ્રદેશ આપી દેવાયો, ૧૯૩૮.



આ માસની વ્યક્તિવિશેષ

સૅમ્યુઅલ જૉનસન

અંગ્રેજી ભાષાનો સૌ પહેલો આધારભૂત શબ્દકોષ રચનાર ઇંગ્લૅન્ડના આ નામી સાહિત્યકારનો જન્મ ૧૭૦૯ની ૧૮મી સપ્ટેમ્બરે લિચફીલ્ડ ગામમાં એક ગરીબ પુસ્તકવિક્રેતાને ત્યાં થયેલો. જન્મથી જ કદરૂપા તથા બિહામણા દેખાવનો જૉનસન શાળામાં હોશિયાર વિદ્યાર્થી ગણાતો. ૧૭૨૮માં તે ઑક્સફર્ડ કૉલેજમાં દાખલ થયો, પણ ગરીબીને કારણે ૧૭૩૧માં ડિગ્રી મેળવ્યા વગર જ કૉલેજ છોડી દેવી પડી. જીવનનિર્વાહ માટે એક શાળા ચલાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી ૨૮ વર્ષની વયે નાટકના નાણાં સાથે તેણે લંડનનો રસ્તો લીધો. ત્યાં 'જેન્ટલમેન્સ મૅગેઝીન' પત્રમાં તેને નોકરી મળી. ૧૭૩૮માં તેની 'લંડન' નામની કૃતિ બહાર પડી જેને લીધે તે સાહિત્યકાર તરીકે પ્રકાશમાં આવ્યો અને ૧૭૪૪માં તેણે લખેલું 'સૅવેજ કવિનું જીવનચરિત્ર' તેની જોરદાર ભાષાને કારણે ખૂબ લોકપ્રિય બન્યું. ૧૭૪૭માં તેણે અંગ્રેજી ભાષાનો સંપૂર્ણ શબ્દકોશ બનાવવાનું ભગીરથ કાર્ય હાથ લીધું અને પૂરાં આઠ વર્ષ સુધી તનતોડ મહેનત કરી, ૧૭૫૫માં બે મોટા ભાગમાં તેને પ્રસિદ્ધ કર્યો, જે ખૂબ જ વખણાયો અને તેને પ્રથમ પંક્તિના સાહિત્યકારનું સ્થાન મળ્યું.

૧૭૫૦થી ૧૭૫૨ સુધી તેણે 'રૅમ્બલર' નામનું અર્ધ-સાપ્તાહિક ચલાવ્યું. તેમાં આવેલા તથા ૧૭૫૮માં 'આઇડલર' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલા તેના નિબંધો તેની વિશાળ શૈલીના શ્રેષ્ઠ નમૂના ગણાય છે. પણ આ સાહિત્યપ્રવૃત્તિએ તેને બહુ ન્યાલ કરી નાખેલો નહિ. વચ્ચે એક વખત તો એવો હતો કે તેની મૃત્યુ પામેલી માતાના દફનવિધિ માટે પણ તેની પાસે પૂરતા પૈસા નહોતા. તેથી એક જ અઠવાડિયામાં 'રાસેલાસ' (Rasselas) નામની તેની પ્રખ્યાત નવલકથા લખી નાખી ફક્ત ૧૦૦ પૌંડમાં વેચીને તેણે પૈસા ભેગા કરેલા! પણ ૧૭૬૨થી તો ઇંગ્લૅન્ડના રાજા તરફથી તેની કદર તરીકે દર વર્ષે ૩૦૦ પૌંડનું પેન્શન તેને મળવા લાગ્યું, જેથી આર્થિક ભીંસમાં જીવતા તેના જીવનને કંઈક રાહત મળી. ૧૭૬૪માં તેણે સાહિત્યકારોની એક પ્રભાવશાળી સભા (ક્લબ) સ્થાપી જેમાં ગોલ્ડસ્મિથ, બર્ક અને ગિબન જેવા નામાંકિત લેખકો ભાગ લેતા.

૧૭૮૧માં ૭૩ વર્ષની ઉંમરે તેણે કવિઓનાં જીવનચરિત્રોના ૧૦ ભાગ બહાર પાડ્યા જે તેની લેખિનીનું સામર્થ્ય તથા વિચારોની પ્રગલ્ભતા બતાવે છે. ૧૭૮૪ની ૧૩મી ડિસેમ્બરે આ શ્રેષ્ઠ સાહિત્યકારનું મૃત્યુ થયું ને તેને વેસ્ટમિન્સ્ટર એબીમાં દફનાવાનું માન મળ્યું.

(જ્યારે છપાયું હતું ત્યારે તે જ રૂપે સ્કૅન કરેલું આ પૃષ્ઠ તે કાળની અનુભૂતિ કરાવશે.)

અડકો દડકો

બે તારા - કોનારક ને સોનારક

રમણલાલ સોની

આકાશમાં તારાઓનો દેશ. દેશ એવડો મોટો કે માપ્યો મપાય નહિ. તારા એટલા બધા કે ગણ્યા ગણાય નહિ. બધાનાં જુદાં જુદાં ઘર ને જુદાં જુદાં આંગણાં. તારા સૌ આંગણામાં રમ્યા કરે. એ દેશ તો એવો ધારો કે સૌ પોતપોતાના ઘરમાં આંગણામાં રમે, કૂદે, ઠેકે, દોડે પણ કોઈ બીજાના આંગણામાં પગ દે નહિ.

ગાવાનું મન થાય તો ગાય; સૂવાનું મને થાય તો ઘરમાં ગોદડી ઓઢીને સૂઈ જાય. એમના દેશમાં નહિ દિવસ કે નહિ રાત. કાયમનું પરોઢિયું. પરોઢિયે ગાવાની-ખેલવાની મજા પડે. કોઈ વાર વાત કરવાનું મન થાય તો તારાઓ પોતપોતાનાં આંગણાંમાં ઊભા રહીને એકબીજા સાથે વાત કરે.

એક વાર એક તારાએ પોતાના દોસ્તને બોલાવ્યો, 'એ...ઈ ભાઈ સોનારક!'

'શું છે ભાઈ કોનારક?' સોનારકે તરત જવાબ દીધો.

'હું થાકી ગયો છું.' કોનારકે કહ્યું.

'તો ઘરમાં ગોદડું ઓઢી સૂઈ જા!' સોનારકે કહ્યું.

કોનારકે કહ્યું, 'ના, એવો નથી થાક્યો, પણ આ રોજ એકનું એક ઘર, એકનું એક આંગણું, એકનું એક ગાવાનું ને એકનું એક રમવાનું - એનાથી થાક્યો છું.'

સોનારકે કહ્યું, 'એમ તો હું યે થાક્યો છું. પણ શું થાય? બાપદાદાના વખતથી ચાલતું આવ્યું છે તેમ ચાલવા દેવાનું.

કોનારકે કહ્યું, 'એ ખરું, પણ દુનિયામાં કેટલું બધું જોવા જાણવાનું છે? અગાશીએ ચડી તેં કદી જોયું છે?'

સોનારકે કહ્યું, 'કેમ ન જવાય? તું સાથ આપે તો આપણે બેઉ ઊપડીએ.'

સોનારકે કાને હાથ દઈ કહ્યું, 'બાપ રે, તું કેવી ભયંકર વાત કરે છે! આપણી સાત પેઢીમાં કોઈએ આવું વિચાર્યું નથી.'

કોનારકે કહ્યું, 'વિચાર્યું તો હશે, પણ કોઈએ એવું કર્યું નથી એ તારી વાત સાચી. પણ કોઈએ નથી કર્યું, એટલે શું આપણે પણ ન કરવું? મને તો થાય છે કે કોઈએ નથી કર્યું માટે આપણે તે કરવું.'

આમ રોજ એમની વાત ચાલતી રહી. કોનારકે તો આ સાહસનું નક્કી જ કરી નાખ્યું, પણ સોનારક એટલી હિંમત કરી શક્યો નહિ. અને એક પરોઢિયે કોનારકે ઘર છોડ્યું.

ફ ર ર ર ફર! ફ ર ર ર ફર!

કોનારક પૃથ્વી પર આવી પહોંચ્યો. એના કુતૂહલનો પાર નહોતો; એની નવાઈનો અંત નહોતો.

એને 'ઓહોહો! ઓહોહો!' થયા કરે.

એણે બરફનો ડગલો પહેરીને અને માથે બરફનો ટોપો ઓઢીને ઊભેલા પહાડો જોયા. જોઈને કહે, 'ઓહોહો! ઓહોહો! આટલી શોભા!'

એણે ખળખળ વહેતી નદીઓ જોઈ, નદીઓના ધોધ જોયા. કહે, 'ઓહોહો! ઓહોહો! આટલી શોભા!'

એણે ખળખ વહેતી નદીઓ જોઈ. નદીઓના ધોધ જોયા. કહે, 'ઓહોહો! ઓહોહો! આટલું તેજ! આટલા ગતિ!'

એણે ઊછળતા ગર્જતા સાગરો જોયા. કહે, 'ઓહોહો! ઓહોહો! આટલો આનંદ!'

એણે મોટાં મોટાં વૃક્ષો જોયાં અને નાના નાના છોડવા જોયા. કહે, 'ઓહોહો! ઓહોહો! આવું લીલુંછમ!'

એણે ઊડતાં પંખીઓ જોયાં. કહે, 'ઓહોહો! ઓહોહો! કેવો સંઘ! કેવો સમાજ!'

અને પછી એણે માણસો જોયા - એ જોઈ જ રહ્યો. કહે, 'આ તો કોઈ અજબ જીવ લાગે છે. ગાય, ભેંસ ને બકરી એને દૂધ આપે છે, બળદ એનું ખેતર ખેડે છે. કૂતરો એના ઘરની ચોકી કરે છે, ઘોડો એની ગાડી ખેંચે છે, હાથી પર એ સવારી કરે છે, ચકલી, હોલો, કબૂતર, કાગડો, મોર, કૂકડો - 'ઓહોહો! કેટલાંક પંખીઓ એના ઘરના આંગણામાં હરેફરે છે, રમે છે ને કિલ્લોલ કરે છે!'

કોનારકે પોતાના દેશમાં માત્ર પરોઢિયું જ જોયેલું. અહીં પૃથ્વી પર એણે સવાર જોઈ, બપોર જોઈ, સાંજ જોઈ, રાત જોઈ, મધરાત જોઈ. રાતે ચંદ્રમા જોયો, ચંદ્રમા રોજ રોજ નાના મોટા થવાની કેવી કળા કરે છે તે જોયું, સૂરજ ઊગે છે, તપે ને આથમે છે તે જોયું. કહે, 'ઓહોહો! ઓહોહો! અહીં આટલું બધું જોવાનું છે! અહીં તો બધું

(અનુસંધાન પૃ. ૬૮૭ પર)

સાહિત્યસંપર્ક

મુન્શી પ્રેમચંદ - સવાશતાબ્દી ટાણે

ભોળાભાઈ પટેલ



માત્ર છપ્પન વર્ષનું આયુષ્ય મળ્યું હતું અને તે પણ બચપણથી જીવનના અંત સુધી સંઘર્ષોથી ભરેલું. તેમ છતાં હિન્દી અને ઉર્દૂના શ્રેષ્ઠ વાર્તાકાર અને નવલકથાકાર તરીકે મુન્શી પ્રેમચંદ પ્રસ્થાપિત થયેલા છે. લગભગ ૩૦૦થી વધારે વાર્તાઓ તેમણે હિન્દીમાં લખી છે, ઉપરાંત ૧૫ નવલકથાઓ, ૩ નાટકો, ૧૦ અનુવાદો, ૭ બાળસાહિત્યની ચોપડીઓ પણ એમનાં હજારો પૃષ્ઠોના લેખનનો ભાગ છે. આપણને આશ્ચર્ય થાય કે લગભગ આ બધી રચનાઓ તેમણે ઉર્દૂમાં પણ આપી છે. ખરેખર તો પ્રેમચંદના લેખનની શરૂઆત ઉર્દૂ રચનાકાર તરીકે થયેલી. એ સમયના ઉત્તર પ્રદેશમાં ઉર્દૂ માત્ર મુસલમાનોની ભાષા તરીકે વિભાજિત થઈ નહોતી. શિક્ષણમાં ઉર્દૂની સાથે ફારસી પણ રહેતી અને પ્રેમચંદ એ બંને ભાષાઓના અભ્યાસી હતા. એટલે ઉર્દૂ સાહિત્યના ઈતિહાસકારો પણ પ્રેમચંદને ૨૦મી સદીમાં લખાયેલા ઉર્દૂ કથાસાહિત્યના અગ્રણી તરીકે ઊંચા આસને સ્થાપિત કરે છે.

'પ્રેમચંદ' નામ તો સરકારી આપત્તિમાંથી બચવા સ્વીકારેલું છે, પણ એ જ નામ એમનું સ્થાયી થઈ ગયું - દેશ અને દુનિયામાં બહુ બહુ તો મુન્શી પ્રેમચંદ. તેમનું અસલી નામ તો ધનપતરાય, (મોટાબાપાએ પાડેલું નવાબરાય) પણ વિડંબના એવી કે ધન એમનાથી દૂર રહ્યું, અને નવાબી પણ! જ્યારે લખવાની શરૂઆત કરી તો મોટા બાપાએ આપેલું નામ રાખ્યું - નવાબરાય. ત્યારે સરકારી નોકરી કરતા, શિક્ષકની. લખવાનું તો ૧૭ વર્ષની વયે શરૂ કરેલું, પણ પહેલી વાર્તા ઉર્દૂમાં ૧૯૦૮માં છપાઈ હતી. પહેલો વાર્તાસંગ્રહ પણ સો જેવતન (સોજ એ વતન-વતનની વ્યથા) નામે ઉર્દૂમાં ૧૯૦૮માં પ્રગટ થયો. તેમાં બંગભંગના આંદોલન અને સ્વતંત્રતાની ચળવળના પ્રભાવે કરીને બધી વાતચીતોમાં દેશપ્રેમ કેન્દ્રસ્થાને હતો. 'નવાબરાય' કોણ છે - એની માહિતી કલેક્ટરને મળતાં પ્રેમચંદને બોલાવીને આવી (અંગ્રેજ સરકારને નાખુશ કરે તેવી) તથાકથિત દેશદ્રોહનો આરોપ લગાવી શકાય તેવી વાર્તાઓ લખવા માટે ઠપકો આપ્યો, અને બાકી રહેલી ચોપડીઓને બાળી નાખવાની આજ્ઞા કરી. ૧૦૦૦ નકલો છપાયેલી, ૩૦૦ વેચાયેલી. કોર્ટકચેરી અને દંડથી બચવા ૭૦૦ નકલો સળગાવી દેવાઈ. આ હતો એક મહાન સાહિત્યકારના લેખનનો પહેલો પુરસ્કાર. તેમને તાકીદ કરવામાં આવી, 'ખબરદાર હવે લખ્યું છે તો!'

નવાબરાય નામ જ્વાળાઓને સમર્પી, હવે નવું નામ રાખ્યું - પ્રેમચંદ. લખવાની મનાઈ ભલે ફરમાવાઈ હતી, પણ લખ્યા સિવાય રહી શકે તે ખરો લેખક ન હોય. ઉર્દૂની સાથે પછી હિન્દીમાં પણ લખવાનું શરૂ કર્યું અને 'સૌત' નામે ૧૯૧૫માં પહેલી હિન્દી વાર્તા લખી, અને પહેલો હિન્દી વાર્તાસંગ્રહ 'સપ્તસરોજ' ૧૯૧૭માં પ્રકાશિત કર્યો. આ રીતે ઉર્દૂ અને હિન્દીમાં એક સવ્યસાચી લેખકની જેમ તેમની સર્જનાત્મક પ્રતિભા જીવનના અંત સુધી કાર્યરત રહી. આ પ્રેમચંદ, જે પછી તો 'ઉપન્યાસ-સમ્રાટ'નું યથાયોગ્ય બિરુદ પામ્યા. તે જન્મ્યા હતા ૩૧મી જુલાઈ ૧૯૮૦ના રોજ વારાણસીથી ૧૦ માઈલ દૂર આવેલા એક નાનકડા ગામ લમહીમાં, એક સામાન્ય ખેડૂત પરિવારમાં. પણ પિતા સામાન્ય નોકરી કરતા. લગભગ અભાવગ્રસ્ત બચપણમાં પ્રેમચંદને ઓરમાન માતાની અપકૃપા તો સહન કરવી પડતી, પણ પિતાજીએ ૧૫ વર્ષની વયે એક એવી કન્યા સાથે પરણાવ્યા જેમને એમના જીવનને યાતનામય બનાવ્યું. પછી તો પિતાજી પણ ન રહ્યા એટલે પરિવારનો ભાર નાની ઉંમરે તેમની પર આવી પડ્યો. આગળ ભણવાની હોંશ તો ઘણી, પણ ડગલે ને પગલે મુશ્કેલીઓ હતી. મૅટ્રિક સુધી તો ભણી કાઢ્યું. (પછી કટકે કટકે બી.એ. પણ થયેલા) એ વખતે શિક્ષકની નોકરી મળેલી. ત્યાર સુધીમાં અંગ્રેજી-ઉર્દૂમાં લખાયેલું ઘણું સાહિત્ય વાંચી નાખેલું. રવીન્દ્રનાથને પણ વાંચ્યા, અને એ રીતે એમનામાં બેઠેલો સર્જક સમૃદ્ધ થતો ગયો. બીજે પક્ષે જીવનના કટુ અનુભવો પણ એક સાહિત્યકારને માટે જરૂરી વાસ્તવિક જીવનની અભિજ્ઞતા માટે એક રીતે 'ભાથુ' બની રહ્યા. ૧૯૦૬માં એક બાલવિધવા શિવરાનીદેવી સાથે લગ્ન કરીને સામાજિક રીતે ક્રાન્તિકારી પગલું ભર્યું. શિવરાનીદેવી પછી જીવનભર પ્રેમચંદનાં પત્ની અને સાહિત્યજીવનનાં સંગિની બની રહ્યાં. 'પ્રેમચંદ ઘરમેં' એવું પુસ્તક પણ તેમણે લખ્યું છે.

પ્રેમચંદે નવલકથા-લેખનમાં ઉર્દૂ અને હિન્દીની ઓગણીસમી સદીથી ચાલી આવતી તિલસ્મી અને જાસૂસી કથાઓની પરંપરામાં વાસ્તવિકતાના આલેખનથી એક નવો ચીલો પાડ્યો. ૧૯૧૮માં પ્રગટ થતી તેમની નવલકથા 'સેવાસદન' (બાજારે હુસ્ન)માં તેમણે આપણા ઊધઈ

જેવા અનિષ્ઠ રૂપ દહેજનો પ્રશ્ન, અને એને લીધે થતાં કજોડાં જેવાં લગ્ન અને પરિણામે વેશ્યાજીવનમાં ધકેલાઈ જતી સ્ત્રીની સમસ્યા લીધી અને અંતે 'સેવાસદન' જેની સંસ્થા દ્વારા ઉકેલ દર્શાવ્યો. 'આદર્શોન્મુખ યથાર્થવાદ'નો એમનો સાહિત્યક દષ્ટિકોણ એમાં પ્રતિબિંબ થાય છે. યથાર્થનું ચિત્રણ પણ પછી એક આદર્શ જીવનનો નિર્દેશ પણ હોય, જેથી વાચકોને સુધારાની પ્રેરણા મળે. પ્રેમચંદના વિચારો પર એ સમયે સ્વામી દયાનંદ અને સ્વામી વિવેકાનંદ આદિનો પ્રભાવ હતો. 'સેવાસદન'ની નાયિકા સુમનને વેશ્યા બનવાની સ્થિતિ આવે છે, પણ છેવટે વેશ્યાજીવન ત્યજી વિધવાશ્રમમાં દાખલ થાય છે. ભારતીય નવલકથાઓમાં વિધવાજીવનનું આલેખન એક મુખ્ય વિષય છે. પહેલી ભારતીય નવલકથા 'યમુના પર્યટન'માં બાબા પદમનજીએ વિધવા નારીઓની કથા લખી છે, પણ એ નવલકથાની નાયિકા યમુનાને આ ખ્રિસ્તી લેખકે પુનર્લગ્ન કરતી બતાવી છે. પરંતુ તે પછી આપ્ટે આદિ મરાઠી નવલકથાકાર કે ગોવર્ધનરામ આદિ ગુજરાતી કથાકારે વિધવાવિવાહનું નિરૂપણ કર્યું નથી. રવીન્દ્રનાથ બ્રહ્મસમાજી હતા, પણ 'ચોખેરબાલિ'માં તેમને વિધવા વિનોદિનીને પ્રેમ કરતી બતાવી છે, પણ પુનર્વિવાહનો અવસર આવતાં કાશી મોકલી દીધી છે!

'નિર્મલા' કજોડાની નવલકથા છે, જેમાં, બીજવરને પરણેલી નિર્મલાને સાવકા પુત્ર સાથેના અનૈતિક સંબંધોના આરોપ સહન કરવા પડે છે. છતે પતિએ વિધવા જેની વિપન્ન અવસ્થામાં તે મૃત્યુ પામે છે - તે ક્ષણે ગૃહત્યાગ કરીને ગયેલ વૃદ્ધ પતિને હાજર થતો લેખકે બતાવ્યો છે.

'પ્રેમાશ્રમ' નામની નવલકથામાં જમીનદારો અને ખેડૂતો વચ્ચેના સંઘર્ષની વાત છે. ખેડૂતો વિદ્રોહ કરે છે, પણ જમીનદાર અને સરકારી સાંઠગાંઠમાં તેમનો ગજ વાગતો નથી. નવલકથાનો નાયક પ્રેમશંકર 'પ્રેમાશ્રમ' નામના એક આદર્શ ગામની સ્થાપના કરે છે. આપણી ર. વ. દેસાઈની 'ગ્રામલક્ષ્મી' નવલકથાના નાયક અશ્વિનની જેમ. બૃહદ્ ફલક પર લખાયેલી આ નવલકથાનું વસ્તુગ્રથન શિથિલ છે.

૧૯૨૧માં ગાંધીજી દેશભરમાં અસહકારનું આંદોલન ચલાવી રહ્યા હતા. એ વખતે પ્રેમચંદ ગોરખપુરમાં હતા. જે દિવસે ગાંધીજીનું પ્રવચન સાંભળ્યું તે દિવસે તેમણે સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દીધું અને લેખક જીવનને સમગ્ર સમય આપવા માંડ્યો. અલબત્ત, એથી એમને આર્થિક વિટંબણાઓ સહન કરવી પડી. પ્રેમચંદે ઓછામાં પૂરું 'હંસ' નામનું સામયિક શરૂ કર્યું અને એ માટે એક પ્રેસ પણ, જે એમને માટે 'જવાબદારી' બની ગયાં.

'કર્મભૂમિ' નવલકથામાં ગાંધીવિચારધારાથી પ્રભાવિત રાજકીય ચળવળના યુવાપેઢી પર પડતા પ્રભાવનું, સાથે સાથે હિંદુ-મુસ્લિમ એકતાનું યથાર્થ ચિત્રણ છે. મુસલમાન સમાજનું પ્રેમચંદનું નિરીક્ષણ ઘણું નિકટનું છે, જે ઓછા બિનમુસ્લીમ લેખકોમાં જોવા મળે છે.

'ગબન' (ઉચાપત)માં નારીનો ઘરેણાંપ્રેમ પતિને પોતાની ઑફિસમાંથી ઉચાપત કરવા પ્રેરે છે તેને મુખ્ય ઘટના બનાવી એ જ નારી જાલવા કેવા રીતે પોતાના પતિને અધઃપતનમાંથી બચાવે છે અને બંને અંતે એક આશ્રમની સ્થાપના કરે છે, તેની વાત લખી છે.

પ્રેમચંદની વિખ્યાત નવલકથાઓમાં 'રંગભૂમિ' અને 'ગોદાન' છે. નગરની પાસે 'વસ્તી' બની ગયેલ પાંડેપુરના એક ભિખારી એવા સુરદાસને નાયક બનાવીને લખાયેલી આ કથા બહુકેન્દ્રી બનવા છતાં એના અંધનાયકના સત્યાગ્રહ અને શહીદીમાં ગાંધીવિચારવાદનું પ્રતિફલન જોઈ શકાય છે.

પ્રેમચંદની અંતિમ નવલકથા 'ગોદાન' ખેડૂત જીવનનું મહાકાવ્ય ગણાય છે. હોરી અને ધનિયાનાં ચરિત્રો પ્રેમચંદના અમર ચરિત્રો છે. તારાશંકર બંદ્યોપાધ્યાયની જેમ પ્રેમચંદ ગ્રામ જીવન વિષે, ખેડૂતો અને ખેતીને લગતા પ્રશ્નો વિષે, ઊંડી અભિજ્ઞતા ધરાવે છે. આ નવલકથામાં બીજો એક પ્રશ્ન અને તે શાહુકારો દ્વારા થતા શોષણનો, પણ વણી લેવામાં આવે છે. બે બળદની જોડી અને પોતાની જમીન ધરાવતા ખેડૂત હોરીની એક જ ઈચ્છા છે, કહો કે મહેચ્છા છે - પોતાને આંગણે ગાય લાવવાની. એ ગાય લાવે પણ છે, પણ પોતાનો ભાઈ જ એને ઝેર ખવરાવી મારી નાખતાં, ભાઈને બચાવવા, અને પંચનો દંડ ભરવા એ ઘર ખેતર ગીરવે મૂકે છે, અને ખેડૂતમાંથી સડક ખોદનાર મજૂર બનવાની સ્થિતિમાં અંતે મૃત્યુ પામે છે. 'ગોદાન' રૂપે પત્ની ધનિયા છેલ્લે - મૃત પતિનાં ઠંડા હાથમાં સૂતળી વેચીને મળેલા ૨૦ આના મૂકી કહે છે - આ એમનું 'ગોદાન' છે! પ્રેમચંદે આ નવલકથામાં ગામ અને નગર, ખેડૂત અને જમીનદાર- આ બધા સંબંધોની સાથે પિતા-પુત્રની પેઢીઓના સંબંધો અને સંઘર્ષોનું અને વ્યાજખોરીના શોષણનું નિરૂપણ કર્યું છે. આ નવલકથામાં કોઈ આદર્શ ઉકેલ નથી બતાવ્યો. ૧૯૩૬માં 'ગોદાન' નવલકથા પ્રગટ થઈ હતી, અને એ જ વર્ષે આ મહાન કથાકારનું મૃત્યુ પણ.

પ્રેમચંદે નવલકથાની-જેમ તેમની બહુસંખ્ય વાર્તાઓમાં પણ પોતાની સર્જકશક્તિનો અઢળક ઉન્મેષ દાખવ્યો છે. માત્ર સંખ્યાની દષ્ટિએ જ નહીં, ગુણવત્તાની રીતે પણ કેટલીક વાર્તાઓ વિશ્વસાહિત્યમાં સ્થાનની અધિકારી છે. વાર્તાઓમાં સમાજના અનેક વર્ગની અને વર્ણની કથાઓ છે. હિન્દુ-મુસલમાન સમાજ પણ જેમ પ્રતિબિંબિત છે, તેમ

'શતરંજ કે ખેલાડી' જેવામાં અવક્ષયને આરે ઊભેલી નવાબી સંસ્કૃતિ ચિત્રિત છે, તો 'સદ્‌ગતિ' જેવામાં બ્રાહ્મણ અને દલિત સંબંધોની યથાર્થ ચિત્રણા છે. આ બે વાર્તાઓ પરથી સત્યજિત રાયે અવિસ્મરણીય ફિલ્મો ઉતારી છે. પ્રેમચંદની વાર્તાઓનો તો એક પૂરો સંસાર છે, પણ તેમાંય જે વાર્તાઓ અમર રહેવા સરજાઈ છે તેમાં - 'પંચ પરમેશ્વર', 'બૂઢી કાકી', 'સવાસેર ગેહૂઁ', 'પૂસ કી રાત', 'ગુલ્લીડંડા', 'ઠાકુરકા કુઆઁ', 'દો બૈલોં કી કથા', 'કફન' આદિ સમગ્રપણે ઉત્કૃષ્ટ છે. 'પંચ પરમેશ્વર'નાં જુમ્મન શેખ અને અલગૂ ચૌધરીનાં મિત્રો હતા, પણ મિત્રોમાંથી વિરોધી બનેલા અલગૂનો ન્યાય તોળતાં જુમ્મન શેખ જે રીતે અલગૂની તરફેણમાં ન્યાયી ચુકાદો આપે છે, તે વાચકને પણ ભાવવિભોર કરે છે (આજના પંચાયતી રાજ્યોમાં આ વાર્તા દરેક પંચાયત ઘરમાં વંચાવવી જોઈએ.) બધી વાર્તાઓમાં સમાજના નીચલા થર પ્રત્યે પ્રેમચંદની સંવેદના જ નહિ, એ અભાવગ્રસ્ત જીવનના યથાર્થની પકડ પણ વાચકને મુગ્ધ કરે છે. 'ગુલ્લીડંડા'ના કથાનાયકના સહાધ્યાયી અછૂત ગયા ને કે મેળામાંથી રમકડાં કે મીઠાઈ ન લેતાં રોટલી બનાવતાં દાઝતાં દાદીમા માટે ચીપિયો ખરીદતા 'ઈદગાહ'ના કિશોર હામિદને કોણ ભૂલી શકે? 'કફન' વાર્તા તો ચમારકુટુંબના પિતાપુત્ર ઘીસુ અને માધવની વહુના કફન માટે ઉઘારાવેલા પૈસામાંથી બાપબેટો દારુપીઠામાં જઈ મહેફીલ કરી નશામાં ચૂર થઈ પડે છે, જ્યારે એમની ઝૂંપડીમાં મૃતદેહ તો (ઢાંક્યા વિના) પડ્યો છે. બાળક પેટમાં જ મરી ગયું છે. ઉમાશંકર જોશીએ તેમાં જન્મ લેતી પેઢીનું મૃત્યુ છે, કંઈક એવું અર્થઘટન પણ કર્યું છે. પ્રત્યક્ષ રીતે તો જેમના પર ઘૃણા પેદા થાય, એવા અ બાપબેટાની નઠોરતા છે, પણ પરોક્ષ રીતે આપણી સામાજિક વ્યવસ્થા જવાબદાર છે, જે તેમની માનવીય સંવેદનાઓના મૃત્યુનું કારણ છે. સમાજ જેણે એમને આ નઠોરતાની બક્ષિસ આપી છે તેની વાત જરા પણ મુખરિત બન્યા વિના આ વાર્તા કહી જાય છે.

પ્રેમચંદ એમના જીવનના અંત ભાગે જતાં એટલે કે આ સદીના ચોથા દશકમાં દુનિયાના બુદ્ધિજીવી અનેક લેખકોની જેમ માકર્સવાદથી પ્રભાવિત થયા હતા. પ્રગતિશીલ લેખકસંઘની લખનઊમાં ૧૦ એપ્રિલ ૧૯૩૬માં ભરાયેલી પહેલી બેઠકના અધ્યક્ષપદેથી 'સાહિત્યકા ઉદ્દેશ્ય' નામે આપેલું તેમનું વ્યાખ્યાન આજ પણ જીવનલક્ષી સાહિત્યકારો માટે ઘોષણાપાત્ર રૂપ બની રહે એમ છે. અને 'કલાને માટે કલા'ના પ્રયોજનમાં માનનાર સર્જકોને વિચારવા બાધ્ય કરે છે.

પ્રેમચંદે રાજકીય, સામાજિક, આર્થિક પ્રશ્નોને લગતા લેખો પણ અનેક લખ્યા છે. જીવનનાં અંતિમ વર્ષો પોતાના વતન લમહી અને વારાણસી (બનારસમાં હંસ કાર્યાલય અને પ્રેસ હતાં) વચ્ચેની આવનજાવનમાં ગાળ્યાં હતાં. 'ગોદાન' નવલકથા જે કૂવા નજીકના વૃક્ષ નીચે બેસીને લખી હતી, તે વૃક્ષ આજે પણ લમહીમાં છે, અને એમનું સામાન્ય ગૃહસ્થની સ્થિતિનો નિર્દેશ કરતું ઘર પણ. આજે લમહીનું તેમનું ઘર જર્જરિત થવાની દિશામાં છે. આપણા આ મહાન સાહિત્યકારના નિવાસનું ઉચિત જતન થાય તેવી અપેક્ષા છે.

૧૯૮૦માં જન્મેલા પ્રેમચંદની ૨૦૦૪ના વર્ષમાં સવા શતાબ્દી દેશભરમાં ઊજવાઈ રહી છે, ઊજવાશે. એમના પુત્ર અમૃતરાયે એમની જીવનકથા 'કલમકા સિપાઈ' નામથી લખી છે (એ પોતાને કલમના મઝદૂર કહેતા). એમના જીવન વિષે એમના પોતાના જ શબ્દો યાદ કરીએ : 'મેરા જીવન સપાટ સમતોલ મૈદાન હૈ, જિસમેં કહીં કહીં ગઢે તો હૈં પર ટીલે, પર્વતો, ઘને જંગલોં, ગહરી ઘાટિયાં ઔર ખંડહરોં કા સ્થાન નહીં હૈ, જો સજ્જન પહાડોં કી સૈર કે શૌકીન હૈં, ઉન્હે તો યહાં નિરાશા હી હોગી!'

વિનમ્ર એવા એમના આ ઉદ્‌ગારો જ પ્રેમચંદજીની વ્યક્તિ તરીકેની પણ મહાનતાના ઘોતક છે. હિન્દી-ઉર્દૂ અને એ રીતે ભારતીય સાહિત્યના એ મહાન સર્જક છે જ.

પાબ્લો નેરુદા જન્મશતાબ્દી વ્યાખ્યાન

'કુમાર ટ્રસ્ટ' અને 'કવિલોક ટ્રસ્ટ'ના સંયુક્ત ઉપક્રમે ચીલીના નોબેલ પારિતોષિક પુરસ્કૃત કવિ પાબ્લો નેરુદાની કવિતા પર શ્રી ધીરુ પરીખ વ્યાખ્યાન આપશે.

પાબ્લો નેરુદાનાં કેટલાંક કાવ્યોની નકલ પ્રત્યેક શ્રોતાને સ્થળ પર આપવામાં આવશે.

સહૃદયોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

તારીખ : ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૪, બુધવાર
સમય : સાંજે ૬-૩૦ કલાકે
સ્થળ : ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ,
ટાઈમ્સ ઑફ ઈન્ડિયા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૯.

ટ્રસ્ટીઓ
કુમાર ટ્રસ્ટ

ટ્રસ્ટીઓ
કવિલોક ટ્રસ્ટ

અવલોકન

'તલપ' : લીલા ઉઝરડાનું તપ



ડૉ. એસ. એસ. રાહીનું મૂળ નામ છે શફક્કત સૈફુદીન વર્ધાવાળા. હાલ પત્રકારત્વના ક્ષેત્રે કાર્યરત આ ગઝલકારે ગઝલ ઉપર જ પીએચ.ડી.નું કાર્ય કર્યું છે. 'લિપિ' અને 'શૈલી' નામે કવિતાના સામયિકનું પણ સંપાદન કર્યું છે. 'પરવાઝ', 'ઘટના', 'થાક' જેવા કાવ્યસંગ્રહ અને 'હજુ અજવાસ છે કાળો' ગઝલસંગ્રહ બાદ 'તલપ' નામે ગઝલસંગ્રહ તેમની પાસેથી મળે છે. 'તલપ' છ ગુચ્છમાં ગૂંથાયેલો ૮૦ ગઝલોનો સંચય છે. લાંબી, ટૂંકી અને મધ્યમ બહરની સાથે અલગ અલગ ભાવવિશ્વ ધરાવતી આ ગઝલો ભાવ અને શેરિયતને લીધે આસ્વાદ્ય બને છે.

ગઝલ ઉપર જ સંશોધનકાર્ય કર્યું હોવાથી કવિની ગઝલપ્રીતિ અનહદ હશે એમ માની શકાય. 'તલપ'માં મુખ્યત્વે પ્રણય, ચિંતન, આત્મખોજ અને વેદના-સંવેદનાનો ભાવ વધુ ખેડાયો છે. 'તલપ'માંના થોડાક તડપતા શેર માણીએ :

કીમતી આંસુનું રૂપાંતર થશે મોતીરૂપે,
આંખ ભીની થાય ત્યારે ફૂલને જોયા કરો.' (પૃ. ૪)

*

'એક તરફ દરિયો અને બીજી તરફ આષાઢી બીજ,
ખારવાની કશ્મકશ ચૂપચાપ હું જોતો રહ્યો.' (પૃ. ૭)

*

'તારી કીકીના કેમ વિકલ્પો મળે નહીં?
શોધું છું હડપ્પામાં જૂની તાવડીની મેશ.' (પૃ. ૨૩)

*

'ઊગી ગયા છે હથેળીમાં થોરિલા કાંટા,
હવે લખાશે ગઝલ દિલને ચોટ કરનારી.' (પૃ. ૨૬)

*

'હું વસ્ત્રોની બાબતમાં પગભર થયો છું,
હવે મેં મને ખુદને પહેરી લીધો છે.' (પૃ. ૩૫)

*

પુસ્તકના એકે પૃષ્ઠમાં મળતો નથી મને,
તારો અભાવ જાણે કે જીવનનો સાર છે.(પૃ.૪૨)

'તલપ'માં તડપતી વેદના-સંવેદનાઓ ઘણા શેરમાં વધુ મુખર થઈ ગઈ હોય તેવું લાગે છે. કવિએ દીર્ઘ રદીફોનો સુંદર નિભાવ કર્યો છે. છંદની વિવિધતા અને ભાવવૈવિધ્ય ભાવકને જકડી રાખે છે તેમ છતાં ટૂંકી બહર કવિને વધુ માફક આવી નથી. ઘણા શેરમાં તરંગી ભાવવિશ્વ માત્ર તુક્કા જેવું લાગે છે.

'મૃગજળને ભરબપોરે પાંખો ફૂટ્યા પછી,
થંભી ગયા છે રણમાં રેતીના કાફલા.' (પૃ. ૨૭)

*

સાબુ વગરના સ્નાનની ઈચ્છા હતી મને,
ન્હોતી ખબર સમુદ્રતટે ફીણ નહીં હોય. (પૃ. ૩૨)

*

હૃદયમાંથી નીકળે છે કેવળ દુઆઓ,
ભભૂત દેહ પર જો લગાડીને બેઠા. (પૃ. ૩૪)

શૃંગાર પર વિચારો દર્શાવતી વખતે ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ, કારણ કે એમાં ક્યારેક જાણે-અજાણે અશિષ્ટ વાતો થઈ જાય છે. અરૂઝમાં શેરના એક અંગ તરીકે 'સભ્યતા અને સંસ્કારિતા'ને પણ સ્થાન મળ્યું છે. અશ્લીલ અર્થ ધરાવનાર શેરને ફારસી કાવ્યશાસ્ત્રમાં 'ઝમ' કહે છે. જ્યાં 'ઝમ'નો દોષ હોય ત્યાં 'સભ્યતા'નો ગુણ નાશ પામે છે. આવો દોષ પણ અહીં જોવા મળ્યો છે. જેમ કે,

'સ્તનની ટેકરીઓને કોઈ તાકે છે લુચ્ચી નજરે,
સોળ વરસની છાતીમાં ગોરંભાયેલો ફડકો છે.' (પૃ. ૬૦)

તો ક્યાંક શેર માત્ર વિધાન જેવા લાગે છે.

'ન રોકો જરા પણ,
આ સત્તરમી વયને.' (પૃ. ૮૨)

કવિએ એક શેરમાં કહ્યું છે,

'સદ્‌ગૃહસ્થો હજી એવી ચર્ચા કરે,
વાત મારી હંમેશા ગલત હોય છે.' (પૃ. ૪૩)

સંગ્રહમાંની કેટલીક ગલત વાતોને અવગણી ન શકાય માટે એના તરફ પણ એક દૃષ્ટિપાત કરીએ.

પ્રસ્તુત સંગ્રહમાં કાફિયાદોષ ઘણી ગઝલમાં ખૂંચે છે એટલે કે કવિએ કાફિયાની પ્રતિજ્ઞા નથી પાળી. એક ઉદાહરણથી આ વાત સમજીએ :

'જળ હતું ખૂબ જ વિવશ ચૂપચાપ હું જોતો રહ્યો,
ના થયું મટકીને વશ ચૂપચાપ હું જોતો રહ્યો.' (પૃ. ૭)

અહીં 'વિવશ' અને 'વશ' એવા કાફિયા પ્રયોજાયા છે. બંનેમાં 'વશ' સામાન્ય છે માટે દરેક શેરમાં 'વશ' હોય તેવા જ કાફિયા પ્રયોજવા રહે અને તો જ કાફિયાની ચુસ્તતા જળવાય. કવિએ તો ગઝલ પર જ શોધકાર્ય કર્યું છે તો આવો કાફિયાદોષ કેમ ચલાવી લીધો હશે? આ કાફિયાદોષ પૃ. ૯, ૧૨, ૧૪, ૧૯, ૨૨, ૩૭, ૩૯, ૪૨, ૪૪, ૫૩, ૭૦ અને ૮૪ ઉપરની ગઝલોમાં ય જોવા મળે છે.

આઝાદ કાફિયા પ્રયોજ્યા હોય ત્યારે એકનો એક અંત્યાનુરવ ધરાવતો કાફિયા ફરી ન પ્રયોજી શકાય. કવિ આ બાબતે પણ ભૂલ કરી બેઠા છે. (જુઓ પૃ. ૧૧, ૩૮)

આ બધું ઓછું હોય તેમ એક ગઝલમાં કવિએ મત્લામાં લીધેલી કાફિયાની પ્રતિજ્ઞાનો જ છેદ ઉડાવી દીધો છે :

'સાવ હળવોફૂલ થાતો જાઉં છું,
હું હવે મશગૂલ થાતો જાઉં છું.' (પૃ. ૬૫)

અહીં 'થાતો જાઉં છું' રદીફ છે પણ આગળ જતા માત્ર 'જાઉં છું' એવો રદીફ થઈ જાય છે જે ખૂબ કઠે છે. ચાલો માન્યું કે 'કાફિયા' ગઝલની શાસ્ત્રીય વાત થઈ, પરંતુ કવિનો છંદભંગ કેમ ચલાવી લેવાય જ્યારે કવિએ ગઝલ ઉપર જ ડૉક્ટરેટની પદવી મેળવી હોય? શબ્દના માપ કરતાં કોઈ જુદા જ માપે શબ્દને પ્રયોજવામાં આવે તેને 'શિકસ્તે ના-રવા'નો દોષ કહે છે.

'જોવે છે સૌ કપાળ પરનું વિજયતિલક પણ,
વાગી છે પગમાં ફાંસ કોઈ પૂછતું નથી.' (પૃ. ૫)

'વિજયતિલક' શબ્દ 'લગાલગા' માપ દર્શાવે છે. કવિએ 'ગાલગાલ' માપના સ્થાને મૂકીને તેને વિકૃત કરી દીધો છે. આને 'શિકસ્તે ના-રવા'નો દોષ કહેવાય.

'અગ્નિતત્ત્વ બંનેમાં સામાન્ય છે તેથીસ્તો,
હું તને આપું દિવાળી તું ય હોળી દે મને.' (પૃ. ૪૯)

અહીં પણ 'અગ્નિતત્ત્વ' 'ગાલગાલ' માપ ધરાવતો હોવા છતાં 'ગાલગાગા'ના સ્થાને પ્રયોજાયો છે.

તો પૃ. ૫૬ પરની ગઝલના અંતિમ શેરમાં છંદોભગ કર્ણને કર્કશતા આપી જાય છે.

'રોપી દીધું'તું આપણે મળવાનું જ્યાં વચન,
આજે ત્યાં જુદાઈનાં ઘટાદાર ઝાડ છે.' (પૃ. ૫૬)

અહીં ગાગાલ, ગાલગાલ, લગાગાલ, ગાલગા ધરાવતી 'મઝારિઅ' નામની બહરનો એક પેટાપ્રકાર પ્રયોજાયો છે જે સાની મિસરામાં ખોડંગાઈ જાય છે.

'તલપ'માંના આવા અપવાદો બાદ કરીએ તો એકંદરે ગઝલો હૃદયગમ્ય બની રહે છે. કવિને નદીનું વળગણ હોય તેમ છાશવારે નદી પરના શેર ડોકિયું કરી જાય છે. ઉત્તમ શેરની ઠીક ઠીક સંખ્યા ધરાવતાં આ સંગ્રહમાં પ્રતીકોનું નાવીન્ય ઊડીને આંખે વળગે છે. કવિ ગઝલ અને ગઝલના આંતર-બાહ્ય સ્વરૂપથી સુપેરે વાકિફ હોઈ ગઝલની કારીગરી હાથવગી રાખી છે. કવિની વેદનાનો સાર મેળવવા માટેય 'તલપ'ની તાલાવેલી રાખી એક વાર અવશ્ય માણવો રહ્યો, જેથી આપણે પણ કવિની જેમ કહી શકીએ :

'ગઝલ સાથે હવે એવો અતૂટ નાતો સધાયો કે,
બધા સંબંધ ખાળીને હજી હમણાં જ આવ્યો છું.' (પૃ. ૧૦)

- અશોક ચાવડા

['તલપ' (ગઝલસંગ્રહ) : લે. એસ. એસ. રાહી, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પ્ર. રન્નાદે પ્રકાશન, પૃ. ૮૫, રૂ. ૬૦]

કલા-અવલોકન

ચિત્ર, પેન, પીંછીનો બહુરંગી સંગમ!



બહુરંગી કલાત્મક ચિત્રકૃતિઓની આ ગ્રંથપોથીની મુખ્ય 'થીમ'નું અવગાહન કરવું હોય ત્યારે દર્શકે દ્રાવિડી પ્રાણાયમ કરવો પડે. તાત્પર્ય કે ચોથા ઉપરણાને પહેલું નીરખવું ઘટે. (દ્રવિડી પ્રાણાયામમાં ઊલટા ઊંધા ક્રમથી શરૂ કરવાનું સાંભળેલુંને?) ત્યાં ચિત્રકાર પ્રેમ રાવલની ઝડપેલી એક લાક્ષણિક તસવીર છે, જેનું વર્ણનાત્મક શીર્ષક નથી. માત્ર તસવીર છે. કોની? તો કલારસિકોના પરિચિત ચિત્રકાર નટુભાઈ પરીખની ઓળખ મળશે એક 'કલાયાત્રી' તરીકે. પોથીના પૃ. ૨ ઉપર આવશો ત્યારે પંકજ ચાવડાની પાડેલી તસવીર પણ 'કલાયાત્રી' કોણ- એનો દાર્શનિક પુરાવો આપે છે.

પ્રથમ પ્રચ્છદપટ પર સિંહભાગ પડાવતું મલ્ટિ કલર પેઈન્ટિંગ (જુઓ પૃ.૫૮) ઑઈલ કલરમાં છે અને ટાઈટલ છેઃ 'ધ રેડ' લાલમ લાલ દરિયાના બિછાના ઉપર સ્થિત વહાણ, સ્કાઈબ્લ્યૂ પુલપાટા શા જાડા પટ્ટા આડા ઊભા.. એના ઉપર'૬૬ના મીની રેખાંકની અડોઅડ ન્યાળવા મળે કોઈ ગ્રામનગરની પોળગલી, જ્યાં એક બકરી, બેચાર માણસ, જૂનાં મકાન, છાપરાં એની ઉપર વીજળીતાર (જુઓ પૃ.૪૨) વૉટર કલરમાં 'ગોલ્ડન લાઈટ'- શીર્ષક સાથે કૌંસમાં- ધોળકાની શેરીનો ઉલ્લેખ છે.

પ્રથમ મુખપૃષ્ઠ સૂચક છે. 'ધ રેડ' અમૂર્ત (ઍબ્સ્ટ્રેક્ટ) કળાપ્રવિધિનો નમૂનો અને 'ગોલ્ડન લાઈટ' વાસ્તવિક ભૂમિદૃશ્ય (રિયાલિસ્ટિક પૅટર્ન)નું દૃષ્ટાન્ત બને. સંલગ્ન વિવરણમાં લાલ, પીળો અને આછેરો વાદળી રંગ જેવા 'મૂળ રંગ'ની લીલા સાથે ચિત્રકર્તાની વાસ્તવલક્ષી અને અમૂર્ત સ્વરૂપનો તાગ કાઢી, સમન્વય સાધવાની, સૂક્ષ્મ મથામણ જોવા મળે. પ્રચ્છદપટ બે ઉપર નેત્ર નોંધાય ત્યાં વૃક્ષનાં અતંત્ર થડ મૂળિયાં ચિત્ર નીચે વાન ગોઘનું અવતરણ વાંચો, અંગ્રેજીમાં (ભાવાર્થઃ સારું ચિત્ર દોરવું હવે એટલું સહેલું નથી, હીરા-મોતી ખોજવા જેવું દુષ્કર છે. મતલબ કે મુશ્કેલ છે, જેના માટે 'જી જાન સાથ' સટોસટ જોખમ ખેડવા સરીખું છે.) કલાયાત્રીની આ રઢ ગ્રહી શકાય તો ચિત્રપોથીની અંદરની અનોખી ચિત્રકૃતિઓ અને બહાર રહેલી રચનાઓની રગ મહદંશે પમાઈ જવાય. મૂર્ત વાસ્તવ અને અમૂર્ત વાસ્તવિકતા વચ્ચેની રસકીય તાણનું અને સમન્વયનું હાર્દ ઝીલવાની ચૅલેન્જ પ્રત્યેક ચિત્રરચનાની વેળાએ ઊભી હોય છે.

અમેરિકી કાર્ટૂનકળાકાર જુલ્સ ફેઈફરે ખરું જ કહ્યું છેઃ 'કળાકારો જ આકાશને 'ધ રેડ'- લાલ રંગથી રંગી શકે કેમ કે





તેઓ જાણે છે કે આકાશ તો 'ધ બ્લ્યૂ'- નીલું વાદળી છે. જ્યારે આપણા સરીખા, જે કળાકારો નથી તેમણે તો જે તે ચીજો જેવા રંગની હોય તેવા જ રંગમાં ચીતરવી જોઈએ. નહીંતર સામાન્ય સમજવાળું લોક તો આપણને બેવકૂફ જ ગણી લેશે. પ્રાકૃત પ્રેક્ષકો, કળાકારોને બેવકૂફ, પાગલ, ચસ્કેલ, વાન ગોઘકુળના માને તો તે તેમની ચેતનાની નૈસર્ગિક-કુદરતકળા છે!'

પ્રકાશનની રેન્જમાં માત્ર ચિત્રરચનાઓ નથી, ઘણી બધી તસવીરો પણ જોવાય. પૃ. ૩ એનું મુખ્ય ઉદાહરણ છે, જેમાં પરીખ, એમનાં ગૃહિણી શારદાબહેન સાથે દરિયાકાંઠે નયના પરીખના કૅમરાનેત્રમાં ઊપસ્યા છે. અ.સૌ. શારદાબહેન હયાત ન હોવાથી 'સ્વ.' વિશેષણમાં સ્વ-સ્થિત છે. હરિત પંડ્યાના સરસ લેખ 'સર્જક નટુભાઈનાં સહચારિણી' લેખમાં ચિત્રકારે કરેલું પત્નીરેખાંકન અને વધુ છબી (પૃ. ૨૯,૩૦)તેમજ અન્યત્ર આવા ઉલ્લેખો આ પ્રકાશનને 'શ્રદ્ધાંજલિ' સ્તરનું માનવા પ્રેરે તેવું છે. પૃ. ૨૨ ઉપરની રંગીન ચિત્રકૃતિ 'શારદા', પૃ. ૬૭ પર માતા સમુબહેનની - પૃ. ૬૩ પર મનુ પરીખ, નટુ પરીખ, જયંત પરીખની તથા અન્ય છબીઓ 'કુટુંબમેળા'માં મહાલતા હોવાનો અહેસાસ આપે છે! કલાકારના કવન સમી કળાયાત્રા સાથે જ જીવનયાત્રાના નિદર્શનોમાં સમગ્ર સન્માન સમાવવાનો અહીં રસપ્રદ ઉપક્રમ છે. પૃ. ૪ ઉપર સુરેશ સોનીની તસવીર - 'ધ્યાનમગ્ના'ની નીચેની અર્પણપંક્તિઓ સમસ્ત પરીખ પરિવારનાં શ્રદ્ધાસુમનો શારદાચરણે રમતાં મેલયાં છે. ચોથા ટાઈટલ પર કલાપ્રદર્શનના, ઉદ્‌ઘાટનોના ફોટા સાથે અને ભૂ.પૂ.મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના હાથે મહેમદાવાદ મુકામે નટુભાઈનું બહુમાન થયાની છબી છે. પૃ. ૭૨ પર કળાકારનો સંપૂર્ણ 'બાયોડેટા', ચિત્રપ્રદર્શનોની સ્થળ-દિનની સૂચિ, પ્રકાશનોની, સેમિનારોની યાદી અને ખાસ તો અમદાવાદનું રાજભવન, ઉજ્જૈન, ન્યૂ દિલ્હી, મુંબઈથી માંડી વિદેશો સ્વીડન, અમેરિકા આદિમાં પ્રસ્તુત થયેલી ચિત્રકૃતિઓની ફેહરિશ્ત છે.

પૃ.૩૮થી ૪૧માં મહાવીર, ટાગોર, સરદાર અને ગાંધીજીનાં બે રંગ-ચિત્રો, ચિત્રકારની વ્યક્તિત્વને તાદૃશ કરવાની શક્તિ દર્શાવે છે. પૃ. ૨૩થી ૨૮ પર 'પેસ્ટલ' માધ્યમમ અહમલ મોમિન, કરુણા, ગૌરાંગી પોતાની માતા અને પુત્રી, નીના, પ્રશસ્તિ, દિવ્યા અને સ્વામી નીલેશ્વરાનંદના ચિત્રો, ચરિત્રોની મુખમુદ્રા ઉપરના નાજુક ભાવોને પરીખો પ્રવીણતાથી આલેખે છે.

પૃ. ૪૩ થી ૪૭ તથા પૃ.૫૦ થી ૫૮ પ્રસ્તુત થયેલી ચિત્રકૃતિઓ પરીખથી દરિયા, ગગન, તરુવર, પંખી, ઊટી, નર્મદા, સાપુતારા, ભરૂચ, હૃષિકેશ, તારંગા સાથેની તદ્રૂપીય સોબત અને મહોબત, ભિન્ન ભિન્ન માધ્યમોમાં એક પ્રકારની નિસર્ગલીલાનો રંગોત્સવ રેલાવે છે! પ્રેક્ષક જો સુજ્ઞ હોય તો પોતાના માટે સ્તબ્ધતા-વિસ્મય મિશ્રિત કૃતિઓની વરણી કરવામાં મૂંઝારો અનુભવે!

'કુમાર' ('કવિલોક'ના પણ) તંત્રીશ્રી ડૉ. ધીરુ પરીખે ચિત્રપોથીના 'પ્રવેશક'માં સારસ્ય તારવી લખ્યું તે ધ્યાનાર્હ છે : 'નટુ પરીખનો ચિત્ર, પેન અને પીંછી પરનો અસાધારણ કાબૂ અહીં જોવા મળે છે. કોઈ એક શૈલીમાં કે અમુક જ વિષયોમાં મર્યાદિત રહેવું એમને ગમતું નથી.' (પૃ. પાંચ)

અંગ્રેજીમાં ચિત્રરચનાઓ અંગે બંસીલાલ દલાલ, તુષાર ભટ્ટ, શર્મિલા સાગરા, કીર્તિદેવ જોશીનાં તેમજ ગુજરાતીમાં પ્રતાપસિંહ જાડેજા, શાન્તિ શાહ અને ખાસ તો સન્મિત્ર હરિત પંડ્યાનાં મૂલ્યાંકનો ચિત્રકારની રંગરેખાધર્મિતાને કળાન્યાય અર્પે છે. ચિત્રરચના એવી 'ચીજ' છે, જે કેવળ વાંચીને ના જ પમાય, પણ નીરખીને પછી રસદર્શન વાંચીને વધુ માણી શકાય. આને જ હું 'કેવળ દર્શન' કે 'કળાદર્શન' માનું!

આ લખનારે 'સમભાવ'માં (અને 'સાક્ષરનો સાક્ષાત્કાર' ગ્રન્થમાં) 'ઊગતા સૂર્યની સુરખી અને જળરંગનો જાદુ વહાવતા' કળાકાર તરીકે બિરદાવતાં નટુભાઈના માનનીય મિત્ર ડૉ. દામોદર બલરની કલાકીય શીખ અને વિધાનમાં કેદ કરેલી. પરીખને ડૉ. બલરે કહેલું, 'લૅન્ડસ્કેપ કરવા કાંઈ કાશ્મીર જવું પડે એવું નથી!' સમાપનમાં કહી શકું કે કળાકાર જેવા જ હેતાળ-કુશળ તસવીરકાર નટુ પરીખનાં લૅન્ડસ્કેપને પ્રયત્ક્ષ પ્ર-માણવાં હોય તો કાશ્મીર કે ક્યાંય જવાને બદલે ૫૦, રચના સોસાયટી, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫ સરનામે પહોંચી શકાય; નહીંતર 'કલાયાત્રી નટુ પરીખ' ચિત્રછવિ ગ્રંથ તો છે જ.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની આર્થિક સહાય અહીં નિઃશંક ફળવતી બની, પણ એની પ્રથમ ટાઈટલ પર જાહેરાત કળાદૃષ્ટિને વગાડી બેસે તેવી છે! મુદ્રણદોષો પણ બીજી આવૃત્તિમાં ટાળવા જેવા.

- રાધેશ્યામ શર્મા

['કલાયાત્રી નટુ પરીખ' : પ્રકાશક : સ્વયં, વિતરક : 'ગુર્જર' એજન્સીઝ, રતનપોળ નાકા, ગાંધીમર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧, પૃ. ૭૨, પ્રથમ આવૃત્તિ, ૧૪ જાન્યુઆરી, ૨૦૦૪ મૂલ્ય : રૂ. ૨૫૦/-]

કલાવાર્તા

મહારાષ્ટ્રના દ્રશ્યચિત્રકાર યશવંત શિરવાડકર



૧૯૫૧માં મુંબઈમાં જન્મેલા સુખ્યાત મહારાષ્ટ્રિયન કલાકાર યશવંત શિરવાડકર ૧૯૭૭માં જી.ડી. આર્ટ્સની પરીક્ષા ડ્રૉઈંગ અને ચિત્રકલામાં પાસ કરી. ૧૯૮૧થી ૨૦૦૦ની સાલ સુધીમાં તેમનાં વૈયક્તિક પ્રદર્શનો મોટે ભાગે સ્પોન્સર થયાં છે અને તે બૅંગલોર, કોલકાતા, દિલ્હી, વારાણસી, મુંબઈ, મદ્રાસ તથા ૧૯૮૬માં ફ્રાંસમાં યોજાયાં છે. તેમનાં ટુ મેન શૉઝ આ શહેરોમાં ઉપરાંત વેસ્ટ જર્મની તથા સ્વિટ્ઝરલૅન્ડમાં યોજાયા. તેમનાં ગ્રૂપ શૉઝ બેલ્જિયમ, લંડન, નેપાલ, યુ. એસ.એ., કોચીન, અહમદનગર, કોલકાતા, બૅંગલોર, મદ્રાસ, મુંબઈ, દિલ્હીમાં યોજાયાં છે. તેમણે નેપાલ, વેસ્ટ જર્મની, સ્વિટ્ઝરલેન્ડ, નેધરલૅન્ડ્ઝ, ફ્રાન્સ, લકઝમબર્ગ, બેલ્જિયમ, ઈંગ્લૅન્ડ, યુ.એસ.એ.જેવા સ્થળોથી કલાયાત્રા કરી. ૧૯૮૬માં તેમની કૃતિઓ ન્યૂ દિલ્હીમાં ભરાયેલા કલામેળામાં પ્રદર્શિત થઈ. મુલુંદના પૂર્વ વિભાગમાં તેમનો સ્ટૂડિઓ છે તથા નિવાસ-સ્થળ છે અહીં તેઓ નિયમિતપણે ચિત્રસર્જન કરે છે. વિશાલ ભાલપ્રદેશ ભરાવદાર હોઠ અને વેધક આંખ ધરાવતો તથા મક્કમતાનું દર્શન કરાવતો તેમનો ચહેરો તથા તેમનું સમગ્ર વ્યક્તિત્વ મુલાકાતી કલાકારને કે કલારસિકને પ્રભાવિત કરે છે.

મહારાષ્ટ્રમાં આ સદીની શરૂઆતથી એકેડેમિક તથા પ્રભાવવાદી અને અભિવ્યક્તિવાદી શૈલીઓમાં ઉત્તમ દૃશ્ય ચિત્રો સર્જનાર કલાકારો થઈ ગયા છે અને તેમાંનાં ઘણાં તો જે.જે. સ્કૂલ ઑફ આર્ટના વિદ્યાર્થીઓ અને પછી શિક્ષકો પણ રહ્યા છે. એમાં રહેમાન, માધવ સાતવલેકર તથા યશવંત શિરવાડકરનાં નામ આગળ તરી આવે છે. મુંબઈના પ્રોગ્રેસિવ કલાકારોનાં ગ્રૂપના અડગણ્ય સશક્ત કલાકાર સૂઝ પણ બોલ્ડ શૈલીમાં કેટલાંક પ્રભાવશાળી દૃશ્યચિત્ર આપે છે. શર્માએ પણ તેમની શરૂઆતની કારકિર્દીમાં જળરંગોમાં તેજસ્વી દ્રશ્યચિત્રો સર્જ્યાં છે. તેની અસર તેમની પછીની 'રાજસ્થાન' પરની ચિત્રકળામાં અમૂર્ત શૈલીનાં દૃશ્યચિત્રોમાં નિહાળી શકાય છે. જહાંગીર સાબાવાળાએ પણ ઘનવાદી શૈલીમાં કેટલાંક દ્રશ્યો ચિત્રોનું સર્જન કર્યું છે. બૉમ્બે આર્ટ સોસાયટીનાં વર્ષોથી નિયમિતપણે ભરાતાં પ્રદર્શનોમાં પણ દૃશ્યચિત્રોની વિવિધ શૈલીઓનાં દર્શન થાય છે.

યશવંત શિરવાડકર જેવા સુખ્યાત મહારાષ્ટ્રિયન ચિત્રકારનાં દ્રશ્યચિત્રોમાં સૌથી ધ્યાનપાત્ર લક્ષણો છે તેમાંની ઉત્તમ કક્ષાની ઍકૅડેમિક ગુણવત્તા તથા તૈલ-રંગોના કલાત્મક વિનિયોગની તેમની સૂજ-સમજ સ્થળનાં સ્થાપત્યકીય દૃશ્યચિત્રોના સર્જનમાં મધ્યકાલીન કે આધુનિક સ્થાપત્યરચના તથા તે અંગેની પરિપ્રેક્ષ્યની સૂજ-સમજ જરૂરી હોય છે અને તે શિરવાડકરનાં બહુધા સ્થાપત્યકીય દ્રશ્યચિત્રોમાં નોંધપાત્ર રીતે જોવા મળે છે 'રાજસ્થાન'નાં મધ્યકાલીન નગરોના રંગદર્શી વાતાવરણને તેમણે તેમનાં અનેક ચિત્રોમાં કાયમી મૂર્ત રૂપ આપ્યું છે. સૂર્ય-પ્રકાશ, પરાવર્તિત પ્રકાશ, છાયાનું તથા પરિપ્રેક્ષ્ય અને વસ્તુઓનું અસલ પોત-સર્જન (જુઓ કિલ્લા કે દરવાજાની દીવાલો)તથા બૉલ્ડ બ્રોશવર્ક અને રંગ-આયોજન તેમનાં ચિત્રોને મનોહરી આકર્ષક, રંગદર્શી તથા ધબકતાં કરે છે. શિરવાડકર તેમને પ્રિય એવા જેસલમેર અને આમ રાજસ્થાની શહેરોની મુલાકાત લઈ ત્યાંની મધ્યકાલીન સ્થાપત્યરચનાનું બારીક નિરીક્ષણ કરી તેમના સ્થાપત્યકીય દ્રશ્યચિત્રોનું નિર્માણ કરે છે. શિરવાડકરે સ્થાપત્યકીય દ્રશ્યચિત્રો ઉપરાંત બનારસના ઘાટના નયનરમ્ય ચિત્રો ઉપરાંત રાજસ્થાનના ગ્રામ્ય જીવનની ખાસિયત અને ખૂબીને વાચા આપતા ચિત્રો પણ સર્જ્યાં છે. આ રીતે તેમના ચિત્રો તેમની અભ્યાસ નિષ્ઠા પણ પ્રકટ કરે છે તેમનું રાજસ્થાનના ઊટોનું આલેખન પણ જીવંત અને વાસ્તવિક છે. મહારાષ્ટ્રના દ્રશ્યચિત્રકારોમાં શિરવાડકર તેમની આગવી શૈલીરચના અને કૌશલ્યને કારણે વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

-બંસીલાલ દલાલ

વારાણસીના ઘાટનું એક નયનરમ્ય દ્રશ્ય ચિત્ર




રાજસ્થાનના એક મહેલનું સ્થળચિત્ર



કલાવૃત્ત

કલાત્મક પંખા



ભારત તેમજ પૂર્વના દેશોમાં જીવનની રહેણીકરણીમાં કલાત્મક અભિગમ હોવાને કારણે ઉત્સવો, તહેવારો, કલાકારીગરીમાંથી લોકો આનંદ મેળવતાં હોય છે. આ દેશ-પ્રદેશમાં સામાન્યતઃ ઉષ્ણતામાન વધારે રહેતું હોવાને કારણે તેમજ લોકો સામાન્ય ઘરોમાં વસતાં હોવાથી હવા ખાવા માટે જાતે બનાવેલો પંખો એ હાથવગુ સાધન ગણાયું છે. ક્યારેક પંખા જેવી વસ્તુ ગ્રામ-પ્રજાને માટે રોજીરોટીનું સાધન પણ બની જાય અને તેમાં કલાનાં તત્ત્વો ઉમેરાતાં જાય, વર્ષો બાદ અવનવા આકાર અને ડિઝાઇનવાળા પંખાઓ દેશ-વિદેશના સમાજમાં ફરતા-વેચાતા જોવા મળે. તેમાં વળી કોઈ કલાસંગ્રાહક આવા પંખાઓનો સંગ્રહ કરવાનો શૉખી આ પંખાઓને ઠેઠ સંગ્રહાલય સુધી પહોંચાડે. 'કુમાર'ના વાચકને કલાત્મક પંખાઓ વિષે જાણવામાં રસ પડશે.

મૂળ ઓરિસ્સાના એવા શ્રી જતીન દાસ એક લબ્ધપ્રતિષ્ઠિત ચિત્રકાર છે, દેશ-વિદેશમાં સંખ્યાબંધ વ્યક્તિગત પ્રદર્શનો, અવૉર્ડ, કલાસંગ્રહ, સચિત્ર પુસ્તકો દ્વારા નામના મેળવેલ છે. તેમની દીકરી નંદિતા દાસ પણ આર્ટ ફિલ્મની જાણીતી અભિનેત્રી છે. શ્રી દાસ કહે છે કે વર્ષો પહેલાં તેમને એમ લાગ્યું કે આ દેશમાં ચિત્રકાર તરીકેની મને નામના કદાચ ના મળે. આ વિચારથી આજથી ૨૫ વર્ષ પહેલાં તેઓએ કલાત્મક પંખાઓનો સંગ્રહ કરવા માંડેલો. તેઓ દેશ-વિદેશ જ્યાં પણ જાય ત્યાંથી આકર્ષક નવતર આકારના પંખાઓ એકત્ર કરતા જાય. સમય વીત્યે આ સંગ્રહથી પટારાઓ ભરાયા. પોતાનું નામ અને હવે ભારતભરમાં કલાની કદર થવા લાગી છે તેથી પ્રેરાઈને શ્રી દાસે ગત મહિનાઓમાં ન્યૂ દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે આવેલ કાયમી ક્રાફ્ટ્સ મ્યૂઝીઅમમાં આ પંખાઓનાં ભવ્ય પ્રદર્શનનું આયોજન કર્યું. સાથે પાટનગર દિલ્હીના લગભગ ૧૦૦ જેટલા વરિષ્ઠ તેમજ યુવાકલાકારોને નિમંત્રણ આપીને નવા પંખાઓ ઉપર સર્જન કરાવ્યાં. પ્રદર્શનને સારો આવકાર પ્રાપ્ત થયો. હાલ આ પ્રદર્શન કોલકત્તાના વિક્ટોરિયા મેમૉરિયલ ખાતે ગોઠવાયેલ છે અને લોકોમાં આદર ઝીલી રહેલ છે. દેશભરના મીડિઆ માધ્યમોએ સચિત્ર નોંધ લીધી છે. ભારત ઉપરાંત બર્મા, બાંગ્લાદેશ, બર્મા, પાકિસ્તાન, આફ્રિકા વગેરે દેશોના આ પંખા વાંસ, ઝાડપાન, કાપડ, ચામડાં, રેશમ, મણકાઓ, ભરતગૂંથણ, લઘુચિત્રો, ધાર્મિક અને મંગળ પ્રતીકો જેવી કલા અને આકારોથી આકર્ષક બન્યા છે. શ્રી દાસ આ સંગ્રહને પોતાના માદરેવતન ભુવનેશ્વરમાં એક સંગ્રહાલય સ્થાપીને કાયમી ધોરણે રજૂ કરવાના છે. સમગ્ર સંગ્રહ દેશને સમર્પિત થશે. ઉપરાંત સન ૨૦૦૫માં આ પંખાઓનો ઉત્તમ સંગ્રહ એક ભવ્ય પ્રદર્શનરૂપે લંડનના સંગ્રહાલયમાં ઈંગ્લન્ડના રસિક કલાચાહકો સમક્ષ યોજાશે તેવું નિમંત્રણ શ્રી દાસને પાઠવવામાં આવેલ છે. સંગ્રહમાંની થોડીક કૃતિઓ અત્રે રજૂ કરેલ છે.

- ગજેન્દ્ર શાહ

કલાવૈભવ



તાંબાનો નાગદેવ

નાગદેવતા ભારતમાં ધાર્મિક પ્રતીક ગણાય છે. દરેક શિવમંદિરમાં શિવલિંગ ઉપર નાગદેવતાની ફેણનું પ્રતીક જોવા મળે છે. સોનું, પિત્તળ, ચાંદી, જસત, લોખંડ, લાકડું, હાથીદાંત જેવી અનેક ચીજોમાંથી આ પ્રતીકનું સર્જન કરવામાં આવે છે. આ પ્રકારના તાંબામાંથી બનાવેલા નાગનું પ્રતીક ઓરિસ્સાના ભુવનેશ્વરનાં બધાં જ મંદિરોની બહાર નાનામોટા આકારમાં સ્મરણિકા તરીકે મળતું હોય છે. ડિઝાઇન, કોતરણી, બેઠક સુંદર દેખાય છે.

ગજેન્દ્ર શાહ

કલાસ્મૃતિ

પ્રેસ ફોટોગ્રાફર
શ્રીમતી હોમાઈ વ્યારાવાલા



લલિત કલાઓના શૉખ અને તેના વ્યવસાયમાં આપણા દેશમાં સ્ત્રીઓનું પ્રમાણ જૂજ રહેવા પામેલ છે. તેમાં પણ છબીકલા-ફોટોગ્રાફીના ક્ષેત્રમાં પ્રેસ ફોટોગ્રાફર એક સ્ત્રી હોય એ વાત સન ૧૯૩૭ના સમયગાળામાં માનવામાં આવે તેવી નહોતી. પણ ક્યારેક કોઈક વિરલ મહિલાઓ પોતાનું હીર બતાવતી હોય છે અને પોતાની કોમ, શહેર તેમજ પ્રદેશનું નામ ઉજ્જવળ કરતી હોય છે. શ્રીમતી હોમાઈ વ્યારાવાલા આવું જ એક વ્યક્તિત્વ છે, જેમણે પુરુષપ્રધાન વ્યવસાય પ્રેસ ફોટોગ્રાફીમાં પોતાની જાતને યથાયોગ્ય પુરવાર કરીને આગવું સ્થાન પ્રાપ્ત કર્યું.

શ્રીમતી હોમાઈ વ્યારાવાલા મૂળ ગુજરાતી પારસી. તેઓનાં વડીલો વર્ષોથી મુંબઈમાં સ્થાયી થયાં હતાં. હોમાઈ પોતાના અભ્યાસકાળ દરમિયાન તેમના શિક્ષક પાસે ગણિતનો અભ્યાસ કરવા જતાં. તેમના શિક્ષક માણેકશા વ્યારાવાલાને ફોટોગ્રાફીનો ગજબનો શૉખ. તેઓ અત્યંત ભાવપૂર્વક હોમાઈને ગણિત સાથે તસવીરકલા પણ શીખવાડતા. શાળાની પિકનિકના એક પ્રસંગે હોમાઈએ શિક્ષક માણેકશા પાસેથી કૅમરા લઈને થોડીક તસવીરો ઝડપી, જેમાં માણેકશાને સારું પરિણામ દેખાતા તેણે તસવીરો તે સમયના 'ધ બૉમ્બે ક્રૉનિકલ' અખબારને મોકલી. તસવીરો છપાઈ અને પ્રતિ તસવીર દીઠ હોમાઈને રૂ.૧/-નો પુરસ્કાર પ્રાપ્ત થયો. આમ, હોમાઈને ફોટોગ્રાફીનો શૉખ શરૂ થયો અને આગળ વધ્યો. હોમાઈએ મુંબઈની સૅન્ટ ઝેવિયર્સ શાળાના અભ્યાસ બાદ સર જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટ્સનો ચિત્રકલાનો ડિપ્લોમા પૂર્ણ કર્યો અને મનોમન નક્કી કર્યું કે પ્રેસ ફોટોગ્રાફીમાં પોતાની કારકિર્દી સફળ બનાવવી. આ વર્ષો દરમિયાન તેઓ માણેકશા વ્યારાવાળાના વધુ નજીક આવ્યાં અને બંને લગ્નગ્રંથિથી જોડાયાં. આમ, હોમાઈની સન ૧૯૩૭માં ભારતના પ્રથમ મહિલા પ્રેસ ફોટોગ્રાફર તરીકેની કારકિર્દી શરૂ થઈ, જે સન ૧૯૭૦માં પૂર્ણ થઈ તેમ ગણાય.

બીજા વિશ્વયુદ્ધના સમયમાં ઇસ્ટર્ન બ્યુરો ઑફ બ્રિટિશ ઇન્ફર્મેશન સર્વિસીસ માટે તેમજ તે વખતના ભારતના વાઈસરૉય લૉર્ડ માઉન્ટ બૅટન દ્વારા શ્રીમતી હોમાઈની પ્રેસ ફોટોગ્રાફર તરીકે નિમણૂંક કરવામાં આવી અને સ્ટૂડિઓ, ડાર્કરૂમ, પ્રેસ ફોટોગ્રાફર તરીકેની ફરજ પણ બજાવતાં હતાં અને બધા જ મહત્ત્વના રાજદ્વારી પ્રસંગો, બનાવો, ચળવળોની તસવીરો ઝડપતાં હતાં. તેમ છતાં નસીબ જ્યારે બે ડગલાં આગળ ચાલતું હોય ત્યારે સિદ્ધિનાં શિખરે પહોંચતાં માણસ સહેજ છેટો રહી જતો હોય છે. આ પ્રસંગ રોચક છે. શ્રીમતી હોમાઈ સન ૧૯૪૮માં મહાત્મા ગાંધીજીની પ્રાર્થનાસભામાં પ્રેસ ફોટોગ્રાફર તરીકે જવા નીકળ્યાં. ત્યાં જ તેમના પતિ દ્વારા કોઈક અંગત કામ માટે પાછાં બોલાવવામાં આવ્યાં. બસ, ખેલ



તેમણે લીધેલી એક યાદગાર તસવીર

ખલાસ! માત્ર એક જ કલાકમાં સમગ્ર દેશ તેમજ વિશ્વભરમાં મહાત્મા ગાંધીજીની હત્યાના સમાચાર વીજળીવેગે પ્રસરી ગયા. તે સમયના 'ધ કરન્ટ' નામના અખબારે નોંધ લીધી કે ભારતની એક ઉત્તમ સ્ત્રી પ્રેસ ફોટોગ્રાફર તેના જીવનની અને વર્ષની ઉત્તમ તસવીર ઝડપવાની તક ચૂકી ગયાં. આ પ્રસંગ શ્રીમતી વ્યારાવાલાને જીવનભરની યાદ બની રહેલ છે.

બદલાતા સમયકાળા સાથે ભલભલા તાલમેલ સાધી શક્યા નથી, તો આ એક મહિલા પ્રેસ ફોટોગ્રાફરનું શું ગજું? તેઓને કામ મળવાનાં ઓછાં થયાં. રંગીન તસવીરકલાનું આગમન, નવી ટેક્નિકો અને વધતી ઉંમરના કારણે તેઓનો વ્યવસાય પ્રત્યે રસ ઓછો થતો ગયો. પોતાના પતિ શ્રી માણેકશાના અવસાન બાદ સન ૧૯૭૦થી તેમણે પ્રેસ ફોટોગ્રાફીનું કામકાજ છોડી દીધું. હોમાઈના કહેવા પ્રમાણે, જમાનાનાં બદલાતા વહેણ સાથે એક જમાનાના સૌજન્યશાળી માનવો, રાજદ્વારીઓ, અધિકારીઓ પણ વહી ગયા. હવેના નવા સમયના સામાવહેણ સાથે ઝઝૂમવું કોઈ

પણ કલાકાર કે તસવીરકાર માટે મુશ્કેલ કામ છે. તસવીરો ઝડપવાનો આનંદ તેમજ રોમાંચ ઓસરી ગયા છે.

સન ૧૯૮૨માં હોમાઈ પોતાના દીકરા સાથે મુંબઈથી વડોદરા આવીને સ્થાયી થયાં. તેમના દીકરાના અવસાન બાદ તેઓ આજે લગભગ ૯૨ વર્ષની ઉંમરે સહેજ પણ કંટાળા વગર પોતાનું જીવન વ્યતીત કરી રહ્યાં છે. તેમની મુલાકાત લેતાં તેમની પ્રસિદ્ધ થયેલી તસવીરોના ઍલ્બમનો સંગ્રહ જોતાં લાગે કે આપણે ઈતિહાસમાં પાછળ જઈ રહ્યા છીએ, જેમાં બીજા વિશ્વયુદ્ધથી આપણા દેશની આઝાદીની યાદગાર પળોની તસવીરો અકબંધ સચવાયેલી જોવા મળે છે.

શ્રીમતી હોમાઈ વ્યારાવાળાની ખૂબ જ જાણીતી પંડિત જવાહરલાલ નેહરુની તસવીર અત્રે પ્રસ્તુત છે, જેમાં નેહરુ ઊભા છે. પાછળના બૉર્ડમાં 'તસવીર ઝડપવાની મનાઈ છે'નું લખાણ સ્પષ્ટ દેખાય છે. તેમ છતાં હોમાઈએ હિંમતપૂર્વક ઉપરોક્ત તસવીરને ઝડપીને દર્શકોને ખુશ કરી દીધાં હતાં.

શ્રીમતી હોમાઈ વ્યારાવાલા આજે નાનાંમોટાં ઘરકામ, સુથારીકામ, લુહારીકામ, ઇકાબાના જેવાં બાગાયતી કામકાજમાં પોતાનો સમય વ્યતીત કરી રહ્યાં છે. લોકો તેમને પૂછે છે કે તમારો સમય કેમ પસાર થાય છે ત્યારે તેઓ જણાવે છે કે મને હું જે કાંઈ નાનુંમોટું કામ કરું છું તેમાંથી ફુરસદ જ નથી મળતી. આ પ્રકારની વ્યક્તિઓના જીવનમાંથી કર્મમાં રહેલી જીવન-શક્તિનો અન્ય સંધ્યાકાળના પ્રવાસીઓને બોધપાઠ મળી શકે. અત્રે 'ક્લિક ફૉર કૅમરા-ક્લિક ફૉર લાઇફ' જેવું સૂત્ર એકમાત્ર ગુજરાતી સ્ત્રી પ્રેસ ફોટોગ્રાફર શ્રીમતી હોમાઈ વ્યારાવાલાને અર્પણ.

- ગજેન્દ્ર શાહ

અનુસંધાન]અડકો દડકો [પૃ. ૯૭૭થી

સુંદર સુંદર છે! મને આ ગમ્યું.'

કોનારક પૃથ્વી પર જ રહી પડ્યો. સોનારકને એણે કહેલું કે બાર મહિનામાં હું પ્રવાસેથી પાછો આવી તને બધી વાત કરીશ, પણ બાર મહિના તો ક્યારનાયે વીતી ગયા, પણ કોનારક ફરી દેખાયો નહિ ત્યારે સોનારકને થયું કે મારે એની ખબર કાઢવી જોઈએ - મિત્ર તરીકેનો મારો એ ધર્મ છે.

- અને એક પરોઢિયે એ દેશ છોડી કોનારકની શોધમાં ચાલી નીકળ્યો. ઘણા દેશ ફર્યો, પણ એને ક્યાંય કોનારકનો પત્તો લાગ્યો નહિ. નિરાશ થઈ પાછો ફરી જવાનું વિચારતો હતો. ત્યાં અચાનક એને હવામાં કોનારકનાં પગલાંની સુગંધ મળી, હવે બમણાં ઉત્સાહથી એ આગળ વધ્યો અને સુગંધના ચીલે ચીલે ચાલી એ પૃથ્વી પર આવી પહોંચ્યો. કોનારક દોડીને એને ભેટી પડ્યો. બંને મિત્ર ખૂબ ભાવથી ભેટ્યા.

કોનારકે આખી રાત સોનારકને પોતે જે જોયું, જાણ્યું તેની વાતો કરી. વાતોમાં રાત પૂરી થઈ, પણ વાત તો હજી અડધીયે નહોતી કહેવાઈ.

સોનારક કહે, 'મારે હવે સાંભળવું નથી, જોવું છે.' આ શબ્દો કોનારકને ખૂબ ગમ્યા. તેણે કહ્યું, 'જોવું એ જ ખરી વાત છે. અહીં તો આ બે-પગાળાંઓ બધાં એવું માને છે જીવ્યાં કરતાં જોયું ભલું અને રાખ્યાં કરતાં ખોયું ભલું!'

સોનારક કહે, 'બહુ સમજદાર લાગે છે આ બે-પગાળાં!'

'છે જ, એટલે તો હું અહીં રહી ગયો છું. આ દેશ છોડી જવાનું મને મન જ થતું નથી. એટલે તને સમાચાર કહેવા હું પછી આવી શક્યો નહિ. તું આવ્યો તે બહુ સારું થયું, દોસ્ત!'

બંને મિત્રો ખૂબ ફર્યા. પોતે જ્યાં જ્યાં જે કંઈ જોયેલું તે બધું જ કોનારકે મિત્રને દેખાડ્યું. સોનારક એ જોઈને આભો બની ગયો. કહે, 'દોસ્ત, તારી વાત ખરી છે, અહીં રહી જવા જેવું છે. મનેય હવે પાછા જવાનું મન થતું નથી.'

બંને દોસ્તોએ પ્રભુને પ્રાર્થના કરી, 'પ્રભુ, અમારા માટે અહીં જગા કરો!'

પ્રભુએ કહ્યું, 'એક જગા ખાલી છે - આ છોડવાઓ પર ફૂલની! અહીં રહેવું હોય તો ફૂલ થઈને રહો!'

કોનારક-સોનારક રાજીરાજી થઈ ગયા. બેઉ એક જ છોડ પર ફૂલ થઈને ઊગ્યા. માણસે એ ફૂલ ચૂંટી ભગવાનને ચરણે ધર્યાં.


પછી તો તારાઓના આખા દેશમાં ઘેરઘેર આ વાત પહોંચી ગઈ. ફૂલ બની પૃથ્વી પર અવતરવાની તારાઓમાં હોડ લાગી ગઈ, આજે પણ એ ચાલુ છે.

ખડખડાટ

'લ્યો, તમે હજી જીવો છો ?'

'કેમ એમ પૂછવું પડ્યું ?'


'ગઈ કાલે તમારા ઘર પાસેથી પસાર થતો હતો ત્યારે તમારા વખાણ તમારા પડોશીઓ કરતા હતા તે સાંભળ્યા એટલે પૂછ્યું.'



પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીર માટે પર્યટકોમાં સૌથી વધુ આકર્ષણ હોય એ તો સ્વાભાવિક લેખાય. કાશ્મીરનું ઉનાળાનું પાટનગર શ્રીનગર અને શિયાળાનું જમ્મુ છે. કાશ્મીરમાં પહેલગામ, સોનમર્ગ, ગુલમર્ગ જેવાં સુંદર હિલ સ્ટેશનો છે. તો એનું પટણી ટોપ નામનું ગિરિમથક કુદરતનાં રંગીન દશ્યોથી ભરપૂર છે. કાશ્મીરનું ઉનાળાનું પાટનગર શ્રીનગર ઝેલમ નદીના કિનારે આવેલું રળિયામણું શહેર છે. આ શહેરની મુલાકાત લેવા માટેનો સમય એપ્રિલથી સપ્ટેમ્બર શ્રેષ્ઠ લેખાય છે.

અહીંના મુખ્ય દાલ સરોવરમાં શિકારાની રોમાંચક સફર તથા હાઉસબોટમાં રહેવાની મજા તો અનોખી છે. આ ઉપરાંત અહીં નિશાતબાગ, શાલીમારબાગ, ચશ્મેશાહી જેવા સુંદર ઉદ્યાનો, હજરતબાલ તથા દાલ સરોવરની સામે આવેલું આદિશંકરાચાર્યનું મંદિર જોવાલાયક સ્થળો છે.

કાશ્મીરના ગાલીચા, કાષ્ઠ-કારીગરી, શાલ, પરમીના ઊન, પેપીયર મેશેની સુંદર વસ્તુઓ, સુંદર અલંકૃત ધાતુપાત્રો તેમ જ અખરોટના કાષ્ઠમાંથી બનાવેલું નાજુક નમણું ફર્નિચર અને નાજુક મમદાઓ પ્રવાસીઓનાં ચિત્ત હરી લે છે.



તું તકલાદી શ્વાસોનો ધોખો ન કર;
બહેતર, હવાનો ભરોસો ન કર.
તું સંકોર દર્શનની વેળાની શગ,
ખરે ટાણે દીવાને ઝાંખો ન કર.
તું અંતિમ ક્ષણે મોક્ષને માગ મા,
મહામોંઘા અવસરનો સોદો ન કર.

('ક્યાંય પણ ગયો નથી'માંથી) — મનોજ ખંડેરિયા

હેન્રિ કાર્તિઅર - બ્રેસોં



વીસમી સદીના વિશ્વપ્રસિદ્ધ ફોટોગ્રાફરોમાંના એક ફ્રેન્ચ ફોટોગ્રાફર હેન્રિ કાર્તિઅર - બ્રેસોંનો જન્મ ૨૭મી ઑગસ્ટ, ૧૯૦૮માં થયો હતો. આંતરરાષ્ટ્રિય ફોટો જર્નાલિજમ ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવનાર બ્રેસોં પૅરિસ ખાતે પાંચ ઑગસ્ટ, ૨૦૦૪ના રોજ ૯૫ વર્ષની જૈફ વયે નિધન પામ્યા.

નેહરુ-એડવીના, ગાંધીજીના મોત પહેલાનો ફોટો, ગાંધી સ્મશાનયાત્રા, ચીન-રશિયાની ઐતિહાસિક ઘટનાઓ અને ભારત-પાક.ના ભાગલા વખતે શરણાર્થી કૅમ્પના તેમજ ૧૯૬૬માં લીધેલ અમદાવાદના ફોટોગ્રાફ્સ માટે તેમને કાયમ યાદ કરવામાં આવે છે. ફોટોગ્રાફીની દુનિયામાં બ્રેસોંને દાર્શનિક ફોટોગ્રાફર તરીકે નવાજવામાં આવતા હતા. તેઓ એકમાત્ર એવા ફોટોગ્રાફર હતા જેમની ખ્યાતિ તેમણે જેમના ફોટોગ્રાફ્સ લીધા હતા તે મહાન વ્યક્તિઓ જેટલી જ છે. મહાત્મા ગાંધીની દુર્લભ તસવીરો ખેંચવા માટે તેમને ભારત કાયમ યાદ રાખશે.

હેન્રિ કાર્તિઅર - બ્રેસોં હંમેશાં બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફોટો જ ખેંચતા. તેમની ફોટો ખેંચવાની સૂઝ અજબ હતી, જાણે કે તેઓ ઘટનાને અગાઉથી પામી ન જતા હોય! તેઓનું માનવું હતું કે 'જો તમે ઘટનાની ધારણા ના કરી શકતા હોવ તો તમારી ફોટોગ્રાફી માત્ર રિપોર્ટિંગ જેવી બની જાય છે.' વળી, તેઓ પોતાની ફોટોગ્રાફી વિશે કાયમ કહેતા, 'હું ક્યારેય ફોટાને નથી ખેંચતો, ફોટો જ મને ખેંચી લે છે.' વિશ્વના ખૂણે ખૂણે ફરીને પ્રકૃતિ અને માનવજીવનનાં નિત-નવા દશ્યો તેમણે કૅમરામાં ઝીલ્યાં હતાં. પ્રસિદ્ધિથી દૂર રહેતા કાર્તિઅર વિશ્વપ્રસિદ્ધ ફોટો એજન્સી 'મૅગ્નિમ પિક્ચર એજન્સી'ના સંસ્થાપકોમાંના એક હતા.



૧૯૬૦માં અમદાવાદમાં મરઘાયુદ્ધનો ફોટો ખેંચવામાં મશગુલ કાર્તિઅર

બ્રેસોં અમદાવાદના ચાહક હતા. પોળોના અને સાબરમતીના પટમાં કપડાં ધોતા ધોબીનો ફોટો પણ આ મહાન ફોટોગ્રાફરે લીધો છે. અમદાવાદ શહેરની



જાન્યુઆરી ૨૯,૧૯૪૮ ના રોજ પ્રાર્થના માટે જતા ગાંધીજીની હેન્રિએ લીધેલ અંતિમ તસવીર

બજાર અને અમદાવાદનો ઉત્તરાયણનો મિજાજ પણ તેમણે તેમની મુલાકાત દરમિયાન કૅમરામાં ક્લિક કર્યો છે. છેલ્લે તેઓ ૧૯૮૬માં અમદાવાદ આવ્યા હતા. ૧૯૬૬માં તેમણે લીધેલ અમદાવાદની તસવીરોનું થોડા સમય અગાઉ જ લોકાર્પણ થયું હતું. હેન્રિ માત્ર ફોટોગ્રાફર જ નહોતા પરંતુ કવિ અને ચિત્રકાર પણ હતા.

પેઇન્ટિંગમાંથી પોતાની કારકિર્દી શરૂ કરનાર હેન્રિ ફોટોગ્રાફી તરફ વળ્યા અને ફરી ઢળતી ઉંમરે પેઇન્ટિંગ તરફ વળ્યા હતા. તેઓ ભારતમાં જ્યારે પણ ફોટોગ્રાફી કરવા આવતા ત્યારે કહેતા કે ભારતમાં ફોટોગ્રાફી કરવી હોય તો રામભરોસે હિંદુ હોટેલમાં જ રહેવાય, કારણ કે દરેક ઘટના તેની આસપાસ જ બનતી જ હોય છે. સંવેદના સમજતા અને ફોટોગ્રાફી કરતા. ટોળામાં ઘૂસીને અદ્‌ભુત ફોટો ખેંચવાનો કસબ બ્રેસોંને હાથવગો હતો અને એથી જ સામાન્ય જનસમુદાયની સંવેદના શ્વસતા તેમના ફોટોગ્રાફ્સ આજેય અમર છે.

છેલ્લે છેલ્લે એમની ભારત મુલાકાતની ઝંખના નિધને ઝૂંટવી લીધી એનો વસવસો એમને રહ્યો હશે અને ભારતવાસીઓને પણ તે સાલશે.

*

ગાયનું દૂધ

ગાયનું દૂધ અમૂલ્ય છે. ગાયનું દૂધ ધરતી પરનું અમૃત છે. તેના ભૌતિક, વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અનંત ગુણોનો મહિમા અને વર્ણન વેદ, ચરકસંહિતા વગેરે ગ્રંથોમાં વર્ણવ્યો છે.

ગાયનું દૂધ ઉત્તમ પ્રકારનું રસાયણ અને સ્વયં ઔષધિ છે. માતાનું દૂધ પછી બાળકો માટે શ્રેષ્ઠ દૂધ માત્ર ગાયનું છે. તે માતાના દૂધ જેટલું જ સુપાચ્ય છે. ગાયના દૂધમાં પીળાશ પડતો રંગ હોય છે. તેમાં સુવર્ણ તત્ત્વ રહેલું છે. ગાયના શરીરમાં સૂર્યકેતુ નાડી હોય છે, જે સૂર્યપ્રકાશની મદદથી સુવર્ણ તત્ત્વ પેદા કરે છે. ગાયના દૂધમાં વિટામીન 'એ' છે, જે બીજા કોઈનાં દૂધમાં નથી મળતું અને તે રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે. આ ઉપરાંત તેમાં વિટામીન 'બી' - 'સી' - 'ડી' અને 'ઈ' છે. આ બાબત વૈજ્ઞાનિક પૃથક્કરણથી સાબિત થયેલી છે. આધુનિક વિજ્ઞાનના મતે ગાયના દૂધમાં ૮ પ્રકારના પ્રોટીન, ૨૫ પ્રકારનાં ખનીજ તત્ત્વો, ૧૧ પ્રકારના ઍસિડ, પાંચ પ્રકારનાં વિટામિન્સ, ૨૧ પ્રકારના ઍમિનો ઍસિડ, ૨ પ્રકારની શર્કરા, ઉપરાંત ખનીજ તત્ત્વોમાં કૅલ્શ્યમ, ફૉસ્ફરસ, લોહ, તાંબુ, આયોડિન, મેંગેનીઝ, સિલીકોન વગેરે હોય છે.

ગાયના દૂધમાં પાચક તત્ત્વો વધારે માત્રામાં હોય છે અને કેરોટીન નામનું તત્ત્વ પણ વધારે પ્રમાણમાં હોઈને અપોષણથી આવતા અંધાપાને રોકે છે. દૂધમાં રહેલ સેરીબ્રોસાઇડ મગજ અને બુદ્ધિના વિકાસમાં સહાયક બને છે.

ફક્ત ગાયના દૂધમાં રહેલ '' તત્ત્વ છે, જે અણુકિરણોની પ્રતિરોધક છે અને તેથી રશિયન વૈજ્ઞાનિકો ગાયના દૂધ, ઘી તેમજ છાણને અણુરજથી થતી અસરને શમન કરનાર માને છે. કરનેલ વિશ્વવિદ્યાલયના પશુવિજ્ઞાનના નિષ્ણાત પ્રોફેસર રોનાલ્ડ ગોરવીટે જણાવ્યું છે કે ગાયના દૂધમાંથી પ્રાપ્ત કોશિકા વૃદ્ધ નિરોધક પ્રોટીન અને એમ.પી.જી.આઈ.ના કારણે કોશિકાઓને કૅન્સરયુક્ત બનતી અટકાવે છે. ગાયનું દૂધ રેચક છે. આંતરડાં સાફ કરે છે. ઉપરાંત હોજરી કે આંતરડામાં પડેલાં ચાંદા માટે સર્વોત્તમ આહાર અને ઔષધિ છે.

લાંબો સમય ઍલોપથીની વધારે પડતી દવાઓ લેવાથી શરીરમાં થતી ઝેરી અને આડઅસરોને દૂર કરી સ્વસ્થતા-પ્રદાન પણ આ દૂધ જ કરે છે. દૂધમાં તેજ તત્ત્વ વધારે હોય ને હૃદયરોગના દર્દમાં આશીર્વાદ સમાન છે. તેનાથી ચરબી વધતી નથી. શરીરની ધમની-શિરાની સ્થિતિ-સ્થાપકતા જાળવી રાખે છે. મેદસ્વી મનુષ્ય માટે આ દૂધ ખૂબ જ લાભકારી છે. હૃદયરોગને અટકાવે છે. જન્મથી જ ગાયનું દૂધ પીનાર બાળકો પ્રચંડ મેધાવી બને છે. તેમનો આઈ.ક્યૂ. ખૂબ જ ઊંચો હોય છે.

તાજી વિયોલી ગાયોનાં બચ્ચાંઓને દૂધ પીવા માટે તેની માતા પાસે છોડતાં ફક્ત એક જ દિવસનું ગાયનું બચ્ચું તેની માતાને પલવારમાં શોધીને ધાવવા જશે. જ્યારે ભેંસનું બચ્ચું તેની માતાને શોધી નહીં શકે.

જ્યારે દુનિયામાં મનુષ્યોને આ સત્યની જાણ થશે ત્યારે જ ગાયની અને તેના દૂધની ઉપયોગિતા સમજી શકાશે. પ્રજાનું સ્વાસ્થ્ય એ જ રાષ્ટ્રનું સ્વાસ્થ્ય કહી શકાય.

*

કીડીનું વિજ્ઞાન

નાનકડી અમસ્તી કીડી જંગલો કે રણવિસ્તાર, પહાડ કે ખેતર, મહેલ કે ઝૂંપડાં, અરે મકાનના ૧૦થી ૪૦મા માળ સુધી જોવા મળે છે. કીડીનો પોતાનો એક સમૂહ હોય છે, જેમાં એક

કીડી રાણી હોય છે અને બીજી કીડીઓ શ્રમિક હોય છે. બધું જ કાર્ય આ શ્રમિક કીડીઓ જ કરે છે. નર કીડી તો ક્યારેક જ બહાર દેખાય છે. કીડીઓ લગભગ ૧૦,૦૦૦ પ્રકારની જોવા મળે છે. તે બે મી.મી.થી માંડીને પચીસ મી.મી. સુધીની લંબાઈ ધરાવે છે. કીડી પોતાના વજનથી ૧૦ ગણું અને ક્યારેક ક્યારેક તો ૫૦ ગણું વજન ઉઠાવી શકે છે.

વૈજ્ઞાનિકો પણ એવું માને છે કે લાખો વર્ષોથી કીડીઓ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે. વિવિધ કીડીઓનાં આયુષ્ય પણ અલગ અલગ હોય છે, જેમકે રાની કીડી ૧૦થી ૨૦ વર્ષ, શ્રમિક કીડી એક વર્ષથી ઓછું અને નર કીડી એકથી બે અઠવાડિયાં. આ કીડીને કરોળિયાં, દેડકાં, ગરોળીઓ, ચકલીઓ, દેવચકલીઓ વગેરે જેવાં ઘણાં કટ્ટર દુશ્મન છે.

*

શંખાવલી (માખણી)

સંસ્કૃતમાં શંખપુષ્પી, મરાઠીમાં શંખાહુલી, બંગાળીમાં ડાનકુંતી, હિન્દમાં કોડી આલી, લૅટિનમાં ઈવોલ્વ્યુલસ (ધોળી), આલસિનોઈડ્સ (લાલ), હર્સટસ (કાળી).

આ ઝાડ લગભગ બે ફૂટ જેટલું ઊંચું થાય છે. તેનાં પાંદડાં બારીક હોય છે. ફૂલ પણ બારીક અને સફેદ હોય છે. ફૂલ ઉપરથી તેની જાત નક્કી થઈ શકે છે. શંખાવલી શીતળ, સ્વરૂપે સિદ્ધપ્રદ સારક, રસાયન, તૂરી છે અને તે સ્મૃતિ-કાંતિ, બળ અને અગ્નિને વધારનારી આયુષ્યસ્થાપક છે. તે અપસ્માર, ભૂતબાધા, કૃમિ, કોઢ, ત્રિદોસ અને સર્વો પ્રધ્વનો નાશ કરે છે.

ઉન્માદ અને અપસ્મારમાં શંખાવલીના રસમાં કોષ્ઠનું ચૂર્ણ અને મધ નાખીને આપવાથી ફાયદો થાય છે.

*

તાંબૂલ

આપણે ભોજન બાદ તાંબૂલ ખાઈએ છીએ. બહુ પ્રાચીન સમયથી આ રિવાજ આપણે ત્યાં પ્રચલિત છે.

નાગરવેલનું પાન સહેજ તીખું અને કડવું છે, ઉષ્ણ છે, મધુર છે, ક્ષાર-યુક્ત છે, કષાય રસયુક્ત છે, વાયુને હરનાર છે, કફનો નાશ કરનાર છે, કૃમિને હરનાર છે, દુર્ગંધનો નાશ કરનાર છે. પાન એ તો મુખનું આભરણ છે. પાન મોંને સાફ રાખનાર છે અને કામાગ્નિને પ્રદીપ્ત કરનાર છે. નાગરવેલના પાનમાં તેર ગુણો છે.

કપૂર, જાયફળ, ચણકબાલા, લવિંગ, કસ્તૂરી અને સોપારી - આ સુગંધી પદાર્થો સાથે પાન ખાવું જોઈએ. આવું પાન મુખને વિશદ બનાવે છે, સુગંધ બહેલાવે છે, દેહની કાન્તિ વધારે છે અને અંગસૌષ્ઠવ કરનાર છે. હડપચી, દાંત, સ્વર વગેરેને સાફ કરનાર છે. જીભનું શોધન કરનાર છે. લાળ પડતી હોય તો શમાવનાર છે, મનને પ્રિય લાગે એવું છે અને ગળાના રોગોનો નાશ કરનાર છે.

સૂઈ ઊઠ્યા પછી, ખાધા પછી, સ્નાન કર્યા પછી અને ઊલટી થઈ હોય તો તે પછી મનુષ્યોએ તાંબૂલ ગ્રહણ કરવું જોઈએ. આપણે અત્યારે જે રીતે પાન ખાઈએ છીએ તે રીતમાં કેટલોક સુધારો કરવાની જરૂર છે. પ્રથમ તો આખો દિવસ પાનાના ડૂચા જે મોંમાં ભરી રાખે છે તે ખરાબ છે - કલાની દૃષ્ટિએ તેમ જ આરોગ્યની દૃષ્ટિએ - બંને રીતે ખરાબ છે. પાન ખાવાની પ્રથા સરસ છે. પરંતુ જેમ ઘણી સારી પ્રથાઓને મનુષ્યજાતિએ અજ્ઞાનને લીધે બગાડી છે તેમ પાનનું પણ થયું છે. પાનના રસમાં જે ઔષધોપયોગી ગુણો છે, જે ખુશબો છે તેને લીધે આપણા દીર્ઘદર્શી પૂર્વજોએ પાન ખાવાની પ્રથા પ્રચલિત કરી, પરંતુ કોઈ પણ વસ્તુનો અતિયોગ વસ્તુના મહત્ત્વનો નાશ કરે છે અને એથી એ પ્રથા પણ નિંદાપાત્ર બને છે, આજે એ તાંબૂલભક્ષણની પ્રથા - કલા, સૌંદર્ય અને આરોગ્યનો અજબ સમન્વય કરનાર આ પ્રથા - પણ આવાં જ કારણોથી નિંદ્ય બની છે.

*

ગિનેસ બુકની સુવર્ણ જયન્તી

માણસોનાં અસાધારણ કૃત્યોના નોંધ રાખતી' ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડસ' આ માસમાં અડધી સદી એટલે કે ૫૦ વર્ષ પૂરા કરી રહી છે ત્યારે આવું પુસ્તક પ્રકાશિત કરવાનો અને લોકોને નવાં નવાં પરાક્રમો માટે પ્રેરવાનો વિચાર કઈ રીતે ઉદ્ભવ્યો તેની વાત દિલચસ્પ છે.

ગિનેસ બુકના પ્રણેતા ગિનેસ બ્રુઈંગ હતા. ગિનેસ બ્રુઈંગ આયર્લૅન્ડના હતા અને ગિનેસ બ્રુઈંગ નામની કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર હતા. એક વાર તેમને યુરોપનું સૌથી ઝડપી પક્ષી કયું એ મુદ્દે પોતાના મિત્રો સાથે વાદવિવાદ થયો. આ વિવાદ પછી તેમને ખયાલ આવ્યો કે આવી તો કેટલીય બાબતો હશે અને લોકો વાદવિવાદ કરતાં હશે. આ પ્રકારના વિવાદો ટાળવાના પ્રયત્ન રૂપે તેમણે ૧૯૪૫માં સપ્ટેમ્બરમાં પહેલી ગિનેસ બુક પ્રસિદ્ધ કરી. તેમની કંપની બીઅર બનાવતી હતી અને આયર્લૅન્ડનાં પીઠામાં આ પ્રોડક્ટસ વેચાતી એટલે શરૂઆતની નકલો પબ્સમાં મૂકાઈ. ૧૯૫૫માં અમેરિકન આવૃતિ રાતોરાત ખપી ગઈ અને આખી દુનિયામાં ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડસ જાણીતી થઈ ગઈ. એ પછી દર વર્ષે આ બુક પ્રસિદ્ધ થાય છે અને વિશ્વમાં સૌથી વધુ વેચાતાં પુસ્તકનો વર્લ્ડ રેકૉર્ડ આ પુસ્તકના નામે છે. ગિનેસ વર્લ્ડ રેકોર્ડસ મ્યુઝીઅમ ૧૯૭૮માં ગટલિનબર્ગમાં શરૂ થયું હતું.

એક અનાથનું સ્વપ્ન



હવાઈ-યાત્રા માટે ઉન્માદિત બાળકો



'કિંગ અંકલ' સાથે ભત્રીજાઓ

આ પૃથ્વી પર દરેક માનવીનું કંઈક ને કંઈક સ્વપ્ન હશે, કંઈક ને કંઈક મહત્વાકાંક્ષા હશે, કંઈક મેળવવાની તાલાવેલી હશે. મિત્રો આ એક એવું સ્વપ્ન છે કે પૃથ્વી પરના દરેકે દરેક બાળકે એક વખત તો સેવેલું જ હશે. તમે એક વખત તો તમારા અતતીમાં જઈને વિચારશો તો ચોક્કસ યાદ કરજો જ્યારે આપણી બાલ્યાવસ્થામાં આપણે દરેકે પ્લેનને જોવા માટે આમતેમ દોડતાં એ વિમાન... એ વિમાન.. ' એમ કર્યું જ હશે... તે સમય ખાસ યાદ કરજો, તે સમયે આ પૃથ્વી પર જન્મેલાં નાનાં ભૂલકાઓને અવશ્ય એક તીવ્ર અભિલાષા થઈ જ હશે. 'હું પણ આ પ્લેનમાં બેસીશ, હું પણ પ્લેનમાં સફર કરીશ એવો વિચાર, એવું સ્વપ્ન સેવ્યું હશે... મિત્રો, ખરેખર આ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે... અમે તેને સાકાર કરવા જઈ રહ્યા છીએ. એ પણ એવ ભૂલકાંઓનું જેને માટે આ સ્વપ્ન તો ફક્ત દિવાસ્વપ્ન સમાન જ હોય! જેને પોતે પણ સ્વપ્ન ક્યારે પૂર્ણ થશે... કદાચ કદાપિ નહીં? કારણ મારું આ જગતમાં કોણ... કોણ પૂરું કરશે મારું આ સ્વપ્ન... હું એકલો અટૂલો સાવ અનાથ છું કોણ ઝાલશે મારી આંગળી... કોણ પૂર્ણ કરશે મારી આ ઈચ્છા...

આંતરરાષ્ટ્રિય સ્વૈચ્છિક સંસ્થા 'સિલ્વર જેસીઝ'ની ઝોન-૭માં આવેલી એક પાંખ ભાવનગર સિલ્વર જેસીઝ દ્વારા 'એક અનાથનું સ્વપ્ન' નામક પ્રોજેક્ટ અંતર્ગત ભાવનગર સ્થિત 'શ્રી નંદકુંવરબા બાલશ્રમ'નાં ૩૩ બાળકોને નિઃશુલ્ક હવાઈ મુસાફરી કરાવવાનોલ એક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમનો તમામ ખર્ચ કાયમ ચૂર્ણવાળા તરીકે જાણીતા થયેલા ભાવનગરના 'શેઠ બ્રધર્સ' પરિવારે ઉઠાવ્યો હતો.

'બ્રધર્સ પરિવાર' પોતાના નામ જેમ જ ભાઈચારાની ભાવનાને ટકાવી રાખવા તત્પર રહ્યો છે. એક અનાથ બાળક માટે વિમાનની સફર તે સ્વર્ગની સેર કર્યા બરાબર છે. શેઠ બ્રધર્સ પરિવારનાં સહયોગથી આ અનાથ બાળકો 'ઍરડેક્કન કંપની'ના ખાસ વિમાન દ્વારા ભાવનગરથી મુંબઈની હવાઈયાત્રાનો સોનેરી અવસર માણી શક્યાં.

આ કાર્યક્રમ અંતર્ગત અનેક વિધ વિધ કાર્યક્રમોનું પણ યથાયોગ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેના લીધે અનાથ બાળકો માટે પારિવારિક વાતાવરણ ઊભું થઈ ગયું. 'શ્રી નંદરકુંવરબા બાલશ્રમનાં' તમામ બાળકોને એક કિટ પણ અર્પણ કરવામાં આવી હતી, જેમાં વસ્ત્રો સહિત શિક્ષણ-ઉપયોગી તેમજ જીવનજરૂરી સામગ્રીનો સમાવેશ થતો હતો.

મુંબઈમાં આ બાળકોને ઈસ્કોન મંદિરના દર્શનાર્થે પણ લઈ જવાયાં હતાં. જુહુના દરિયાતટ પર પ્રકૃતિનો લ્હાવો પણ બાળકોને મનભેર લીધો હતો.

'કિંગ અંકલ' ફેમ જેકી શ્રોફ સાથે વિતાવેલ અડધો કલાક તો આ બાળકોને આજીવન યાદ રહેશે. અભિનેતા જેકી શ્રોફ તત્કાલીન મુલાકાત હોવા છતા પણ બાળકોની સાથે સમય પસાર કરી તેમને આનંદવિભોર કર્યાં હતાં.

આ કાર્યક્રમનો ઉદ્દેશ અનાથ બાળકોની હતાશ જિંદગીમાં આશાના અંકુર ફળગાવવા માટે ઘણો ઉપકારક નીવડી શકશે તેમાં નવાઈ નથી. 'શ્રી નંદકુંવરબા બાલાશ્રમ'નાં અનાથ બાળકોના સ્વપ્નમાં ભાવનગર 'સિલ્વર જેસીઝ' અને 'શેઠ બ્રધર્સ' પરિવાર વારંવાર ડોકાયા કરશે.

> મુખ સમ કો મંગલ નહિ, મૃત્યુ સમી નહિ હાણ,
> જગ સમ કો જંગલ નહિ, સત્ય સમી નહી વાણ.
>
> — રા. વિ. પાઠક

અમેરીકાના વિખ્યાત ઉદ્યોગપતિ અને દાનવીર હેન્રિ ફૉર્ડે એક આલિશાન હોટલના કાઉન્ટર પર સસ્તી હોટલ વિષેની પૃચ્છા કરી. રિસેપ્સનિસ્ટે કહ્યું, 'આ ફાઈવસ્ટાર હોટલની સસ્તી જ છે. આપનું નામ શું છે ?' હેન્રિ ફૉર્ડે પોતાનું નામ જણાવ્યું, 'મિ. ફૉર્ડ' અને કહ્યું, 'એક જ દિવસના રોકાણ માટે મને આ હોટલનો ખર્ચ પોષાય તેમ નથી. અને ત્યાથી ચાલી નીકળ્યા. તેવામાં જ રિસેપ્શનિસ્ટને યાદ આવ્યું કે આ હોટલના સૌથી મોંઘા સ્યૂટમાં એક. મિ. ફૉર્ડ જ ઊતર્યા છે. તે આ વિષે હેન્રિ ફૉર્ડે જણાવ્યું, 'હું તેમને ઓળખું છું. એમના પિતા કરોડપતિ છે, જ્યારે મારા પિતા ગરીબ હતા.'

હોટલના સ્યૂટમાં ઉદ્યોગપતિ હેન્રિ ફૉર્ડના પુત્ર રોકાયા હતા !

*

ન્યૂ યોર્કની મેડરીન ઓરીએન્ટલ હોટલના એક સ્યૂટમાં ભાડું ૧૨,૫૯૫ ડૉલર છે, જે વિશ્વનું સૌથી મોંઘામાં મોંઘુ હોટલના કમરાનું ભાડું કહેવાય. એના આ પ્રેસિડેન્શ્યલ સ્યૂટમાં આખું રસોડું, ભોજનખંડ, ઉચ્ચ કક્ષાનું વિશાળ પડદાવાળું ટેલિવિઝન ધરાવતો દીવાનખંડ, ભવ્ય પિયાનો અને એશિયાઈ વિષય પરની એક મિલ્યન ડૉલરની કલાકૃતિઓનો સમાવેશ થાય છે.



*

नायमात्मा बलहीनेन लभ्यो न च प्रमादात् तपसो वाप्यलिंगात् ।
एतै रुपायैर्यतते यस्तु विद्वांस्तस्यैष आत्मा विशते ब्रह्मधाम ॥

(બ્રહ્મચર્યના) બળથી રહિત, પ્રમાદી અને અશાસ્ત્રીય તપ કરનાર ને આત્મા પ્રાપ્ત થતો નથી. પણ જ્યારે જ્ઞાની પુરુષ આ ઉપાયો(એટલે કે ઉપર કહેલ દોષ દૂર કરવાના ઉપાયો) વડે તેને પ્રાપ્ત કરવાની કોશિશ કરે છે ત્યારે તેનો આત્મા બ્રહ્મધામમાં પ્રવેશ કરે છે.

હાર્વેસ્ટ નામની કીડી તેના વજન કરતાં બાવન ગણું વજન ઊંચકી શકે છે.

*

સ્વીડનમાં લગ્ન વખતે જે ખમીસ વરરાજા પહેરે છે તે જ ખમીસ મૃત્યુ સમયે તેને પહેરાવવામાં આવે છે.

*

એક પણ વળાંક સિવાયનો જગતનો લાંબામાં લાંબો રેલવે રસ્તો ઑસ્ટ્રેલિયામાં છે, જે ૩૨૮ માઈલની લંબાઈ ધરાવે છે.

*


એક ચમચી માખણ અને એક ચમચી મધને મિશ્ર કરી સવાર-સાંજ ચાટવાથી ઉગ્ર હેડકીમાં રાહત રહે છે.

*

અડદના લોટના વડા તેલમાં બનાવીને ખાવામાં આવે તો મોઢાના લકવામાં ફાયદો થાય છે.

*

નારંગી ખાવાથી સગર્ભા સ્ત્રીઓને ઉબકા અને ઉલટીમાં રાહત રહે છે.



ખીર-પૂરીના જમાના ગયાં. આ લોકો હવે 'કાગવાસ'માં પણ 'ફાસ્ટફુડ' પીરસવા મંડ્યા છે!

*

મગન : 'યાર, આદર્શ પતિ-પત્નીની જોડી કોને કહેવાય'?

છગન : 'મૂંગી પત્ની ને બહેરો પતિ'

*

લોખંડ કે પતરાના ફર્નિચર પર કાટ લાગ્યો હોય તો પાણીને બદલે કેરોસીન, ટર્પેન્ટાઈન કે પેટ્રોલથી સાફ કરો.

*

ચાંદીનાં વાસણને ભીનાં કરી અગરબત્તીની રાખથી ઘસીને કોરા કપડાથી લૂછી લો. વાસણ ચમકતાં થઈ જશે.

*

ભીંડાનું શાક બનાવતી વેળા તેમાં થોડો લીંબુનો રસ કે દહીં ભેળવવાથી શાકમાંથી ચીકાશ જતી રહે છે.



કલાકણિકા

બ્રિટનના લોકો પોતાના મોભાના પ્રતીક રૂપે જે હાંસડી ગળામાં પહેરતા તેને કેલ્ટિક કલાકારે લોખંડમાંથી ઘડીને ચાંદીનો ઢોળ ચડાવ્યો છે તેનો આ કલાત્મક જર્મન નમૂનો છે.



માટુંગા (મુંબઈ) સ્થિત સાયગલનું મકાન 'અમરકુંજ'

'ધરતીમાતા', 'ડાકુ મન્સુર', 'પ્રેસિડન્ટ', 'કારવાં-એ-હયાત', 'દુશ્મન', 'જિંદગી', 'લગન', 'સ્ટ્રીટસિંગર', 'કરોડપતિ', 'માઈ સિસ્ટર' આ ફિલ્મોમાં ગાયેલાં તેમનાં ગીતો સાંભળવા લોકો થીએટરોમાં પહોંચી જતાં. અમારા જમાનામાં મેં સાયગલની ફિલ્મો જેવી કે, 'જિંદગી', 'તાનસેન', 'મેરી બહન', 'ભક્ત સુરદાસ', 'લગન', 'દુશ્મન', 'ધરતીમાતા', 'ધૂપછાંવ' વગેરે જોઈ હતી.

ન્યૂ થીએટર્સમાં લગભગ ૧૨ વર્ષ તેમણે ફિલ્મોમાં અદાકારી કરી અને પ્રશંસનીય ગીતોથી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં. ન્યૂ થીએટર્સમાં તેમનો રૂ.૧૮૦૦/- પગાર અને જવા આવવાના રૂ.૪૦૦/- મળતા. આમ, તેઓનો માસિક પગાર રૂ.૨૨૦૦/- હતો. મુંબઈમાં 'રણજિત મુવિટોન'ના સર્વેસર્વા શેઠ ચંદુલાલે ૧૯૪૩માં સાયગલને એક વર્ષમાં ત્રણ ફિલ્મોમાં અભિનય કરવા માટે રૂ.૧૦૫૦૦/-ની ઑફર કરી. સાયગલે તેનો સ્વીકાર કર્યો અને બી. એન. સરકારની અનુમતિ મળતાં મુંબઈ તરફ પ્રયાણ કર્યું. તેમણે સરકારને કહ્યું કે, 'મુંબઈમાં કામ પતાવી તેઓ ન્યૂ થીએટર્સમાં પાછા ફરશે માટે રાહ જોવી.' આમાં તેમના મૂળ માલિક અને મિત્ર બી. એન. સરકાર પ્રત્યેનો પ્રેમ અને તેમની વફાદારીના દર્શન થાય છે. મુંબઈમાં 'ભક્ત સૂરદાસ', 'તાનસેન' અને 'ભંવરા' આ ત્રણ ફિલ્મમાં અભિનય કરી કલકત્તામાં પાછા પહોંચી ગયા; પરંતુ મુંબઈમાં બીજા સાથીઓ સાથે તેમને મદિરાપાન કરવાની આદત પડી ગઈ જે સમય જતાં તેમના સ્વાસ્થ્ય માટે ગંભીર સાબિત થઈ. તેમનું લીવર પણ બગડ્યું અને ડાયબીટીઝનો શિકાર થયા. કલકત્તામાં ન્યૂ થીએટર્સનું કામ પતાવી ફરીથી પાછા મુંબઈ પહોંચી ગયા. મુંબઈમાં તેમણે 'કુરુક્ષેત્ર' (૧૯૪૫), 'તદબીર', 'ઉમરખય્યામ', 'શાહજહાં' (૧૯૪૬) અને છેલ્લી ફિલ્મ 'પરવાના' (૧૯૪૭)માં અભિનય કર્યો.

શરાબ પીવાથી દુર્બળ બની ગયેલું શરીર હરરોજ શૂટિંગ કરવાથી વધુ દુર્બળ બનતું ગયું. પરિણામે એક વાર સ્ટૂડિઓમાં જમીન પર પટકાઈ ગયા પણ સ્વસ્થ થતાં ફરીથી શૂટિંગના કામમાં લાગી ગયા, કારણ કે તેમના સ્વભાવમાં ફિલ્મને અધૂરી છોડવાનું તેમનું મંજૂર નહોતું. આ તેમની કામ પ્રત્યેની નિષ્ઠા વ્યક્ત કરે છે. દિવસે દિવસે તેમનું શરીર કથળતું ચાલ્યું. શરાબ, ડાયબીટીઝ અને લીવરમાં બગાડ - આ ત્રણ તેમને માટે પ્રાણઘાતક નીવડ્યાં. 'સૂરદાસ' ફિલ્મના ગીતનું જ્યારે રેકૉર્ડિંગ કરાવવા ગયા ત્યારે શરાબનું સેવન કરવાથી પગ લડખડાતા હતા પણ તે જે બોલ્યા તે સાંભળવા જેવું છે. તેમણે કહ્યું કે, 'મારા લથડિયાં પર ધ્યાન ન આપશો, આ તો બેકાબૂ શરીર છે જે આવો દુર્વ્યવહાર કરી રહ્યું છે. પણ હું શરીરથી નહીં આત્માથી ગાઉં છું. મારું ગીત ખામી વગરનું રહેશે.' આમ નશામાં ચકચૂર હોવા છતાં ફરજ પ્રત્યે ભરપૂર જાગ્રત હતા. આ ગીતના રેકૉર્ડિંગ સમયે તેઓ સાયેટિકાના દર્દથી પણ પિડાતા હતા. મદિરાપાનથી આ દર્દમાં તેમને રાહત મળતી હતી તેવું તેમને અનુભવાતું હતું. મદિરાપાન ખરેખર તો તેમને માટે પ્રાણઘાતક નીવડ્યું નહીં; તો આપણે એમના કંઠે ગવાયેલાં ઘણાં સુંદર ગીતો સાંભળી શક્યાં હોત. મુંબઈમાં તેમને મૃત્યુના પગલાં સંભળાઈ રહ્યાં હતાં. તેથી પત્નીને વિનંતી કરી કે તેમના વતન જાલંધર લઈ જાય કારણ તેઓ મુંબઈમાં મરવા ઈચ્છતા નહોતા. ૧૯૪૬ની ૨૬મી ડિસેમ્બરે તેઓ પોતાના વતન જાલંધર ગયા. છેલ્લે જાલંધરમાં મૃત્યુના બે દિવસ પહેલાં તેમણે સહકુટુંબ 'શાહજહાં' ફિલ્મ જોઈ હતી અને ૧૯૪૭ જાન્યુઆરીની ૧૮મી તારીખે સવારે ૭ વાગે ૪૩ વર્ષની વયે તેમનું અવસાન થયું. 'મૈં સોતે ભાગ જગા દુંગા મૈં જાગે ભાગ સૂલા દુંગા'ના ગાયક આમ પરલોકવાસી થયા. તેમનું છેલ્લું ગીત જે 'શાહજહાં'માં ગાયું હતું, 'જબ દિલ હી તૂટ ગયા, અબ જી કે ક્યા કરેંગે' તેમના અંતિમ દિવસોની જાણે કે સાક્ષીરૂપે હોય તેમ બન્યું.

કાનનબાળાના અભિપ્રાય અનુસાર જે કોઈ સાયગલના સંપર્કમાં આવતા તે તેમના ગુણોથી પ્રભાવિત થઈ જતા. તે દરેકની સાથે નમ્રતાપૂર્ણ વ્યવહાર કરતા. આટલા વિખ્યાત કલાકાર હતા પણ કોઈ જાતનો ઘમંડ તેમનામાં નહોતો. તેઓ હંમેશાં અન્યને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરતા. એક વાર કાનનબાળાને ફિલ્મ 'સાથી'માં સાયગલ સાથે યુગલગીત ગાવાનું હતું. પણ આવા કલાકાર સાથે ગીત ગાતાં તે ગભરાઈ ત્યારે સાયગલે તેને હિંમત આપી કહ્યું કે, 'બધું ભૂલી જઈ ગભરાયા વગર ગાવાનું શરૂ કરી દે.' આમ, કાનનબાળામાં ઉત્સાહ જગાડી ગીત ગાવા માટે તૈયાર કરી. આ રીતે સહયોગીઓ પ્રત્યે તેઓ હંમેશાં સદ્‌ભાવનાપૂર્વક વર્ત્યાં હતાં. ક્યારેય પોતે એક વિખ્યાત ગાયક

છે તેવું કોઈને લાગવા દીધું નહોતું.

પંદર વર્ષની ફિલ્મી સફરમાં તેમણે ૩૬ ફિલ્મોમાં અભિનય કર્યો અને ૨૦૦ ગીત ગાયાં. એમનું દરેક ગીત યાદગાર બની ગયું છે પછી એ ગીત દર્દભર્યું હોય દા.ત. 'બિના પંખ પંછી હું મૈં' ('તાનસેન') અથવા હળવું ગીત 'કાહેકો શોર મચાઈ' જેવાં ગીતો સાંભળી આનંદવિભોર બની જવાય છે. તેમણે ૩૦ હિન્દી ફિલ્મો, ૭ બંગાળી ફિલ્મો અને એક તમિલ ફિલ્મ મળી કુલ ૩૮ ફિલ્મોમાં અભિનય કર્યો. એમના અભિનયની અંતિમ ફિલ્મ 'પરવાના' હતી. તેમણે ફિલ્મી ગીતો ૧૧૦; ગેરફિલ્મી ૩૭; ૩૦ બંગાળી ફિલ્મી ગીતો, ૨ બંગાળી ગેરફિલ્મી ગીતો અને ૨ ગીતો તામીલ ગીતો દ્વારા ગીતોનો ખજાનો ભારતને આપ્યો છે. 'અમર સહગલ' એ ફીચર ફિલ્મ તેમના જીવન પર આધારિત છે, જે તેમના મૃત્યુ બાદ ૧૯૫૫માં બની. 'ધૂંપછાંવ' ફિલ્મમાં તેમણે અભિનય નહોતો કર્યો; ફક્ત બે ગીતો ગાયાં હતાં. રવીન્દ્રનાથ ટાગોરનાં બંગાળી ભાષામાં લખેલાં ગીતો અન્ય ભાષી ગાય તે તેમને મંજૂર નહોતું. પણ સાયગલના બંગાળી ઉચ્ચાર શુદ્ધ હોવાથી ટાગોરે તેમને 'જીવનમરણ' અને 'પરિચય' આ બંગાળી ફિલ્મોમાં ગાવાની અનુમતિ આપી હતી. સાયગલના ગાયેલાં ગીતોની આ ગૌરવભરી સાબિતી છે.

આ ભલા માણસનો અંત એક બૂરા વ્યસનને લીધે વહેલો આવ્યો. સ્વભાવે ભલા ને સીધાસાદા માનવી હતા. પોતે ફિલ્મી દુનિયામાં સર્વોચ્ચ છે એવી ભાવના તેમના હૈયામાં નહોતી. લાખો લોકોના તો તે 'દેવદાસ' બની ગયેલા. તેઓ અભિનેતા, ગાયક અને નિષ્ઠાવાન કલાકાર હતા. નિરાભિમાની ગાયક સાયગલ ગમે ત્યારે ગમે ત્યાં ગાવા જવા માટે હંમેશાં તૈયાર રહેતા. સંગીતની કોઈ ખાસ તાલીમ તેમણે નહોતી લીધી છતાં શાસ્ત્રીય રાગો પર આધારિત ગીતો ગાઈ એમણે અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. 'ભક્ત સૂરદાસ'માં સૂરદાસ બની તેમણે પોતાની કીર્તિ પર ચાર ચાંદ લગાવી દીધા હતા.

તેમનાં કેટલાંક યાદગાર ગીતો જોઈએ:

૧. દુનિયા રંગરંગીલી બાબા દુનિયા રંગરંગીલી (આ ગીત કે. સી. ડે., પંકજ મલિક, ઉમાશશી અને સાયગલે સમૂહમાં ગાયું હતું.) તે સમયે આ ગીત બહુ પ્રચલિત થયેલું. ('ધરતીમાતા') ૨. કરું ક્યા આશ નિરાશ ભઈ. ('દુશ્મન') ૩. જીવન આશા યે હૈ મેરી ('જિંદગી') ૪. યે કૈસા અન્યાય દાતા, યે કૈસા અન્યાય? ('લગન') ૫. કાહે ગુમાન કરે રી ગોરી, કાહે ગુમાન કરે (ઠુમરી 'તાનસેન') ૬. છુપો ના છુપો ના ઓ પ્યારી સજનિયા, હમસે છુપો ના છુપો ના ('મેરી બહન')

આવાં સુંદર ગીતો ગાઈ તેમણે ફિલ્મી દુનિયામાં આગવો રંગ જમાવી દીધો હતો. જૂની પેઢીની વ્યક્તિઓ આજે તેમનાં ગીતો સાંભળી આનંદવિભોર થઈ જાય છે. તાજેતરમાં દૂરદર્શન અમદાવાદે આ શતાબ્દી નિમિત્તે યોજેલ સાયગલનાં ગીતોની સ્પર્ધામાં ૧૮થી ૮૫ વર્ષ સુધીનાં નાગરિકોને જે ઉત્સાહથી ભાગ લીધો તે સાયગલનાં ગીતોની લોકચાહનાની ચિરંજીવિતા પુરવાર કરે તેમ છે. એ જમાનામાં સાયગલની બોલબાલા હતા. સર્વને પ્રિય, સ્વભાવે નમ્ર, નિરાભિમાની, ગાયકીમાં અજોડ, પ્રેમસભર દિલવાળા સાયગલ આજે આપણી વચ્ચે નથી પણ તેમનાં ગીતો દ્વારા તે જરૂર અમરત્વ પામ્યા છે. તેમનાં ગીતો આજે પણ જીવંત છે અને એ રીતે ભલે સાયગલ પૃથ્વી પર ના હોય, તેઓનાં ગાયેલાં ગીતો તેમની યાદને જીવંત રાખે છે. આ શબ્દો અંજલિરૂપે અર્પી સાયગલને 'અમર સાયગલ'નું બિરુદ આપી વિરમીએ.
